प्रकाशक—श्री हेमचन्द्राचार्य जैन ग्रन्थमालाना
संपादक मंत्री पंडित भगवानदास हरखचंद

प्रथम आवृत्ति प्रत १ वि. सं. १९८५

मुद्रक—प्रथम पृष्ठथी आरंभी
१२६ पृष्ठ सुधी ईश्वरी प्रे
जसवंतसिंह मुद्रणालय अने
बाकीना भागना सूर्य-
प्रकाश मुद्रणालयना अधि-
पति मुळचंदभाई त्रिकमलाल



કોચીનનિવાસી સ્વર્ગસ્થ શ્રીયુત શાહ છગનલાલ ધનજી



નિવેદન

ઘણા કાળથી જૈન પ્રજાનું હૃદય શત્રુંજય તીર્થની ભક્તિથી એટલું ઓતપ્રોત થયેલું છે કે જેથી તેનો એકે એક અણુ પણ પવિત્ર હોવાની વિશદ માન્યતા સ્વાભાવિક લાગે છે. શત્રુંજયમાહાત્મ્યમાં આ તીર્થના અદ્ભુત પ્રભાવનું વર્ણન મળે છે તે જોતાં અત્યારે તો તેનો ધ્વંસાવશેષ હોય તેમ લાગ્યા સિવાય રહેતું નથી. આ તીર્થે મ્લેચ્છોના અનેક આક્રમણો સહ્યાં છે છતાં આ ગિરિરાજ અનેક યુદ્ધોમાં શત્રુઓના ઘા સહન કરી ક્ષત થયેલા છતાં વિજયવંત યોદ્ધાની જેમ પોતાના મહિમાને દિગન્તમાં ફેલાવતો ઉન્નત મસ્તકે ઊભો હોય તેમ નજરે જોનારને પ્રતીત થાય છે. આ તીર્થ પર અનેક ઉદ્ધારો થઈ ગયા છે તેમાં જાવડશાહ વગેરેના જે ઉદ્ધારો ઐતિહાસિક કાળમાં થયેલા છે તેમાંના ચૌદમા સૈકામાં થયેલા સમરસિંહના ઉદ્ધારનું આ પ્રબંધમાં મુખ્યપણે વર્ણન કરેલું છે અને બીજા ઉદ્ધારોનું સંક્ષિપ્ત રૂપે સૂચન કરેલું છે.

વિ. સં. ૧૩૬૯ માં ખીલજીવંશીય અલ્લાઉદ્દીનના સૈન્યે શત્રુંજય તીર્થનો ભંગ કર્યો અને આદિજિનની પવિત્ર મૂર્તિને ખંડિત કરી. તે સાંભળી તમામ હિંદુઓમાં અને વિશેષત જૈન સમાજમાં ભારે શોક અને ક્ષોભ પ્રસર્યો. તે વખતે પાટણમાં ઓસવાળ જ્ઞાતિના દેશલ અને તેનો પુત્ર સમરસિંહ નામે ધનાઢ્ય શ્રાવક રહેતા હતા. તેમના જાણવામાં આ વાત આવી અને તેમના હૃદયને સખ્ત આઘાત થયો. તે સમયે ઉપકેશગચ્છીય સિદ્ધસેનસૂરિ પાટણમાં બિરાજમાન હતા. તેમની પાસે દેશલશાહ ગયા અને તેમણે હૃદયમર્મભેદક તીર્થભંગની હકીકત કહી. સિદ્ધસેનાચાર્યે કલિકાલનો પ્રભાવ જણાવી તેમના હૃદયને શાન્ત કર્યું અને શત્રુંજય તીર્થનો ઉદ્ધાર

પ્રેમી વાચકો પર પ્રકાશ પાડીએમ ધારી તેને મુદ્રિત કરવા ઇચ્છા થઇ પણ તે ગ્રંથની પ્રતિ અશુદ્ધ હતી તેથી બીજી પ્રતિઓનો તપાસ કરાવ્યો પણ મળી નહિ. તેથી છેવટે આ ગ્રંથ ધર્મિકજ મત ઉપરથી સંશોધન કરી છપાવ્યો છે અને તેમ કરવામાં ઘણી ત્રુટીઓ અને વિસ્ખલન થયો છે કાળજી રાખ્યા છતાં પણ કેઇ કેઇ સ્થળે સ્ખલનાઓ થઇ છે તેને સુજ્ઞ વાચક વર્ગ ક્ષતવ્ય ગણશે

આ સાથે બધાને ઉપયોગી થાય માટે તેનો ગુજરાતી અનુવાદ તથા પ્રારંભમાં ઐતિહાસિક સાર આપવામાં આવ્યો છે આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ શ્રીમાન્ આચાર્ય વિજયનીતિસૂરિજીએ પોતાના શાસ્ત્રી ગૌરીશંકર પાસે કરાવી આપ્યો છે માટે તેઓના અમે આભારી છીએ. તે અનુવાદ તપાસી અને સંશોધિત કરી આ સાથે મુદ્રિત કર્યો છે

આ ગ્રંથને મુદ્રિત કરી પ્રકાશિત કરવામાં શ્રીમાન્ આચાર્ય મહારાજ શ્રીવિજયનીતિસૂરિજીના ઉપદેશથી ડાભીન નિવાસી ઝુમાવક શાહ જીવરાજ ધનજીના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની હીરૂબાઇએ ગ્રન્થની સહાય કરી છે તેથી તેમને ધન્યવાદ આપવા પૂર્વક તેમના કાર્યનું અનુમોદન કરી વિરમું છું

શ્રી હેમચંદ્રાચાર્ય જૈન ગ્રન્થમાળા
જૈન વિદ્યાર્થી મંદિર
ઝવેરીવાડ—અમદાવાદ. } પ્રકાશક

કરવા પ્રોત્સાહન આપ્યું તીર્થનો ઉદ્ધાર કરવાનો મનને નિશ્ચય પુત્રે
નિશ્ચય કર્યો. તે વખતે પાટણમાં અલ્લાઉદ્દીનનો દક્ષ પ્રતિપાત્ર અલપ-
ખાન નામે સુબો રહેતો હતો. તેની સાથે સમરસિંહને ગાઢ મૈત્રી હતી.
સમરસિંહે તેની પાસેથી ફરમાન મેળવી ચતુર્વિધ સંઘની આજ્ઞા માગી
શત્રુંજય તીર્થના ઉદ્ધારનું કાર્ય શરૂ કર્યું. ત્રિસંગમપુરના રાજા
મહીપાલદેવની અનુજ્ઞાથી તેના તાબાની આરાસણની ખાણમાંથી
આરસ મંગાવી અને તેની આદિજિનની નવીન મૂર્તિ
નિર્માણ કરાવી સમસહિત શત્રુંજય તીર્થ જઈ સિદ્ધસેનસૂરિ
પાસે વિ. સં. ૧૩૭૧ માં તેની પ્રતિષ્ઠા કરાવી પુણ્ય ધનનો
લાભ લીધો. આ બધી હકીકત નજરે જોયા પછી બાવીસ વરસના
અંતરે વિ. સં. ૧૩૯૩ માં કંજરોટપુરમાં રહીને તે ઉપકેશગચ્છીય
સિદ્ધસેનસૂરિના શિષ્ય કક્કસૂરિએ પોતે આ પ્રબન્ધની રચના કરી
છે તેથી આ પ્રબન્ધનું ઐતિહાસિક દૃષ્ટિએ પણ મહત્વ છે. આ
સબન્ધે પ્રબન્ધકારના સમકાલીન નિવૃત્તિગચ્છના શ્રીઅંબદેવસૂરીએ
'સમરારાસુ' નામે રાસ ગુજરાતી ભાષામાં રચ્યો છે જેનો ઉલ્લેખ
આ પ્રબન્ધમાં પ્રબન્ધકારે કરેલો છે પણ તે રાસ સંક્ષિપ્ત છે અને
આ પ્રબન્ધમાં વર્ણવેલી હકીકત વિસ્તૃત છે. આ ગ્રન્થના પાંચ
પ્રસ્તાવ છે અને દરેક પ્રસ્તાવને અન્તે "ઇતિશ્રીશત્રુંજયમહા-
તીર્થોદ્ધારપ્રબન્ધે પ્રથમ: પ્રસ્તાવ:" એવું સમાપ્તિસૂચક વાક્ય
છે તેથી ગ્રંથનું નામ "શત્રુંજયમહાતીર્થોદ્ધારપ્રબન્ધ"
એવું પણ હોય પરન્તુ ગ્રન્થના અન્તે ઇતિ શ્રીવિમલગિરિમણ્ડન
પાપખંડનશ્રીનાભિનન્દનજિનોદ્ધાર: સમ્પૂર્ણો જાત એવો
ઉલ્લેખ હોવાથી આ ગ્રન્થનું નામ નાભિનન્દન જિનોદ્ધાર પ્રબ
ન્ધ એવું રાખ્યું છે.

આ ગ્રન્થની એક પ્રત અમદાવાદ દેવશાપાડાની પોળના ભંડારના
ઉપાશ્રયના ભંડારમાં મેં જોઈ અને તેને પ્રગટ કરવાથી ઐતિહાસિક

પ્રાચીનતા ઐતિહાસિક દૃષ્ટિએ પણ સિદ્ધ છે. ત્યાર પછીના પ્રાચીન અને અર્વાચીન ઘણા ગ્રન્થોમાં તેનાં નામ અને વર્ણન સંબન્ધી ઘણા ઉલ્લેખો મળી આવે છે આ તીર્થ અનેક કાળચક્રની સમ વિષમ પરિસ્થિતિમાં પસાર થતું હજી પણ યોગીની પેઠે ઉન્નત મસ્તકે પોતાના પ્રભાવને વ્યક્ત કરતું ઉભું છે આ પાવન તીર્થને અનેક મહાપુરુષોએ આવી પોતાના ચરણસ્પર્શથી પવિત્ર કર્યું છે અને તે તીર્થે અનેક પતિતોને પાવન કરી પોતાની પવિત્રતા સાર્થક કરી છે અહિ અનેક જ્ઞાની ધ્યાની અને તપસ્વીઓએ આવી પોતાના આત્મકલ્યાણની સાધના કરી છે અનેક સંઘપતિઓ સંઘ સાથે આવી આ તીર્થના દર્શન અને ભક્તિથી કૃતાર્થ થયા છે

પૂર્વે આ તીર્થના અનેક ઉદ્ધારો થયા છે જ્યારથી ગૂજરાતમાં મુસલમાનોએ પ્રવેશ કર્યો અને તેની સત્તા નીચે ગૂજરાત આવ્યું ત્યારથી તેમના હાથે અનેક તીર્થોનો ધ્વંસ થયો છે આ શત્રુંજય તીર્થ પણ તેમના આક્રમણોથી બચ્યું નથી. વિ સં ૧૩૬૯માં અલાઉદ્દીન ખીલજી-ના સૈન્યે મુખ્ય મંદિરનો નાશ કર્યો અને આદિજિનની પવિત્ર પ્રતિમાનો ભંગ કર્યો. તેવા સમયમાં તેનો ઉદ્ધાર કરવો કેટલો મુશ્કેલ હતો તેની વાસ્તવિક કલ્પના પણ અત્યારે આપણને આવી શકે નહિ તે જમાને પાટણમાં દેશલશાહ અને તેનો પુત્ર સમરસિંહ રહેતા હતા. તે ધનાઢ્ય, બુદ્ધિમાન અને ઘણી જ લાગવગવાળા હતા. શત્રુંજય તીર્થના ભંગની હકીકત સાંભળી તેમને ઘણુંજ દુઃખ થયું અને ઉકેશગચ્છીય સિદ્ધસેનસૂરિના ઉપદેશથી દેશલશાહ અને સમરસિંહને તીર્થના ઉદ્ધારની તીવ્ર ઇચ્છા થઈ સમરસિંહ તો પાટણના પ્રથમ સૂબા અલપખાનનો ખાસ પ્રીતિપાત્ર અને વિશ્વાસુ મિત્ર હતો. સમરસિંહે અલપખાનનું મન રંજિત કરી શત્રુંજયના ઉદ્ધાર કરવાનું ફરમાન મેળવ્યું અને તેણે આદિજિનનું મુખ્ય મંદિર તથા દેવકુલિકાઓ વગેરેનો ઉદ્ધાર કર્યો તેમજ આદિજિનની પ્રતિમા નવીન કરાવી ઉપકેશગચ્છના સિદ્ધસેનસૂરિદ્વારા પ્રતિષ્ઠા કરાવી. આ બધી હકીકતનું સવિસ્તર વર્ણન

નાભિનંદનજિનોદ્ધાર-

પ્રબન્ધનો ઐતિહાસિક સાર

આ શત્રુંજય તીર્થની પ્રાચીનતા અને તેના અદ્ભુત પ્રભાવે આસ્તિક મનુષ્યોના હૃદયમાં ચિરકાળથી તેની ઊંડી છાપ પાડેલી છે અને તેથી સર્વપ્રકારે સર્વ તીર્થોમાં તેની પ્રધાન તીર્થ તરીકે ગણના થએલી છે શત્રુંજય તીર્થ સંબન્ધી અત્યારે વિદ્યમાન સાહિત્યમાં સૌથી જૂનો ઉલ્લેખ[1] આગમોમાં પણ મળે છે તેથી એ તીર્થની

---


१ 'तेणेव से थावच्चापुत्ते अणगारसहस्सेणं सद्धिं संपरिवुडे जेणेव पुंडरीए पव्वए तेणेव उवागच्छइ २ पुंडरीयं पव्वयं सणियं २ दुरूहति २ मेघघणसन्निगासं देवसन्निवायं पुढविसिलापट्टयं जाव-पाओवगमणं णुवन्ने। ज्ञातासूत्र अ. ५ १०८-१.

तएणं से सुए अणगारे अण्णया कयाइ तेणं अणगारसहस्सेणं सद्धिं संपरिवुडे + + + जेणेव पोंडरीए पव्वए जाव-सिद्धे। ज्ञातासूत्र अ. ५ १०८-२

દ્વિતીય પ્રસ્તાવ

[1]વેસટને વરદેવ નામે પુત્ર હતો તેને ગૃહકાર્યનો ભાર સોંપી શેઠ શુભધ્યાને મરીને સ્વર્ગે ગયો. વરદેવ પણ પોતાના પિતાની પેઠે નગરશેઠની પદવીને ધારણ કરતો અનેક લોકોનો ઉપકાર કરી પૃથિવીમાં પ્રસિદ્ધ થયો. વરદેવને જિનદેવ જિનદેવને નાગેન્દ્ર અને નાગેન્દ્રને સલક્ષણ નામે પુત્ર થયો. એક વખત જિનદેવને ઘેર ગુજરાતથી કોઇ સાર્થપતિ આવ્યો. તેના મુખથી ગુજરાતની કીર્તિ સાંભળી તેનું મન ગુજરાતમાં આવવા માટે લલચાયું અને તે સાર્થપતિની સાથે

વેસટનો વંશ



સિદ્ધસેનસૂરિના શિષ્ય કક્કસૂરિએ આ ગ્રન્થ રચ્યો છે તેનો સંક્ષિપ્ત ઐતિહાસિક સાર આ પ્રમાણે છે

પ્રથમપ્રસ્તાવ

અહિં ગ્રન્થકાર પ્રથમ મંગલરૂપે આદિજિન, મહાવીરસ્વામી અને બીજા તીર્થંકરોની સ્તુતિ કરે છે ત્યાર પછી સદ્ગુરુ સરસ્વતી અને સજ્જન-દુર્જનની સ્તુતિ કરી ગ્રન્થનો પ્રારંભ કરે છે

મરુભૂમિમાં ઉપકેશપુર નામે નગર હતું જ્યાં રત્નપ્રભાચાર્યે મહાવીર નિર્વાણથી સિત્તેર વર્ષે વીરમંદિરની

વેસટ

સ્થાપના કરી હતી. તે નગરમાં ઉપકેશ નામે ઉન્નત વંશમાં થયેલો વેસટ નામે ધનાઢ્ય શેઠ રહેતો હતો. એક વખતે તેને કોઇ પણ કારણથી નગરના મુખ્ય આગુઓ સાથે વિરોધ થયો, તેથી તે શેઠે ત્યાં રહેવું અયોગ્ય ધારી નગરનો ત્યાગ કરી કિરાટકૂપ નામે નગરમાં આવ્યો. ત્યાં પરમાર કુળનો જૈત્રસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. તેની પાસે તે શેઠ ભેટણું લઇને ગયો. રાજાને પ્રણામ કરી તેની પાસે ભેટણું મૂક્યું. રાજાએ પણ સ્વીકાર કરી તે શેઠનું સન્માન કરી આગમનનું કારણ પૂછ્યું. શેઠે ઉત્તર આપ્યો કે આપના ગુણોથી આકર્ષિત થઇ અહીં આવ્યો છું. રાજાએ તે શેઠને રહેવા માટે આવાસ આપ્યો અને શેઠ કુટુંબસહિત સુખપૂર્વક રહેવા લાગ્યો. હમેશાં રાજા પાસે જવા આવવાથી પરિચય વધતાં બન્નેને ગાઢ પ્રીતિ થઇ. રાજાએ વેસટને તેના ગુણથી પ્રસન્ન થઇને નગરશેઠપણું આપી સર્વ વેપારીઓમાં આગળ કર્યો. વેસટે જૈત્રસિંહને અહિંસા વિષે ઉપદેશ કર્યો. અને જૈત્રસિંહે વેસટના ઉપદેશથી પ્રાણીઓની હિંસાનો ત્યાગ કર્યો.

ત્રેવીશમા તીર્થંકર શ્રીપાર્શ્વનાથના શિષ્ય શુભદત્ત નામે ગણધર હતા તેના શિષ્ય[1] કેશી નામે થયા કે

ઉપકેશગચ્છની ઉત્પત્તિ

જેણે પ્રદેશી રાજાને બોધ પમાડી નાસ્તિકમાંથી જૈનધર્મમાં અસ્થાપ્યો કર્યો. તેની પાટે સ્વયંપ્રભસૂરિ થયા તેના શિષ્ય રત્નપ્રભસૂરિ થયા. તેમણે મહા

(જેમણે વીરનિર્વાણથી સિત્તેરમે વર્ષે ઉપકેશપુરમાં મહાવીર ભગવાનના મંદિરની સ્થાપના કરી હતી)

|

(૨) યક્ષદેવસૂરિ

|

(૩) કક્કસૂરિ

|

(૪) સિદ્ધસેનસૂરિ

|

(૫) દેવગુપ્તસૂરિ

|

\+ + + + +

|

કક્કસૂરિ

|

\+ + + + +

|

યક્ષદેવસૂરિ (દશપૂર્વધર)

\+ + + + +

દેવગુપ્તસૂરિ

|

સિદ્ધસૂરિ વિ. સં. ૧૩૩ માં આચાર્યપદ.

|

કક્કસૂરિ

જેમણે વિ. સં. ૧૩૯૩ માં કંજરોટપુરમાં રહી આ પ્રબંધ રચ્યો હતો.

૧ ઉપકેશગચ્છીય પટ્ટાવલિમાં શુભદત્તની પાટે હરિદત્ત, હરિદત્તની પાટે

પ્રહ્લાદનપુર-(પાલનપુર)માં આવ્યો. તે નગરમાં પ્રવેશ કરતાં તેને
સારા શુકનો થયા અને તેણે હમેશાં ત્યાં જ રહેવાનો નિશ્ચય કર્યો.
ત્યાં ઉપકેશગચ્છની નિશ્રાએ પાર્શ્વનાથનું મંદિર હતું. તેની આ શેઠ
સારસંભાળ રાખતો હતો. તેમને આલ્હ નામે પુત્ર થયો. આલ્હને
મીસલ નામે પુત્ર થયો. મીસલને કુસુમતી ભાર્યાથી આશાધર,
દેશલ અને લાવણ્યસિંહ નામે ત્રણ પુત્રો થયા. પિતાએ તેમને
અનુક્રમે ફુલની સોભી અને લક્ષ્મી એ ત્રણ કન્યાઓ પરણાવી.
દૈવયોગથી મીસલ નિર્ધન થયો અને થોડા દિવસમાં મૃત્યુ પામ્યો.
આશાધરે પિતા મૃત્યુ પામવાથી બાલ્યાવસ્થામાં ઘરનો ભાર
ઉપાડી લીધો. એક વખત દેવગુપ્તસૂરિને આશાધરે પોતાની જન્મ
પત્રિકા બતાવીને પૂછ્યું કે ભગવન્! હું ક્યારે ધનવાન થઈશ?
ગુરુએ કહ્યું કે તને થોડા દિવસમાં પુષ્કળ ધન મળશે પરન્તુ તને
દક્ષિણ દિશામાંથી ધનનો લાભ થશે. ત્યાર પછી આશાધર દક્ષિણમાં
દેવગિરિ નગરમાં પોતાના ભાઈઓને મોકલી નિરંતર વેપાર કરવા
લાગ્યો અને ત્યાંથી તેણે પુષ્કળ લક્ષ્મી મેળવી.

એક દિવસે તેણે ગુરુને વિનંતિ કરી કે આપ વૃદ્ધ થયા છો
તો કોઈને આચાર્યપદ આપો. આચાર્યે કહ્યું કે સચ્ચિકાદેવીના આદેશ
સિવાય કોઈને આચાર્યપદ અપાતું નથી આવી ગચ્છની મર્યાદા છે.
ત્યાર પછી તે દેવીના આદેશથી દેવગુપ્તસૂરિએ [1]ઉપકેશગચ્છની
સ્થિતિ કરી —

---

1 ઉપકેશગચ્છપટ્ટક્રમ
પાર્શ્વનાથના શિષ્ય
શુભદત્ત ગણધર
|
કેશીગણધર
|
સ્વયંપ્રભસૂરિ
|
(1) રત્નપ્રભસૂરિ

ત્યારથી આ ગચ્છ નામના પણ શાસનપ્રભાવક ઘણા આચાર્ય આ ગચ્છમાં થયા. યાવત્ સિદ્ધસેનસૂરિની પાટે હું (દેવગુપ્તસૂરિ) થયો. એમ દેવગુપ્તસૂરિએ આશાધરને કહ્યું. ત્યાર પછી આચાર્યે પોતાનું થોડું આયુષ બાકી રહેલું જાણી વિ. ૧૩૩ માં બાલચંદ્ર નામના મુનિને સૂરિપદ આપ્યું અને તેમનું નામ સિદ્ધસેનસૂરિ પાડ્યું. ત્યાર પછી દેવગુપ્તસૂરિ કાળધર્મ પામ્યા.

આશાધર પણ વિવિધ ધર્મકૃત્યોને કરી સ્વર્ગે ગયો. ત્યાર પછી દેશલ ઘરનો નાયક થયો. તેને ભોળી નામે સ્ત્રી હતી. તેણે ત્રણ પુત્રોને જન્મ આપ્યો. સહજ, સાહણ અને સમરસિંહ. દેશલના નાના ભાઈ લાવણ્યસિંહને લક્ષ્મી નામે પત્ની હતી. તેને સામંત અને સાંગણ એ બે પુત્ર થયા. દેશલે પોતાના જ્યેષ્ઠ પુત્ર સહજને દક્ષિણના દેવગિરિ નગરમાં મોકલ્યો અને ત્યાં તેણે પોતાના ચાતુર્યથી રામદેવ નૃપને આધીન કરી કપૂરધારાપ્રવાહ એવું બિરુદ મેળવ્યું. ત્યાં તેણે એક મોટું પાર્શ્વજિનનું મંદિર કરાવ્યું અને સિદ્ધસેનસૂરિ પાસે તેની પ્રતિષ્ઠા કરાવી. સર્વકળામાં કુશળ એવા સાહણને ખંભાત મોકલ્યો.

તૃતીય પ્રસ્તાવ

અલાઉદ્દીન.

તે વખતે દિલ્હીની ગાદી ઉપર અલ્લાઉદ્દીન બાદશાહ હતો. એણે દેવગિરિ જઈ તેના રાજાને બાંધી ત્યાં પોતાનો જયસ્તંભ રોપ્યો હતો. એણે સપાદલક્ષના સ્વામી પરાક્રમી હમ્મીર નૃપને મારી તેનું બધું લઈ લીધું.

તેણે ચિતોડના રાજાને બાંધી તેનું ધન લઈ તેને વાંદરાની પેઠે નગરે નગરે ભમાડ્યો.

એના પ્રતાપથી ગુજરાતનો રાજા કરણ નાસી જઈને વિદેશમાં અટકીને રાંકની પેઠે મરણ પામ્યો. માળવાનો રાજા ઘણા દિવસ સુધી જ દીવાની પેઠે ક્લિષ્ટતામાં રહીને કાયરપણે ત્યાં જ મરણ

વીર નિર્વાણથી બાવનમા વર્ષે આચાર્ય પદ પ્રાપ્ત કર્યું અને તે પછી અઢાર વર્ષે ઉપકેશપુરમાં મહાવીરના મંદિરની સ્થાપના કરી. તેમણે સવાલાખ શ્રાવકો તથા અઢાર હજાર ક્ષત્રિયોને (?) પ્રતિબોધ પમાડયા અને ઉપકેશ ગચ્છની સ્થાપના કરી. તેની પાટે અનુક્રમે યક્ષદેવસૂરિ, કક્કસૂરિ, દેવગુપ્તસૂરિ, સિદ્ધસૂરિ, અને રત્નપ્રભસૂરિ થયા. એ પ્રમાણે આચાર્યના એ પાંચ નામ વારે પાંચ આનન વારે એમ સિદ્ધ થાય તેમ આ ગચ્છ ચાલ્યો હતો. પૂર્વોક્ત પાંચ નામના આ ગચ્છમાં ઘણા આચાર્યો થયા ત્યાર પછી કક્કસૂરિ થયા અને તેણે આ ગચ્છમાં પ્રસિદ્ધ દેવી સર્વાનુભૂતિયક્ષ અને ચક્રેશ્વરીની વાણીથી તેવા પ્રકારના યોગ ભાવના અભાવે રત્નપ્રભસૂરિ અને યક્ષદેવસૂરિનું નામ ન પાડયું [1]

ન્યાય સમુદ્ર અને આર્યસમુદ્રની પાટે કેશિકુમાર થયા ? મેઘ ... [illegible] જુઓ સંક્ષિપ્ત ... [illegible] ભા. ૧ અ. ૧

૧ તે સમયે ઉપકેશગચ્છીય પટ્ટાવલિમાં લખ્યું [illegible] આવ્યું છે કે આચાર્યની ચાર વાર સુધી આચાર્ય ... [illegible] તેના રત્નપ્રભસૂરિની પટ્ટાવલીના ... [illegible] ... વગેરે નહિ ... [illegible] કે એવા નામ રત્નપ્રભસૂરિ ... [illegible] ... તે ... [illegible] ... મુનિઓ ... [illegible] ... તેને ... [illegible] ... તેથી ... [illegible] ... તે ... [illegible] ... રત્નપ્રભસૂરિ અને યક્ષદેવસૂરિના નામ ... [illegible] ... સંક્ષિપ્ત ... ભા. ૧ અ. ૧.

આ અવસર્પિણી કાળમાં પ્રથમ ઉદ્ધાર ભરત ચક્રવર્તીએ કરાવેલો છે. બીજો ઉદ્ધાર અજિતનાથના પુત્ર સગર ચક્રવર્તીએ કર્યો છે. ત્રીજો ઉદ્ધાર પાંડવોએ કર્યો છે. તે સિવાય મહાવીર સ્વામીના નિર્વાણ બાદ પછી [1]સંપ્રતિ વિક્રમ પાદલિપ્ત સૂરિપ્રતિબોધિત આમ રાજા દત્ત અને સાતવાહન વગેરે ઘણા રાજાઓએ ઉદ્ધાર કરાવ્યા છે. અને કલિકાલમાં ભાવડશાના પુત્ર જાવડિએ ચોથો ઉદ્ધાર કર્યો છે અને પાંચમો ઉદ્ધાર ઉદયન મંત્રીના પુત્ર [2]વાગ્ભટે કર્યો છે.

શત્રુંજય તીર્થના પ્રાચીન ઉદ્ધારો.

આ પાંચ ઉદ્ધાર પ્રસિદ્ધ છે. જ્યાં સુધી શત્રુંજય તીર્થ શત્રુંજયના તીર્થના ઉદ્ધારની છે ત્યાં સુધી ખરી રીતે કશું પણ થયું નથી. આમ તીર્થનો ઉદ્ધાર કરાવનાર ભાઈએ

દેશળની પ્રતિજ્ઞા.

આ પ્રમાણે સિદ્ધસેનસૂરીએ કહ્યું એટલે હાથ જોડીને દેશળ બોલ્યો. આ મહાતીર્થ છે તો હું એનો ઉદ્ધાર અવશ્ય કરાવીશ કેમકે અત્યારે મારી પાસે તેની બધી સામગ્રી તૈયાર છે. ભુજબળ, ધનબળ, પુત્રબળ, મિત્રબળ અને નૃપબળ મારી પાસે છે પણ આપની સહાયની જરૂર છે.

---

१ संपइ विक्रम-बाहड-हाल पालित-दत्तरायाइ ।
ज उद्धरिहिंति तयं सिरिसत्तुंजयं महातित्थं ॥

શત્રુંજયકલ્પ

२ श्रीमद्वाग्भटदेवोऽपि जीर्णोद्धारमकारयत् ।
[illegible]॥
शिखीन्दुरविवर्षे १२१३ ध्वजारोपं व्यधापयत् ।

વિ. સં. ૧૩૩૪ માં વિરચિત પ્રભાવકચરિત

પામ્યો. એણે કર્ણાટક પાંડુ અને તિલંગાદિ દેશના રાજાઓને જીતીને વશ કર્યા હતા. સમિયાના અને જાબાલીપુર(જાલોર)પ્રમુખ નગરને એણે જીતી લીધા અને ગૂર્જરાતમાં ભમતા આપણાને સર્વને પણ તેણે નસાડી મૂક્યું હતું

તે અલ્લાઉદ્દીન બાદશાહનો પ્રીતિપાત્ર અલપખાન નામે સૂબો પાટણમાં રહેતો હતો. દેશળનો પુત્ર સમરસિંહ તેની કૃપા અધિકારી તરીકે સેવા કરતો હતો. અલપખાન પણ તેના ગુણથી પ્રસન્ન થઈને તેને વિષે બન્ધુના જેવો પ્રેમ રાખતો હતો.

તે અરસે દુઃષમકાળના પ્રભાવથી દૈવયોગે મ્લેચ્છસૈન્યે શત્રુંજય તીર્થનો ભંગ[1] કર્યો અને આદિજિનની પ્રતિમાને તોડી નાંખી. તે સાંભળીને સંઘને વજ્રપાતની જેમ ભારે આઘાત થયો. કેટલાકે તો ભોજનનો ત્યાગ કર્યો, કેટલાક રુદન કરવા લાગ્યા. બીજો કોઈ બાળક જુવાન કે વૃદ્ધ નહોતો કે જેણે તે અરસે પાણી પણ પીધું હોય. દેસલ આ વાત સાંભળીને મૂર્છા ખાઈ નીચે પડ્યો. જ્યારે શીતોપચાર વડે તેને ચૈતન્ય પ્રાપ્ત થયું ત્યારે તે વિલાપ કરવા લાગ્યો. પછી પૌષધશાળામાં સિદ્ધસેન સૂરિની પાસે જઈ તેણે તીર્થભંગ સંબંધી બધી હકીકત કહી. સિદ્ધસેનસૂરીએ તેને આશ્વાસન આપી શાંત કર્યો અને દુઃષમકાળના પ્રભાવનો ખ્યાલ જણાવી ખેદ ન કરવા કહ્યું. સંસારને વિષે કોઈ પણ પદાર્થ સ્થિર નથી જ. આવું સંસારનું સ્વરૂપ છે. તે મનુષ્યો ધન્ય છે કે તીર્થનો નાશ ન થાય માટે તેનો ઉદ્ધાર કરાવે છે. આ શત્રુંજય તીર્થને વિષે પૂર્વે ઘણા ઉદ્ધારો થયેલા છે પરંતુ તેમાં પાંચ ઉદ્ધારો પ્રસિદ્ધ છે.

---

1 वसुवेदाग्निचन्द्राब्दे १३६९ विक्रमवत्सरे
जावडिस्थापितं बिम्बं म्लेच्छैर्भग्नं कलेर्वशात् ॥

जिनप्रभसूरिविरचित शत्रुंजयतीर्थकल्प.

મારે તીર્થનો ઉદ્ધાર કરવો છે અને તેમાં આપની આજ્ઞાની જરૂર છે તો તમે તીર્થનો ધ્વંસ અને સર્જન કરવાથી મળતા પુણ્ય ભાગી એમ ઇચ્છું છું

સમરસિંહની આ વાત સાંભળી અલપખાન અત્યંત પ્રસન્ન થયો અને બોલ્યો કે તારું ઇચ્છિત કામ કર. સમરસિંહે કહ્યું કે જો તમે પ્રસન્ન થયા હો તો મને ફરમાન આપો કે જેથી મારું ધારેલું કાર્ય નિર્વિઘ્ન સિદ્ધ થાય ખાને ફરમાન આપવા માટે બહિરામ મલિકને આજ્ઞા કરી અને કહ્યું કે સમરસિંહ મને પ્રાણથી પણ પ્રિય છે બહિરામ મલિકે ફરમાન લખ્યું અને તેને લઇને તે સમરસિંહની સાથે અલપખાનની પાસે આવ્યો. ખાને ફરમાન હાથમાં લઈ વાંચી મલિક બહિરામને હુકમ કર્યો કે સ્વર્ણની બનાવેલી અને મણિ મુક્તાફળ જડેલી શિરપાવ સહિત તસરીફ ભંડારમાંથી લાવો. મલિક બહિરામે તસરીફ લાવીને અલપખાનને આપી ખાને તે સમરસિંહને આપી અને પછી ફરમાન આપીને કહ્યું કે હવે તારું ઇષ્ટ કામ સિદ્ધ કર. સમરસિંહે ખાનને પ્રણામ કર્યો અને તે શિરપાવ (પાઘડી) સહિત તસરીફ પહેરી અલપખાને મંગાવેલા ઉત્તમ અશ્વ ઉપર બેઠો. સમરસિંહ ફરમાન લઇ બહિરામ મલિકની સાથે પોતાને ઘેર આવ્યો. અને વિવિધ પ્રકારના ભેટણાં વડે બહિરામ મલિકને સંતુષ્ટ કર્યો.

ત્યાર પછી સમરસિંહ નગરજન સહિત ગુરુને વંદન કરવા પૌષધશાળામાં ગયો અને ગુરુને વંદન કરી ફરમાન પ્રાપ્તિની હકીકત કરી ગુરુએ કહ્યું- તારું ભાગ્ય બળવાન છે કે મૂર્તિના દ્વેષી ખાને તીર્થોદ્ધારની અનુજ્ઞા આપી સમરસિંહે ગુરુને વિનંતિ કરી કે પૂર્વે વસ્તુપાલ મંત્રીએ પ્રતિવિધાન માટે મમ્માણશિલાવલી- સમમરમર પત્થરની શિલા મંગાવેલી છે અને હજી તે ભોંયરામાં જતન સ્થાપેલી છે તેની નવીન પ્રતિમા કરાવું? ગુરુએ કહ્યું કે જે

દેસલશાહે ઘેર જઈ પોતાના પુત્ર સમરસિંહને તીર્થોદ્ધારની વાત કહી અને તે પણ પિતાનું વચન સાંભળી

સમરસિંહની તીર્થભક્તિ

અત્યંત પ્રસન્ન થયો. તેણે પિતાને વિનંતિ કરી કે મને તીર્થોદ્ધારનું કાર્ય કરવાનો આદેશ કરો. દેસલે પોતાના પુત્ર સમરસિંહને કાર્યદક્ષ અને ભાગ્યશાળી જાણીને તે કામમાં તેની નિમણૂક કરી, હવે સમરસિંહ પોતાના પિતાના આદેશથી તીર્થોદ્ધારના કાર્યમાં અત્યંત સાવધાન થયો અને પ્રથમ તેણે સિદ્ધસેનસૂરિની પાસે જઈને અભિગ્રહ ધારણ કર્યો—

જ્યાં સુધી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર પૂર્ણ ન કરું ત્યાં સુધી બ્રહ્મચર્યનું પાલન કરીશ, દિવસમાં બે વખત નહિ ખાઉં અધિક તેલ અને પાણી વગેરે વસ્તુથી સ્નાન નહિ કરું એક વિકૃતિ (મિઠાઈ) ખાઈશ અને ભૂમી ઉપર સૂઈશ."

આ પ્રમાણે ગુરુ પાસે અભિગ્રહ ગ્રહણ કરી સમરસિંહ પિતાની પાસે આવ્યો. આવીને તેણે પિતાને વિજ્ઞપ્તિ

ફરમાનની પ્રાપ્તિ

કરી કે હે તાત, આપ આજ્ઞા કરો તો અલપ ખાનને સંતોષ પમાડીને તીર્થના ઉદ્ધારને માટે ફરમાન મેળવું. દેસલે તેને તેમ કરવા કહ્યું. તેથી સમરસિંહ મણિ મુક્તા સુવર્ણ વસ્ત્ર અને આભરણાદિ વગેરે ઉત્તમ વસ્તુઓનું ભેટણું લઈ અલપખાન પાસે ગયો. ખાન તેને જોઈને અત્યંત ખુશ થયો. હાથ ઉંચો કરીને 'આઈ! આવ' એમ ઉચ્ચ સ્વરે કહ્યું. સમરસિંહે તેની પાસે જઈને પ્રણામ કરી ભેટણું ધર્યું તે જોઈ ખાન આનંદ પામ્યો અને આવવાનું કારણ તેને પૂછ્યું. સમરસિંહે કહ્યું કે તમારા સૈન્યે અમારા શત્રુંજય તીર્થનો ભંગ કર્યો છે અને અમારી યાત્રા બંધ પડી છે. તીર્થ હોય તો તમામ હિન્દુઓ યાત્રાએ જાય અને ધર્મ નિમિત્તે ધનનો સદ્વ્યય કરે દીન અને દુઃખી મનુષ્યોને જમાડે અને તીર્થ સિવાય એ બધાં ધાર્મિક કૃત્યો અટકી પડ્યાં છે માટે

હવે સમરસિંહે પિતાની આજ્ઞાથી આરાસણની ખાણથી ફલહી મંગાવવા પોતાના વિશ્વાસુ માણસોને વિજ્ઞપ્તિ સાથે ભેટણું લઈને મોકલ્યા. તેઓ થોડા વખતમાં ત્રિસંગમપુર પહોંચ્યા. તે વખતે ત્યાં આરાસણની ખાણનો માલિક મહિપાલ દેવ નામે રાણો રાજ્ય કરતો હતો. તે રાજા માહેશ્વર–શિવભક્ત છતાં પણ જૈનધર્મમાં શ્રદ્ધાવાળો હતો. તે જન્મથી માંસ મદિરા વગેરે પદાર્થનું ભક્ષણ કરતો નહોતો. અને બીજા માંસ ભક્ષણ કરનારને પણ નિવારતો હતો. જે કદિ ત્રસ જીવની હિંસા કરતો નહોતો. તેમ તેના રાજ્યમાં કોઈ પણ હિંસા કરી શકતો નહોતો. તેના રાજ્યમાં બોકડા કે પાડાનો વધ કોઇ પણ કરતુ નહોતુ જૂ જેવા ક્ષુદ્ર જંતુને પણ કોઈ મારી શકતું નહિ તે દિવસમાં ત્રણ વાર સ્નાન કરી ભોજન કરતો હતો. તે રાજાને 'પાતાશાહ' નામે મંત્રી હતો.

શિલા માટે ત્રિસંગમ પુરથી ફલહી લાવવું.

સમરસિંહના માણસો વિજ્ઞપ્તિપત્ર સાથે ભેટણું લઈને મહીપાલ દેવના દર્શન માટે આવ્યા, અને રાણાને નમસ્કાર કરી ભેટણું આગળ ધરી વિજ્ઞપ્તિપત્ર આપ્યો. મંત્રીએ રાણાની આજ્ઞાથી વિનતિપત્ર હાથમાં લઈને તેને ઉચ્ચ સ્વરે વાંચ્યો અને તેનો અર્થ જાણી રાણો બોલ્યો કે "સમરસિંહ ધન્ય છે અને તેનો જન્મ પણ સાર્થક છે હું પણ ધન્ય છું કે મારી પાસે આરાસણની ખાણ છે નહિ તો આ બાબતમાં હું ક્યાંથી યાદ આવત." વળી રાણાએ પાતાશાહ મન્ત્રીને કહ્યું કે સમરસિંહનું ભેટણું પાછું આપો કેમકે પુણ્યને માટે ધન કેમ લઇ શકાય ? ધન પરિવાર અને જીવિતવડે મનુષ્ય ધર્મ કરે છે તો માત્ર ભેટણાવડે તેને કેમ હારી જવાય ? ખાણમાંથી જિનબિંબને માટે શિલાફલહને ગ્રહણ કરનાર પાસેથી જે કર લેવાય છે તેને પણ હું આજથી છોડી દઉં છું આ કાર્યમાં જે કાંઇ પણ સહાય જોઇએ તે કરવા તૈયાર છું

મમ્માણખાણથી મંત્રીએ આણેલી છે અને તે તેણે સંઘને સમર્પિત કરી છે માટે ચતુર્વિધ સંઘની અનુમતિ લઈને તેની આદિ જિનની પ્રતિમા કરાવી શકાય.

સમરસિંહે શ્રીઅરિષ્ટનેમિના મંદિરે સર્વ આચાર્યો આવ્યા અને સંઘના અગ્રણીઓને ભેગા કર્યા. અને

સંઘની અનુમતિ માગવા

સંઘને હાથ જોડીને વિનંતિ કરી કે ધર્મના વૈરી મ્લેચ્છોએ કલિકાળના પ્રભાવથી આ નૂતન તીર્થાધિપતિની પ્રતિમાનો ભંગ કર્યો છે. તીર્થ અને તીર્થનાયકનો ઉચ્છેદ થવાથી ભાવિકોના સઘળા ધર્મો અસ્ત થશે. તીર્થ નહિ હોય તો સમ્યક્ત્વના અધિકારી ભાવિકો શી રીતે સમ્યક્ત્વનું આરાધન કરશે માટે સંઘની આજ્ઞા હોય તો હું તીર્થાધિપતિની પ્રતિમા કરાવું. મંત્રી વસ્તુપાલે મમ્માણખાણથી લાવેલી ફલહી હજી ભોંયરામાં અખંડ પડેલી છે અને તેણે તે સંઘને સોંપી છે તો સંઘની આજ્ઞા હોય તો તેની પ્રતિમા ઘડાવું અથવા બીજી ફલહી મગાવી કરવું?

આચાર્યો સંઘપતિઓ અને ગામોએથી સમરસિંહની પ્રશંસા કરી અને તેણે કહેલી વાતોનો વિચાર કરી બોલ્યા કે

સંઘની સંમતિ

આ અવસર પ્રસિદ્ધ છે તેવી મંત્રીએ લાવેલ મમ્માણના ખાણથી લાવેલી મમ્માણફલહી સંઘને સમર્પિત કરેલી છે તેને બહાર કાઢવાનો અત્યારે સમય નથી તે ભલે જેમને તેમ રહે તમે આરાસણની ખાણથી બીજી ફલહી મગાવી તેની નવીન પ્રતિમા કરાવો એમ સંઘ ઇચ્છે છે

સમરાશાહ સંઘના આદેશને માથે ચડાવી પોતાને ઘેર ગયો અને પોતાના પિતા દેશલશાહને બધો વૃત્તાંત કહ્યો.

ફલહી નિકળ્યાના સમાચાર આપ્યા. સમરસિંહે તેને સુવર્ણના દાંત સહિત જીભ અને બે સુવર્ણ આપ્યાં તેણે આચાર્ય સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકાને એકઠા કરીને કહ્યું કે નિર્દોષ ફલહી પ્રાપ્ત થયાના સમાચાર આવ્યા છે તો હવે આ ફલહી વડે કે મંત્રી વસ્તુપાલની ફલહી વડે બિંબ કરાવું ? સંઘે પૂર્વ કહ્યા પ્રમાણે નવીન ફલહી વડે જિનબિંબ કરાવવાનો આદેશ આપ્યો.

સંઘના અગ્રણી પુરુષોએ સમરસિંહને કહ્યું કે આખા મુખ્ય પ્રાસાદનો મ્લેચ્છોએ નાશ કર્યો છે અને ઉપરના ભાગનો વિનાશ. તેની આસપાસની દેવકુલિકાઓ પણ પાડી નાખી છે તેથી તે બધાં તૈયાર કરાવી તેની પ્રતિષ્ઠા કરાવવાની છે તો બધાના પુણ્યને માટે યથાયોગ્ય વહેંચીને તે કરવા સંઘે સૂચના આપવી જોઈએ. તેમાંથી કોઈ શ્રાવકે એમ કહ્યું કે સંઘની આજ્ઞા હોય તો મુખ્ય પ્રાસાદનો હું ઉદ્ધાર કરાવું. સંઘે ઉત્તર આપ્યો કે જે જિનબિંબ કરાવે છે તેજ પ્રાસાદનો ઉદ્ધાર કરાવે એ ઉચિત છે કેમકે જેનું ભોજન હોય તેનુંજ તાંબૂલ હોય એવો નિર્ણય કર્યો પછી સંઘે હર્ષ સાથે જુદા જુદા માણસોને વહેંચીને જુદાં જુદાં ધર્મકાર્યો કરવા માટે સોંપ્યાં. સંઘે સોંપેલાં કામ કરવાને ઉત્સુક થયેલા બધા શ્રાવકો પોતપોતાને ઘેર ગયા. દેસલશાહ સંઘનો આદેશ મેળવી ખુશ થયા અને પાતાક મંત્રીને ફરમાન પત્ર મોકલી આગળ કામ કરવાની સૂચના મોકલી

પાતાક મન્ત્રીએ પણ બિંબને યોગ્ય શિલા નીકળી તેથી સ્વર્ણના કંકણ અને વસ્ત્રના દાનથી સૂત્રધારોને સંતુષ્ટ કર્યાં મહીપાલ દેવ પણ રોમાંચિત અને આનંદ ફલહી નીકળેલી જાણી હર્ષ વડે પોતાના પુરથી આરસ પાસે આવ્યા અને સાક્ષાત્ જિન હોય તેમ તેણે તેની ચંદન પુષ્પાદિ વડે પૂજા કરી.

હવે રાણાએ પર્વતથી તે ફલહીને સૂત્રધારો પાસે ઉતરાવી આરાસણમાં તેનો પ્રવેશમહોત્સવ કર્યો. આરાસણની નજીકના

એમ કહી મહિપાલદેવ પાતાક મંત્રી સહિત સમરસિંહના પુરૂષોની સાથે આરાસની ખાણ પાસે ગયા અને આરાસની શિલા કાઢનારા બધા સૂત્રધારોને બોલાવી તેની સાથે સન્માનપૂર્વક બિંબ માટે ફલહી-મોટી શિલા કાઢવાનું મૂલ્ય ઠરાવ્યું. સૂત્રધારોએ જે માગ્યું તેથી અધિક આપવાનું કબુલ કર્યું. શુભ નક્ષત્ર શુભ વાર અને શુભ લગ્ને ખાણની પૂજા કરી કાર્યનો આરંભ કર્યો. તે વખતે સમરસિંહના માણસોએ સુવર્ણના અલંકાર, વસ્ત્રો તાંબૂલ અને ભોજનવડે સર્વે સૂત્રધારોનું સન્માન કર્યું, યાચકોને ઈચ્છિત દાન આપ્યું અને બધાને ભોજન માટે સત્કાર પૂર્વક પૂછ્યું.

કાર્યનો આરંભ કરાવી અને મંત્રીને ત્યાં મૂકી મહિપાલદેવ ત્રિસંગમપુરે ગયા. ત્યાંથી તે રાજા હમેશા માણસો મોકલીને ખબર કઢાવતો હતો અને કામ કરવાની સૂચના આપતો હતો. સૂત્રધારોએ ખાણ ખોદવાનો આરંભ કરી દીધો અને થોડા દિવસમાં ફલહી બહાર કાઢી. ત્યાર પછી તેને પાણી વડે ધોઈને સાફ કરી ત્યારે મધ્ય ભાગમાં એક મોટી તડ જોઈ. તેઓએ સમરસિંહને તરત જ માણસો મોકલી ખબર આપ્યા. તેણે માણસો પાસેથી વચ્ચે તડ પડેલી ફલહીને નકામી ગણી બીજી નવીન ફલહી કાઢવાની સૂચના મોકલી. તેની સૂચના પ્રમાણે બીજી ફલહી કાઢી. તેને પણ તેવીજ રીતે તડ પડેલી હતી. હવે રાણો મંત્રી અને સમ-રસિંહના મનુષ્યો અત્યંત ખિન્ન થયા અને તે બધા દેવનું આરાધન કરવા અઠ્ઠમ તપ કરી ડાભના સંસ્તારક ઉપર સુતા. ત્રીજા દિવસે શાસન દેવતાએ આવીને ખાણના અમુક ભાગમાંથી ફલહી કાઢવાની સૂચના કરી અને તે પ્રમાણે કરવાથી સ્વચ્છ અને સ્ફટિકના જેવી નિર્મળ અને નિર્દોષ ફલહી નીકળી.

મંત્રીએ સમરસિંહને ફલહી પ્રાપ્ત થવાના સમાચાર આપવા માટે માણસો મોકલ્યા અને તેઓએ પાટણ જઈ દેશલસહિત સમરસિંહને

અને તેની પણ પહેલાના જેવીજ દશા થઈ આથી મન્ત્રીની ચિંતા વધી વધી અને તેણે સમરસિંહને આ સમાચાર મોકલ્યા. સમરસિંહ પણ આ સમાચાર સાંભળી વિચારમાં પડી ગયો તેની નિદ્રા પણ ઉડી ગઈ એટલામાં શાસનદેવીએ પ્રત્યક્ષ થઈને સમરસિંહને કહ્યું કે ગંગા નામે ગામમાં દેવતા અધિષ્ઠિત મજબૂત શકટ છે તે તને મળશે એટલે તારું કાર્ય સિદ્ધ થશે. સમરસિંહ ત્યાંથી શકટ મંગાવવાનો વિચાર કરે છે એટલામાં તે દેવીનો પૂજારી આવ્યો અને તેણે કહ્યું કે દેવીએ મને આદેશ કર્યો છે કે તું સમરસિંહને જઈને કહે કે મારા ગાડાથી સુખપૂર્વક ફલહી લઈ જઈ શકાશે સમરસિંહે તે શકટ મોકલ્યું અને તેમાં ફલહી ચઢાવી પોતાના દેશના સીમાડા સુધી વળાવી પોતે ગામ ભણી પાછા વળ્યા. ફલહી અનુક્રમે ખેરાળુ નામે ગામ પાસે આવી. ત્યાંના સંઘે ઉત્સવ કર્યો. બીજા દિવસે ફલહી આગળ ચાલી અને અનુક્રમે કેટલાક દિવસે ખાંડુ ગામે આવી.

દેસલશાહ આ સમાચાર જાણી સિદ્ધસૂરિ અને પાટણના લોકો સહિત ફલહી જોવા સાંઢુ ગયા. ચંદ્રમા સમાન સ્વચ્છ અને શુદ્ધ ફલહીને જોઈ દેસલશાહ આનન્દિત થયા અને ચંદનાદિ વડે તેની પૂજા કરી. બધા માણસોએ દેસલ અને સમરસિંહની ધર્મ ધારક તરીકે પ્રશંસા કરી.

ફલહી આગળ ચાલી એટલે પુત્રસહિત દેસલ અને બીજા લોકો પાછા વળ્યા અને ઘેર આવ્યા. ફલહી દરેક ગામ અને નગરે પૂજાતી શત્રુંજયગિરિ પાસે આવી પહોંચી. તે વખતે પાલી-તાણાના સંઘે સામા આવી તેનો આગમનોત્સવ કર્યો. દેસલશાહના પરિવારે તેને વધાવી અને પાછા પાટણ જઈ દેસલશાહને ફલહી સુખરૂપ પહોંચ્યાના સમાચાર કહ્યા. દેસલે તે માણસોને પાછા મોકલી પર્વત ઉપર ફલહી ચઢાવવાની સૂચના મોકલી અને તેની સાથે પાટણથી નિજ બાલનાર શીલ બુદ્ધિમાન શિલ્પીને રવાના કર્યા.

ગામના વાસિક લોકોએ પણ આવીને તે કલ્કિજીની પુષ્પ અને
કપુરાદિ સુગંધી વસ્તુઓ વડે પૂજા કરી.ત્યાર પછી રાજા પાતશાહને
નમી સ્તુતિઓ કરી પોતાના નગરે ગયો.

પાતશાહે કલ્કીને મોટા રથમાં સ્થાપી અને તે રથની આગળ
અને પાછળ રેશમના બાંધી તેને વળગેલા ઘણા માણસો અને જવાન
બળદો વડે પૈડાને મહાશ્રમપૂર્વક પર્વતથી નીચે ઉતારી અને
પછી આગળ ચાલતા કુમારસેના ગામની પાસેના ઉપવનમાં તે રથ
અટકાવ્યો અને આગળ હવે જરા પણ ચાલી શકતો નહોતો. તે વખતે
ત્રિશંગમપુર અને આસપાસના ગામના લોકોએ આવી મહોત્સવ કર્યો.

પાતશાહે કુમારસેના ગામમાં તે કલ્કી આવ્યાના ખબર સમરસિંહને આપવા ચારણ માણસને મોકલ્યો.

કલ્કીનુ અનુકુળ પ્રોત્સાહ.

સમરસિંહ પણ કુમારસેના પાસે કલ્કી પહોંચ્યાના સમાચાર જાણી જેમ મેઘધ્વનિથી મયૂર ખુશ થાય તેમ ખુશ થયો. સમરસિંહે
કલ્કી લઈ જવા માટે બળદો લેવાને સારા માણસો મોકલ્યા.તેઓએ
દરેક ગામે જઈ તપાસ કરી એવી પાસે સારા સારા બળદો હતા
તેઓ પોતે પોતાના બળદો લઈને આવ્યા અને તેઓએ ઘણી ખુશીથી
આપવા ઇચ્છા જણાવી. સમરસિંહના માણસોએ તેમાંથી બીજા બળદ
લીધા અને તેઓને પુષ્કળ ધન આપવા માંડ્યું પણ તેઓએ લીધુ
નહિ. સમરસિંહના માણસોએ બળદ લાવનાર માણસોને ભોજન,
વસ્ત્ર અને તાંબૂલથી સત્કાર કર્યો. હવે સમરસિંહે લોઢાથી જડેલું,
મજબૂત અને મોટું શકટ તૈયાર કરાવ્યું તેને અને બળદોને લઈ પાર્ષના
અનુભવી માણસોને કુમારસેના ગામે મોકલ્યા. પાતશાહની મજબૂત
અને મોટા શકટને જોઈ ખુશ થયા. તેઓએ તે ગાડામાં કલ્કીને ચડાવી
તેટલામાં તે ગાડુ તત્કાલ ભાંગી ગયુ એ ની ખિન્ન થયા અને ફરીથી
સમરસિંહ પાસેથી વધારે મજબૂત ગાડુ મંગાવ્યું. તે પણ કલ્કી
ચડાવતાવાત ભાંગી ગયુ એમ સમરસિંહે નીકળનાર પણ ગાડુ મોકલ્યું

તે બન્ને પિતાપુત્ર પૌષધશાળામાં શ્રીસિદ્ધસેનસૂરિને વન્દન કરવા ગયા અને વંદન કરીને કહ્યું– અમારો

ઉદ્ધાર કાર્યની પૂર્ણાહુતિ.

મનોરથરૂપ વૃક્ષ પહેલાં આપના ઉપદેશરૂપી પાણીના સિંચનથી ઉગ્યો હતો તે અત્યારે જિનને મૂળ સ્થાને સ્થાપવાથી ફળો યુક્ત થયો છે હવે તેને પ્રતિષ્ઠાદિ કાર્યદ્વારા આપ સફળ કરો. ઉવકથી માંડી કલશ સુધી મુખ્ય પ્રાસાદનો ઉદ્ધાર પરિપૂર્ણ થઇ ગયો છે તેની દક્ષિણ બાજુએ અષ્ટાપદની આકૃતિવાળું ચોવીશ તીર્થંકરયુક્ત ચૈત્ય પણ નવીન કરાવ્યું છે બલાનક મંડપમાં રહેલા સિદ્ધનો પણ ઉદ્ધાર કરાવ્યો છે તથા આદિજિનના પાછળના ભાગમાં વિહરમાન તીર્થંકરોનું નવું ચૈત્ય પણ કરાવ્યું છે સિંહદેવના પુત્ર ઢુંઢે ચાર દેવકુલિકા (નાના દેવમંદિર) અને ચૈત્ર અને કૃષ્ણ નામે સંઘપતિએ બિંબસહિત આઠ દેવકુલિકા કરાવી છે પૃથ્વીભટના કીર્તિસ્તંભરૂપ કોટ્યાદિનું ચૈત્ય જે તુર્કોએ પાડી નાંખ્યું હતું તેનો હરિચંદ્રના પુત્ર દેસલે ઉદ્ધાર કર્યો છે એ સિવાય બીજા નાના મંદિરોનો જે જે ભાગ પડી ગયો કે નાદુરસ્ત હતો તે સર્વ જુદા જુદા સંઘના માણસોએ સમરાવ્યો છે આ તીર્થ પૂર્વના જેવું થઇ ગયું છે કે જેનો પૂર્વે ભંગ થયો હતો તેમ જણાતું નથી. હવે માત્ર કલશ અને ધ્વજદંડ ચઢાવવા તથા અર્હત્પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવવી બાકી છે" ઉત્તમ પ્રતિષ્ઠાનું મુહૂર્ત આવે ત્યારે પ્રતિષ્ઠા કરવાનું ગુરુએ કહ્યું

ત્યાર પછી દેસલે પ્રતિષ્ઠાલગ્નનો નિર્ણય કરવા માટે ઘણા આચાર્યો જ્યોતિર્વિદ્ બ્રાહ્મણો અને અગ્રણી

પ્રતિષ્ઠાલગ્ન

શ્રાવકોને બોલાવ્યા અને તેઓને યોગ્ય આસને બેસાડી પ્રતિષ્ઠા લગ્નનો નિર્ણય કરવા વિનતિ કરી. તે બધા શાસ્ત્રજ્ઞોએ મળી બધાની સંમતિથી નિર્દોષ એવું મુહૂર્ત નક્કી કર્યું દેસલે મુખ્ય જ્યોતિષિક પાસે કુંકુમપત્રિકા લખાવી

તે સિવાય જૂનાગઢથી મંડલિક રા એને કહ્યા કહેતા હતા તેમણે બાલચન્દ્ર નામના મુનિને માણસો મોકલીને શત્રુંજય બોલાવ્યા અને તેઓ તુરત આવ્યા. આવીને તેમણે ખાણ પરથી ફલહી ઉતરાવી કારીગર પાસે પર્વત ઉપર ચડાવવાને યોગ્ય ફલહી કરાવી. ત્યારપછી ચોરાશી ૮૪ ધવલ—ખાંધે ઉપાડનારા પુરુષોને ભેગા કરી લાકડા અને દોરડાં વડે ફલહી બાંધી તેઓની ખાંધે મૂકી અને તેઓએ ૭ દિવસમાં શત્રુંજય પર્વતની ઉપર ચડાવી દીધી

જિનનું ઘડવું

ત્યાર પછી પર્વત ઉપર તે ફલહીને તે કારીગરોએ ઘડવા માંડી. સર્વવિદ્યાવિશારદ બાલચન્દ્ર મુનિ પણ તેમને સૂચના આપતા હતા. પ્રતિમા થઈને તૈયાર થયા બાદ તેને ઘસી તેજસ્વી કરી અને બાલચન્દ્ર મુનિએ તે પ્રતિમાને ભગવાન મુખ્ય સ્થાને સ્થાપન કરી.

આ પ્રમાણે જ્યારે કે કેટલાક અસહિષ્ણુ ખલ પુરુષો દેશળના આ કાર્યની અદેખાઈ કરવા લાગ્યા અને તેના સંસર્ગથી સજ્જન મનુષ્યો પણ દેશળથી વિરુદ્ધ થયા પણ સાધારણ પાત્રની બુદ્ધિથી અને સમરસિંહના સત્ત્વથી એ બધું વિરોધી વાતાવરણ થોડા વખતમાં શાન્ત થઈ ગયું જે સજ્જનો હતા તેઓ પોતાની ભૂલ સમજ્યા અને પ્રસન્ન થઈને દેશળના તીર્થોદ્ધારના કાર્યમાં સહાય કરવા લાગ્યા. બાલચન્દ્ર મુનિએ જિનને મૂળ સ્થાને સ્થાપી દેશળશાહને ખબર આપી. દેશળશાહે સમરસિંહને કહ્યું કે હવે જિનની પ્રતિષ્ઠા કરી સ્વસ્થાને સ્થાપન કરીએ તો આપણું ઇષ્ટકાર્ય સિદ્ધ થાય માટે ચતુર્વિધ સંઘસહિત ત્યાંએ જઈ પ્રતિષ્ઠા કરાવું અને કૃતાર્થ થાઉં

વારોના સમૂહથી વીંટાયેલો હસ્તીઓના ઉપર બેઠેલા ઇન્દ્રની જેમ શોભતો દેવાલયની પાછળ ચાલ્યો.

શંખારિકામાં સંઘપતિ દેસલે પડાવ નાંખ્યો. હવે સમરસિંહ સંઘના માણસો સાથે પુન પાટણ આવી સંઘસહિત પૌષધશાળામાં જઈ સર્વે આચાર્યોને વંદન કરી યાત્રા માટે આવવા પ્રાર્થના કરી તથા દરેકના ઘેર જઈ સર્વ શ્રાવકોને પણ સંઘમાં આવવા આમંત્રણ કર્યું. તેઓ બધા સમરસિંહના ગુણથી ખેંચાઈ સર્વ સામગ્રી તૈયાર કરી સંઘમાં આવવા તૈયાર થયા.

સંઘમાં આચાર્ય અને મુનિઓ.

સર્વસિદ્ધાન્તના પારગામી વિનયચંદ્રાચાર્ય બૃહદ્ગચ્છના આચાર્ય રત્નાકરસૂરિ, દેવસૂરિગચ્છના પદ્માચાર્ય ખંડેરકગચ્છીય સુમતિચંદ્રાચાર્ય ભાવડારકગચ્છીય વીરસૂરિ, સ્થારપદ્રગચ્છના સર્વદેવસૂરિ, બ્રહ્માણગચ્છીય જગતસૂરિ નિર્વૃત્તિગચ્છીય આમ્રદેવ સૂરિ, કે જેણે સમરારાસુ નામે રાસ કર્યો છે નાણકગચ્છીય સિદ્ધસેનાચાર્ય બૃહદ્ગચ્છના ધર્મઘોષસૂરિ નાગેન્દ્રગચ્છના પ્રભાનંદસૂરિ, હેમચંદ્રાચાર્યની પરંપરામાં થયેલ વજ્રસેનાચાર્ય અને એ સિવાય બીજા ભિન્ન ભિન્ન ગચ્છના આચાર્યો દેસલના સંઘમાં યાત્રા માટે આવવા નીકળ્યા. ચિત્રકૂટ વાળાક મારવાડ અને માળવાદિ દેશમાં જે જે પદસ્થ મુનિઓ હતા તે બધા સંઘમાં આવવા ભેગા થયા. ગુરુવાર અને શુભ લગ્ને સર્વ દર્શનના પારગામી સિદ્ધસેનાચાર્ય પણ સંઘમાં ચાલ્યા અને દેસલે તેનો પ્રવેશોત્સવ કર્યો.

સંઘમાં આવેલા અગ્રણી શ્રાવકો.

ધર્મધુરન્ધર સંઘપતિ જગત્સિંહ અને કૃષ્ણ દેસલના સ્નેહથી ખેંચાઈને સંઘમાં સાથે ચાલ્યા. ચતુર હરિપાલ સંઘપતિ દેવપાલ શ્રીવત્સકુળના સ્થિરદેવના પુત્ર સાડુક શ્રેણીમાં શિરોમણિ પ્રધાન, સત્યનિષ્ઠ ગોત્રોત્તમ સોઢાક ધર્મવીર વીરશ્રાવક તથા [illegible] દેવરાજ ઇત્યાદિ [illegible] સંઘમાં આવવા નીકળ્યા. તે સિવાય બીજા

અને પ્રતિષ્ઠા સમયે સર્વ દેશોના સંઘને આવવા માટે વિજ્ઞપ્તિપત્રિકા લઇ જુદા જુદા દેશમાં માણસો મોકલી આમંત્રણ કર્યું પોતાના સમાનધર્મી પૌત્રો અને મંત્રીઓ વગેરેને પણ આમંત્રણ કર્યું

દેસલે યાત્રાયોગ્ય રથના જેવું નવીન દેવાલય તૈયાર કરાવ્યું અને પોષધશાળામાં જઈ આચાર્ય સિદ્ધસેનસૂરિની પાસે તેને લઇને તેના ઉપર વાસક્ષેપ નખાવ્યો.

સંઘપ્રયાણ

હવે સર્વોત્તમ દિવસે ગુરુવાર અને શુભ નક્ષત્રે દેવાલયનું પ્રસ્થાન કરવાનો દેસલે વિચાર કર્યો. શુભ દિવસે પોષધશાળામાં સર્વ સંઘને એકત્ર કર્યો અને સમરસિંહે પિતાની આજ્ઞાથી આચાર્ય ઉપાધ્યાય, સાધુ, સાધ્વીઓ, શ્રાવક અને શ્રાવિકાઓને યથાસ્થાને બેસાડ્યા. દેસલ પૃથ્વી ઉપર ઢીંચણ સ્થાપીને વાસક્ષેપ નખાવવા ગુરુના સન્મુખ બેઠા. ગુરુએ તેના કપાળમાં તિલક કર્યું અને તેના મસ્તકે વાસક્ષેપ નાખ્યો. તથા સમરસિંહના માથે વાસક્ષેપ નાખી તું સંઘપતિઓમાં અગ્રણી થા એમ આશીષ આપી.

પોષ સુદિ સાતમનો દિવસ સંઘનો પ્રયાણનો સમય હતો ત્યારે ગૃહદેવાલયમાં રહેલી આદિનાથની પ્રતિમા લઈ દેસલે દેવાલયના રથમાં સ્થાપી અને તે રથને બે શ્વેત અને સરખા બળદ જોડ્યા. સાધન્ત રથ ઉપર બેસી હાથમાં રાશ લઈને હાંકવા લાગ્યો. તે વખતે ચાર સુવાસિની સ્ત્રીઓ શ્રીફળ અને અક્ષતનો ભરેલો સ્થાળ હાથમાં લઈ સામી આવી અને તેણે દેસલશાહ અને સમરસિંહના માથે અક્ષત નાંખ્યા, શ્રીફળ હાથમાં આપ્યું અને ચંદનનું તિલક કરી પુષ્પની માળા કંઠે પહેરાવી આશીર્વાદ આપ્યો. હવે સ્વામિને વાજિંત્રોના શબ્દ સાથે દેવાલયનો રથ આગળ ચલાવ્યો. તે વખતે તેને અનેક પ્રકારના શુભ શકુનો થયા. સંઘનો નાયક દેસલ સુખાસનમાં બેસી દેવાલયની આગળ ચાલ્યો. તેજસ્વી સમરસિંહ પણ અશ્વ-

એ પ્રમાણે અહર્નિશ પ્રયાણ કરતો સંઘ સેરીસા તીર્થે આવી પહોંચ્યો. ત્યાં પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા કાયોત્સર્ગ અવસ્થામાં વિરાજમાન છે તે પ્રતિમાને પહેલા સૂત્રધારે દેવના આદેશથી આંખે પાટા બાંધી એક રાત્રિમાં ઘડીને તૈયાર કરી હતી અને નાગેન્દ્રગચ્છીય દેવેન્દ્રસૂરિએ તેની પ્રતિષ્ઠા કરી હતી. જેઓ પોતાની મંત્રશક્તિથી સમેતશિખરથી વીશ તીર્થંકરની પ્રતિમાઓ લાવ્યા હતા કે જેમાંની ત્રણ પ્રતિમાઓ અત્યારે કાન્તિપુરીમાં વિરાજમાન છે તે દેવેન્દ્રસૂરિએ આ પ્રભાવિક તીર્થની સ્થાપના કરી હતી. દેસલશાહે ત્યાં સ્નાત્ર અને મહાપૂજાદિ ઉત્સવ કરીને આરતી કરી અને દરેક મનુષ્યના ભોજન માટે સત્રાગાર ખુલ્લું મૂક્યું. ત્યાં અષ્ટાહ્નિકોત્સવ કરીને સંઘે આગળ પ્રયાણ કર્યું અને સિંહપુર (સરખેજ) થઈને સંઘ ધોળકા પહોંચ્યો. ત્યાંથી પ્રયાણ કરી દરેક ગામ અને નગરને વિષે ચૈત્યપરિપાટી કરતો સંઘ અનુક્રમે પીપરાળી ગામ પહોંચ્યો અને ત્યાંથી શત્રુંજયગિરિને જોઈને અત્યંત હર્ષનિમગ્ન થયો. તે દિવસે દેસલે વાસથી કરી ચતુર્વિધ સંઘસહિત સમરસિંહને આગળ કરી શત્રુંજયગિરિની મહોત્સવપૂર્વક પૂજા કરી. તે વખતે ગિરિરાજના દર્શનના આનંદથી પરવશ થયેલા દેસલે અને સમરસિંહે અગણિત યાચકોને પુષ્કળ દાન આપ્યું. ત્યાંથી બીજા દિવસે તીર્થરાજના દર્શન કરવાની ઉત્કંઠાથી શીઘ્ર પ્રયાણ કરીને શત્રુંજયની પાસે વસ્તુપાલની શ્રી લલિતાદેવીએ કરાવેલા સરોવરને કાંઠે સંઘે પડાવ નાંખ્યો. અને તેની ચારે બાજુ ઉજ્જવલ તંબુઓ અને રાવટીઓ નખાઈ ગઈ.

સેરીસા તીર્થ

દેસલે આવતી કાલે શત્રુંજય ઉપર ચઢવાનો વિચાર કર્યો. તે સમયે એક માણસ વધામણી લઈને આવ્યો કે દેવગિરિ–દોલતાબાદથી સહજપાલ અને ખંભાતથી સાહણપાલ સંઘસહિત આવેલા છે. સંઘ ઉપરની

સહજપાલ અને સાહણ-પાલનું સંઘસહિત આગમન

ગૂજરાતમાં જે બે પ્રસિદ્ધ ભાવો હતા તે બન્ને સમરસિંહના સંઘ
રાજવી સંઘ સાથે આવ્યા હતા. એમ બીજા દેશના સંઘો પણ
મળ્યા પછી દેશલે આગળ સંઘસહિત પ્રયાણ શરૂ કર્યું. તે બધામાં
દેવસિંહ, કૃષ્ણ, લઠ્ઠ અને હરિપાલ એ સંઘના અગ્રણી હતા.

હવે સંઘના પ્રયાણસમયે અણહિલપુરની રજા માગવા માટે
મોટી ભેટ લઈને સમરસિંહ રાજમહેલે ગયો અને ક્ષેમ જાણવી પછી
ભેટ મૂકી રજા માગી. આને સંતુષ્ટ થઈ તેને ઘોડા સહિત તલ-
વાર આપી સમરસિંહે સંઘની રક્ષા માટે જમાદાર માગ્યા અને
આને બરોબર ગમના પુત્રો જેવા મહાવીર જાતિના દશ પુરુષ જ-
માદારો આપ્યા. તેઓને લઈ સમરસિંહ પાટણથી સંઘને મળ્યો.

સંઘપાલનો પુત્ર સોમસિંહ સંઘની દેખરેખ રાખતો હતો
અને સમરસિંહ પણ ભોજન અને પાણીની બાબતે સારસંભાળ
રાખતો.

સિલ્હાર જાતિના ઘોડેસવાર રજપૂતો વડે વીંટાયેલો સમરસિંહ
માથે છત્ર ધારણ કરી ઘોડા ઉપર ચઢ્યો હતો અને તેની આગળ
ધ્વજને ધારણ કરનારાઓની ટોળી ચાલતી હતી.

સંઘના પ્રયાણસમયે પ્રથમ શંખ વાગતો હતો અને પછી
ભેરી અને તાંસાઓ વાગતા હતા.

સ્પર્ધાપૂર્વક ચાલતા ગાડાંઓ વડે ગાયકો ગાતા હતા એ
સિવાય ચારી ધાર્મિક પુરુષો પગે ચાલતા હતા. એટલો મોટો સંઘ
હતો કે છૂટો પડી ગયેલો કોઈ માણસ પોતાનાં સગાંઓને સ્થાને
પહોંચ્યા સિવાય મળી શકતો નહિ.

દરેક ગામના લોકો સંઘપતિ દેશલ અને સમરસિંહ પોતપો-
તાના ગામની પાસે આવેલા જાણીને દહીં દૂધ વગેરે લઈને સામા
આવતા હતા અને સ્પર્ધાપૂર્વક સંઘનો સત્કાર કરતા હતા

વૃક્ષરાજિ પશુપક્ષીઓ અને પાણીના ઝરણા વડે શત્રુંજય પર્વત કુદરતી સૌન્દર્યથી ભરપૂર હતો.

દેશલે સંઘસહિત શત્રુંજયતીર્થ ઉપર ચઢી પ્રથમ પ્રવેશમાં જેનો ઉદ્ધાર પોતેજ કરાવેલો હતો તે ભગવાન આદિનાથની માતાને જોયા અને તેની પૂજા કરીને તે શાંતિનાથના ચૈત્યમાં ગયો. ત્યાં પૂજા કરી ત્યાંથી આદિનાથાદિ જિનના મંદિરે જઇ ત્યાં પૂજા કરી પોતે જેનો ઉદ્ધાર કરેલો છે એવા કપર્દિ યક્ષની મૂર્તિના દર્શન કરવા સંઘસહિત ગયો. ત્યાં ઉભા રહી ફરફરતી ધ્વજવાળા ઋષભદેવના ચૈત્યને જોઇ પોતાને કૃતાર્થ માનવા લાગ્યો. તે ચૈત્યને એક દષ્ટિવડે અવલોકન કરતા તેણે આદિજિનના ચૈત્યના સિંહદ્વારે જઇ ભગવાન યુગાદિ દેવને જોઇને હર્ષવડે પુ ષ્કળ ધનની વૃષ્ટિ કરી. હવે તે ચૈત્યના મધ્ય ભાગમાં પ્રવેશ કરીને પોતે કરાવેલ આદિનાથને વંદન કરવાને ઉત્સુક ચિત્તવાળો દેશલ ભૂમિ ઉપર પડી પ્રણામ કરતો યુગાદિ નાથની સમીપ આવ્યો અને ભક્તિથી આદિજિનને ભેટી પડ્યો. ત્યારપછી આદિજિનની લેપ્યમૂર્તિને પુષ્પથી પૂજી પ્રદક્ષિણા કરતાં તેણે અભ્યર્ચિત અર્હંત બિંબોની પૂજા કરી

ત્યાર પછી કુન્તીસહિત પાંડવોની પાંચ મૂર્તિને પૂજી રાયણની નીચે રહેલા યુગાદિ ભગવાનના પગલાને અને પોતે કરાવેલી લેપકાને આશ્ચર્યકારક એવી મયૂરની મૂર્તિને જોઇને મોતી મણિ અને સ્વર્ણની વૃષ્ટિ કરી.

દેશલશાહે ત્યાં મહોત્સવ કરી યાચકોને વસ્ત્રાદિક આપ્યા અને ચાલીશ તીર્થંકરોને પૂજી તેની સર્વંગત પ્રદક્ષિણા કરી. ત્યાર બાદ મસ્તક ભૂમિ ઉપર સ્થાપી આદિજિનને પ્રણામ કરી પોતાના સ્થાને પુત્રસહિત આવ્યો અને પ્રતિષ્ઠાવિધિ કરવા તત્પર થયો. તેણે પોતાના બીજા પુત્રો હોવા છતાં પણ સમરસિંહને પ્રતિષ્ઠાવિધિ કરવાનો આદેશ કર્યો અને તે પિતાનો આદેશ મેળવી અત્યંત આનંદિત થયો.

ભક્તિ અને બન્ને ભાઈ ઉત્સવના પ્રેમવડે સમરસિંહ અત્યંત ખુશ થયો અને અત્યંત ઉત્કંઠિત હૃદયે સંઘસહિત શ્રી દેશલ સુધી તેની સામો ગયો. સમરસિંહ પોતાના બન્ને ભાઈને મળ્યો અને દેશલને ભાવ આલિંગન કરી પ્રણામ કર્યા તેથી તેનું મહત્વ અને ભક્તિ જોઈ વિસ્મિત થયા. તે બન્ને ભાઈઓ પણ સમરસિંહને જોઈ આનંદિત થયા. સાથમાં જે જે આચાર્યો હતા તેને સમરસિંહે ભક્તિપૂર્વક વંદન કર્યું. જમાતથી પાતાક મન્ત્રીનો ભાઈ સાંગણ, સંઘની સાથે ભાવોત્તમ સિંહભટ અને વસ્તુપાલના વંશને દીપા-વનાર ભીમ્જકોથી પણ સાથમાં આવ્યા હતા. તે સિવાય ખાન, મિલક અને રત્નસિંહ આદિ અસંખ્ય ભાવકો પણ સાથે આવ્યા હતા. સમરસિંહે તે બધા ભાવકોનો યથાયોગ્ય સત્કાર કરી પોતાના બંધુઓ અને સંઘસહિત મહોત્સવપૂર્વક સંઘના પડાવને સ્થાને આવ્યો. ત્યાં બન્ને ભાઈઓએ દેશલને ભક્તિપૂર્વક પ્રણામ કર્યા અને પુત્રોના આવવાથી સંઘપતિ દેશલનું ચિત્ત આનંદમાં મગ્ન થયું. રાત્રી ત્યાં ગાળી પ્રાતઃકાળે દેશલ સંઘસહિત શત્રુંજય ઉપર ચઢવાને તૈયાર થઈ ગયો.

પંચમ પ્રસ્તાવ

સંઘ સહિત દેશલનું શત્રુંજય ઉપર ચઢવું

પ્રાતઃકાળે પાલીતાણા શહેરના પાર્શ્વ જિન અને લીલાવિહાર મહાવીરસ્વામીને પ્રણામ કરીને દેશલ સંઘસહિત શત્રુંજય પર્વતની પાસે ગયો અને ત્યાં સ્થિર નેમિનાથને પૂછી શ્રીસિદ્ધસેનસૂરિને હાથનો ટેકો આપી દેશલે ગિરિરાજ ઉપર ચઢવાનો પ્રારંભ કર્યો.

અહિં પ્રબંધકાર અશોક અર્જુન દેવદાર આમ્ર સાગ વગેરે આંબા ખદિર ચકોર વાસ વગેરે પક્ષીઓ અને પાણીના ઝરે-ણાંઓનું વર્ણન કરે છે. તે ઉપરથી માલૂમ પડે છે કે તે સમયે કદમ્બ

વેરાવ્યો નાખ્યો સિદ્ધસેનસૂરિએ ગોરોચન કેસર કપૂર અને કસ્તૂરી પ્રમુખ મહામૂલ્ય વસ્તુઓ વડે પ્રથમ ચંદનનો લેપ કરી નન્દ્યાવર્તનો પણ લખ્યો.

હવે પાણીથી ભરેલી કુંડીમાં જ્યોતિર્વિદોની ઘડીઓ પાણીથી ભરાઇ જવાથી તળીએ બેસવા લાગી એટલે પ્રતિષ્ઠાનો સમય આવી શ્રીસિદ્ધસેનસૂરિ જિનમંદિરે ગયા. તે સમયે બીજા આચાર્યો પણ પ્રતિષ્ઠા કરવા માટે તેની વિધિમાં સાવધાન થઇ મુખ્ય ચૈત્યને વિષે જઈ પોતપોતાના આસન પર બેઠા. સંઘપતિ દેશલ પુત્રસહિત સ્નાન કરી વિશુદ્ધ વસ્ત્રો પહેરી લલાટમાં ચંદનનું તિલક કરી ચૈત્યમાં ગયો.

તે વખતે બીજા શ્રાવકો પણ પોતપોતાના ચિહ્નો લઈ હાજર થયા હતા. શ્રીસિદ્ધસેનસૂરિ આગળથી સુવર્ણની મુદ્રિકા અને હાથે કંકણ પહેરી ક્ષોમયુક્ત બે વસ્ત્રને ધારણ કરી જિનેશ્વરની સન્મુખ ઉભા હતા. મહાજનોની દક્ષિણ બાજુએ સાહણસહિત દેશલ અને ડાબી બાજુએ સમરસિંહ સહિત સહજપાલ જિનને સ્નાન કરાવવા સજ્જ થઇને ઉભા હતા. સામન્ત અને સાંગણ બન્ને ભાઇઓ ચામર ધારણ કરી જિનની પાસે ઉભા હતા. કોઇની અશુભ દૃષ્ટિ ન પડે તે માટે જિનના કંઠે અરિષ્ટ રત્નની માળા નાંખી હતી. વિઘ્નોનું રક્ષણ કરવા સમર્થ જિનના કરને વિષે રક્ષાનિમિત્ત રાખડી નાંખી હતી. કપૂર, ચંદન ફળ, અક્ષત, પુષ્પ ધૂપ ઇત્યાદિ પ્રતિષ્ઠાને યોગ્ય જે જે વસ્તુઓ જોઈએ તે બધી ગોઠવી આગળ મૂકી હતી. મીંઢળ સહિત ઋદ્ધિ અને વૃદ્ધિ એ બન્ને ઔષધી જિનને હાથે નાંખી અને ગુરુએ દેશલાદિ શ્રાવકોને હાથને વિષે કુસુંભા-સૂત્ર બાંધ્યું હતું.

આ પ્રમાણે પ્રતિષ્ઠાની બધી સામગ્રી તૈયાર થઈ એટલે સિદ્ધસેનસૂરિએ સ્નાત્રિઓ પાસે સ્નાત્રનો પ્રારંભ કરાવ્યો, તીર્થ

હવે સમરસિંહે શ્રીમદ્ પાવાલ અને બીજી પ્રતિષ્ઠાવિધિમાં ઉપયોગી સેંકડો ઔષધીઓ ભેગી કરવા માટે

પ્રતિષ્ઠાવિધાન

આ પ્રતિષ્ઠાનો ઉત્સવ જોવા દૂરદૂર અને વાળાકથી હજારો માણસો આવ્યા હતા.

આખરે માઘ માસના શુક્લ પક્ષની સાતમ અને ગુરુવાર હોઇ દેવાલયે ચતુર્વિધ સંઘને યાત્રા કરવા માટે ભેગો કર્યો અને સિદ્ધસૂરિ પ્રમુખ આચાર્યોની સાથે સમરસિંહ અને દેસલશાહ પાણી લેવા માટે કુંડ તરફ ગયા. સમરસિંહે શિરૂપાળ અને કુંડના અધિષ્ઠાયક દેવ તથા ક્ષેત્રપાળની વિધિપૂર્વક પૂજા કરીને શ્રીસિદ્ધસૂરિવડે મંત્રિત પાણીવડે કળશો ભર્યા અને તેને સુવાસિની સ્ત્રીના માથે મૂકી તે સર્વસહિત મહોત્સવોના ઠાઠે આવ્યો. તેણે યોગ્ય સ્થાને તે પાણીના કળશ મૂકાવી તે બીંબ પાસે સેંકડો ઔષધીના મૂળ વટાવવાનો પ્રારંભ કર્યો. સિદ્ધસૂરિએ તે બધી શ્રીબીંબના મસ્તક ઉપર વાસક્ષેપ નાખ્યો. શ્રીબીંબના મંગલગીતને ભાવપૂર્વક તે ઔષધીઓનું ચૂર્ણ વધતી હતી. સમરસિંહે તે બધાને નાના પ્રકારના પહેરામણો આપ્યા. પછી તેણે સેંકડો ઔષધીઓનું ચૂર્ણ કળશમાં નાખ્યું

હવે જિનાલયની ચારે દિશાએ નવ નવ વેદિકાઓ તૈયાર કરાવી અને તે વેદિકાની ચારે બાજુએ યવાંકુરો—જવારા મૂકાવ્યા. તેના સન્મુખ રમ્ય રૂપના મધ્ય ભાગમાં નન્દાવર્તપટ્ટ મૂકવા માટે બે હાથ ઊંચી ચાર ખુણાવાળી વિશાલ વેદિકા કરાવી. તેના ઉપર ચાર થાંભલાવાળો, ઉપરના ભાગમાં સુવર્ણના કળશયુક્ત વિવિધ વર્ણો તથા રેશમના સ્તંભ વડે સુશોભિત મંડપ કરાવ્યો અને તેની પાસે આદીશ્વરના મુખ્ય બિંબનો બાજઠ સુતાર પાસે તૈયાર કરી પ્રતિષ્ઠા કરવા માટે સ્થાપિત કર્યો. મુખ્ય બિંબની આસપાસના દેવોની પ્રતિષ્ઠા કરવા માટે સુંદર ઊંચી વાલુકાયુક્ત અને સમૂળ કળશસહિત વિશાલ વેદિકાઓ કરાવી. બારણે આગળના ભાગના

તે વખતે કેટલાકો આનંદના આવેશથી નૃત્ય કરવા લાગ્યા કોઇ સ્તુતિ કરવા લાગ્યા કોઇક તો કસ્તૂરી વગેરે લઇ વિલેપન કરવા લાગ્યા અને કેટલાક તો પુષ્પો વડે જિનની પૂજા કરવા લાગ્યા. એ પ્રમાણે સજ્જનોએ મહોત્સવ કર્યો હવે દેશલ ધ્વજ દંડનું સ્થાપન કરવા તૈયાર થયો. સિદ્ધસેનસૂરિને હાથનો ટેકો આપી પુત્રસહિત દેશલ ધ્વજાદંડની સાથે આગળ ચાલ્યો અને પ્રાસાદના શિખર ઉપર ચઢી ગયો. ત્યાં તેણે કીર્તિની સાથે સૂત્રધારો દ્વારા દંડનું સ્થાપન કર્યું અને દંડની સાથે ધ્વજા બાંધી. તે સમયે વસ્ત્ર સોનેરી વીંટી અલંકાર વગેરેનું યાચકોને દાન દીધું. સહજપાલ સાહણ સમરસિંહ,સામંત અને સાંગણ એ પાંચે ભાઇઓએ ધનની વૃષ્ટિ કરી

દેશલે ત્રણ છત્ર અને બે ચામર આદિજિનના ચૈત્યમાં આપ્યા તે સિવાય સુવર્ણના દંડયુક્ત અને રૂપ્યતન્તુના બનેલા બીજા બે ચામર પણ આપ્યા. મનોહર સ્નાત્રના કુંભ રૂપાની આરતી અને મંગળદીવો આપ્યા. ત્યાર પછી બધા જિનનો સ્નાત્રવિધિ કર્યો અને ચંદનાદિવડે બીજા બધા જિનોની પૂજા કરી. ત્યાર પછી શ્રીસિદ્ધસેનસૂરિના ચરણને વંદન કરી તેમજ બીજા સુવિહિત સાધુને અન્ન-પાન વડે પ્રતિલાભી પ્રાતઃકાલે પોતાના પુત્રસહિત દેશલે પારણું કર્યું ચારણ લાયક અને ભાટોને જમાડયા તથા એજ રીતે દીન અનાથ અને દરિદ્રીઓના ભોજન માટે સત્રાકાર ખુલ્લું મૂક્યું એ પ્રમાણે હમેશાં દાન આપતા દેશલે દશ દિવસ સુધી ઉત્સવ કર્યો. અગિયારમે દિવસે પ્રાતઃકાળે શ્રીસિદ્ધસેનસૂરિના સ્વહસ્તે પ્રભુનું કંકણ છોડાવ્યું અને સુવર્ણના મુકુટ હાર શ્રી ફળ બાજુબંધ અને કુંડલાદિ પોતે કરાવેલા નવા અલંકારો પ્રભુને ચઢાવ્યા.

તે સિવાય બીજા પણ સભ્ય જનોએ સુંદર ધ્વજાઓ બાંધી અને જિનનું સ્નાત્ર કર્યું. સંઘમાં આવેલા પુરુષોએ પોતપોતાના

પછી આદિજિનનું સ્નાત્ર તેમણે સ્વયં કરાવ્યું અને અન્ય આચાર્યોએ પોતપોતાને યોગ્ય એવાં બીજાં સ્નાત્રો કરાવ્યાં.

હવે લગ્નની ઘડી આવી પહોંચી એટલે શ્રીસિદ્ધસેનસૂરિ સાવધાન થઈને જ્યોતિષિઓએ કહેલું પ્રતિષ્ઠાનું લગ્ન સાધતા હતા. શુભ લગ્ને જિનપ્રતિમાને વાસ વસ્ત્રવડે ઢાંકીને તેની ચંદન અને કુસુમથી પૂજા કરી. તે સમયે સમરસિંહ ગુરુની પાલખવાળી આવીને નંદ્યાવર્તનો પટ્ટ સુવાસિની સ્ત્રીના માથે મૂકી શણગારેલા ઉંચે આણ્યો. વાજિંત્રના શબ્દો ચોતરફ પ્રસરવા લાગ્યા. લોકો જિનના ગુણો ગાવા લાગ્યા. સમરસિંહે મંડપની વેદિકાને વિષે નંદ્યાવર્તનો પટ્ટ મૂક્યો. સિદ્ધસેનસૂરિએ તેને પાવડી કપૂર વડે યથાવિધિ પૂજા કરી. ત્યાર પછી સિદ્ધસેનસૂરિ પ્રથમ જિનની પ્રતિમા પાસે આવી લગ્નની સિદ્ધિ માટે વિશેષ સાવધાન થયા અને લગ્નનો સમય પાસે આવ્યો. બધી રૂપાની કચોળી અને સોનાની સળી હાથમાં લેઇ તૈયાર થયા. જ્યારે આદિદેવ પ્રભુની પ્રતિષ્ઠાનો સમય તદ્દન પાસે આવ્યો ત્યારે લોકો ઉચ્ચ સ્વરે   સમય થયો છે એમ ચોતરફ ઉદ્ઘોષણા કરવા લાગ્યા.

અનન્તર પ્રતિષ્ઠાના સમયે શ્રીસિદ્ધસેનસૂરિએ જિનબિંબ ઉપરથી વસ્ત્ર ખસેડીને તેના બન્ને નેત્રોમાં સુરમો અને સાકરના યોગવાળુ અંજન આંજ્યું અને વિક્રમ સંવત ૧૩૭૧ના માઘ માસના શુક્લપક્ષની ચૌદશ પુષ્ય નક્ષત્ર અને સોમવારે મીન લગ્નમાં નાભિનંદન શ્રીઆદિદેવ ભગવાનની પ્રતિષ્ઠા કરી. પ્રથમ જાવડિના ઉદ્ધાર સમયે શ્રીવજ્રસ્વામીએ પ્રતિષ્ઠા કરી હતી અને ત્યારપછી આ સિદ્ધસેનસૂરિએ પ્રતિષ્ઠા કરી. સિદ્ધસેનસૂરિની અનુજ્ઞાથી મુખ્ય પ્રાસાદના ખત્તકની વાચનાચાર્ય નાગેન્દ્રસૂરિએ પ્રતિષ્ઠા કરી. સર્વ ગુણોસહિત દેસલે ચંદન અને બરાસવડે આદિજિનના શરીરને વિલેપન કરી તેની પાસે પકવાન્ન પ્રમુખ નૈવેદ્ય મૂક્યાં.

પછી વડે મુનિવરોને પ્રતિલાભી પરિવાર સહિત સંઘને આદરપૂર્વક ભોજન કરાવ્યું, તથા બારોટ ભાટ ચારણો અને યાચકોને પણ જમાડ્યા.

આ સંઘમાં આચાર્ય વાચનાચાર્ય, ઉપાધ્યાય ઇત્યાદિ પદસ્થ પાંચસો મુનિઓ હતા, મહારાષ્ટ્ર અને તિલંગ દેશથી ચંદ્રપાલ ધારીક વસ્ત્રો લાવ્યો હતો, તેણે તે વડે ભક્તિપૂર્વક તેઓનો સત્કાર કર્યો તે સિવાય બીજા બે હજાર મુનિઓને પણ અનેક પ્રકારના વસ્ત્રો અને ઉચિત વસ્તુઓ વડે પ્રતિલાભ્યા. એમ પ્રકાર જણાવે છે કે સમરસિંહે સાતસો ચારણો ત્રણ હજાર ભાટ અને હજાર ઉપરાંત યાચકોને મનોવાંછિત સોનૈયા દ્રવ્ય અને વસ્ત્રોનું દાન કર્યું. પુષ્પની વાડિકાઓ કે જેના અરઘટ્ટ ભાંગી ગયા હતા અનેકઓ નહોતા અને વાડ વિના વૃક્ષો ઉજડી ગયા હતા તે વાડિકાઓને માળીઓને ધન આપી પ્રભુની નિત્ય પુષ્પપૂજા માટે ખરીદી લીધી અને નવી કરાવી. જિનેન્દ્રની પૂજા કરનારા ગાન કરનારા સૂત્રધારો અને ભાટોને ઇચ્છિત વૃત્તિ આપીને ત્યાં તીર્થ ઉપર મૂક્યા.

સંઘનું ગિરનાર તરફ પ્રયાણ.

ત્યાર બાદ દેસલે ઉજ્જયન્ત તીર્થની યાત્રા કરવા માટે પ્રયાણ કર્યું દેવાલય આગળ ચાલ્યું અને ત્યાર પછી દેસલ સર્વ સંઘસહિત ચાલ્યો. અને તે અમરાવત્યાદિ પુર અને ગામને વિષે પોતાના અદ્ભુત કર્મો વડે જિનશાસનની પ્રભાવના કરતો ઉજ્જયન્તગિરિ પહોંચ્યો.

તે વખતે ત્યાં જૂનાગઢમાં મહીપાલદેવ નામે રાજા હતો. તે જૂનાગઢની પાસે સંઘસહિત દેસલ અને સમરસિંહને આવેલા જાણી તેના ગુણોથી આકર્ષાઈને સંઘપતિ દેસલ અને સમરસિંહની સામો આવ્યો. સમરસિંહ અને મહીપાલદેવ પરસ્પર પ્રેમપૂર્વક ભેટ્યા

થવાને દિવસે મહાપૂજા અને દાનસમો કર્યો. દેસલે સંઘસહિત આદિજિનની આરતી ઉતારવાનો પ્રારંભ કર્યો. તેની બન્ને બાજુએ સાહણ અને સાંગણ ચામર ધારણ કરી તથા સામન્ત અને સહજપાળ કલશ ધારણ કરી ઊભા હતા. ત્યાર બાદ સમરસિંહે પિતાના નવ અંગે ચંદનના તિલક કર્યાં લલાટે તિલક કરીને અક્ષત ચોડ્યા અને કંઠમાં ફુલની માળા પહેરાવી. બીજા પણ સંઘના પુરુષોએ ચંદન વડે પગે પૂજા કરી કપાળે તિલક કરી અને આરતીની પૂજા કરી તેના કંઠે માળા પહેરાવી. જિનગુણના ગાનારા ભાટોને મહા મૂલ્ય સ્વર્ણના કંકણ, કુંડલ અને વસ્ત્રોના દાનથી સંતુષ્ટ કર્યા. દેસલશાહે આરતી કરીને મંગલદીપ ગ્રહણ કર્યો. ભાટો તે વખતે મોટા સ્વરે દેસલ અને સમરસિંહની બિરુદાવલી બોલવા અને તેને તેઓએ પુષ્કળ દાન આપ્યું. ત્યાર પછી કપુર વડે મંગલદીપ કરી વાગતા વાજિંત્રના શબ્દની સાથે ઉચ્ચસ્વરે મંગલદીપ બોલી હાથ જોડી શક્રસ્તવ વડે આદિજિનની સ્તુતિ કરી. સિદ્ધસૂરિએ પણ શક્રસ્તવ થયા બાદ આદિજિનની અમૃતાષ્ટક વડે સ્તુતિ કરી.

એ પ્રમાણે આદિજિનનો પ્રતિષ્ઠામહોત્સવ કરી અભીષ્ટ અર્થની સિદ્ધિથી ઉત્પન્ન થયેલા પ્રમોદ વડે દેસલે નૃત્ય કર્યું અને જિનની સ્તુતિ કરી. ત્યાર પછી કુમારિ દેવની રજા માગી દેસલ કપર્દિયક્ષને મંદિર ગયો અને ત્યાં નાળીયેર અને લાપસી વડે યક્ષની પૂજા કરી તેના મંદિરે ધ્વજા ચડાવી તથા ધર્મકાર્યમાં સહાય કરવા તેની પ્રાર્થના કરી.

સંઘનાયક દેસલ શત્રુંજય તીર્થને વિષે વીસ દિવસ રહી પુત્ર સહિત સિદ્ધસેનસૂરિની સાથે પર્વત ઉપરથી ઉતરવા તૈયાર થયો અને સર્વ ચૈત્યોને નમી પ્રાતઃકાળમાં પર્વતથી નીચે ઉતરી સંઘના નિવાસ સ્થાને આવ્યો. સુંદર ભોજક અને અનેક પ્રકારના શાક ઇત્યાદિ રસ-

હવે દેસલે મુગ્ધરાજના આમંત્રણથી દેવપત્તન તરફ સંઘ સહસહિત પ્રયાણ કર્યું. રસ્તામાં વામનપુરી (વણથલી) વગેરે સર્વ સ્થાનકે ચૈત્ય પરિપાટિ કરતો દેસલ સંઘસહિત દેવપત્તન પહોંચ્યો.

સંઘનું દેવપત્તન જવું અને સમરસિંહ તથા મુગ્ધરાજનો સમાગમ

મુગ્ધરાજ સમરસિંહને સંઘસહિત આવેલો જાણીને પોતે પરિવારસહિત સન્મુખ આવ્યો. સમરસિંહ અને મુગ્ધરાજ બન્ને મળ્યા અને મુગ્ધરાજ સમરસિંહને ભેટીને અત્યંત ખુશ થયો. પરસ્પર બન્નેએ કુશળપ્રશ્ન પૂછ્યા પછી અરસપરસ ભેટણાં આપ્યાં અને ખુશ થએલા બન્નેએ પોતાની મૈત્રી વધારે દૃઢ કરી.

હવે સંઘપતિ દેસલ અને સમરસિંહે સન્માનિત ઉત્સાહપૂર્વક ધ્વજ અને તોરણો વડે સુશોભિત દેવપત્તનમાં પ્રવેશ કર્યો. અને સોમેશ્વરદેવ મુગ્ધરાજની પાસે આનંદપૂર્વક ચિર પ્રહર ગાળ્યો. સંઘપતિએ સંઘનો નિવાસ પ્રિયપત્તનમાં રાખ્યો. અહિં સંઘપતિ તરફથી અષ્ટાહ્નિકા મહોત્સવ જિનચૈત્યોમાં પૂજા તથા સોમેશ્વરની પણ પૂજા થઈ.

મુગ્ધરાજે સમરસિંહને મોકલી અને ખુશ ઉપહાર તરીકે આપ્યા તે બન્ને અજાહરપુરે પાર્શ્વનાથને નમસ્કાર કરવા દેસલસહિત સમરસિંહે કૂચ શરૂ કર્યું.

અજાહરા તરફ સંઘનું પ્રયાણ

જે પાર્શ્વનાથ પ્રભુના બિંબ સમુદ્રમાંથી નીકળ્યા અને વહાણવટીએ (ચૈત્ય બનાવ્યો) આદર કરી તેનું બનાવેલા ચૈત્ય [illegible] જે તે [illegible] પૂજા પ્રમુખ કરી [illegible] રીતે દેસલ સંઘસહિત કોડીનાર ગયો.

ત્યાં અંબિકાનું દેવળ છે તેની ઉત્પત્તિ સંબંધ આ પ્રમાણે પૂ

અને કુશળક્ષેમ પૂછતા સમાન આપને ભેટ વિવિધ પ્રકારના
ભેટણાં વગેરે સમરસિંહે મહીપાલદેવને સંતુષ્ટ કર્યો. અને તેણે પણ
દ્વિગુણ ભેટ વગેરે સમરસિંહને ખુશી કર્યો. ત્યાર બાદ સમરસિંહની
સાથે ચાલતા મહીપાલદેવે સંઘ સહિત દેશલનો પ્રવેશોત્સવ કર્યો.

મહીપાલદેવ તેજલપુરની પાસે સંઘનો વાસ કરાવી પોતાના
આવાસે આવ્યો. હવે ઉજ્જયન્તગિરિના શિખર ઉપર વિરાજમાન
નેમિનાથને નમવાને સકલ સંઘસહિત દેશલ પુત્રોની સાથે પર્વત
ઉપર ચઢ્યો. શત્રુંજય તીર્થની પેઠે ત્યાં પણ મહાધ્વજ, અમારિ,
સત્ર-ભોજનશાળા પૂજા અને દાનાદિક સર્વ કૃત્યો કર્યા. પ્રદ્યુમ્ન
અને શાંબના ઉચ્ચ શિખરો જોયાં. ત્યાં નેમિનાથ ભગવાનના ત્રણ
કલ્યાણક થયેલાં છે એવા રૈવતગિરિના સર્વ પ્રાસાદોમાં યાત્રા તથા
મહાધ્વજ અને મહાપૂજાદિ કરી પુત્ર અને પૌત્રસહિત દેશલે
આત્માની અર્થી કરી. તે જ વખતે સમરસિંહની સ્ત્રીએ પુત્રને જન્મ
આપ્યો. પુત્ર જન્મના સમાચાર જાણી દેશલે આનંદનું વિશેષ
અનુભવન કર્યું. ત્યાર બાદ ગજેન્દ્ર પદ કુંડમાં દેશલે અને તેના પુત્રોએ
સ્નાન કરી પાપને તિલાંજલિ આપી.

આ તીર્થમાં દશ દિવસ સુધી રહીને દેશલ ગિરિનારથી નીચે
ઉતર્યો. તે વખતે દેવપત્તનનો (પ્રભાસપાટણનો) રાજા મુગ્ધરાજ
હતો તે સમરસિંહનું દર્શન કરવા ઉત્કંઠિત થયો. તેણે પોતાના
પ્રધાનોને વિજ્ઞપ્તિપત્ર લઇ સમરસિંહ પાસે મોકલ્યા. અને તેમણે
સમરસિંહની પાસે આવી વિજ્ઞપ્તિપત્ર તેના હાથમાં આપ્યો. સમર-
સિંહ મુગ્ધરાજનું આમંત્રણ આવેલું જાણી ત્યાં જવા ઉત્સુક થયો.
હવે સમરસિંહ મહીપાલદેવની રજા માગવા માટે ભેટણું લઇ તેની
પાસે ગયો અને ભેટ મૂકી તેની પાસે રજા માગી. મહીપાલદેવે પણ
સંતુષ્ટ થઇને સમરસિંહને ભેટી અને એક ઉત્તમ ઘોડો આપ્યો.

કોઈને આચાર્યપદ પર સ્થાપિત કરવા ઈચ્છતો નથી. તે સાંભળી સમગ્ર સંઘે ફરી વિનંતિ કરી કે આપે કહ્યું તે બરોબર છે પરન્તુ અમે વિજ્ઞપ્તિ કરીએ છીએ કે આપે શત્રુંજય તીર્થ ઉપર પ્રતિષ્ઠા કરીને સ્થાવર તીર્થની સ્થાપના કરી. હવે આચાર્ય પદ આપવા વડે જંગમ તીર્થની સ્થાપના આપના હાથે થાય એવી અમારી ઇચ્છા છે. સંઘની વિજ્ઞપ્તિથી પ્રસન્ન થયેલા સિદ્ધસેનસૂરિએ સંવત ૧૩૭૨ ના ફાગણ માસના શુક્લ પક્ષની પાંચમના દિવસે મેરુગિરિ નામના શિષ્યને આચાર્યપદવી આપી અને તેનું કક્કસૂરિ એવું નામ રાખ્યું ત્યાં રહેલા ધારસિંહ નામના મન્ત્રીએ સૂરિપદનો મહોત્સવ કર્યો.

ઉત્સાહપૂર્વક પાંચ દિવસ ત્યાં રહીને સિદ્ધસેનસૂરિ ત્યાંથી નીકળી દેસલના સંઘને શત્રુંજય તીર્થે જઈને મળ્યા. હવે દેસલ ફરીવાર શત્રુંજય તીર્થની યાત્રા કરીને ગુરુની સાથે પાટડીપુર (પાટડી) તરફ સંઘ સહિત ગયો. ત્યાં નેમિનાથનું મંદિર હતું તેને પૂજી ત્યાંથી દેસલ સંઘસહિત શંખેશ્વર તીર્થે ગયો. ત્યાં ભગવાન પાર્શ્વનાથને પ્રણામ કરી તે તીર્થને વિષે મહોત્સવ અને મહાપૂજા કરી તથા મહાધ્વજ ચઢાવી સંઘ હારિજ ગયો. ત્યાં ઋષભદેવ ભગવાનને નમી ત્યાંથી પાટણ જવા પ્રયાણ કર્યું અને પાટણની પાસે આવેલા સોકતા નામે ગામમાં દેસલે સંઘસહિત પડાવ નાંખ્યો.

સંઘનો પાટણમાં પ્રવેશોત્સવ.

તે વખતે સંઘસહિત કુશળપૂર્વક દેસલને આવેલા જાણી પાટણ નિવાસી બધા માણસો સંઘની સામે ગયા અને તેઓએ સમરસિંહ અને દેસલના ચરણની સુવર્ણના પુષ્પોથી પૂજા કરી નમસ્કાર કર્યો. મિત્ર મિત્રોને, બંધુ બંધુને, પિતા પુત્રને એમ બધા જન પરસ્પર આનંદપૂર્વક ભેટ્યા અને તેઓએ પોતપોતાના સ્વજનને ગળે પુષ્પની માળા નાંખી. તીર્થથી આવેલા છે માટે પૂજ્ય છે એમ ધારી લોકોએ ખૂબ પૂજા સત્કાર કર્યો.

જણાવે છે કે—તે પૂર્વ જન્મમાં બ્રાહ્મણની સ્ત્રી હતી. તેણે એક વખતે મુનિને અન્નદાન આપ્યું તેથી તેનો પતિ ગુસ્સે થયો. પતિના ગુસ્સે થવાથી બે પુત્રને લઇ તે ગિરનાર ગઈ અને ત્યાં નેમિનાથને નમી તેનું સ્મરણ કરતી પોતાના બે પુત્રોને આમ્રફળ વડે પુષ્ટ કરવા માટે આંબાના ઝાડ નીચે બેઠી હતી. તેવામાં તેણે પોતાના પતિને આવતો જોયો અને તેના ભયથી ત્રાસ પામી નેમિ-નાથનું શરણ અંગીકાર કરી પર્વતના શિખર ઉપરથી પડી અને મરીને તે અધિષ્ઠાયિકા અંબિકા નામે દેવી થઇ. તેનો પહેલાનો વાસ કોડીનારને વિષે હોવાથી તેનું ચૈત્ય પણ ત્યાં થયું. તેને કપૂર કુંકુમાદિથી પૂજા કરી અને ત્યાં પણ મહાધ્વજ ચડાવી.

ત્યાંથી સંઘપતિ દેશલ દીવબંદરે ગયા. ત્યાં મૂળરાજ નામે રાજા હતો. તે સમરસિંહને પ્રેમથી નાવની સાથે ઉત્તમતા સાથ નાવ જોડી તેના ઉપર કટ-સાદડી પાથરી સહિત દેશલનું નવું દેવાલય અને સંઘસહિત મહોત્સવપૂર્વક નગ-રમાં લાવ્યો.

ત્યાં કોટ્યધિપતિ હરિપાલ નામે વણિક રહેતો હતો. તેણે સંઘ-સહિત દેશલનું વાત્સલ્ય કર્યું. ત્યાં અષ્ટાહ્નિકોત્સવ કરી યાચકોને વાંછિત દાન આપી સંઘપતિએ શત્રુંજય તીર્થ તરફ પુનઃ પ્રયાણ કર્યું. એવામાં સિદ્ધસેનસૂરિને કોઇ વ્યાધિ થયો અને તેની પીડાથી આહાર વિહાર ન કરતાં તેઓ અજાહરમાં રહ્યા.

તે વખતે સંઘે મળીને ગુરુને વિજ્ઞપ્તિ કરી કે આપ રોગથી પીડિત થયેલા છો. અત્યારે વિશિષ્ટ જ્ઞાનના પ્રવૃત્તિને અભ્યાસના અભાવે કોઇ આયુષ્ય જાણી શકાતું નથી. તો આપ કોઇ શિષ્યને સૂરિપદ ન આપો? ગુરુએ કહ્યું કે મારું આયુષ્ય હજી પાંચ વરસ અને નવ દિવસ બાકી છે. સમારોહણીય કરશો. શિષ્ય પણ મારી પાસે છે પરંતુ હમણાં હું

પોતાને કૃતકૃત્ય માનતો દેસલ ધર્મક્રિયામાં અનુરક્ત થતો ઘરના કામકાજમાં લાગી ગયો. સમરસિંહ પણ પિતાની પેઠે જ રાજસન્માન વધવાથી જૈનશાસનની ઉન્નતિ અને શત્રુંજયતીર્થની યાત્રા પરોપકાર કરતો દિવસો વ્યતીત કરવા લાગ્યો. ત્યાર બાદ ૧૩૭૫ ના વર્ષે દેસલે સાત સંઘપતિ અને ગુરુસહિત બે હજાર શ્રાવકોની સાથે શત્રુંજય તીર્થની ચૌદ વાર યાત્રા કરી અને ત્યાં અગીયાર લાખ રુપિયાનો વ્યય કર્યો. તે વખતે તેણે સોરઠમાં મ્લેચ્છોએ પકડેલા માણસોને પણ છોડાવ્યા.

હવે સિદ્ધસેનસૂરીએ પોતાનું આયુષ્ય માત્ર એક માસ બાકી રહેલું જાણી દેસલને કહ્યું કે તારું આયુષ્ય પણ દેસલનું સ્વર્ગગમન માત્ર એક માસ બાકી છે માટે [illegible]પુરે જઈને કક્કસૂરિને મુખ્ય પટ્ટપ્રભાને વિષે સ્થાપન કરવા મારી ઇચ્છા છે. જો તારી ઇચ્છા હોય તો તુરત ચાલ. જ્યાં દેવતાએ બનાવેલી વીર ભગવાનની પ્રતિમા સ્થાપિત થયેલી છે એવું તે ઉત્તમ તીર્થ છે. ત્યારે દેસલ સમગ્ર સામગ્રી તૈયાર કરી સંઘની સાથે સિદ્ધસે-નસૂરીસહિત ચાલ્યો. રસ્તામાં જતાં દેસલ સ્વર્ગે ગયો. માઘ માસની પંચમે શ્રી સિદ્ધસેનસૂરિએ મુખ્ય સ્થાને શ્રી કક્કસૂરિને બેસાડ્યા. ધનિસ્થલને ઉપાધ્યાય પદ અને મતિકુમાર તથા સોમચંદ્રને અનુક્રમે ઉપાધ્યાયપદ અને વાચનાચાર્યપદ આપ્યું. દેસલના પુત્રે ત્યાં યથાવિધિ નીરસ્નાત્ર કર્યું. અઢાર ગોત્રસહિત સઘળે અવારિત સત્ર, અને સાધર્મિકવાત્સલ્ય કર્યું. ત્યાં અષ્ટાહ્નિકા ઉત્સવ કરીને સિદ્ધ-સેનાચાર્ય સહજપાલની સાથે કુશળથી તીર્થે ગયા અને ત્યાં પાર્શ્વનાથ ભગવાનને નમ્યા. ત્યાં યાત્રા કરીને પાછા વળી નિરંતર પ્રયાણ કરતા કરતા સિદ્ધસેનાચાર્ય સંઘસહિત પાટણ આવ્યા.

જ્યારે એક માસ બાકી રહ્યો ત્યારે સિદ્ધસેનસૂરિએ કક્કસૂરિને

ગ્રન્થકાર અહિં જણાવે છે કે આખા નગરમાં એવો કોઈ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર કે યવન નહોતો કે સમરસિંહના ગુણોથી મોહાઈને અહિં સામો ન આવ્યો હોય.

સંઘપતિએ દરેક નગરવાસીનું તાંબૂલ અને વસ્ત્રાદિ વડે આદરપૂર્વક સન્માન કર્યું.

હવે દેસલે શુભ મુહૂર્તે નગરમાં પ્રવેશ કરવાનો પ્રારંભ કર્યો. ત્યારે સંઘના બધા જનો સુંદર વસ્ત્રો પહેરી સંઘપતિની સાથે ચાલ્યા. સમરસિંહ વગેરે સંઘના અગ્રણી ઘોડા ઉપર ચડ્યા અને દેસલ આનંદની પાલખીમાં બેસી પાટણ ભણી ચાલ્યો. દેવાલય આગળ ચાલ્યું અને તેની પાછળ સિદ્ધસેનસૂરિ પ્રમુખ મુનિવરો અને ઉપાસકો પણ ચાલ્યા.

સંઘપતિ દેસલ અને સમરસિંહને આવતા જોઈને પાટણની સમસ્ત જનતા હર્ષસહિત તેને જોવાને ભેગી થઈ. ઘરેઘરે કુંકુમની ગુંહળી તોરણો પૂર્ણ કળશ અને ધ્વજાઓ વડે તે પુર સુશોભિત થયેલું હતું. એમ ઉત્સાહપૂર્વક દેસલે સમરસિંહસહિત પોતાના ઘરે પ્રવેશ કર્યો.

પ્રથમ કર્પૂરચૂર્ણસહિત જિનને ઉતારીને ઘર દેવાલયને વિષે સ્થાપ્યા. ત્યાર પછી આસન ઉપર બેઠેલા સમરસિંહ સહિત દેસલને નગરવાસીઓએ ન્યુંછનક કરી વંદન કર્યું. સમરસિંહે પણ વસ્ત્ર અને તાંબૂલ આપવા વડે નગરવાસીજનોનો સત્કાર કર્યો.

ત્યાર પછી સહજપાલાદિ પુત્રોએ વિનયપૂર્વક પોતાના પિતા દેસલના પગ દૂધ વડે ધોયા. ત્રીજે દિવસે દેવભોજન કરાવ્યું. તે વખતે ઉત્સાહપૂર્વક પકવાનાદિ વડે સાધુઓને પ્રતિલાભી, નગરવાસી ચાર હજાર બ્રાહ્મણોને ભક્તિપૂર્વક જમાડ્યા અને બીજા દરેક લોકોને માટે સત્રાગાર ખુલ્લું મૂક્યું. દેસલે તીર્થોદ્ધારને વિષે સત્તાવીશ લાખ ને સિત્તેર હજાર દ્રવ્યનો વ્યય કર્યો.

સમરસિંહ ખરેખર દાનવીર હતો. એક વખતે કોઈ વચોગે તેની પ્રશંસાનું એક મુખપત્ર કર્યું એટલે તેને એક હજાર ટંક આપી દીધા. ત્યાર પછી કુતુબુદ્દીનની ગાદીએ ગ્યાસુદ્દીન આવ્યો. તેણે પણ સમરસિંહનું સન્માન કરી બાદશાહની પેઠે પ્રેમપૂર્વક પુત્ર તરીકે તેનો સ્વીકાર કર્યો. સમરસિંહની લાગવગ ઘણીજ વધી ગઈ. પાંડુદેશના વીરવલ્લભ નામના રાજાને બાદશાહે કેદ કર્યો હતો. તેને સમરસિંહે છોડાવી પોતાના દેશમાં પુનઃ ગાદીએ બેસાડયો. તેથી તેમને રાજ સંસ્થાપનાચાર્ય એવું બિરુદ મળ્યું.

બાદશાહનું ફરમાન મેળવી ધર્મવીર સમરસિંહે જિનની જન્મભૂમિ મથુરા અને હસ્તિનાપુરમાં જિનપ્રભસૂરિ સાથે સંઘપતિ થઈને સંઘ સાથે જઈ તીર્થયાત્રા કરી.

હવે તિલંગ દેશમાં ગ્યાસુદ્દિન બાદશાહનો પુત્ર ઉલ્લખાન સુબા તરીકે હતો, તેની પાસે સમરસિંહ ગયો. અને તેણે પણ સમરસિંહને પોતાનો ભાઈ ગણી તિલંગના અધિપતિ તરીકે નિમ્યો. તેણે તુર્કોનિ હાથે કેદ પકડાયેલા અગીયાર લાખ માણસોને છોડાવ્યા. અનેક રાજા રાણા અને વેપારીઓ ઉપર સમરસિંહે ઘણો ઉપકાર કર્યો. સર્વ દેશથી આવેલા માણસોને કુટુંબસહિત તિલંગ દેશમાં વસાવી ઉરંગલપુરમાં જિનાલયો કરાવી જૈન શાસનરૂપી સામ્રાજ્ય એકછત્ર કર્યું. સમરસિંહે તિલંગનો સ્વામી થઇને તેણે પોતાના પૂર્વજોને દીપાવ્યા અને જિનશાસનમાં તે એક ચક્રવર્તી જેવો થયો. તેણે ન્યાયપૂર્વક તિલંગદેશનું રક્ષણ કર્યું અને કલિયુગમાં કૃતયુગનો અવતાર કરીને તે સ્વર્ગમાં ગયો.

હવે પ્રબંધકાર પ્રબંધની સમાપ્તિ કરતા છેવટે જણાવે છે કે ૧૩૯૩ માં વર્ષે સિદ્ધસૂરિના શિષ્ય આચાર્ય કક્કસૂરિએ કંજરોટપુરમાં રહીને આ પ્રબંધની રચના કરી છે.”

કહ્યું કે હવે મારૂં આયુષ્ય માત્ર એક માસ બાકી છે જ્યારે તે
આઠ દિવસ બાકી રહે ત્યારે તમારે મને સંઘની

સિદ્ધસૂરિનું સ્વર્ગગમન.

ક્ષામણાપૂર્વક અનશન કરાવવું. મતિભ્રમમાં આવું
વિશિષ્ટ જ્ઞાન હોય શું એમ સમજી બાકી કક્કસૂરિએ
કહેલા દિવસે ગુરુને અનશન ન કરાવ્યું ગુરુએ
સ્વયમેવ બે ઉપવાસ કર્યા અને સંઘસમક્ષ અનશન ગ્રહણ કર્યું.
સહજપાલ પ્રમુખ બધા શ્રાવકોએ મહોત્સવ કર્યો. તે વખતે પાટણમાં
ચાર વર્ણમાંનો કોઈ પણ બાળક જુવાન કે વૃદ્ધ માણસ નહોતો કે
જે સૂરિને વંદન કરવા ન આવ્યો હોય પાંચ યોજનની આસપાસનાં
ગામોમાં એવું કોઈ પણ ગામ નહોતું કે ત્યાંથી માણસો વંદન કરવા ન
આવેલા હોય. ત્યાર પછી ૭ દિવસે કહેલી વેળાએ આચાર્ય સમા-
ધિપૂર્વક કાળધર્મ પામી સ્વર્ગે ગયા. તે વખતે નગરવાસી જનોએ
હર્ષપૂર્વક તેમનો ઉત્સવ કર્યો. ૭ દિવસે એકવીસ મંડપવાળું
વિમાન તૈયાર થયું એટલે શ્રાવકો તેમાં આચાર્યના શરીરને સ્થાપન
કરી ઉત્સવપૂર્વક એક કોશ સુધી તે વિમાન લઈ ગયા, અને
તેઓએ ચંદન અગરનાં કાષ્ઠો તથા કપૂરથી તેમના શરીરનો
અગ્નિસંસ્કાર કર્યો. સંવત ૧૩૭૬ ના જેઠ સુદિ ચૌદશે તેઓ સ્વર્ગે ગયા.
ત્યારબાદ કક્કસૂરિ ગચ્છનું પાલન કરવા લાગ્યા. તે વખતે
દિલ્હીમાં કુતબુદીન બાદશાહ હતો. તે સમર-

સમરસિંહનું દિલ્હી તરફ પ્રયાણ અને ત્યાં બાદશાહનું સન્માન.

સિંહના ગુણ સાંભળી તેને મળવા ઉત્સુક
થયો. તેણે ફરમાન મોકલી સમરસિંહને બોલા-
વ્યો. અને તે પણ સર્વ સામગ્રી તૈયાર કરી દિલ્હી
તરફ ચાલ્યો. દિલ્હી પહોંચતા વાર બાદશાહે
સમરસિંહને આદરપૂર્વક બોલાવ્યો. સમરસિંહે પણ વિવિધ પ્રકારની
ભેટ બાદશાહ પાસે મૂકી પ્રણામ કર્યો. બાદશાહે તેના ગુણથી સંતુષ્ટ
થઈને તેને સવ વ્યાપારીઓમાં અગ્રેસરી સ્થાપ્યો. ત્યાં બાદશાહની
અમનની મહેરબાની વડે તેનો કેટલોક કાળ વ્યતીત થયો.

પ્રસ્તાવ ૩

પ્રસ્તાવ ૪

વિષયાનુક્રમ

પ્રસ્તાવ ૧

પ્રસ્તાવ ૨

નાભિનંદનજિનોદ્ધારપ્રબન્ધ

ગૂજરાતી અનુવાદ

વિષય. પૃ

પ્રસ્તાવ ૫

પ્રસ્તાવ ૧

तं जिनं नौमि नाभेयं यद्दुई वृषभं जितं ॥
येमे धवल इत्याख्यां विश्वधूर्वहनक्षमः ॥१॥

નાભિ રાજાના પુત્ર શ્રીઆદિજિનેશ્વર ભગવાનની હું સ્તુતિ કરું છું કે જેમનો લાંછન રૂપે આશ્રય કરીને વૃષભે (બળદે) જગત-ની ધુરાને વહન કરવામાં સમર્થ "ધવલ" એવી સંજ્ઞા પ્રાપ્ત કરી.[1]

સર્વ જિનેશ્વરોમાં જેમણે મિથ્યાત્વિજ રાગાદિ મહાન શત્રુઓ-નો પરાજય કર્યો છે અને તેથી જ જેમણે 'વીર' એવું નામ પ્રાપ્ત કર્યું છે તે શ્રીવીર ભગવાન તમારું કલ્યાણ કરો.[2]

તે સિવાયના બીજા પણ તીર્થંકરોરૂપી સૂર્યો સજ્જનોના દોષોરૂપી રાત્રિનો સંહાર કરનારા થાઓ કે જેઓના હાથરૂપી કિ-રણોના સ્પર્શમાત્રથી ભવ્યજનોરૂપી કમળખંડ પ્રફુલ્લિત થાય છે.[3]

જેમની કૃપાથી હું જડ હોવા છતાં મોતીના સ્વરૂપને પામ્યો છું અર્થાત્ વિદ્વાન તરીકે પ્રસિદ્ધ થયો છું તે મારા ગુરુશ્રીને હું સ્તવું છું ખરેખર તે મારા ગુરુમહારાજને મોતીની છીપ । સંપુટ નીજ ઉપમા થઈ શકે છે (કેમકે તેમના અપકાયજ હું મોતી જેવો થયો છું)[4]

જેમની સેવાથી હંસ પક્ષી પણ દુગ્ધ પક્ષવાળો (ઉજ્જ્વળ પાંખોવાળો) થયો છે અને દૂધ તથા પાણીનું પૃથક્કરણ કરવામાં કુશળ થયો છે તે શ્રીસરસ્વતી દેવી મારા પર કૃપા કરો.[5]

પરમ આશ્ચર્યકારક છે[1] માટેજ તેનું અહીં વર્ણન કરવું તે
યોગ્ય છે કેમકે આ કાળમાં તેનું કામ ખરેખર અપૂર્વ ગણાય. જેમ
કોઈ એક જીવને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય અને અપૂર્વકરણથી
તેના ગુણોનું જે વર્ણન કરવામાં આવે તે કંઈ અયોગ્ય ગણાય નહિ
(તેમજ આ શ્રીશત્રુંજય સમુદ્ધારનું વર્ણન પણ યોગ્યજ છે)[11] જે
ગુરુએ શ્રી જિનેશ્વરની સમુદ્ધારેલી પ્રતિમાની પ્રતિષ્ઠા કરી છે અને જે
શ્રાવકે એ પ્રતિમાનો ઉદ્ધાર કરાવ્યો છે તેઓ જ ને–મદિ ઠા અને
ઉદ્ધાર કરનારા પુણ્યશાળી મહાપુરુષોનું ચરિત્ર હું વર્ણવું છું કેમકે
કલિકાળમાં તેઓ બન્નેએ મહાન (શુભ) કર્મ કરેલું છે[12-13] જો
કે આ મહાપુરુષોના ચરિત્રનું વર્ણન કરવા માટે સાક્ષાત્ બૃહસ્પતિ
પોતે પણ સમર્થ નથી તો પછી મારા જેવા પુરુષમાં તેઓના ચ
રિત્રાનુવાદ કરવાની શક્તિ હોય જ ક્યાંથી[14] વળી મારી બુદ્ધિ
મંદ છે છતાં પણ હું મારી શક્તિ પ્રમાણે તેઓના ચરિત્રનું વર્ણન
કરવા તત્પર થયો છું કારણ તરીકે મયૂર નૃત્યકળાને જાણતો
નથી છતાં પણ તેને બીજે શું નૃત્ય કરતો નથી[15] પાંગળા મનુ
ષ્યમાં ઉતાવળે ચાલવાની શક્તિ હોતી નથી છતાં પણ તે ધીમે
ધીમે શું ચાલતો નથી? ઠીંગણો મનુષ્ય વૃક્ષનું ફળ લેવા પહોંચી
શકતો નથી તો પણ તે હાથને લંબાવે તો બી[16] એજ પ્રમાણે
હે ભવ્ય જનો આ કલિકાળમાં પણ પાપનો નાશ કરનાર એ મહા-
પુરુષોનું ચરિત્ર મેં જે પ્રમાણે જોયું છે તે પ્રમાણે હું વર્ણવું છું
તેનું તમે આદરપૂર્વક શ્રવણ કરો.[17]

ઉપકેશ નગરનું વર્ણન

મરુદેશ (મારવાડ)માં અલંકારરૂપ ઉપકેશ નામનું એક મોટું
નગર છે તે નગર પૃથ્વી ઉપરના આભૂષણ જેવું હોઈને સ્વાભાવિક
રીતે જ સુંદર છે[18] તે બાગબગીચાઓ અનેક વૃક્ષોથી ભરપૂર

સજ્જન સ્તુતિ.

પ્રત્યેક વસ્તુના સૂક્ષ્મ તત્ત્વને પ્રત્યક્ષ જોનારી જેઓની બુદ્ધિ, બીજા મનુષ્યો દોષોથી ભરપૂર હોવા છતાં પણ તેઓ વિષે કેવળ એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ ગુણપુંજ અવલોકન કરે છે તે સજ્જનોની હું સ્તુતિ કરું છું.[1]

દુર્જનોની પણ સ્તુતિ

ખરેખર દુર્જન પણ સ્તુતિપાત્ર છે, કેમકે તે સ્વાદિષ્ટ—મધુર એવી કવિતારૂપી સાકરમાંથી દોષરૂપ કાંકરાઓને બહાર કરે છે અને તેથી તે ઉપકારક જ છે. તો પછી તેની નિંદા કેમ થઈ શકે?[2]

વસ્તુનિર્દેશ.

એ પ્રમાણે નમસ્કાર કરીને શ્રીશત્રુંજય તીર્થરાજનો જે પ્રમાણે ઉદ્ધાર થયો છે તે વિષેની આ કથા હું વર્ણન કરું છું.[4] જ્યારે સુષમા કાળ હતો તે સમયે એ તીર્થરાજના અનેક ઉદ્ધારો થયા છે અને તેમાં કંઈ આશ્ચર્ય જેવું પણ નજ ગણાય. કેમકે સુવર્ણના ઉત્પત્તિસ્થાનમાં સુવર્ણજ ઉત્પન્ન થાય તે કંઈ આશ્ચર્યજનક નજ હોય—અર્થાત્ સુષમાકાળ કેવળ ધર્મથીજ ભરપૂર હોય—ધર્મનોજ મહિમા હોય અને તે સમયે તેવાં ધર્મકાર્યો થાય તેમાં કંઈ નવાઈ નથી.[5] પણ આ દુષમાકાળ, કે જેમાં ધર્મની કથા પણ પ્રાયઃ કરવી અશક્ય છે તેમાં આ સમુદ્ધાર થયો. તેજ આશ્ચર્યજનક છે. કારણ તેજ મરુભૂમિ (નિર્જળપ્રદેશ)માં કલ્પવૃક્ષના સમાગમ જેવું છે—જેમ નિર્જળ ભૂમિમાં બીજાં વૃક્ષ પણ મળવું અશક્ય છે છતાં તે સ્થળે કલ્પવૃક્ષની પ્રાપ્તિ જેમ આશ્ચર્ય ઉત્પન્ન કરે તેમ આ દુષમાકાળ, કે જેમાં ધર્મનું નામ નિશાન પણ ભાગ્યેજ મળી શકે છે તેમાં આવો શત્રુંજય સમુદ્ધાર જેવું કાર્ય બ-

વેસર મેરીનું વર્ણન.

નીચે ઉતારી પગથીઆંઓની પંક્તિથી ભૂલભૂલામણીથી ભરપૂર છે[૨૮] કેટલાએક મૈત્રુકી લોકો એ વાવના પગથીઆપર કેટુના પાપા કરી કરીને વાવમાં ઉતરે છે પણ ફરીથી તેજ પગથીઆંઓ દ્વારા તે વાવમાંથી બહાર નીકળી શકતા નથી. (આવી ભૂલભૂલામણી ભરેલી તે વાવ છે)[૨૯]

ઊકેશ વ શનું વર્ણન.

હવે તે ઉપકેશ નગરમાં ઊકેશ નામનો એક ઉન્નત વંશ વિખ્યાત છે કે જે મહિમાથિ મજબુત સંધિ—એટલે ઘણીજ સંપસલાહથી ભરેલો સરળ અને ધનાદિની સંપત્તિથી શૂન્ય નથી પણ આંતરિક રીતે ભરપૂર છે—સમૃદ્ધિમાન્ છે[૩૦] જેમ એક વંશમાં (વાંસના વૃક્ષમાં) મોતરૂ પાકેલાં શોભી રહ્યા હોય તેમ, એ ઊકેશવંશમાં ચોનાજુ મસિદ્ધ એવા અદાર ગોત્રો શોભી રહ્યાં હતાં અને તે અઢારેમાંથી એક વિશાળ સ્થિતિવાળુ એષ્ઠિગોત્ર અત્યંત પ્રસિદ્ધ હતુ[૩૧]

વેસર એરીનું વર્ણન.

તે એષ્ઠિગોત્રમાં વિસટ એવા નામથી પૃથ્વીમાં પ્રખ્યાત થયેલો અને મહાન ભાગ્યસંપત્તિ તથા વૈભવશાળી એષ્ઠી ઉત્પન્ન થયો.[૩૨] તેણે ઉપરાઉપરી ધનદાન કરીને યાચકોનાં વૃંદોને એવાં તો ભરપૂર કરી મૂક્યાં કે જેથી દારિદ્રયને ત્યાં રહેવાનું સ્થાન નહિ મળવાથી તુરતજ ત્યાંથી દૂર થાવુ પડ્યુ[૩૩] તેની ઉજ્જવળ કીર્તિ જગતમાં એટલી બધી ફેલાઈ ગઇ કે પવનના ઉદય વિના પણ રાત્રિદિવસમાં કમળો સદાને માટે વિકસ્વર રહેવા લાગ્યાં.* ઇંદ્રપોતે પણ પોતાના સર્વોત્તમ ઐશ્વર્યથી તથા નવીન સૌમ્યતાથી તે એષ્ઠીની સમાનતાને પામી શકતો ન હતો.[૩૪] વળી તેણે પોતાની અતોલ સંપત્તિથી ધનેશ—કુબેરનીજ જાણે તુલના કરી હતી માત્ર

છે, તેમાં વસનારા મહામુનિઓ સ્ત્રીઓના સંબંધ માત્રથી પણ મુક્ત છે પણ નગરવાસીઓમાં તેવો કોઇ મનુષ્ય જોવામાં આવતો નથી કે જે (ધર્મદ્રષ્ટિએ) અપરાધી હોય અને સ્ત્રી સંબંધથી રહિત હોય.[૧૯] વળી એ નગરમાં દ્દષ્ટિઓ સ્ત્રીઓની ગતિ જોઇને તથા સ્ત્રીઓ હંસો-ની ગતિ જોઇને અન્યોન્ય ઉપદેશ વિનાજ તે (પોતપોતાની) ગતિને સુશિક્ષિત અથવા સુંદર કરે છે[૨૦] અને તે સ્થળે પ્રદીપ્ત મણિઓની કાંતિથી રાત્રિનો સમસ્ત અંધકાર સમૂળગો નાશ પામે છે તેથી ત્યાંની તરૂણ સ્ત્રીઓમાં કામનો સદાકાળ પ્રચુર રહે છે[૨૧] રાત્રિના સમયે તે નગરના પ્રત્યેક સ્થળનાં જાળીઓમાંથી ચંદ્રનાં કિરણો, અંદરના ભાગમાં પ્રાપ્ત થાય છે કે જે કિરણો વિયોગિની સ્ત્રીઓ-પર કામદેવે ફેંક્યાં રૂપેરી બાણો હોય તેવાં જણાય છે[૨૨]

ઉપકેશનગરમાં વીર ભગવાનનું મંદિર

વળી એ નગરમાં શ્રીવીર ભગવાનના નિર્વાણ પછી સિત્તેર વર્ષ ગયા પછી શ્રીમાન્ રત્નપ્રભ નામના આચાર્યે શ્રીવીર ભગવાનનું મંદિર સ્થાપિતું છે કે જે મંદિરમાં તે સમયથી આરંભીને નિશ્ચળ બેઠેલા શ્રીવીર ભગવાન (હજી સુધી પણ) શ્રી રત્નપ્રભ આચાર્યની પ્રતિષ્ઠા જનસમૂહમાં અત્યંત (સ્થિર થયેલી) પ્રસિદ્ધ જણાવે છે[૨૩-૨૪] તે મંદિર ઉપર કાળા અગરના (ધૂપનો) ધુમાડો ગોટેગોટ ઉડ્યા કરે છે જેથી તેની સાથે મંદિરને આકાશનું સ્વરૂપ સદાકાળને માટે પ્રાપ્ત થઇ રહ્યું છે[૨૫] વળી ત્યાં જ્યારે નાટકનો સમય ઉપસ્થિત થાય છે અને તેમાં મૃદંગોના શબ્દ સંભળાય છે ત્યારે મયૂરો મેઘગર્જનાની ભ્રાંતિથી નૃત્ય કરવા મંડી પડે છે[૨૬] પ્રત્યેક વર્ષે એ નગરમાં નગરવાસીઓના પાપનો નાશ ઉપદેશ કરતો હોય તેમ નગરમાં સુવર્ણનો રથ સર્વત્ર ઘૂમી વળે છે.[૨૭] તેમજ એ નગરમાં અર્ધેક ઉંડી ત્રિભંગા નામની એક વાવ છે કે જે વાવ નીચે

વેસર કિરાટકૂપ નગરમાં

સ્વચ્છ અંતઃકરણવાળો અને પાપરહિત તે વેસર, માર્ગમાં ઘણી ઝડપથી ચાલવા માંડ્યો અને જોતજોતામાં કિરાટકૂપ નામના નગરમાં આવી પહોચ્યો.[૪૩]

કિરાટકૂપ નગરનું વર્ણન

એ નગરમાં ચારે દિશાએ દેવાલયોપરની પતાકાઓ ફરકી રહી હતી અને તે પતાકાઓદ્વારા એ નગર મર્વદિશાઓમાં મુસાફરી કરી રહેલા મુસાફરોને પોતાની સમીપ જાણે બોલાવી રહ્યું હોય તેવું લાગતું હતું.[૪૪] તે સ્થળે રાજહંસ વગેરે પક્ષીઓ વાવોમાં કલ્લોલ કરી રહ્યાં હતાં અને પોતાના શબ્દોદ્વારા મુસાફરોને (વાવોના) જળની સુંદરતા જાણે કહી રહ્યાં હોય એમ જણાતું હતું.[૪૫] વળી ત્યાં અગરના ધૂપ અવિચ્છિન્ન રીતે બળી રહ્યા હતા અને તેનો ધૂમાડો ચોમેર આકાશમાં ભરાઈ રહેતો જેથી સદા કાળ વર્ષાકાળની રાત્રિએ જાણે મેઘ ચઢી આવ્યો હોય તેવો દેખાવ થતો હતો.[૪૬] જુદા જુદા દેશોમાંથી આવેલા સમ્યાર્ગય સાર્થવાહો (વેપારીઓ–વણજારાઓ) એ નગરની પરોશમાં આવીને વિશ્રાંતિ લઈ રહ્યા હતા આવા પ્રકારના તે નગરને ખરેખર સાર્થક સંજ્ઞાવાળું જોઈને જ ઠી વેસરે ત્યાં સ્થિતિ કરવાનો મનમાં વિચાર કર્યો.[૪૭]

જૈત્રસિંહ નામે કિરાટકૂપ નગરનો રાજા

એ નગરમાં જૈત્રસિંહ નામનો મહાબુદ્ધિમાન રાજા રાજ્ય કરતો હતો. તે પરમારવંશમાં ઉત્પન્ન થયો હતો અને પોતાના પરાક્રમથી સમગ્ર શત્રુઓને તેણે જસ્મીત કરી મૂક્યા હતા.[૪૮]

વેસર અને જૈત્રસિંહનો સમાગમ

શેઠ વેસરે પોતાના પરિવારને નગરના ઉપવનના (બગીચાના) બીચાકમાં મૂક્યો અને પોતે કેટલાક ભેટણાં લઈને રાજા-

કુમેરમાં રહેલું કુમેરપણું (એટલે નીચ વેસ્વભાવ) તથા નિશાચરપણું નાશ કર્યું ન હતું (આટલી કુમેરમાં અને તેમાં વિશેષતા હતી.)[૩૬] ખરેખર તેના ગુણોનો સ્વભાવ કોઈક અલૌકિક હતો. કેમકે એક વખતે પણ તેમનું (ગુણોનું) જે દર્શન થયું હોય તો તેમાં બીજાના ગુણોમાં આસક્ત થયેલા હરકોઈના મનને ત્યાંથી મુક્ત કરે. (ગુણ એટલે દોરી. દોરીનો સ્વભાવ બીજાને બાંધવાનોજ હોય છે છતાં એ શેઠના ગુણનો સ્વભાવ બીજાને મુક્ત કરવાનો હતો, આવા આશયથીજ અહીં કહેવામાં આવ્યું છે કે તેના ગુણોનો સ્વભાવ કોઈક અપૂર્વ અલૌકિક હતો.)[૩૭]

વેસટનો નાગરિકો સાથે વિરોધ

એ પ્રમાણે તે સર્વ પ્રકારે અત્યંત પ્રશસ્ય હતો છતાં કોઈ સહજ કારણથી તેને નગરવાસીઓના અગ્રેસરો સાથે વિરોધ થયો.[૩૮] તે પછી શેઠ વેસટે આવી નીતિનો મનમાં વિચાર કર્યો કે જે પ્રદેશમાં પરસ્પર વેર ઉત્પન્ન થયું હોય તે પ્રદેશમાં કશી વસ્તુ નહિ[૩૯] આવો વિચાર કરી તે એક બુદ્ધિવાળો શેઠ તે નગરમાંથી નીકળી જવા માટે મનમાં તૈયાર થયો. કેમકે રાજનીતિની બુદ્ધિ કોઈકાળે શું સ્થિર હોય છે?[૪૦]

વેસટનું નગરમાંથી પ્રયાણ.

પછી જેમ એક ગોત્રી અથવા કુટુંબી મનુષ્ય પોતાના કુટુંબથી વિખૂટો પડે તેમ એ શેઠ પોતાનું સર્વસ્વ સાથે લઈને નગરથી વિખૂટો પડયો—ત્યાંથી ચાલી નીકળ્યો[૪૧] રથમાં બેસીને હર્ષ ઉત્સાહપૂર્વક ત્યાંથી તેણે ચાલવા માંડયું અને તે સમયે પોતાની કુળની જનો સુવાસણીઓ જેમ પ્રેરણા કરે તેમ શુભ ભવિષ્યને સૂચવનારાં શકુનોએ તેને પ્રેરણા પણ કરી હતી—અર્થાત્ તે જ્યારે નીકળ્યો ત્યારે તેને ઘણાં સારાં શકુનો થયાં હતાં[૪૨]

અને હે સમર્થ રાજા ! તમારી પ્રસન્ન દૃષ્ટિરૂપ વૃષ્ટિથી સિંચાઈને અમારા મનરૂપી પૃથ્વી રોમાંચને બહાને ખરેખર અંકુરિત થઈ છે ૧ – ૬૧ એટલુંજ નહિ પણ હે રાજા ! આપના અનુગ્રહ અને પ્રિય ભાષણરૂપ અમૃતપાનથી અતિશયરીતે તૃપ્ત થયેલું મારૂં આત્મા હવે કૃત-કૃત્ય થયું છે-કૃતાર્થ થયું છે એમ મને જણાય છે. ૬૨ એ પ્રમાણે મધુરાઈ ભરેલી વાતચીત કરવામાં રાજા અને શ્રેષ્ઠી રોકાયા હતા તેવામાં છડીદારે મોકો જાણીને નમન કરી રાજાને આ પ્રમાણે જણાવ્યું ૬૩

મહાજનની અમારિ માટે યાચના.

હે દેવ ! સર્વ મહાજન એકઠું મળીને સિંહદ્વારમાં (દરવાજામાં પ્રવેશ કરવાના મુખ્ય દરવાજામાં) આવ્યું છે અને મારી મારફત આપને વિનંતિ કરે છે કે ૬૪ આ નગરમાં ઋષભસ્વામીનું એક ઉત્તમ દેરાસર છે તેની ચોપાસ ફરતી બાવન દેરીઓથી તે શોભી રહ્યું છે ૬૫ એ દેરાસરમાં મૂળનાયકજીની જ્યારે આરતી થાય છે ત્યારે ફરતી બાવન દેરીઓમાં પણ તેજ પ્રમાણે થાય છે ૬૬ પ્રત્યેક વર્ષના મનુષ્યો ને સારે દિવસે શ્રાવકો તે દેરાસરમાં નિત્ય અઠ્ઠાઈ મહોત્સવો કર્યા કરે છે ૬૭ તેના શુકનાસ ઉપર મુખ પહોળું કરીને બેઠેલા સિંહો જાણે કોઈ પાપી મનુષ્યને આવતો જોઈ તેને મારવા માટે તૈયાર થયા હોય તેવા જણાય છે ૬૮ તેના આગળના ભાગમાં ઉંચો અને વિશાળ એક રંગમંડપ તૈયાર કરવામાં આવ્યો છે કે જે પુણ્યલક્ષ્મીની પુત્રીના સ્વયંવર માટે જાણે તૈયાર કર્યો હોય તેવો જણાય છે ૬૯ એ દેરાસરના શિખર ઉપર ઉપરાઉપરી સુવર્ણકળશો સ્થાપવામાં આવ્યા છે કે જેઓ પુણ્યલક્ષ્મીની પધરામણીના ઉત્સવ નિમિત્તે સ્થાપી મૂકેલા

જ્યાંથી રાજમહેલ તરફ ગયો.[૪૯] ત્યાં દરવાને તેને માર્ગ બતાવ્યો એટલે તેણે રાજાની પાસે જઈને પ્રણામ પ્રમુખ કર્યાં. અને પછી સર્વ ભેટણાં રાજાને નિવેદન કર્યાં.[૫૦] રાજા, તેણે આપેલ ભેટણાંથી પ્રસન્ન થયો અને સ્વાગત પ્રશ્ન પૂછી સામે દૃષ્ટિપાત કરી શ્રેષ્ઠિને તેણે સંતોષ્યો તથા વસ્ત્રાલંકારાદિકથી તેનું સન્માન કર્યું.[૫૧] પછી રાજાએ પૂછ્યું કે હે શ્રેષ્ઠિ! તમે ક્યાંથી આવ્યા છો? અહીં શા માટે આવ્યા છો? આના ઉત્તરમાં શ્રેષ્ઠિએ કહ્યું કે હે મહારાજ! આપની કીર્તિ સમગ્ર જગતમાં સર્વત્ર વિચરી રહી છે અને પ્રમત્ત થયેલી એક ભાટણની પેઠે આપના ગુણોની શ્રેષ્ઠતા સર્વ ઠેકાણે ગાઈ રહી છે.[૫૨-૫૩] આજ કારણથી હે મહારાજ! આપના ગુણોને લીધે ખેંચાઈ આવ્યા હોય તેમ સર્વ દેશોમાંથી સમગ્ર મનુષ્યો પોતાની મેળે આપની સમીપમાં આવ્યા કરે છે.[૫૪] હું પણ હે દેવ! એજ પ્રમાણે આપના ગુણોથી આકર્ષાઈને એક [illegible] નગરથી અહીં આવ્યો છું અને આપના ચરણમાં નિવાસ કરવા ઈચ્છું છું.[૫૫] શ્રેષ્ઠિનું એ વચન સાંભળી સાહસિક રાજા પણ, અન્યોન્ય મળતી વાતની પ્રીતિ અને નેત્રના અવલોકનથી સભાને ચમત્કાર કરતો બોલી ઉઠ્યો કે[૫૬] આજે સુંદર શરીરવાળા આપ-પુણ્યસત્યરૂપ-સમુદ્ર સાથે સમાગમ થયો, તેથી આ નગર ખરેખર શોભી નીકળ્યું.[૫૭] જેમ એક રાજહંસના સામીપ્યથી સરોવરની અપૂર્વ શોભા થાય તેમ તમારા આવવાથી આ નગરની અપૂર્વ શોભા થઈ છે.[૫૮] માટે હે શ્રેષ્ઠિ! તમે મારા આ નગરને શોભાવો, તમારી પાસેથી હું કોઈપણ જાતનો કર લઈશ નહિ. વળી તમારે અહીં આવવામાં બીજું જે કંઈ પ્રયોજન હોય તેને પણ તમે સુખેથી કહો."[૫૯] એ પ્રમાણે રાજાની કૃપાથી શેઠ અત્યંત પ્રસન્ન થયો. તેણે ફરી આ પ્રમાણે કહ્યું કે હે રાજા! આવા પ્રશસ્ય ગુણોથી તમે જગતના ચિત્તને વશ કર્યું છે તે ખરેખર યોગ્ય છે

વેસરનો અહિંસાવિષયક ઉપદેશ.

एकतः काञ्चनो मेरुर्बहुरत्ना वसुंधरा ॥
एकस्य जीवितं दद्यात् न च तुल्यं युधिष्ठिर ! ॥८॥

માત્ર એક જ પ્રાણીને અભયદક્ષિણા—જીવિતદાન આપવું તે એક હજાર બ્રાહ્મણોને શણગારેલી એક હજાર ગાયોનાં દાન આપવા કરતાં પણ શ્રેષ્ઠ છે. હે યુધિષ્ઠિર ! એક તરફ સુવર્ણના મેરુ પર્વતનું દાન અપાય બીજી તરફ પુષ્કળ રત્નોવાળી પૃથ્વીનું દાન અપાય અને બીજી તરફ માત્ર એક જીવિતનું દાન અપાય તોપણ તેની તુલના પ્રથમનાં બે દાનો કરી શકે નહિ—અર્થાત્ સુવર્ણના મેરુના દાન કરતાં તથા બહુરત્ના પૃથ્વીના દાન કરતાં પણ માત્ર એક જીવિતનું દાન વધારે શ્રેષ્ઠ છે ૮

શૈવ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

“ ईश्वरो जीवकलया प्रविष्टो भगवानिति ॥
तस्मात् सर्वाणि भूतानि मानयेन्नापमानयेत् ” ॥८१॥

ભગવાન ઈશ્વર—શંકર પોતે પ્રાણીમાત્રમાં જીવસ્વરૂપે પ્રવેશ કરીને રહ્યા છે માટે સર્વ પ્રાણીઓને માન આપવું પણ કોઈનું અપમાન કરવું નહિ. (તો પછી હિંસા તો કેમ થઈ શકે !) ૮૧

શિવશાસ્ત્ર (વામમાર્ગીય શાસ્ત્ર) માં પણ આ પ્રમાણે કહેવામાં આવ્યું છે કે—

“ अहिंसा प्रथमं पुष्पं पुष्पमिन्द्रियनिग्रहः ॥
सर्वभूतदयापुष्पं भावपुष्पं चतुर्थकम् ॥ ८२ ॥
पञ्चमं तु क्षमापुष्पं षष्ठं क्रोधविवर्जनम् ॥
सप्तमं ज्ञानपुष्पं तु ध्यानपुष्पमथाष्टमम् ॥ ८३ ॥
इत्यष्टभिः पुष्पैः पूजयेत् त्रिपुरां सदा ॥
तस्य ज्ञानं च मोक्षश्च इत्येवं भैरवोऽब्रवीत् ” ॥ ८४॥

પૂર્ણ કર્યો હોય તેવા લાગે છે ૭૦ હે દેવ ! આપે નગરમાં તે ઋષભદેવ ભગવાનની રથયાત્રા ભરાવી છે માટે આપ જીવહિંસાનું નિવારણ કરો " એમ મહાજન પ્રાર્થના કરે છે ૭૧ તે સાંભળી રાજા ક્રોધી પડ્યો તેણે મેઘિ પ્રત્યે કહ્યું કે "હે મેઘિ ! આ વાણીઆઓના ધર્મમાં અહિંસાની ઘોષણા પ્રથમ કરાવવામાં આવે છે અને બીજા કાર્ય પછી કરવામાં આવે છે ૭૨ મેઘીએ કહ્યું – આ ધર્મ વાણીઆઓનો છે એમ જે આપ કહો છો તે યોગ્ય નથી. કેમકે પ્રથમ તીર્થંકર ગુરુ કોઇના બાપનું છે ! ૭૩ જે પ્રાણી ધર્મ કરે છે તેનેજ તેનું ફળ મળે છે એમ જાણવા તરીકે જે મનુષ્ય ભોજન કરે છે તેજ તેથી તૃપ્ત થાય છે બીજો નહિ ૭૪ માટે આ ધર્મને તો સત્વશાળી ક્ષત્રિયોજ આચરી શકે છે નહિ કે સ્ત્રીઓ સમ મોળી માટીથી ઉત્પન્ન થયેલા વાણીઆઓ આ ધર્મનું સારી રીતે આચરણ કરી શકે છે ! ૭૫ હે દેવ ! ચાલુ આરામાં જે જિનેશ્વરદેવ, વાણીઆઓના આરાધ્ય દેવ છે અને ભવિષ્યમાં જેઓ થશે તેઓ સર્વે ક્ષત્રિયોના કુળમાંજ ઉત્પન્ન થાય છે ૭૬ આ ધર્મ ક્ષત્રિયોનાજ કુળમાંથી ઉતરી આવેલો હોઈને ક્ષત્રિયોનો પોતાનોજ છે પણ ચાલુ સમયમાં વાણીઆઓ ઠેકાદાર તરીકે થઇ રહ્યા છે. ૭૭

વેસરનો અહિંસાવિષયક ઉપદેશ.

આવા હેતુથીજ વાણીઆઓ પ્રથમ અમારિની ઘોષણા કરાવે છે કેમકે હે દેવ ! પ્રાણીઓની રક્ષા તેજ ધર્મનું મૂળ કહેવાય છે ૭૮ મહાભારતમાં પણ કહ્યું છે કે—

चरमकस्य तत्तस्य दृष्टा समयसङ्क्षिप्या ।
न तु विमलतरेभ्यो गोसहस्रमलंकृतम् ॥७९॥

× આ શ્લોકનો ભાવાર્થ બરાબર બેસતો નથી, તેથી માત્ર શબ્દાર્થજ આપ્યો છે

ધનદેવનું દૃષ્ટાંત

વળી મેઘશ્રીએ કહ્યું કે હે દેવ! તે પુરુષ પુણ્યાત્મા જ હોઈ શકે કે જે પાપ કરીને તેને માટે પશ્ચાત્તાપ કરે છે, પણ પાપી પુરુષ તો પાપકર્મ કરીને સિંહનો શિકાર કરનારાની પેઠે ઉલટો આનંદ પામે છે ૯૧ માટે હે દેવ! તમે તો પુણ્યાત્મા છો અને ધર્માચરણને માટે યોગ્ય છો તેથી હે પ્રભો! સુવર્ણની પેઠે દયા ધર્મનો નિશ્ચય કરી તેનો આશ્રય કરો.૯૨

રાજાએ કહ્યું — હિંસા મારામાં મારી વંશ પરંપરાથી ચાલી આવેલી છે અને માંસભક્ષણ પણ પરંપરાથી જ આવેલું છે જેથી અતિસ્વાદિષ્ટ અને અતિદુર્લભ તે માંસ ભક્ષણનો હું કેવી રીતે ત્યાગ કરી શકું? ૯૩ મેઘશ્રીએ કહ્યું — કોઈ એક રોગ અથવા દારિદ્રય પોતાનામાં પોતાની વંશપરંપરાથી ઉતરી આવ્યું હોય છતાં એનો કોઈ સુખકારી સંયોગ પ્રાપ્ત થાય ત્યારે કયો બુદ્ધિમાન પુરુષ તે રોગનો કે દારિદ્રયનો ત્યાગ ન કરે? ૯૪ જે પુરુષ પોતાના કુળક્રમથી આવેલી હિંસાનો ત્યાગ કરે છે તે પુણ્યશાળી છે વળી જેના વંશમાં હિંસા કરાતી હોય તે પુરુષ પણ શું હિંસાનો ત્યાગ ન કરી શકે? ૯૫ જે પુરુષ પોતે શુદ્ધ બુદ્ધિવાળો હોઈને પોતાના કુળક્રમથી ચાલતી આવેલી હિંસાનો ત્યાગ કરે છે તે, ધનદેવની પેઠે પરલોક જન્મમાં સમૃદ્ધિ પામે છે ૯૬ તે સાંભળી રાજાએ પૂછ્યું— હે મેઘશ્રી! તે ધનદેવ કોણ હતો? ત્યારે મંત્રિણીમાં મેઘ તે વખતે ધનદેવની કથા કહેવા માંડી ૯૭

ધનદેવનું દૃષ્ટાંત

આ ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય નામનો એક રૂપેરી પર્વત છે તે પર્વત પૃથ્વીરૂપી સ્ત્રીના કપુરના ચૂર્ણથી ભરેલો સેંથો જાણે હોય તેવો શોભી રહ્યો છે ૯૮ તેનો વિસ્તાર પચાસ યોજનનો છે તેની ઉંચાઈ પચીસ યોજન છે અને તેના બન્ને તરફના છેડા પૂર્વ તથા પશ્ચિમ

અહિંસા એ પ્રથમ પુષ્પ છે. ઇન્દ્રિયનિગ્રહ બીજું પુષ્પ છે. પ્રાણી માત્ર ઉપર દયા રાખવી તે ત્રીજું પુષ્પ છે. ભાવ અથવા ક્ષમા એ ચોથું પુષ્પ છે. શમ પાંચમું પુષ્પ છે. ઈપ્સાનો ત્યાગ કરવો તે છઠ્ઠું પુષ્પ છે. જ્ઞાન એ સાતમું પુષ્પ છે અને ધ્યાન તે આઠમું પુષ્પ છે. આ આઠ પુષ્પો વડે ત્રિપુરા દેવીનું સદા પૂજન કરવું અને એ રીતે જે પૂજન કરે છે તેને જ્ઞાન તથા મોક્ષ પ્રાપ્ત થાય છે. એમ શિવે કહ્યું છે.[૮૨-૮૪] આ પ્રમાણે હે દેવ! ધર્મની માતા અને પાપોને દૂર કરનારી જીવદયાને સર્વશાસ્ત્રોમાં માન્ય ગણેલી છે.[૮૫] કહ્યું છે—

न सा दीक्षा न सा भिक्षा न तद्दानं न तत्तपः ।
न तद्ध्यानं न तन्मौनं दया यत्र न विद्यते ॥८६॥

જ્યાં દયા નથી તે દીક્ષા ન કહેવાય, ભિક્ષા ન કહેવાય, દાન ન કહેવાય, તપ ન કહેવાય, જ્ઞાન ન કહેવાય કે ધ્યાન ન કહેવાય.[૮૬] આ જીવદયાનું સારી રીતે પાલન માત્ર જૈનો જ કરે છે. જેઓ તેઓ માંસ ભક્ષણ કરનારા હોતા નથી, પણ માંસ ભક્ષણમાં આસક્ત અને દૂર મનવાળા પુરુષો તે જીવદયાનો સ્વીકાર કરતા નથી.[૮૭] માંસનું ભક્ષણ કરનારા મનુષ્ય વિના બીજો કોઈ પણ જીવઘાતક હોતા નથી. માટે માંસ ભક્ષણ કરનારી મનુષ્ય સર્વજીવોના વધથી ઉત્પન્ન થનારા પાપવડે લેપાય છે—અર્થાત્ માંસભક્ષક પુરુષ સર્વજીવ વધનો પાતકી છે.[૮૮] એ સાંભળીને રાજાનો આંતરિક વિવેક સ્પષ્ટ સ્વરૂપમાં ઉદય પામ્યો. પછી તેણે કહ્યું કે 'અરેરે! હે મંત્રી! અમે માંસ ભક્ષણ કરનારા, ઘણાં ઘણાં પાપો કરીએ છીએ. અમારી શી ગતિ થશે! અમે માંસ ભક્ષણ કરવામાં આસક્ત છીએ અને તેથી જ હમેશાં શિકાર કરવામાં તલ્લીન રહીએ છીએ. ખરેખર તલમાં જેમ કાળા તલ અસંખ્ય હોય છે તેમ, અમારામાં પાપ પણ અસંખ્ય છે.[૮૯] રાજાનાં એ દીન વચન સાં-

આ શ્લોક સાંભળીને રાજા વિચાર કરવા લાગ્યો કે શ્લોક-
ના પ્રથમના ત્રણ અર્થો તો સત્ય છે પણ ભોગી પ્રાણીઓ
ને સર્વસ્થળે ભોગો મળી આવે છે આ અર્થ ઘટી શકતો નથી.
૧૦૯ કેમકે રાજા હોય તે પણ પોતાના જ દેશમાં આદરસત્કારને
પામે છે પણ પરદેશમાં તો રાંકની પેઠે ભૂખથી ટળવળે છે ૧૧૦
વળી રાજાની જો કૃપા થાય તો રંક પણ તત્કાળ રાજા બની જાય
છે માટે શ્લોકનું એ ઉલટું વાક્ય બંધ બેસતું નથી ૧૧૧ અથવા
મહાકવિની રચનામાં અન્યથા કેમ હોઈ શકે ? માટે હવે હું પોતે
જ મારા રાજ્યનો ત્યાગ કરી કોઈ અજ્ઞાત પ્રદેશમાં ચાલ્યો જાઉં
૧૧૨ ત્યાં જઈને જો હું ભોગવૈભવનું પાત્ર બનીશ તો પરીક્ષા
કરેલા રત્નની પેઠે આ વાક્યને સત્ય માનીશ. ૧૧૩ આવો
મનમાં વિચાર કરી રાજાએ પોતાનો રાજ્યભાર મંત્રિઓને સોંપી
દીધો અને પોતે એકલો તે નગરનો ત્યાગ કરી એક ક્ષણવારમાં
તામ્રપુર નગર તરફ ચાલી નીકળ્યો. ૧૧૪ તેણે મનમાં વિચાર
કર્યો કે – સર્વ મનુષ્ય ઉત્તમ વેષથી તથા સુંદર સ્વરૂપથી સર્વ
ઠેકાણે માનસત્કારને પામે છે માટે હું મારી આ પૂર્વ અવસ્થાનો
સર્વથા ત્યાગ કરું ૧૧૫ તે પછી હેમરથે " કામરૂપિણી " નામની
વિદ્યાનું સ્મરણ કર્યું અને તેના પ્રભાવથી એક ક્ષણવારમાં પોતાના
શરીરને તેણે કોઢીયું કરી મૂક્યું ૧૧૬ તેનું સ્વરૂપ છિન્નભિન્ન થયેલી
નાસિકાવાળું અત્યંત સ્થૂલ અધરોષ્ઠવાળું નીકળી પડેલી જાણે આંખો
વાળું મોટા મોટા કાનવાળું અત્યંત બીભત્સ સડી ગયેલી હાથ-
પગની આંગળીઓવાળું ફૂટી નીકળેલી ફોલ્લીઓમાંથી નીકળતા દુર્ગંધી
પાણી વ્યાપ્ત અવયવોવાળું અને બણબણતી રહેલી માખીઓથી ઉભરાઈ
રહેલું બની ગયું. આ રીતે તે કોઢીયાના સ્વરૂપવાળો થઈ ગયો.
૧૧૭–૧૧૮

સમુદ્રમાં સ્થિતિ કરી રહ્યા છે. ૯૯ તેની ઉપરના ભાગમાં પૃથ્વીથી દશ યોજન સુધી જઈને આસપાસ બન્ને બાજુ દશ દશ યોજનના વિસ્તારવાળી બે શ્રેણીઓ આવી રહેલી છે. ૧૦૦ વળી તે પર્વત ઉપર રત્નમય એવું ઉત્તમ સિદ્ધાયતન વિરાજે છે કે જે શાશ્વતી પ્રતિમાઓથી યુક્ત હોઈને એ પર્વતના મુકુટ જેવું શોભી રહ્યું છે. ૧૦૧ અને ત્યાં જિનેશ્વરોની પ્રતિમાઓની પ્રીતમપણાથી આકર્ષિત ચિત્તવાળા અને તેથીજ સ્થિર થયેલા નેત્રોવાળા ખેચરો, મનુષ્યજાતિના હોવા છતાં દેવો જેવા જણાય છે. ૧૦૨ હવે એ પર્વતની દક્ષિણ તરફની શ્રેણિમાં રથનુપુર નામનું એક નગર આવેલું છે કે જેને જોઈને દેવતાઓ પોતાની અલકા નગરીમાં રહેવા માટે પણ નિરુત્સાહ બન્યા છે. ૧૦૩ એ નગરમાં પોતાની કીર્તિ અને પ્રતાપ વડે ચંદ્ર તથા સૂર્યનો પરાભવ કરનારો હેમરથ નામનો ખેચર રાજા રાજ્ય કરતો હતો. ૧૦૪ તે રાજાની કાંતિ સ્વાભાવિક રીતેજ મલીન હોઈને અનેક વિદ્યાઓવડે વિશેષ તેજસ્વી જણાતી હતી અને તે પોતે પણ પાપોથી જેમ સિદ્ધ અલેપ છે તેમ શત્રુઓથી અલેપ હતો. ૧૦૫ એ રાજાને હેમમાલા નામની સતી શિરોમણિ સ્ત્રી હતી તેણી પોતાના નિર્મળ ચારિત્ર્યના ગુણથી પોતાના પતિના ચિત્તને આનંદ પમાડતી હતી. ૧૦૬ એક દિવસે રાજા હેમરથ રાત્રે નગર ચર્ચા જોવા માટે નગરમાં ફરતો હતો. તેવામાં કોઈ એક સ્થળે તેણે આ શ્લોક સાંભળ્યો — ૧૦૭

> सर्वत्र सुलभा रामा मधुराभिवनिताः पुनः ।
> सर्वत्र जन्ममरणे भोगाः सर्वत्र प्राणिनाम् ॥ १०८ ॥

સ્ત્રીઓ સર્વ સ્થળે પ્રાપ્ય હોય છે મધુરી સર્વે સ્થળે રસનેંદ્રી હોય છે જન્મ તથા મરણ પણ સર્વ સ્થળે હોય છે અને ભોગો પ્રાણીઓને સર્વસ્થળે ભોગો આવી મળે છે. ૧૦૮

ધનમિત્રનું દૃષ્ટાંત.

ઉત્તમ ગણાતા સેવકો પોતાના સ્વામિઓને જે યોગ્ય લાગે અને પ્રિય થઈ પડે તેવું વચન કહે છે[૧૩૦] માટેજ હું કહું છું કે આ સભાસદો સર્વથા અસત્ય વચન કહે છે કેમકે સર્વ લોક પોતે પૂર્વ જન્મમાં સંપાદન કરેલા કર્મનુંજ ફળ ભોગવે છે અરે! દેવો પણ પૂર્વકર્મથી અધિક ફળ આપી શકતા નથી તો પછી દાસ-ભાવના પુતળાં રૂપ મનુષ્યો તો કોણ માત્ર![૧૩૧-૧૩૨] આવા આશયવાળી શાસ્ત્રકારો કહે છે —

धनिषु मुधा किमु धावसि तूष्णीमाप्य न सादिषद् चरितम्।
विधिविलिखिताक्षरमालं फलति कपालं न भूपालः ॥१३३॥

અરે ઓ પ્રાણી! તું ધનવાનો પાસે વ્યર્થ દોડાદોડી શામાટે કરે છે! શાંત રહે આવું આચરણ યોગ્ય નથી. ચાહે રાજા કે વિધાતાએ લખેલી અક્ષરમાળાવાળું તારૂં લલાટજ શુભાશુભ ફળદાતા છે, રાજા કે ધનવાન નહિ.[૧૩૩] વળી હે તાત! જો કદાચ તમારી કૃપાથીજ મનુષ્યો ધનવાન થતા હોય તો પછી આ નગરમાં કેટલાએક મનુષ્યો દરિદ્રી કેમ છે?[૧૩૪] અરે! તે બીજા લોકોની વાત તો બાજુપર રહી પણ જે તમારા સેવકો છે તે બધા પણ સમાનસમૃદ્ધિવાળા જોવામાં આવતા નથી.[૧૩૫] જેમકે—આ તમારા સેવકોમાં કેટલાએક તમારા જેવાજ સમૃદ્ધિવાળા જોવામાં આવે છે ત્યારે બીજા કેટલાએક પોતાની ખાંધ ઉપર તમને ઉપાડે છે અને પેટું ભરે ચાલ છે[૧૩૬] વળી કેટલાએક તમારૂં દાસત્વ કરી રહ્યા છે અને કેટલાએક મોટા અધિકારીઓ છે આ રીતે હે પિતા! સર્વ મનુષ્ય પોતપોતાના કર્મના ફળને પામે છે[૧૩૭] પણ જેઓનું તેવું ભાગ્ય નથી તેઓને તમે પોતે પણ કોઈ પ્રકારની સમૃદ્ધિ આપી શકતા નથી. આ વિષે એક દૃષ્ટાંત હું તમને કહું છું, તેને તમે

તે પછી શરીરને ટેકવતો અને પગલે પગલે પાસથી પણ ધ્રૂજતી છાતીવાળો તે કોરીપાં નગરમાં પ્રવેશ કરી ચોટા વચ્ચે પડી રહ્યો.[૧૧૯] બીજી તરફ તામ્રચૂડ નામનો તે નગરનો વિદ્વાન રાજા કે જે ઈન્દ્રસમાન પરાક્રમી હતો તેણે પોતાનું સભાસ્થળ શોભાવ્યું—અર્થાત્ રાજા તામ્રચૂડે સભામાં પ્રવેશ કર્યો.[૧૨૦] તે રાજા રત્નના સિંહાસન ઉપર બેઠો હતો તે વેળા બીજા પણ અનેક સામંતો અમાત્યો મંત્રીઓ તથા રાજાઓ ત્યાં આવીને રાજાને નમન કરવા લાગ્યા.[૧૨૧] અને સુવર્ણ મણિ તથા માણિક્યના અલંકારોથી શોભી રહેલા તે રાજાઓ પોતપોતાની યોગ્યતા પ્રમાણે રાજાને નમસ્કાર કરી ત્યાં બેઠા.[૧૨૨] તે સમયે એ સભા, દેવોના જેવા વિદ્વાન સભાસદોથી ભરપૂર હોઈને ઈન્દ્રની સભાની પેઠે શોભી રહી હતી.[૧૨૩] રાજાની પુત્રી મદનમંજરી પણ તે વખતે ત્યાં આવી પહોંચી અને રાજાને નમન કરી તેની આજ્ઞાથી તેની સમીપમાં બેઠી.[૧૨૪] રાજા તામ્રચૂડ ધારણ કરેલા મણિ તથા સુવર્ણના અલંકારોનાં કિરણો વડે આકાશમાં ઈન્દ્રધનુષ્યનો દેખાવ કરતા તે સભાના વૈભવને જોઈને અત્યંત આનંદ પામ્યો અને અત્યંત પ્રેમથી રહેલી દાંતની કાંતિવડે ઝળકતાં થયેલાં વચનોથી અધરોષ્ઠને ઉજ્જ્વળ કરતો આ પ્રમાણે બોલ્યો.[૧૨૫-૧૨૬] "હે સભાસદો ! તમને આવી સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે તે કોની કૃપાથી તે તમે કહો. તે સાંભળી સભાસદો બોલી ઉઠ્યા કે 'આ સમૃદ્ધિ અમને આપની કૃપાથી જ મળેલી છે.'"[૧૨૭] તે વેળા સમીપમાં બેઠેલી રાજકન્યાએ નેત્રોને ગાસ્ય કરીને પોતાનું મુખ મરડ્યું રાજાએ પણ તેની એ ચેષ્ટા જોઈને પુત્રીને કહ્યું કે[૧૨૮] "હે પુત્રિ ! સભાસદોનું આ વચન સાંભળી તે મુખ કેમ મરડ્યું ? શું આ લોકોએ કહેલું વચન અસત્ય છે ? અથવા કોઈ બીજું કારણ છે ? તે કહે"[૧૨૯] ત્યારે રાજપુત્રી બોલી—"હે પિતા ! સેવા કરવામાં ચતુર આ તમારા

કેમકે લોકમાં આપણે જોઇએ છીએ કે જે વસ્તુ જેને પ્રિય હોય
છે તેને તે વસ્તુ ઉપરનું વીંટણ પણ પ્રિય જ હોય છે. ૧૪૯ જેમ
એક વૃક્ષ આતપ નથી પડેલું હોય અને તેથી તેના મૂળ સમીપ
બેઠેલો એક ટાઢથી મનુષ્ય પણ પોતાની મેળે તે વૃક્ષના ફળને
શું સંપાદન કરતો નથી? તેમાં એ વૃક્ષને શું કષ્ટ લાગે છે?"
ત્યારે પછી તે રાણીએ ધર્મપૂર્વક કહ્યું કે "ખરેખર, આ જગ
તમાં તમારા જેવો બીજો કોઇ ધુતારો નથી. કેમકે તમે મારા
ચિત્તને વિશ્વાસ ઉપજાવે તેવાં માત્ર વચન જ કહો છો. ૧૫૦-૧૫૧
ધારો કે કોઇ એક મનુષ્ય કોઇને કંઇ આપે છે ત્યારે બીજો કોઇ
સામાન્ય મનુષ્ય તેનો શું લાભ પામે છે? મતલબ કે સ્વપ્નની પેઠે તમે
ને આપવા તૈયાર થાઓ તો તમને કોણ રોકનાર છે?" ૧૫૨ તે
સાંભળી રાજાએ રાણીને ઉત્તર આપ્યો કે હવે મારે તે તારા
આગ્રહના આભાસનું ફળ હું તને પ્રત્યક્ષ બતાવીશ, માટે હે દેવિ! તું
પીંજર પર કોપ કર મા. ૧૫૩ રાણીને એમ કહી રાજાએ પોતાના
સાળાને એક બીજોરું આપ્યું કે જેમાં સૂક્ષ્મ રીતે એક રત્ન મૂકવામાં
આવ્યું હતું પણ રાજાના સાળાએ તેની અંદર રહેલા રત્નને જાણ્યું
નહિ. ૧૫૪ તે તો એ બીજોરું લઇને પોતાના ઘર તરફ ચાલી નીકળ્યો અને
જતાં જતાં પોતાના મનમાં તેણે વિચાર કર્યો કે "અરે! આટલા દિવસ
સુધી હું રાજાની પાસે રહ્યો, ત્યારે માત્ર આ એક ફળ તેની પાસેથી હું
મેળવી શક્યો. ૧૫૫ ઠીક છે આ બીજોરું વેચીને તેના મૂલ્ય વડે
આજે હું ભોજન કરીશ. કેમકે આ બીજોરાને હું ખાઉં તોપણ તે
તેથી ભોજન જેવી તૃપ્તિ નહિ જ થાય." ૧૫૬ મનમાં આવો વિચાર
કરી તે નિર્ભાગી મનુષ્યે કોઇ એક શાકવાળાની દુકાને જઇ તુરત જ
તે બીજોરું વેચી નાખ્યું. ૧૫૭ પાછળથી કોઇ એક વેપારીએ મૂલ્ય
આપીને તેજ બીજોરું ખરીદ્યું અને રાજાને પ્રસન્ન કરવા માટે તેણી

એમ મિત્રે સાંભળ્યો. ૧૩૮ "પૂર્વે કોઇ એક રાજપુત્ર હતો. તે સદ્ભાગ્યથી રહિત હતો. પણ તેની બહેન કોઇ એક રાજા સાથે પરણી હતી. તેણી રૂપમાં અપ્સરાઓની શ્રી રતિને પણ જીતનારી હતી, જેથી પોતાના પતિને પ્રીતિવર્ધક થઇ પડી હતી. ભીખ વગર તેણીનો ભાઇ, કે જે ભાગ્યહીન હતો તે પ્રતિદિન અતિ દુઃખી અવસ્થામાં આવી ગયો હતો. ૧૩૯-૧૪૦ એક દિવસે તે દુઃખી મનુષ્ય પોતાના બનેવી-રાજા પાસે આવ્યો અને જેમ સૂર્યની સમીપમાં નિસ્તેજ થયેલ ચંદ્ર જણાય તેવો, તે જણાવા લાગ્યો. ૧૪૧ પછી તે પોતાની બહેનને મળ્યો, એટલે તેણીએ પોતાના પતિ સાથે તેને મેળવી આપ્યો. રાજાએ પણ તેનું સન્માન કરી પોતાની સેવામાં તેની યોજના કરી ૧૪૨ પછી તો પેલો માણસ પણ રાજાની કૃપાથી અને સ્વ સ્વભાવે ભલા ભાગ્યની દૂર હોવાથી નિત્ય આદર જ કરીને સભામાં રાજાની સાથે બેઠક કરી.¹ અને એવા પ્રકારની સેવા કરવા લાગ્યો, જેથી રાજા તેના પર પ્રસન્ન થયો. પણ જે સમયે પ્રસન્ન થઇને રાજા તેને કંઇ આપવા માટે તૈયાર થયો હતો તે સમયે જ તેના કોઇ અપુણ્યના ઉદયથી અકસ્માત્ રીતે કોઇ અંતરાય આવી પડતો હતો, જેથી રાજાનું ચિત્ત બીજે ક્યાંક લાગી જતું હતું, તેમજ સભા પણ વિસર્જન થઇ જતી હતી. ૧૪૩-૧૪૪ એ રીતે પૂર્વની પેઠે જ એમ બનતો હતો, જેથી પરાણે પોતાના ભાઇની એ સ્થિતિ જોઇને (એક દિવસે) રાજાને કહેવા લાગી કે ¹ ‘હે નાથ ! મને લાગે છે કે હું તમારી પ્રિય પત્ની નથી. ત્યારે રાજાએ કહ્યું કે આ ઉપરથી તું એમ કહે છે ? એટલે તેણીએ કહ્યું કે મારો ભાઇ તમારી પાસે રહેલો છે છતાં તેને તમે કંઈ આપતા નથી. ૧૪૫ જેમ કોઇ એક મનુષ્ય, જળથી ભરેલા સરોવરને કિનારે બેઠો હોય છતાં તૃષાથી સંતાપ પામે, તેમ મારો ભાઇ તમારી સભામાં રહેવા છતાં દુઃખી થાય છે. ૧૪૬ જો હું તમને પ્રિય હોઉં તો મારો ભાઇ પણ તમને પ્રિય હોવો જોઇએ.

કહ્યું છે માટે પુત્રી હોવા છતાં મારા અનુરૂપ આ કન્યાને કોઈક કુળમાં હું નાખી દઉં. કેમકે રાજાઓને પોતાની આજ્ઞાના અપમાન જેવું બીજું કોઈ મરણ નથી. અર્થાત્ પોતાની આજ્ઞાનું અપમાન તે રાજાઓને મરણ કરતાં પણ અધિક દુઃખદાયી છે ૧૬૯-૧૭૦ આવો વિચાર કરી રાજાએ તે કન્યાને કહ્યું કે "હે પાપિણી ! જો કર્મનું જ ફળ સર્વને મળે છે તો તું પણ તારા કર્મનું ફળ ભોગવ." ૧૭૧ એ સાંભળી તે મહા બુદ્ધિમાન કન્યા હર્ષપૂર્વક પિતાના પગમાં પડી અને બોલી કે, "પિતાની આજ્ઞા મને માન્ય છે" ૧૭૨ એમ કહીને તે ત્યાંથી ચાલી ગઈ એટલે રાજાએ કોટવાળને આજ્ઞા કરી કે " કોઈ મનુષ્ય દુઃખીમાં પણ અતિ દુઃખી હોય તેને તું મારી પાસે લાવ."૧૭૩ રાજાની તે આજ્ઞા થતાં જ કોટવાળ, સર્વત્ર ફરીને તેવા પુરુષની શોધ કરતો કરતો ચૌટામાં આવી ચડ્યો. ત્યાં કોઢિઆના સ્વરૂપમાં રહેલા પેલા વિદ્યાધરને તેણે જોયો, ૧૭૪ એટલે તેણે વિચાર કર્યો કે રાજાએ જેવા પુરુષને તેડી લાવવા માટે મને કહ્યું છે તેવો જ આ પુરુષ દુઃખી મનુષ્યોમાં પણ અતિ દુઃખી જોવામાં આવે છે. ૧૭૫ પછી તેણે પોતાના માણસોદ્વારા તેને ઉપડાવીને સભાજનના સમક્ષ રાજાની આગળ હાજર કર્યો. રાજા પણ તે કોઢીઆને તેવો અતિદુઃખી જોઈને અત્યંત આનંદ પામ્યો અને તેને આ પ્રમાણે કહ્યું – તું મારી કન્યાનું પાણિગ્રહણ કર. કેમકે તે મને પ્રિય છે" તે સાંભળી કોઢીઓ બોલ્યો – હે રાજા ! મારા જેવા એક કોઢીઆની તમે મશ્કરી શા માટે કરો છો !" ત્યારે રાજાએ કહ્યું – " આમાં કંઈ મશ્કરી કરવા જેવું છે જ નહિ. કેમકે તું મારો જમાઈ છે મારી પુત્રીનો પતિ રહેશે મને માન્ય છે માટે તું મશ્કરીને પાત્ર કદી હોય જ નહિ" ૧૭૬-૧૭૮ પછી કોઢીઓ બોલ્યો– "તમે વિદ્વાન છો–સમજુ છો, છતાં તમને આવો વિચાર કેમ સૂઝ્યો ? હું એક કોઢીઓ છું. મરણ પથારીએ પડેલો છું. તેને તમે પોતાની

એક વખત, ૧૫૮ રાજાએ બીજોરૂં હાથમાં લઈ આશ્ચર્યથી જોયું
ચીર્યું અને તેમાં રત્નના ચિહ્ન જોઈ નિશ્ચય કર્યો કે આ
તેજ બીજોરૂં છે કે જે મેં મારા સાળાને અર્પણ કર્યું હતું. ૧૫૯
બીજે દિવસે ભંડારમાં રાજાએ પોતાના સાળાને પૂછ્યું કે, હે ભદ્ર!
મેં તમને જે બીજોરૂં આપ્યું હતું તેનું તમે શું કર્યું?" ૧૬૦ તેના
ઉત્તરમાં તેણે કહ્યું કે "બન્ને બાજુએ સમો જેમ તાજા ફળ પાસેથી
મળે તેમ, તે ફળ તમારી પાસેથી મને મળ્યું, તેનું મારે શું
કરવું કોઈએ નહિ, એમ ધારીને મેં તે વેચી નાખ્યું. ૧૬૧ પછી
સભા વિસર્જન કરી રાજા અંતઃપુરમાં આવ્યો અને પેલું બીજોરૂં
ભાનુની પટ્ટરાણીને તેણે કહ્યું કે ૧૬૨ "હે દેવિ! તારા ભાઈનું અજ્ઞાન
તું જો, આ બીજોરામાં એક કરોડની કિંમતનું રત્ન મૂકીને મેં તારા
ભાઈને એક વખતે આપ્યું હતું. અને તેણે પોતે હાથો હાથ લઈ
છતાં તેમાંથી તેણે રત્ન મેળવ્યું નહિ પણ બજારમાં તેને વેચી
નાખ્યું. ત્યાંથી ભાગ્યના વશથી નદીમાં ગયેલું પાછું જેમ
સમુદ્રમાં જાય તેમ તે બીજોરૂં ફરી મારી પાસે આવ્યું છે ૧૬૩
૧૬૪ આ રીતે તારા ભાઈનું જે અજ્ઞાન છે તેમાં હું શું કરું! હું
તેને વારંવાર આપવાની ઈચ્છા કરું છું પણ તેમાં મને અચિન્ત્ય
અંતરાય આવી નડે છે." ૧૬૫ પછી રાજાએ તે બીજોરામાંથી રત્ન
બહાર કાઢીને રાણીને બતાવ્યું અને રાણીએ પણ તે પ્રત્યક્ષ જોયું
એટલે એ સમય ભાઈની વાત તેણે માની લીધી. ૧૬૭

માટે હે પિતા! કોઈ પણ મનુષ્ય, પોતાના કર્મથી અધિક ફળ
મેળવી શકતા નથી. આ તમારા મોટા [illegible] તમારી ચિંતા કરીને
અનુમાનથી [illegible] ત્યાંથી તમને ઠીક લાગે તેવું બોલે છે. ૧૬૮ પોતાની
પુત્રીનું તે વચન સાંભળી રાજાનું મન ક્રોધથી આકુળ થઈ ગયું. તેણે
મનમાં વિચાર કર્યો કે આની સમજ આ ઉપરથી પાછી [illegible]

ભાવિનું દૃષ્ટાંત

વશ કરી શકાય તેવા હોય છે તેમ, રાજાઓ પણ લોભવૈભવોવાળા અને ભ્રષ્ટાચારોથી ઘેરાયેલા હોઇને કુટિલ, ક્રૂર ચેષ્ટાવાળા મહા ભયંકર અને યુક્તિ પ્રયુક્તિઓથી વશ થઇ શકે તેવા હોય છે. ૧૮૯ એ પ્રાચીન કવિઓના વચનને હે રાજા તમે સત્ય કરી બતાવ્યું છે. જેથી તમે પોતાના સંતાનને આ ક્રૂર કાર્યવાળા કુટિલ વરને અર્પણ કરી દો છો." ૧૯૦ રાણીનું એ વચન સાંભળી રાજાએ કહ્યું કે "હે પ્રિયા! તું વ્યર્થ મને કાં ઠપકો આપે છે? તારી આ પુત્રીના પૂર્વ જન્મોપાર્જિત કર્મનેજ ઠપકો આપને! ૧૯૧ આ તારી દીકરીજ મને એ પ્રમાણે કહે છે કે "સર્વ મનુષ્ય પોતે કરેલ કર્મના ફળને પામે છે" માટે આ વિષે હું ઠપકા પાત્ર નથી. ૧૯૨ પછી રાજાનો આશય જાણી વાળને રાણીએ માનમ જરીને કહ્યું કે "હે પુત્રિ! તું તારા પિતાને શાંત કર, જેથી તે પોતાના કોપનો ત્યાગ કરે. ૧૯૩ હે પુત્રિ! હજી પણ કંઇ બગડી ગયું નથી. કેમકે અગ્નિને ચારફેરા ફર્યા પહેલાં બીજો વર થઇ શકે છે." ૧૯૪ તે સાંભળી પુત્રીએ પોતાની માતાને કહ્યું કે "હે માતા! તું શોક કર મા પુત્રી તો પોતાનાજ પુણ્યની વારસ હોય છે કંઇ પિતાના પુણ્યની નહિ. ૧૯૫ હે માતા! આમાં મારા પિતાનો કંઇ પણ જરાએ દોષ નથી, પણ મારા પૂર્વજન્મનું કર્મજ આ સમયે ઉદય પામ્યું છે. ૧૯૬ કદાચ મનુષ્ય પોતાના કર્મફળને ભોગવીને અતિ મહાન દર્પ પ્રાપ્ત કરે છે પણ બીજાએ સંપાદન કરેલા મહાન પુણ્યફળને કોઇ પ્રાપ્ત કરી શકતું નથી. ૧૯૭ એ પ્રમાણે એકજ આગ્રહવાળી પોતાની પુત્રીને રાજાએ પેલા કોઢીઆ સાથે પરણાવી દીધી અને તે રાજકન્યા પણ તે કોઢીઆ પતિને પોતાના ઇષ્ટદેવની પેઠે માનવા લાગી. ૧૯૮ પછી રાજાએ તે કન્યાની માતાને અનાદરથી ત્યાગ કરી દૂર કરી અને તે પુત્રીને તથા પેલા કોઢીઆને પોતાના આશ્રયથી દૂર નગરની બહાર મોકલી આપ્યાં. ૧૯૯ ત્યાં નગરની બહાર તે

કન્યા આપો, તે શું યોગ્ય છે ? કૂવામાં રહેલા જેવી આ કન્યા ક્યાં ? અને અનંત જોજનવાળો હું ક્યાં ? જેમ હાથણી અને બકરીનો સમાગમ કદી હોય જ નહિ તેમ, આ કન્યાનો અને મારો સમાગમ કદી હોય જ નહિ. ૧૭—૧૮

રાજાએ કહ્યું—"આમાં તારે કોઈ પણ જાતનો વિચાર કરવાનો નથી. હવે જ આ કન્યાને વર તરીકે તને અર્પણ કરી છે માટે તું મારી પુત્રીને પરણ. ૧૮૧ જો તું મારી આજ્ઞાને નહિ માનીશ તો (વિના મોતે) મરણ પામીશ." તે પછી બહુ સારું એમ તે જોગીનાએ કબૂલ કર્યું એટલે રાજા પ્રસન્ન થયો. ૧૮૨ અને તેણે એક ક્ષણ વારમાં જેવી કન્યાના માતાને પેર સૌધર્મ વિવાહની સામગ્રી તૈયાર કરાવી. ૧૮૩ કન્યાની માતા, આ વિવાહના બનાવ સ્વરૂપથી અજ્ઞાત હતી. તેણે તો ઉત્તમ વસ્ત્ર પહેરાવીને તથા હાથમાં કંકણ વગેરે પહેરાવીને પોતાની પુત્રીને રાજા પાસે હાજર કરી. ૧૮૪ પછી રાણીએ એને કંકણ વગેરે પહેરાવ્યાં હતાં એવા પેલા જોગીના વરને જોઈને રાજાને પૂછ્યું કે "કન્યાને પરણનારો વર ક્યાં છે ? ૧૮૫ એટલે રાજાએ પેલા જોગીઓને બતાવ્યો કે તુરત જ રાણી મૂર્છા પામીને ધરણી પર પડી. પછી પાસેના લોકોએ શીતળ ઉપચારો કરવામાં આવ્યા, ત્યારે તે સાવધ થઈ અને આ પ્રમાણે વિલાપ કરવા લાગી. ૧૮૬ અરે ઓ નિર્દય નાથ ! તમે આ દુષ્ટ ચેષ્ટા શી આરંભી છે ? અરેરે ! આવી સર્વાંગસુંદર પુત્રી આવા જોગીના વરને તમે કેમ આપો છો ? હાય ! તમારા ચિત્તમાં શું કોઈ ભૂત ભરાયું છે ? અથવા દૈવયોગે તમારી બુદ્ધિ શું નાશ પામી છે કે ? તમે મારા પ્રિય પતિ હોઈને આ રીતે વિપરીત થઈ ગયા છો ? ૧૮૭—૧૮૮ જેમ સર્પો વિકરાળ શરીરવાળા અને ઝેરવાળી દાઢવાળા હોઈને ક્રૂર, દુર મિથ્યાત્વવાળા, અતિ ભયંકર અને ભયંકર

યૌવનતાવાળુ અથવા સમાન ક્ષમાવાળુ હોય તોજ તારા કહેવા પ્રમાણે હોઇ શકે પણ— ૨૦૯

"गते मृते प्रव्रजिते क्लीबे च पतिते पतौ ।
पञ्चस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते " ॥ २१० ॥

"પોતાનો પતિ પરભૂમિ તુરત ગએલો ગયો હોય—નાસી ગયો હોય, મરણ પામ્યો હોય, સંન્યાસી–દીક્ષિત થઈ ગયો હોય, નપુંસક હોય અથવા રોગાદિકથી પતિત થયો હોય કે વિજાતીય મનુષ્યો સાથે ચડી ગયો હોય તો અર્થાત્ આ પાંચ પ્રકારમાંની કોઇ પણ આપત્તિ આવી પડી હોય તો સ્ત્રીઓથી બીજો પતિ કરી શકાય છે." આ પ્રાચીન કવિના વચન પ્રમાણે તું જો બીજો પતિ કરીશ તો તેમાં તને લેશ માત્ર દોષ લાગશે નહિ. ૨૧૧ હું જગતના કોઈથી પેરાયેલો છું, જેથી માત્ર ગણ્યા દિવસજ છઇશ. માટે તું કોઇ ન જાણે તેમ રાત્રિમાં તારી ઇચ્છા હોય ત્યાં ચાલી જા. ૨૧૨ પછી તે રાજપુત્રી કાકીજાના પગમાં પડીને ગળગળે સ્વરે કહેવા લાગી કે હે પ્રિય! ફરીથી તમારે મશ્કરીમાં પણ મને આ પ્રમાણે કહેવું યોગ્ય નથી. ૨૧૩ તમે મારા દેવ છો, ગુરુ છો નાથ છો અને જીવનરૂપ છો. તમારા વિના બીજો કોઇ પણ મન વચન કે કાયાથી મારો પતિ નજ હો. ૨૧૪

રાજપુત્રીનો એ નિશ્ચય જાણી તે વિદ્યાધર (કોઢીઆના રૂપમાં રહેલ તે) મનમાં અત્યંત પ્રસન્ન થયો. તેણે પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરવાની ઇચ્છાથી તે રૂપને કરનારી વિદ્યાનું સ્મરણ કર્યું. ૨૧૫ એટલે શરદઋતુ મેઘમંડળમાંથી જેમ સૂર્ય બહાર આવે અને નાટકના રંગ ઉપરથી જેમ નટ નીકળી આવે તેમ, એ વિદ્યાધર પોતાના કોઢીઆ સ્વરૂપમાંથી નીકળીને મૂળ સ્વરૂપને પ્રાપ્ત થયો. ૨૧૬ તે સમયે તેના કાનમાં કુંડલો ચાલી રહ્યાં હતા અને આખા શરીરપર તેણે સુવર્ણ મણિ તથા મોતીઓના અલંકારો ધારણ કર્યા હતા, જેથી તે રાત્રિના સમયે

કોઢીઓ આમતેમ બેઠેલો હતો, નિશ્વાસ નાખતો હતો અને પ્ર ભરેલી અવસ્થામાં રહેલો હતો. પતિવ્રતા એવી રાજપુત્રી પણ પોતાના પતિની સેવામાં નિત્ય પરાયણ રહેતી હતી ૧૦ એક દિવસે તે કોઢીઓ રાજપુત્રીના અંતર અભિપ્રાયને જાણવાની ઇચ્છાથી જાણીને નિશ્વાસ નાખીને દુઃખ ભરેલા તથા મંદસ્વરે કહેવા લાગ્યો. ૧૧ "હે આયુષ્યવાળી સુંદરિ ! હું કોઢીઓ છું, ભાગ્યહીન છું, તું મારા મરણ મારે હાથે છ—એટલે છ ? શું તે ભાસતું નથી ! ૧૨

"राजपुत्री त्वया कुष्ठपीडितं व्यपमामयम् ।
पश्यैते व्याधयो राजन् ! संक्रामन्ति नरान्नरम् ॥१०॥

રાજાએ ક્ષય તાવ, કોઢ નામનો રોગ અને નેત્રનો રોગ એ પાંચ વ્યાધિઓ એક મનુષ્યમાંથી બીજા સમીપ રહેનારા મનુષ્યમાં પણ સંક્રમણ થાય છે ૧૩ જેથી તારૂં આ સ્વરૂપ કે જે ઉત્તમ શીલના ઉપર પણ ઉત્તમ કરી શકે તેવું છે તે અફસોસ ! મારા સંગના દોષથી પ્રત્યક્ષ સર્વથી રૂપની પેઠે તત્કાળ વિનાશ પામશે. ૧૪ હે સુંદરી ! હજી પણ કંઈ બગડ્યું નથી. તું તારા આત્માને પેર ચાલી જા, અથવા કોઈ બીજો પતિ કરી લે. ૧૫ તે સાંભળી રાજપુત્રી પતિને કહેવા લાગી "હે પ્રિય ! તમે આમ ન બોલો, કેમકે કુળવાન સ્ત્રીઓને પોતાના માતા પિતાએ આપેલો એકજ પતિ હોય છે ૧૬ અરે ! જે કુળવાન સ્ત્રીઓ બીજો પણ પતિ કરશે તો પછી, નેત્રોમાં અને કેશોમાં શો ભેદ રહેશે ! ૧૭ માટે હે નાથ ! તમેજ મારા જીવન પર્યંત મારા પિતાએ આપેલા પતિ છો, કેમકે બ્રાહ્મણોનું તથા સત્પુરૂષોનું વચન અને કન્યાનું દાન એકજ વખત હોય છે ૧૮ રાજપુત્રીનું એ વચન સાંભળી કોઢીઓ મનમાં પ્રસન્ન થયો. તેણે ફરી પણ કહેવા માંડ્યું કે, "તું કહે છે તે સત્ય છે પણ તારૂં એ વચન સ્ત્રી પુરૂષની સમાનતાજ કરી શકે છે—અર્થાત્ સ્ત્રી અને પુરૂષ બેઉ એક સમાન

કરવામાં આવી હતી. આવા પ્રકારનું સ્વર્ગના વિમાન જેવું ભવન તૈયાર કરીને તે વિદ્યાધરે તેમાં અંતઃપુરના (સ્નાનખાનાના) મહેલો, અશ્વશાળા, હાથીખાનાં સભામંડપો તથા દુકાનો વગેરે સર્વની પણ રચના કરી. ૨૨૭-૨૨૮ બીજે દિવસે પ્રાતઃકાળમાં નગરની બહાર એવા (દિવ્ય) ભવનને જોઈને નગરવાસીઓ વિચારમાં પડી ગયા કે, આવું નગર અકસ્માત્ અહિં ક્યાંથી આવ્યું ? તેઓએ રાજાને પણ એ વાત જાહેર કરી જેથી રાજા પણ ભયભીત થયો. તેણે એ નગરના અકસ્માત્ આવવા વિષે વિશેષ માહિતી મેળવવા માટે ચરિઓને (ભાટ-ચારણોને) વિદાય કર્યા. તે ચરિઓ, ઉતાવળા ઉતાવળા ત્યાં ગયા અને તે વિષે સર્વ વાત જાણીને ત્યાંથી પાછા આવી રાજાને કહેવા લાગ્યા કે "હેમરથ નામનો વિદ્યાધર તમને મળવા માટે આવ્યો છે" તે પછી સમગ્ર-સામગ્રીથી સજ્જ થઈ રાજા, નગરની બહાર જ્યાં એ વિદ્યાધર હતો ત્યાં એને મળવા માટે ગયો, ૨૨૯ ૨૩૦ તે સમયે દિવ્ય વસ્ત્રાલંકારથી શોભી રહેલા વિદ્યાધરના પરિવારને જોઈને રાજા વિસ્મય પામ્યો કે શું આ તે સ્વર્ગ પૃથ્વીપર આવ્યું છે ! ૨૩૧ વળી તે સમયે ત્યાંની અશ્વશાળાને અને હાથીખાનાને જોઈને તથા હાથીઓથી ભરપૂર જોઈને રાજાએ તુરતજ પોતાના અશ્વર્યના મદનો ત્યાગ કર્યો. ૨૩૨ તે પછી રાજા હાથી ઉપરથી ઉતરીને મહેલની અંદર દાખલ થયો અને જલકાંતમણિની બનેલી ભૂમિમાં જળની ભ્રાંતિ થઈ જવાથી રાજાએ વસ્ત્ર ઉંચા લીધા.૨૩૩ તે જોઈ વિદ્યાધરે હસીને કહ્યું કે "હે રાજા ! આ જળ નથી પણ પૃથ્વી છે આવી ભ્રાંતિ તમને કેમ થઈ ! શું પાણીની ભૂમિમાં કદી જળ હોય ખરૂં ! ૨૩૪ તે સાંભળી રાજા શરમાઈ ગયો, તેણે આગળ ચાલવા માંડ્યું, તેવામાં ત્યાં એક સ્થળે જ્યાં જળનો દેખાવ તેવો નહોતો, ત્યાં પાણી હતું, તેના જોવામાં

પણ દેવની પેઠે સર્વત્ર પ્રકાશ પામી રહ્યો હતો. ૨૧૭ વિદ્યાધરનું એ સ્વરૂપ જોઈને વિસ્મય તથા ભયને લીધે રાજપુત્રીમાં વિભ્રમ ઉત્પન્ન થયો—અર્થાત્ પોતે ભયભીત થઈ અને આશ્ચર્ય પામી, ત્યારે વિદ્યાધરે તેને કહ્યું— કે પ્રિયા ! તું તારા મનમાં વ્યાકુળ થા મા, હું તારો તેજ પતિ છું, કે જે હમણાં વિદ્યાધરરૂપે દેખાઉં છું. મારા આ વચનને તું સત્ય માન. ૨૧૮ ૨૧૯હું હેમરથ નામનો વિદ્યાધર છું અને “ મેં ઋષિઓને સર્વ કૌતુકે જોયા પ્રાપ્ત થાય છે આ વિલાસ સહન કરીને કોઢિયાના સ્વરૂપે અહિં આવ્યો છું. ૨૨ તે પછી જેમ (રાત્રિવિકાસી) કમલિની ચાંદનીવડે શુદ્ધ વિકસ્વરપણા થકે જેને પ્રસન્ન-પ્રફુલ્લ થાય તેમ, તે રાજકન્યા પોતાના પતિને સુંદર સ્વરૂપવાળો જોઈને પ્રસન્ન થઈ-આનંદ પામી.૨૨૧ પછી વિદ્યાધરે પણ પ્રજ્ઞપ્તિ નામની વિદ્યાથી પોતાના સમગ્ર પરિવારને ત્યાં બોલાવ્યો, જેથી તેજ ક્ષણે તે ત્યાં હાજર થયો.૨૨૨ વળી તે વિદ્યાધરે પોતાની વિદ્યાના બળથી તે સ્થાને એક ભવન (રાજમહેલ) તૈયાર કર્યું. તે ભવન નાના રત્નના હજારો થાંભલાઓ ઉપર સ્થિર થયેલું જણાતું હતું. તેના ઉપરની સુંદર પુતળીઓનાં રૂપ જોવા માટે દેવ ઓના મન આકર્ષાઈ જતાં હતા, તે જાણે કોઈ દૂર પ્રદેશથી આવ્યું હોય અને વિશ્રાંતિ માટે ત્યાં સ્થિર થયું હોય તેવું જણાતું હતું. મોટા મોટા ઝરૂખા (ગોખ) રૂપ પોતાના અનેક મુખોને મોકળાં કરી તે જાણે વાયુને પી જતું હોય તેવું લાગતું હતું, નીલમણી રત્ન કાંતિની પ્રભાના તરંગોવડે વ્યાપ્ત થયેલી પૃથ્વીરૂપ સમુદ્રમાં તે સ્થિતિ કરી રહ્યું હતું. તેના ઉપર ધ્વજ-પતાકા ફરકી રહી હતી,તેની શોભા એક વિમાનના જેવીજ જણાતી હતી, તેની અંદરના ભાગમાં નગર વાસીઓના નિવાસોની રચના પણ કરી હતી, તેના ઉપરના ભાગમાં રત્નોની પ્રભાપંક્તિ શોભી રહી હતી અને તેમાં સાત માળની રચના

આ તમારી પુત્રી આજ ભેગવિલાસી થઇ છે ૨૪૮ હે રાજા ! 'ભેગી પુરુષોને સર્વ ઠેકાણે ભેગો પ્રાપ્ત થાય છે" આ પ્રાચીન પંડિતોના સુભાષિતની પરીક્ષા કરવા માટે મેં એ માયા કરી હતી. ૨૪૯ પણ મને આ સ્ત્રીનો લાભ થયો તેથી એ વચન સત્ય થયું છે હે રાજા ! આ મારૂં વચન અત્યંત પ્રતિષ્ઠિત સત્ય છે એમ તમે માનો." ૨૫

વિદ્યાધર રાજાએ જ્યારે એ પ્રમાણે કહ્યું ત્યારે રાજાનાં રોમાંચ હર્ષથી પ્રફુલ્લ થયાં. હવે મદનમંજરીને કહ્યું કે ૨૫૧ "હે વિનયવાળી સુત પુત્રિ ! મેં તારાપર આજ્ઞા કરી છે-નિર્દયતા વાપરી છે તો પણ તું તારા પોતાના મનને મારાપર સ્થાપું કર, કૃપાળુ કર, અને પ્રસન્ન કર " ૨૫૨ તે સાંભળી પવિત્ર આચારવાળી તે મદનમંજરી બોલી કે "હે પિતા ! આ તમે શું કહો છો ? તમે તો એવા પ્રકારનું મને વરદાન આપીને ઉલટો મારાપર ઉપકાર કર્યો છે ૨૫૩ અરે જેના સેંકડો ઉપકારો કરીને પણ ઉતરાં[?] અણમુક્ત થઇ શકાતાં નથી એવા પોતાના પિતાપર એવો કયો બુદ્ધિમાન મનુષ્ય હોય કે કોપ કરે ?" ૨૫૪ તે વખતે રાજા એકદમ હર્ષમાં આવી તેને બોલી ઉઠ્યો કે, "હે પુત્રિ ! તું આ પ્રમાણે મને પ્રિય વચન જ કહે છે તેથી ખરેખર કુળવાન છે. જેમ સાગરને પગનિ[?] ઘર્ષણ કરી નાખવામાં આવે તો પણ તે શું કરી થાય છે ! ૨૫૫ હે પુત્રિ ! મેં કુતપમાં અને તે કુળવાન મનુષ્યોમાં આશ્ચર્યકારક વિચાર રેખા મેળવી છે ૨૫૬ તે પછી હેમરથ વિદ્યાધરે, રાજાનો હાથ પકડીને તેને સાથ નમ્યો અને તે બન્ને પિતાપુત્રી વચ્ચે પૂર્વની પેઠે પરસ્પર પ્રીતિ વધારી આપી. ૨૫૭ પછી રાજા, તે વિદ્યાધરને મદનમંજરીની માતાને મળવા માટે તથા તેને આનંદ ઉપજાવવા માટે સત્વર પોતાના મહેલમાં તેડી ગયો

આવ્યો, જેથી આ તો અપશુકન થયા, એમ માનીને રાજા ત્યાં ઉભો રહ્યો.[૧૩૭] થોડો વખત ત્યાં ઉભો રહીને તે આગળ ચાલ્યો એટલે જાણે હસતી હોય તેમ ચોતરફ સર્વ પ્રકારનાં પ્રયોગો કરી રહેલી પૂતળીઓ પુતળાંઓ તેના જોવામાં આવી.[૧૩૮] એ રીતે વિચિત્ર પ્રકારના અનેક આશ્ચર્યો જોતો જોતો રાજા મહેલના અદ્ભુત સાતમા માળ ઉપર ચઢ્યો.[૧૩૯] ત્યાં વિદ્યાધરેન્દ્ર રાજા સિંહાસન ઉપર બેઠો હતો. તેણે રાજાને આવતો જોઇ સન્માનપૂર્વક તેને અભ્યુત્થાન આપ્યું, અને પ્રણામ કરી તુરત જ પોતાના આસન ઉપર તેને બેસાડ્યો. પછી તે વિદ્યાધરે પોતાની પત્ની મદનમંજરીને ત્યાં બોલાવી એટલે તે પણ ત્યાં આવીને પોતાના પિતાના ચરણમાં પ્રણામ કરી બે હાથ જોડીને ઉભી રહી.[૧૪૦-૧૪૧] રાજાએ પોતાની પુત્રીને ઓળખી લીધી અને મનમાં એક જાતનો વિચાર કર્યો કે "ઓ વિધાતા! કોઈ પુણ્યના વશમાં તું પુત્રી આપીશ નહિ. કેમકે તે પુત્ર નામના કીડાઓની પેઠે પોતાના જન્મસ્થાન જેમ એકદમ દૂષિત કરે છે. ખરેખર શ્રીમાન લક્ષ્મીના જેવી ચંચળ હોય છે. નદીની પેઠે નીચ મનુષ્યો સાથે ગમન કરનારી હોય છે અને મધ પાની પેઠે એક ક્ષણમાં રાગ (રંગ તથા સ્નેહ) વાળી જોવામાં આવે છે. વળી તે કુળને દુઃખ આપનારી થાય છે.[૧૪૨-૧૪૪] દિવે સ્ત્રીઓને પ્રત્યક્ષ અગ્નિની પેઠે નાશ કરનારી ઉત્પન્ન કરી છે. કેમકે તે ન કરવા લાયક હોય—નાલાયકી હોય તો કુલવાનમાં મનુષ્યને મલિન દૂષિત કરે છે.[૧૪૫] ખરેખર મારી આ પુત્રી કુળને કલંક લગાડનારી જણાય છે કેમકે આણે પોતાના પરિણીત વરનો ત્યાગ કરી બીજા વરનો આશ્રય કર્યો છે.[૧૪૬] એ પ્રમાણે રાજા ચિંતામાં પડી જઈને મનમાં ખેદ કરતો હતો, તે જોઈને વિદ્યાધરે કહ્યું — તમે ખેદ સહન કરો મા.[૧૪૭] તમે કોપ કરીને આ મદનમંજરીને જે કોરડાઓ વડે મરાવ્યો હતો તેમ હું પોતે પણ ખરેખર

ચામડી, હાડકાં, મજ્જા, આંતરડાં અને વિષ્ઠા વગેરેના પાત્રરૂપ આ શરીર કૃતઘ્ન, અસાર તથા અનિત્ય જણાય છે ૨૭૨ તો પણ માતાના દૂધથી પોષણ પામેલા આ દેહમાંથી કેળના વૃક્ષમાંથી જેમ કેળાં ગ્રહણ થાય છે તેમ, એકજ ફળ અને એકજ સાર ગ્રહણ કરવાનો છે, તે એજ કે ધર્મનું સેવન. ૨૭૩ કેમકે ધર્મથીજ મનુષ્યોને આ લોકના તથા પરલોકના સર્વ ઇચ્છિત અર્થો-ભોગ વૈભવો પ્રાપ્ત થાય છે ૨૭૪ એટલુંજ નહિ પણ ધર્મથીજ દેવાંગનાઓએ કરેલા સંગીતથી પ્રસન્નચિત્તવાળા અને ઇચ્છા પ્રમાણે કામ પૂર્ણ કરનારા દેવો થઇ શકાય છે ૨૭૫ છ ખંડ ભરતક્ષેત્રના અધિપતિઓ નવ નિધિના ઇશ્વરો આ સર્વ ચક્રવર્તિઓ ધર્મથીજ થયા કરે છે ૨૭૬ વળી ચોત્રીસ પ્રકારના અતિશયોથી પ્રકાશી રહેલા આ જિનેશ્વરો પણ ધર્મનાજ પ્રભાવથીજ ત્રણ જગતના મનુષ્યોમાં પૂજ્ય થાય છે ૨૭૭ અને સૌભાગ્ય, રૂપ તથા પરાક્રમ આદિ પ્રત્યેકના ચિત્તને હર્ષ ઉપજાવનાર જે જે વસ્તુ જગતમાં જોવામાં આવે છે તે પણ ધર્મનો દીપજ છે ૨૭૮ અરે! એટલુંજ નહિ ધર્મના પ્રભાવથી જીવ અનંત, સનાતન નિરાબાધ અને અતુલ એવા મોક્ષ સંબંધી સુખને પ્રાપ્ત કરે છે ૨૭૯ એ પ્રમાણે હે ભવ્યજનો! ધર્મના પ્રભાવને જાણીને ભાવ તથા આદરપૂર્વક નિરંતર ધર્મમાંજ લક્ષ આપો. ૨૮૦ વિદ્યાધર હેમરથે ગુરૂ પાસેથી એ ધર્મનો પ્રભાવ સાંભળીને તેમને નમન કર્યું અને પછી તે બોલ્યો કે હે ભગવન્! મેં પૂર્વજન્મમાં કેવું કયું પુણ્યકાર્ય કર્યું હશે?" ૨૮૧

ગુરુ બોલ્યા— હે મહાભાગ! તું તારો પૂર્વજ મને સાંભળ, જે સાંભળીને તું પોતે પણ પવિત્રાત્મા થઈશ. ૨૮૨

પૂર્વે કુંભનગરના ગામમાં ભદ્રિક સ્વભાવનો એક કુલપતિ હતો. તેનું નામ ધનદેવ હતું તેને યશોમતી નામની એક સ્ત્રી હતી. એ કુલ-

અને ત્યાં ઉત્તમ રસોઇઆઓએ કરેલી સ્વાદિષ્ટ રસોઇથી તે નિષાદને પરિવારની સાથે જમાડ્યો. ૨૫૮-૨૫૯ ઉપરાંત અલંકારો આપ્યાં તથા વસ્ત્રાભરણ આપી રાજાએ પોતાના જમાઈની પેઠે પરિવારની સાથે સત્કાર કર્યો.૨૬૦ તેમજ પોતાની માન્ય પુત્રીને એ વાર્ગમાં બેસાડી, ઉત્તમ વસ્ત્રાભરણ અર્પણ કરી સુંદર ભિન્ન વસ્ત્રોથી સન્માન આપ્યું.૨૬૧ પછી દેવરથ રાજાની રજા લઇ પોતાની પત્ની સાથે વિમાનમાં બેસીને પરિવારની સાથે આકાશમાં ચાલ્યો ગયો. ૨૬૨ એક મુહૂર્તમાં તે તે પોતાના નગરમાં જઇ પહોંચ્યો અને ઉત્સવપૂર્વક નગરમાં દાખલ થઇ ઘણા વર્ષો સુધી નિષાદેન્દ્ર રાજા તરીકે રહ્યો.૨૬૩ એક દિવસે ઉદ્યાનપાળે (માળીએ) આવીને રાજાને વિનંતિ કરી કે હે મહારાજ! આજે આપના બાગમાં સુવ્રતાચાર્ય નામે જ્ઞાની સાધુ પધાર્યા છે તે પોતાના સર્વોત્તમ જ્ઞાનથી સર્વ પ્રાણીઓના ભૂત ભવિષ્ય સંશયોને દૂર કરી રહ્યા છે. ૨૬૪ ૨૬૫ જેમ મેઘગર્જનાના સાંભળીને મયૂર આનંદ પામે તેમ, જ્ઞાની મહારાજના આગમન સમાચાર સાંભળી રાજા અત્યંત આનંદ પામ્યો અને ઉત્તમ વાહન તૈયાર કરાવી, અનેક રાજકીય પરિવાર સાથે લઇ શિષ્ટાચાર પ્રમાણે પોતાની શોભિત વંદન કરવાને નીકળ્યો ૨૬૬-૨૬૭ ત્યાં જઇને રાજા ચામર, છત્ર, મુકુટ, મોજડી વગેરે રાજ ચિન્હોનો ત્યાગ કરી આચાર્ય મહારાજની સમીપ ગયો અને સંસાર સમુદ્રમાંથી મુક્ત થવા માટે દ્વાદશાવર્ત વંદન કરી બીજા સાધુઓને પણ ભક્તિપૂર્વક નમન કર્યું. ૨૬૮-૨૬ તે પછી રાજા વગેરે જ્યારે બેસી ગયા ત્યારે આચાર્યે અધર્મનો નાશ કરનારી ધર્મ દેશના કરવાનો આરંભ કર્યો. ૨૭ હે ભવ્યજનો! અપાર એવા સંસારનો અંત કરી રહેલાં પ્રાણીઓને મુક્તિ દેવા આવ્યાનો વરે આ મનુષ્ય જન્મ ખરેખર દુર્લભ છે ૨૭૧ વળી આ મનુષ્ય જન્મમાં પણ સ્થિર, દાક્ષ્ય,

જેવો મનુષ્ય કોણ માત્ર ? ૧૯૩ મારે આઇ પિતા, પુત્ર કે સ્વામી
કોઇ પણ નથી. અને મારવામાં જ સધી નિશાનના ગાન આપવા
જેવું છે ૧૯૪ માટે તમે મારા પર ક્રોધનો ત્યાગ કરો. કેમકે
તમે તો પ્રાણી માત્રને આનંદન આપો છો તો મારા પર કૃપા
કરી સ્વચ્છ મનવાળા થઇને તમે મારી પીઠ પર હાથ મૂકો." ૧૯૫
તે પછી મુનિ ધ્યાન પારીને-ધ્યાન મુક્ત થઇને ધનદેવ પ્રત્યે બોલ્યાઃ-
"અરે ! સાધુઓ તો સ્વભાવિક રીતેજ ક્રોધરૂપ યોદ્ધાને સદા જિત
નારા હોય છે ૧૯૬ જેથી તેઓ પોતાના અપરાધ કરનારા ઉપર
પણ કદી ક્રોધ કરતા નથી. હે ભદ્ર ! તારા ઉપર તો મારે ક્રોધ કરવાનો
અવકાશજ ક્યાં છે ? કેમકે તુ તો કેવળ નિરપરાધી છે ૧૯૭ જે
પ્રાણી કોઇનો અપરાધ કરી પશ્ચાતાપ કરે છે તે પણ ક્રોધને
પાત્ર નથી—અર્થાત્ તેના ઉપર પણ ક્રોધ કરવો યોગ્ય નથી તો પછી
તારા નિરપરાધી ઉપર તો ક્રોધ કેમ થઇ શકે ? ૧૯૮ માટે હે ભદ્ર !
ભયનો ત્યાગ કરી શાંત થઇને તુ મારૂ વચન સાંભળ જેથી જ માં
તરમાં તુ કદી દુખી ન થાય. ૧૯૯ હે ભદ્ર ! તને પોતાને જેવો
મૃત્યુથી ભય છે તેવોજ બીજા પ્રાણીઓને પણ ભય હોય છે એમ તારે
જાણવું. * અરે ! "તુ મરી જા" એમ કહેવા માત્રથી પણ પ્રાણી
દુખી થાય છે તો પછી તેના પર તીક્ષ્ણ શસ્ત્રોનો પ્રહાર કરવામાં
આવે તો દુખી થાય, એમા શું આશ્ચર્ય હોય ? * ? કીટ કીડીઓ
પ્રભુનું સ્વામિત્વ હોય એમ નહિ. ૭૦૪ માટે વૃથા આમને અપમાનીને તું તારી પોતાની લાઘવતા પ્રકટ કરે છે! ખરેખર તું તો પરમ ઘરમાં કોઈને પૂછ્યા વિના પેસી જઈને પછી આ બેઠેલા કોઈ મૂર્ખના જેવો દેખાય છે।” (પોતાથી મોટાને પરખવો એ મોટો મુશ્કેલ છે!) ૭૦૫ કુમારે એ પ્રમાણે પ્રભુ માટે પેલો યક્ષ પણ પ્રભુ સામે ક્રોધ કરીને બોલ્યો—“ રે! રે! ઓ મૂર્ખ! તું નથી જાણતો કે હું આ ચૈત્યનો સ્વામી છું. માટે તું જાણ કે આ સમયે હું તને યમરાજનો અતિથિ બનાવું છું. (તું પોતાનો અપરાધ ક્ષમા કરાવતો નથી ઉલટો) મારી સામે ઉત્તર આપે છે માટે આવ, તું તારા ઇષ્ટદેવનું સ્મરણ કરી લે.” ૭૦૬-૭૦૭ યક્ષનું એ વચન સાંભળી કુમાર ખડખડાટ હસી પડ્યા. તેણે કહ્યું કે તું પોતાની દેવજાતિને જ શું વ્યર્થ કરે છે! અરે ઓ! તું નથી જાણતો કે દેવતાઓ પણ સત્પુરુષોનું વાત્સલ્ય કરે છે ૭૦૮ તથા મુનિઓને ઇન્દ્ર જેવા તો તેઓના તાબેદાર હોય છે અને તે, સામાન્ય માણસ સમાન જ રહે છે માટે આવ, મારી સામે આવ. ૭૦૯ કુમારની એ નિર્ભય વાણીથી યક્ષે તેનું અદ્ભુત સાહસ જાણી લીધું, પછી તેના પર વૃદ્ધિ પામેલા પ્રેમને લીધે દેવપ્રકૃતિની અવગણના રહેલી પ્રતિભાએ (અર્થાત્ દર્પનું અવલંબન કરી) યક્ષ બોલ્યો કે હે સ્વામી! તમે તમારા સાહસને લીધે મને વશ કર્યો છે. હું તમારા દર્શનથી પ્રસન્ન થયો છું અને તમારા સેવાભાવને પ્રાપ્ત થયો છું. માટે (મારી એ પ્રાર્થના છે કે) હું સામાન્ય તમારો અનુચર થઈ-ને સાથે સાથે રહું. ૭૧૦-૭૧૧ તે વેળા રાજપુત્રે પણ પૂર્વ-જન્મમાં જાણે પોતાના પરિચયવાળો હોય તેમ એ દેવ પર પ્રીતિ કરી તેને પ્રસન્ન કર્યો. કેમકે સજ્જનોનું મન સદા પ્રસન્ન હોય છે-દયાળુ હોય છે. ૭૧૨ એક ક્ષણવાર તે વૃક્ષ નીચે વિશ્રાંતિ લીધા

ઉત્તર આપ્યા વિના જ તેની પ્રાર્થનાને સ્વીકારી લીધી, કારણ કે કયો બુદ્ધિમાન પુરુષ પોતાને મનગમતી યોગ્ય વસ્તુનો લાભ કરવા ઇચ્છે ! [૨૨૫] તે પછી હિમાલય પર્વત, શંકર જોડે જેમ પાર્વતીને પરણાવે તેમ, એ ગ્રહસ્થે ઘણાજ આડંબર પૂર્વક પોતાની પુત્રી રાજકુમારને પરણાવી.[૨૨૬] કેટલાક દિવસ સુધી તે શ્રીમતી સાથે પોતાની ઇચ્છાનુસાર તેણે સુખ ભોગવ્યું અને પછી તે રાજકુમાર દેશ જોવાની ઇચ્છાથી આગળ ચાલ્યો.[૨૨૭] તે આ શ્રીમતીએ તેને ભાતું આપ્યું હતું. અને માર્ગમાં ચાલવામાં તેને જ્યારે થાક લાગ્યો ત્યારે માર્ગમાં કોઇએક નવું હોય તેવો સુંદર મઠ બનાવેલો એક વડ તેના જોવામાં આવ્યો. [૨૨૮] અને કાન્તા, ધવલ અને વરુણી જેમ એ વડની છાયા ગ્રીષ્મઋતુમાં શીતળ રહેતી હતી, શીતઋતુમાં ગરમ રહેતી હતી એ રીતે સર્વને સુખ આપનાર થઈ પડતી હતી; તેથી રાજકુમારે એ વડનો આશ્રય કર્યો.[૨૨૯] તે સમયે પોતાના મિત્રે આપેલા આસનપર તે કુમાર જેવામાં બેસે છે કે તેજ વેળાએ વડમાં રહેનારા યક્ષ પ્રત્યક્ષ થઇને કુમારને કહ્યું—[૨૩૦] "અરે ઓ ! તું કોણ છે ! કોની આજ્ઞાથી આ મારા આશ્રય તળે બેઠો રહ્યો છે ! અરે ઓ સ્વચ્છંદ મનુષ્ય ! જો તારે રહેવાની ઇચ્છા હોય તો સત્વર અહીંથી ચાલ્યો જા. [૨૩૧] તે સાંભળી પોતાનું પરાક્રમ તથા વિવેક કરવાની ઇચ્છાને ગુપ્ત રાખી કુમાર બોલ્યો. અમને અપાયો આશ્રય કરવાની ઇચ્છા થઇ તેથી આ વૃક્ષ પાસે અમે આવ્યા છીએ. [૨૩૨] પ્રભુએ વૃક્ષોને ઉત્પન્ન કર્યા છે તે સર્વનો ઉપકાર કરવા માટે ઉત્પન્ન કર્યા છે. વળી આ વૃક્ષ સરીઆમ રસ્તા પર આવેલું છે તો તેના પર તું પોતાનું સ્વામિત્વ કેમ કરે છે ! [૨૩૩] તું નથી જાણતો કે વૃક્ષ, મેઘ, નદીઓ અને સૂર્ય મંડળ વિગેરે, પરાણી મોજ સર્વનો ઉપકાર કરી રહ્યા છે. તેઓના પર

એમનું સ્વામિત્વ હોય એમ નહિ. ૩૭૪ માટે વૃથા આપને આશાતના
તું તારી પોતાની શામાટે કરાવ કરે છે? ખરેખર તું તો જગત
ઘરમાં એમને પૂછ્યા વિના ઘુસી જઈને મંત્રી થઈ બેઠેલા એવા
મૂર્ખના જેવો દેખાય છે!" (પાપીઓ અહીંને પાપથી અર્થ બનેલો
જણાય છે!) ૩૭૫ કુમારે એ પ્રમાણે પ્રભુ સ્તવ્યા ત્યારે પેલો યક્ષ ખૂબ
ગુસ્સે થઈને એકદમ બોલ્યો—"રે! રે! ઓ મૂર્ખ! તું નથી
જાણતો કે હું આ વનનો સ્વામી છું માટે તું જાણ કે આ સમયે
હું તને યમરાજનો અતિથિ બનાવું છું. (તું પોતાનો અપરાધ કબૂલ
કરતો નથી પણ ઉલટો) મારી સામે ઉત્તર આપે છે માટે આવ,
તું તારા ઇષ્ટદેવનું સ્મરણ કરી લે." ૩૭૬-૩૭૭ યક્ષનું એ વચન
સાંભળી કુમાર ખડખડાટ હસી પડ્યા. તેણે કહ્યું કે તું પોતાની
દેવઅતિથીજ થઈ ગર્વ કરે છે! અરે ઓ! તું નથી જાણતો કે
દેવતાઓ પણ સત્પુરુષોનું દાસત્વ કરે છે ૩૭૮ વળી મુનિઓને
ઈષ્ટ છે તે તેઓની તરફદારી હોય છે અને તે, સદાકાળ ભાગ્ય
શાળીઓ જ રહે છે માટે આવ, મારી સામે આવ. ૩૭૯ કુમારની
એ નિર્ભય વાણીથી યક્ષે તેનું અદ્ભુત સાહસ જાણી લીધું, પછી તેના
પર હર્ષ પામેલા પ્રેમને લીધે રત્નવૃષ્ટિની અપેક્ષા રહેલી પ્રતિમામાં
(અર્થાત્ હર્ષનું અટ્ટહાસ્ય કરી) યક્ષ બોલ્યો કે હે સ્વામી!
હવે તમારા સાહસને લીધે મને વશ કર્યો છે. હું તમારા દર્શનથી
પ્રસન્ન થયો છું અને તમારા સેવકભાવને પ્રાપ્ત થયો છું. માટે
(મારી એ પ્રાર્થના છે કે) હું હંમેશાં તમારો અનુચર થઈ-
સેવક ભાવે સાથેજ રહું ૩૮૦-૩૮૧ તે વેળા રાજકુંવરે પણ પૂર્વ-
જન્મમાં આવે પોતાના પરિચયવાળો હોય તેમ એ દેવ પર પ્રીતિ
કરી તેને પ્રસન્ન કર્યો. કેમકે સજ્જનોનું હૃદય સદા કોમળ હોય છે—
હોય છે. ૩૮૨ એ વખતે તે યક્ષ નીચે નિયતિ લીધા

પછી ત્યાં ભોજન કરીને કુમાર, નંદિ તથા ભદ્રિ નામના પોતાના
બે મિત્રો સાથે જેમ શંકર ભ્રમ કરે તેમ, તેઓ બન્ને સાથે ત્યાંથી આગળ
ચાલ્યો. ૩૮૩ માર્ગમાં આકાશ માર્ગે ગમન કરીને યક્ષે, કુમારની
દ્રષ્ટિને આનંદ આપવા માટે અનેક પ્રકારની ચેષ્ટાઓ કરી અને તેના
મનને આશ્ચર્ય પમાડ્યું. ૩૮૪ વળી તે વેળા કોઈ એક મુસાફર
રથમાં બેસીને જતો હતો તેની સ્ત્રીને યક્ષે હરી લઈને અંતર્હિત
કરી દીધી, ત્યારે પેલો મુસાફર, આકુળવ્યાકુળ થઈને કુમારના પગમાં
પડ્યો અને વિલાપ કરવા લાગ્યો કે હે દેવ! કોઈ અધમ
પ્રાણીએ મારી સ્ત્રીને હરી લીધી છે. ૩૮૫-૩૮૬ તે સાંભળી
કુમારે હસીને તેને કહ્યું—"ભલા ઓ બાયલા! પોતાની સ્ત્રીનું
પણ જો તું રક્ષણ કરી શકતો નથી, તો પછી મસ્તક ઉપર મહાપાપોનું
ચાલવું આવ્યું ત્યાર, એમાં શું આશ્ચર્ય છે!" ૩૮૭ પછી તે વેળા
યક્ષ પણ પ્રત્યક્ષ થઈને બોલ્યો—"હે સ્વામી! આ મુસાફર પોતાના
ભાગ્યની સાથે આવ્યો રથ તમને જો અર્પણ કરી દે તો પોતાની
સ્ત્રી મેળવે" ૩૮૮ તે સાંભળી કુમારે કહ્યું—"મારે એના રથની કંઈ
જરૂર નથી, તું એને એની સ્ત્રી સોંપી દે." કુમારના એ કહેવાથી
યક્ષે તેની સ્ત્રીને પ્રગટ કરી ૩૮૯ એવા પ્રકારની તે યક્ષની ચેષ્ટાઓ
જોઈને કુમારે મનમાં વિચાર કર્યો કે મને, આનંદ આપવા માટે
આ નાટકી પણ ઠીક મળી આવ્યો છે ૩૯૦ ફરી પણ માર્ગમાં
પોતાના સ્વામીને વિનોદ આપવા માટે યક્ષે કેટલીક સ્ત્રીઓને વસ્ત્ર-
રહિત કરી મૂકી અને કેટલીકને કાપી નાખેલા કેશવાળી કરી મૂકી.
૩૯૧ વળી કોઈ એક મુસાફરના રથને બળદો વિનાનો કરી બળદો
વિના પણ વેગથી દોડી જતો બનાવ્યો. ૩૯૨ એ પ્રમાણે તે યક્ષ
ભક્તિવાળા સેવકની પેઠે કુમારના પરિશ્રમને દૂર કરવા માટે
ભાત ભાતની ચેષ્ટાઓ કરવા લાગ્યો. ૩૯૩ અને કુમાર પણ તેવે

કેટલી ગમતોથી કોઈ પણ સ્થળે પોતાના પરિશ્રમને જાણી શક્યો નહિ. પછી તે પોતાના સહાયકની સાથે રત્નપુર નામના નગરમાં જઈ પહોંચ્યો. ૯૪ તે નગરમાં પ્રવેશ કરતાં જ રાજપુત્રે પટહધ્વનિ સાંભળ્યો, જેથી કંઈ કુતૂહલ સાંભળવો હોય તેમ તેણે પોતાના કાનને તુરતજ તે તરફ સાવધાન કર્યા. ૯૫ (અને સાંભળ્યું કે) "રાજાની વહાલી પુત્રી ભૂત પ્રેતાદિ (નજરે) પડેલી શાકિની વિગેરે ઉપદ્રવથી સપડાયેલી છે માટે જે પુરુષ એને મુક્ત કરશે તેને રાજા ઇચ્છિત વસ્તુ આપશે. આ વાત સાંભળીને શ્રીકુમારે મંત્રના કહેવાથી પટહનો સ્પર્શ કર્યો—તે કામ કરી આપવા પોતે કબૂલ કર્યું. ૯૬-૯૭ પછી પટહ વગાડનારાઓ, રાજકુમારને રાજા પાસે લઈ ગયા એટલે રાજાએ સ્વાગત વચન કહી તેને પોતાના આસન પર બેસાડ્યો. ૯૮ રાજા પણ તે તેવા શ્રીકુમારને જોઈને મનમાં વિચાર કરવા લાગ્યો કે આ તે શું ! શું સ્વર્ગવૈદ્યમાંનો એક વૈદ્ય મારી પુત્રીને સાજી કરવા માટે અહીં આવ્યો છે ! ૯૯ પછી રાજાએ વિનયપૂર્વક પૂછ્યું— હે મહાભાગ ! જેમ વાત કોઈ એક ચિહ્નના જાણવાથી સમજાય હોય તેમ, મારી પુત્રી રોગના સપાટામાં સપડાઈ છે. માટે તેને તમે રોગમુક્ત કરો. કેમકે મંત્રવેત્તાઓનો તેવો કોઈ મંત્ર નથી, તંત્રવાદીઓનું તેવું કોઈ તંત્ર નથી, વિદ્વાનોની તેવી કોઈ વિદ્યા નથી, વૈદ્યોનું તેવું કોઈ ઔષધ નથી અને ઉત્તમ તીર્થવાળેનું કોઈ ઉત્તમ તીર્થ નથી કે જેનો મેં (મારી પુત્રીને સાજી કરવા) ઉપયોગ કર્યો ન હોય ! પણ તે સર્વ આ મનુષ્ય પર કરેલા ઉપકારની પેઠે વ્યર્થ ગયેલ છે. ૧૦૦-૧૦૩ તે પછી મંત્રીની સાથે થોડો કંઈ વિચાર કરીને શ્રીકુમારે રાજાનું વચન સ્વીકારી લીધું એટલે જે અંતઃપુરમાં તે રાજપુત્રી હતી, ત્યાં રાજા શ્રીકુમારને લઈ ગયો. ૧૦૪ શ્રીકુમારે પણ ત્યાં જઈને જો

મંડળ બનાવ્યું અને ચંદન અગર, કપૂર, કસ્તૂરી તથા કેસર વગે-
રેથી તે મંડળનું પૂજન કરી તેમાં પેલી રાજપુત્રીને બેસાડી. [૪૪]
તે પછી પોતે નાસિકાના અગ્રભાગમાં દૃષ્ટિ સ્થાપીને શાંતપણે જાણે
કોઈ મંત્રનું સ્મરણ કરતો હોય તેમ, ધ્યાન લગાવીને બેસી ગયો.
ખરેખર સર્વ ઠેકાણે ભાગ્યશાળીનો જય થાય છે [૪૫] શંખકુમાર
જો કે શુદ્ધ હતો-નિષ્કપટી હતો છતાં તે સમયે તેણે હૃદયમાં કુટિલતા
કરી હતી. કેમકે જેનું નામ [illegible] હોય તે મનુષ્ય, શું પોતાના
નામને સત્ય કરે છે ? [૪૬] જેમ કોઈ એક ધનુષ ઉત્તમ વંશ (વાંસ)
માં જન્મ્યું હોય અથવા તેનો ગુણ (દોર) પોતાના ગુણનામને ધરાવતો
હોય તો પણ કાર્યકાળે તેનામાં વાંકતા થાય તો તે કદિ નિંદ્ય ગણાય
નહિ તેમ આની વાંકતા પણ અનિંદ્ય છે. [૪૭] તે પછી પેલી રાજપુત્રીનો
દોષ ચક્ષુની શક્તિથી તુરત જ દૂર કરાયો. વળી તેણીનો દોષ દૂર થઈ ગયો. કેમકે
જગતમાં બળવાનો કરતાં પણ અધિક બળવાન હોય છે [૪૮] જેમ
ચંદ્રની મૂર્તિ રાહુરૂપ દોષથી મુક્ત થાય તેમ, એ રાજપુત્રી પોતાના
શરીર દોષથી મુક્ત થઈ અને સુશોભિત ચંદ્રની કાંતિની પેઠે શરીરને
અધિક શોભાવનારી કાંતિથી યુક્ત થઈ. [૪૯] તે જોઈ તેણીનાં
માતપિતા વગેરે સગાંઓ મદનમંજરીને નીરોગી થયેલી જાણીને
તેણીનો પુનર્જન્મ જ થયો હોય તેમ માનવા લાગ્યાં, [૫૦] અને
મદનમંજરીનો વર આ ગુણવાન રાજકુમાર જ થાય તો
સારું, આવો વિચાર કરી કુમારને કહેવા લાગ્યા-[૫૧] "તમે
પોતાનું દર્શન આપીને જેમ અમારી દૃષ્ટિને કૃતાર્થ કરી
છે તેમ, હવે પાણિગ્રહણ કરીને આ અમારી પુત્રીને કૃતાર્થ
કરો. [૫૨] પછી રાજપુત્રે કહ્યું કે કોઈ એક પુરુષ જેવા લક્ષણવાળો છે
આ કુળનો ઉત્પન્નનો જ્યાં સુધી નિશ્ચય ન થાય ત્યાં સુધી તેને
પોતાની પુત્રી કોઈ રીતે આપવી ન જોઈએ. "[૫૩] શંખનું એ વચન

સાંભળી ગળગળ બોલ્યો:–" હે સુવિનીત ચકોર કુમાર! જે વિષયમાં પ્રત્યક્ષથી જ વસ્તુસ્થિતિનું ભાન થાય તેમાં બીજાં કયાં અનુમાન પ્રમાણ લેવા બેસે! તમારું કુળ વગેરે, કુલીનના આચાર અને સ્થાન રૂપ આ તમારા દેહથી જ જણાવામાં આવી ગયેલ છે માટે તમે લેશમાત્ર મારું અપમાન કરશો મા.૪૧૪–૪૧૫ તે પછી રાજકુમાર મૌન રહ્યો, એટલે પોતાના વચનને તેણે સ્વીકારી લીધેલું જાણી રાજાએ શુભ દિવસે મોટા ઉત્સવપૂર્વક તેની સાથે પોતાની પુત્રીનાં લગ્ન કર્યા.૪૧૬ પછી રાજકુમાર કેટલાએક દિવસ ત્યાં રહ્યો અને તેણે કામદેવના ગર્વથી પોતાની ઇચ્છાનુસાર વિષયસુખ ભોગવ્યું.૪૧૭ અને પછી ફરી પણ દેશ જોવાને ઉત્કંઠિત બની પોતાની સ્ત્રીની સંમતિ લઈ પેલા બે મિત્રો સાથે તે આગળ ચાલ્યો. આગળ જનાર (સૂર્ય!) કોઈ સ્થળે શું સ્થિર રહી શકે?૪૧૮ પછી તેણે કેટલોએક વખત આગળ ચાલવા માંડ્યું અને બારકાળનો જ્યારે સમય થયો ત્યારે પરિશ્રમને દૂર કરવા માટે મિત્રે કરી આપેલી પાંદડાની શય્યા પર સ્વસ્થ ચિત્તે વિશ્રાંતિ કરી.૪૧૯ નવામાં મધ્યરાત્રિનો સમય થયો, ત્યારે સમીપના પ્રદેશમાં પ્રજ્વલિત જ્વાળાઓવાળા અગ્નિને જોઈને તેણે એ અગ્નિની ખરી ઉત્પત્તિ જાણવા માટે મિત્રને આજ્ઞા કરી.૪૨૦ મિત્ર પણ સત્વર ત્યાં ગયો અને તેના સમીપમાં આવી ત્યાં તે આવીને કુમારને જણાવ્યું કે "હે દેવ! કોઈએક મહાન સિદ્ધ વિદ્યાને સાધી રહ્યો છે પણ જેમ કોઈ નિર્ભાગ્ય મનુષ્યને ચિંતા ચક્રવર્તિનો રસ્તો જોવામાં ન આવે તેમ, અત્યંત પ્રયત્ન કરવા છતાં પણ આ સિદ્ધને વિદ્યાની અધિષ્ઠાત્રી–દેવીનાં દર્શન થતાં નથી. ૪૨૧–૪ હું માનું છું કે તે પોતે જો કે અજ્ઞાન છે તથાપિ આપની મહાત્મ્યથી પોતાની વિદ્યાને સાધી શકે. અમો સાર્થક અવશ્ય સાધક જીવનો છે તેમનું વચન સ્વીકાર કરી—આપ

કરી આપવામાં અતિ કરે જ છે[૪૨૩] તે પછી બહુ સારું, હું મારા
શરીરનો નાશ કરીને પણ તેને સહાય કરીશ, એમ રાજકુમારે કહ્યું,
અથવા સત્ય છે કે સત્પુરુષોનો જન્મ પરાર્થે જ હોય છે[૪૨૪]
કુમાર પણ ઉતાવળો ઉતાવળો પેલા યોગી પાસે ગયો અને તેને કહ્યું
કે હું તારી સહાયમાં છું માટે નિર્ભય થઈને તું તારી વિદ્યાસિદ્ધિ
સમાપ્ત કર.[૪૨૫] એમ કહીને તે શંખકુમાર હાથમાં તલવાર લઈ
યોગીની પાસે ઉભો રહ્યો એટલે યોગીએ ચિત્તની એકાગ્રતા કરી
મહાવિદ્યાનું ધ્યાન કરવા માંડ્યું[૪૨૬] એક ક્ષણ જેટલો સમય ગયો
કે તુરત જ જાણે બીજો કાળ હોય તેવો કોઈ દુર્જય રાક્ષસ હાથમાં
તલવાર લઈ કુમાર આગળ પ્રકટ થયો.[૨૭] તેણે પ્રખર ગદાવી
ભયંકર સ્વરૂપે શંખનો તિરસ્કાર કરી કહ્યું કે અરેરે ઓ મૂર્ખ!
શું વિચારીને તું અહીં આવ્યો છે? હું આ યોગીને મારી નાખીશ,
તું સત્વર અહીંથી ચાલ્યો જા. અન્યથા ઓ ગર્વિષ્ઠ! આ યોગીને
પેઠે તું પણ મરે છે![૪૨૮-૪૨૯] પેલો શંખકુમાર પણ સાહસી
હતો. તેણે એ રાક્ષસને ઉત્તર આપ્યો કે સત્યનો રક્ષક હું અહીં
ઉભો છું, તેથી ઇન્દ્ર પોતે પણ પરાભવ કરવાને સમર્થ નથી તો
પછી તું કોણ માત્ર?[૪૩૦] તે સાંભળી રાક્ષસ અત્યંત ક્રોધાયમાન
થયો, અને દેવેન્દ્ર સામે જેમ દાનવ ધસી જાય તેમ તરવાર ઉગા-
મીને કુમાર સામે ધસી ગયો.[૪૩૧] શંખકુમારે પણ સિંહની પેઠે
નિર્ભય થઈ હર્ષથી તરવાર ઘુમાવવા માંડી અને હાથી જેવા તે
રાક્ષસને મારવા માટે તૈયાર થયો.[૪૩૨] પેલો રાક્ષસ એમ મકળામારે
તરવાર ઘુમાવી રહ્યો હતો. તેવામાં શંખકુમારે પોતાની તરવારનો
પ્રહાર કરી તેની તરવારના બે ટુકડા કરી નાખ્યા.[૩૩] એટલે તુરત
જ રાક્ષસે તરવાર ફેંકી દીધી અને શંખકુમારને પોતાની બાથમાં
લીધો. શંખકુમારે પણ તરવાર મૂકી દઈ રાક્ષસને બાથમાં ઘાલી

ખૂબ રમવા માંડયા.[૪૩૪] એ જેવા વનના બે હાથીઓ ચડે તેઓ બન્ને જબરૂં યુદ્ધ કરવા લાગ્યા, અને ત્યાં ઊભેલા રાજકુમારના મિત્ર મંડળ તથા યોગીને ભય, વિસ્મય તથા દર્પવાળા રસને ઉત્પન્ન કરવા લાગ્યા.[૪૩૫] જાણે બે મલ્લ લડી રહ્યા હોય તેમ, તેઓ બન્ને પગની આંટી નાખીને હાથ વડે અન્યોન્યને બાંધીને તથા મુષ્ટિઓના પ્રહાર કરીને એકબીજાને પૃથ્વી પર પછાડી દેવા લાગ્યા અને વળી તો ઊભા પણ થયા.[૪૩૬] તે વેળા રાજકુમારને એક લાગ હાથમાં આવી ગયો. તેણે તરતજ પોતાનો એ અવસર મેળવી લઈ વેતાલ રાક્ષસનો પગ પકડ્યો અને પોતાના મસ્તકની આસપાસ એક ચક્કર સુધી તેને ભમાવ્યો.[૪૩૭] તે જ ક્ષણે એ રાક્ષસે પોતાનું રાક્ષસી સ્વરૂપ તજી દીધું, અને પોતાના દિવ્યતેજની પ્રતિભાથી દિશાઓમાં ઝળહળાટ કરતી વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી ત્યાં પ્રગટ થઈ.[૪૩૮] પછી તે બોલી કે: હે વત્સ! હું વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી છું. મેં તારા સત્ત્વની પરીક્ષા કરવા માટે જ આવું રાક્ષસી સ્વરૂપ ધારણ કર્યું હતું.[૪૩૯] હે સાત્ત્વિકોમાં શ્રેષ્ઠ કુમાર! જેમ ઉત્તમ પુરુષ અચલ હોય તેમ, તારું સત્ત્વ પણ અમૂલ્ય છે—અપ્રતિરૂપ છે. તેથી હું તારા પર પ્રસન્ન થઈ છું, તને જે કંઈ ઇષ્ટ હોય તે વર તું માગી લે. તેણીએ એ પ્રમાણે કહ્યું, ત્યારે કુમાર બોલ્યો— હે દેવિ! હું જે સમયે તારું સ્મરણ કરું તે સમયે તું મારી પાસે આવજે ૪૪૦–૪૪૧ "તથાસ્તુ" એમ કહીને દેવી અંતર્ધાન થઈ ગઈ. તે પછી પેલો યોગી પણ ઊભો થઈને કુમારને ભેટી પડ્યો અને પોતાનો સ્વાર્થ પૂર્ણ થવાથી અત્યંત પ્રફુલ્લ થઈ તે બોલ્યો કે, હે મહાભાગ! આ સિદ્ધિ તમારી કૃપાથી જ મને પ્રાપ્ત થઈ છે કેમકે ગમે તેવી મુશ્કેલીથી જે અચલ થાય છે તેવા મનુષ્યની સિદ્ધિ જ કરગત હોય છે. ૪૪૨–૪૪૩ ઇત્યાદિ પ્રશંસા કરીને યોગીએ કુમારને અત્યંત આગ્રહપૂર્વક એક ગોળી

આપી, કે જેથી મનુષ્યને આદેશ કરવાની શક્તિ હતી.[૪૪૪] એ ગોળી લઈને કુમારે તે આખી રાત્રિ સિદ્ધની સાથે વાતચીત કરવામાં ગાળી કાઢી, અને સવારમાં તે કોઈક નગરની પાસે જઈ પહોંચ્યો.[૪૪૫] એ નગરમાં એક સ્થળે પહેલેથી જ કોલાહલ થઈ રહ્યો હતો અને ઘણા લોકો એકઠા થયા હતા. તે જોઈને કૌતુક સ્વભાવવાળો કુમાર પણ પોતાના મિત્રને તથા પત્નીને સાથે લઈ ત્યાં ગયો.[૪૪૬] તેની વચ્ચે જઈને તેણે જોયું તો કાકડીઓથી ભરેલું એક ગાડું ત્યાં ઊભું હતું અને તેની પાસે જ કોઈક ધનવાન વાણિયો ઊભેલો જોવામાં આવતો હતો.[૪૪૭] પછી શંખકુમારે કોઈ એક માણસને પૂછ્યું કે કેમ ભાઈ! આ વાણિયો ચીભડાંનો વેપાર કરવાને તો અયોગ્ય દેખાય છે છતાં ચીભડાંના ગાડા પાસે કેમ ઊભો છે?[૪૮] પછી પેલા માણસે કહ્યું કે આ તો એક સાર્થપતિ છે લગભગ કુબેરના જેવો ધનવાન છે. માત્ર ગમ્મતને માટે ચીભડાં લઈને તે આ પ્રમાણે કહી રહ્યો છે કે 'જે માણસ એક કોળિયે ઊભો રહીને આ બધી કાકડીઓ ખાઈ જાય તેને હું પ્રેમથી એક લાખ સોનામહોરો આપું.

પણ કોઈ મનુષ્ય આવું કઠિન કામ કરવા સમર્થ થઈ શકતો નથી, જેથી તેના ઉત્તર માટેની જાણે આશા હોય તેમ, આ સઘળો માલ તેની પાસેના ભાગમાં ભર્યો કરે છે.'[૪૪૯—૪૫૧] તે પછી શંખકુમારે સાર્થપતિના વચનનો સ્વીકાર કર્યો અને ગુટિકાની શક્તિને લીધે એક રમતમાત્રમાં તે બધી કાકડીઓને એક કોળિયાની પેઠે ખાઈ ગયો.[૪૫૨] તે જોઈ સર્વ મનુષ્યો તો વિચારમાં જ પડી ગયા અને કહેવા લાગ્યા કે આ તે કોઈ સિદ્ધ હશે કે દેવ હશે કે વિદ્યાધર હશે! ખરેખર આવાં અદ્ભુત કર્મોથી સર્વને આશ્ચર્ય કરનારો આ પુરુષ કોઈ સામાન્ય મનુષ્ય નથી.[૪૫૩] એ રીતે માણસો કુમારની સ્તુતિ કરી રહ્યાં હતાં તે વેળા પેલો સાર્થપતિ કુમારની પ્રાર્થના કરી

દુરથી જ તેને પોતાને ઘેર લઇ ગયો.૪૫૪ અને ત્યાં આતિથ્યભક્તિની બહુમાનપણાથી ઘણા જ માનપૂર્વક તેને જમાડીને તેની આગળ પોતાની પુત્રીને હાજર કરી બે હાથ જોડી બોલ્યો કે હે દેવ! આ મારી પુત્રી આજથી આપની સ્ત્રી તરીકે થઇ ચૂકી છે અને કૃતાર્થ થઇ છે. હું મારી પુત્રી આપને આપું છું, તેમાં જે કારણ છે તેને તમે સાંભળો, ૪૫૫-૪૫૬ "હું આ જ નગરમાં રહું છું જાતનો વાણીઓ છું. મારૂ નામ સાગર છે હું પૂર્વે ઘણો જ ધનિક હતો, પણ નિર્જલ પ્રદેશોમાં જેમ ક્ષીણતા છે પણ થાય તેમ જે સમયે આ પુત્રી મારે ત્યાં જન્મી તે દિવસથી આરંભી આ પુત્રીના ભાગ્ય વડે મારે ત્યાં અકસ્માત્ ધન આવવા લાગ્યું અને અલ્પસમયમાં જ જળવડે જેમ સરોવર ભરાય જાય તેમ, હું ધનસમૃદ્ધિથી પરિપૂર્ણ થઇ ગયો. ૪૫૭-૪૫૮ આ મારી પુત્રી રૂપમાં સર્વ દેવાંગનાઓનો પરાભવ કરે તેવી છે સર્વાંગે શુભ લક્ષણવાળી છે અને સર્વના મનને આનંદ ઉપજાવે છે માટે લોકોએ આનું "મનોરમા" એવું નામ પાડેલ છે.૪૫ આ જેમ જેમ મોટી થવા લાગી તેમ તેમ, સર્વ કળાઓને શીખી ગઇ અને અનુક્રમે સુંદર તરૂણ અવસ્થાને પ્રાપ્ત થઇ.૪૬ આને યૌવન પામેલી જોઇ તેને માટે યોગ્ય વર મેળવવાના વિચાર સમુદ્રમાં હું ડૂબી ગયો ત્યાં લાગ્યો પણ તેવામાં મારી ગોત્ર દેવીને એક નૈમિત્તિક પાસે મેં પ્રાપ્ત કરી ૪૬૧ તેણે મને આ સમય કહ્યો એટલે તેણે આપને આના વર તરીકે જણાવ્યા અને આપની પરીક્ષા કરવામાં ડાકીણીઓના લક્ષણને અભિજ્ઞાન-ઓળખવાના સાધનરૂપે જણાવ્યું. ૪૬૨ માટે પુણ્યથી પ્રાપ્ત થયેલી આ મારી પુત્રીને તમે પરણો." એ પ્રમાણે સાંભળીને રાજકુમાર જ્યારે મૌન રહ્યો ત્યારે તે અત્યંત ઉદારચિત્તવાળા સાગરશેઠીએ કુમારની સાથે મોટા ઉત્સવપૂર્વક પોતાની પુત્રીનાં લગ્ન કર્યા. ૪૬૩ ૪૬૪ પછી એ નવી પરણેલી મનોરમા

કોઈએ જોરથાયો તે કુમારના મનને કંઈક આશ્ચર્ય કે તુરત જ કૌ જોવાની ઇચ્છાએ પણ કુમારના તરફ પ્રકાશ કર્યા—અર્થાત્ કૌ જોવાની ઇચ્છા તેને સ્ફુરી આવી.[૪૧૫] પોતાની તે ઈચ્છા, મનોરમાને જણાવીને તે રાજકુમાર પોતાના મિત્રોની સાથે ત્યાંથી આગળ ચાલ્યો. કેમકે ભવિતવ્યતાના અંતરંગ પ્રસંગો કાંઈ પ્રમાદને નાશ કરી શકાતા નથી.[૪૧૬] પછી તે રાજકુમાર અનુક્રમે ચાલતાં ચાલતાં ઉત્સવપૂર્વક જનસમુદાયથી વ્યાપ્ત એવી મિથિલા નગરીમાં આવી પહોંચ્યો, જે નગરી અતિસ્વરૂપ મુખવાળા દેવોથી પણ પાણી પૃથ્વીપર આવેલા સ્વર્ગ સમાન જણાતી હતી.[૪૧૭] એ નગરીમાં જેની આજ્ઞાને શત્રુરાજાઓ પણ નત થઈને ધારી રહ્યા હતા તેવો એક રાજા, સ્વર્ગ જેવી સમૃદ્ધિઓથી સમૃદ્ધિમાન રાજ્યનું પાલન કરતો હતો.[૪૧૮] તે રાજાને 'મુક્તી' નામની એક પટરાણી હતી, જે પતિવ્રતા હતી અને જેણીના શીલના પ્રતાપથીજ જગતમાં કંઈક સ્થાન થઈ ગયો છે.[૪૧૯] તે રાણીના ઉદરથી નાની તળાવડીમાં જેમ એક હસતી કમળ થાય તેમ, રવિસુતા નામની એક પુત્રી જન્મી હતી, જેણીની રૂપસંપત્તિ જોવાને માટે ઇન્દ્રને એક હજાર નેત્રો કરવાં પડ્યાં.[૪૨૦] એ રાજપુત્રી, વિદ્યામાં સરસ્વતી સમાન હતી, રૂપમાં કામદેવની સ્ત્રી સમાન હતી અને સૌભાગ્યમાં લક્ષ્મી સમાન હતી. તેણી અનુક્રમે યુવાવસ્થાને પ્રાપ્ત થઈ.[૪૨૧] પણ કોઈક કારણને લીધે તે રાજપુત્રી પુરુષનો દ્વેષ કરનાર થઈ અને તેજ કારણથી તે પોતાના પાણિગ્રહણના નામને પણ સહન કરી શકતી નહિ.[૪૨૨] તે સમયે રાજા (તેણીનો પિતા) આવી ચિંતા કરવા લાગ્યો કે પિતાને ઘેર રહેતી આ પુત્રી ખરેખર અપકીર્તિને માટેજ થઈ પડી, કેમકે તે વિવાહને ઇચ્છતી નથી, તો હવે આ સંસારમાં મારે શું કરવું, કોનો આશ્રય કરવો ! અથવા હું ક્યાં જાઉં ! આવા પ્રકારની ચિંતાથી

નદીમાં રાજા ડૂબી જવા લાગ્યો, ધમધમ બેભાન જેવો બની ગયો અને જાણે કે ભયથી આકુળ બની ગયો હોય તેમ તેનાથી બોલાતું પણ બોલાતો ન હતો અને તેને નિદ્રા પણ આવતી ન હતી. ૪૭૩-૪૭૪ રાજાની આ અવસ્થાનું કારણ નગરવાસીઓમાં પણ જાહેરમાં પ્રસિદ્ધ થયું. તે સાંભળીને રાજકુમાર રાજ્યનું મન ઉત્સુક તેને (રાજકુમારીને) મળવા માટે આતુર બન્યું. ૪૭૫ તેણે પ્રથમ પત્ની સાથે પ્રીતિથી વાતચીત કરી અને પછી સિદ્ધ કરેલી પેલી યોગિનીના પ્રભાવથી અદૃશ્ય થઈ ગયો, બતાવેલા માર્ગે કન્યાના અંતઃપુરમાં તે દાખલ થયો. ૪૭૬ ત્યાં અલૌકિક રૂપવાળી તે રાજકન્યાને જોઈને રાજકુમાર મનમાં વિચાર કરવા લાગ્યો કે પોતાના પતિ કામદેવનો ત્યાગ કરીને રતિ શી પોતેજ આ રતિસુંદરી રૂપે અહીં આવી છે કે શું! ૪૭૭ પછી તે સમયે કુમારની સાથે રહેલા યક્ષે પોતાની શક્તિથી પોપટનું સ્વરૂપ ધારણ કર્યું અને પોતાની પાંખોને ફફડાવતો ફફડાવતો પેલી રાજકુમારીની આગળ આવીને ઉભો રહ્યો. ૪૭૮ એટલે તે ઉત્તમ જાતિના પોપટને રાજસભામાં રાખવા લાયક જોઈને રાજકુમારીએ તેને પકડવાની ઇચ્છાથી જેટલામાં તેનાપર હાથ નાખ્યો કે તેજ સમયે પોપટે મનુષ્ય ભાષાથી કહ્યું કે અરે રાજકુમારી! આ શું! તું તો પુરુષોનો દ્વેષ કરનારી છે અને મને પુરુષને સ્પર્શ કરવા તું કેમ ઇચ્છે છે! ૪૭૯-૪૮૦ વળી તારું શરીર પુરુષનો દ્વેષ કરવાપણાથી ખરેખર દૂષિત બનેલું છે જેથી તારો સ્પર્શ પણ ચંડાળના સ્પર્શની પેઠે સર્વથા અશુભ જણાય. ૪૮૧ તે સાંભળી રાજકન્યા હસીને બોલી કે હે પોપટ! તેં કહ્યું તે યોગ્ય નથી. કારણ કે હું એ પક્ષીનો દ્વેષ કરનારી ન હોઉં તો આવા તારા રૂપને પણ કેમ કેમ ગ્રહું! ૪૮૨ હે પોપટ! પુરુષો સિવાય બીજા માત્ર કશું જોવામાં આવતો નથી. તેઓનો સ્નેહ સંધ્યાના રંગના જેવો ક્ષણિક હોય

એકેએ જેટલામાં તે કુમારના મનને કંઇક આકર્ષ્યું કે તુરત તે કૌતુક જોવાની ઇચ્છાએ પણ કુમારના તરફ કટાક્ષ કર્યા-અર્થાત્ કૌતુક જોવાની ઇચ્છા તેને સ્ફુરી આવી. ૪૧૫ પોતાની તે ઇચ્છા મનોરથાને જાણીને તે રાજકુમાર પોતાના મિત્રોની સાથે ત્યાંથી આગળ ચાલ્યો. કેમકે ભવાન્તરના અન્તર્ગત પ્રસંગો શાસ્ત્ર પ્રમાણો બાધ કરી શકતા નથી. ૪૧૬ પછી તે રાજકુમાર અનુક્રમે ચાલતાં ચાલતાં ભિલ્લાણી લક્ષ્મીપુરથી ખાસ એવી મિથિલા નગરીમાં જઇ પહોંચ્યો, જે નગરી અતિરૂપ મુખવાળા દેવોથી સ્વર્ગ પામી પૃથ્વીપર આવેલા સ્વર્ગ સમાન જણાતી હતી. ૪૧૭ એ નગરીમાં એવી ખાતાને વસુધાજનો પણ વઠ ઘાની પાણી રહ્યા હતા તેમાં એક રાજ, સ્વર્ગ જેવી સમૃદ્ધિઓથી સમૃદ્ધિમાન રાજ્યનું પાલન કરતો હતો. ૪૧૮ તે રાજાને સુંદરી નામની એક પટરાણી હતી, જે પતિવ્રતા હતી અને જેણીના શીલના પ્રતાપથીજ ગરુડ કપટ સ્થાન થઇ ગયો છે. ૪૧૯ તે રાણીના ઉદરરૂપી નાની તળાવડીમાં જેમ એક હંસી ઉત્પન્ન થાય તેમ, રતિસુંદરી નામની એક પુત્રી જન્મી હતી, જેણીની રૂપસંપત્તિ જોવાને માટે બ્રહ્માએ એક હજાર નેત્રો કરવાં પડ્યાં. ૪૨૦ એ રાજપુત્રી, વિદ્યામાં સરસ્વતી સમાન હતી, રૂપમાં કામદેવની સ્ત્રી સમાન હતી અને સૌભાગ્યમાં લક્ષ્મી સમાન હતી. તેણી અનુક્રમે યુવાવસ્થાને પ્રાપ્ત થઇ ૪૨૧ પણ કેટલાક કારણને લીધે તે રાજપુત્રી પુરુષોનો દ્વેષ કરનાર થઇ અને તેજ કારણથી તે પોતાના પાણિગ્રહણના નામને પણ સહન કરી શકતી નહિ. ૪૨૨ તે સમયે રાજા (તેણીનો પિતા) આવી ચિંતા કરવા લાગ્યો કે પિતાને ઘેર રહેલી આ પુત્રી ખરેખર અપકીર્તિને માટેજ થઇ પડી, કેમકે તે વિવાહને ઇચ્છતી નથી, તો હવે આ સંસારમાં મારે શું કરવું કોનો આશ્રય કરવો? અથવા હું શું કરું? આવા પ્રકારની ચિંતાથી

૪૯૧ માટે હે ભદ્રે ! પુરુષનો દ્વેષ કરવાના આગ્રહરૂપ આ તારા દોષનો તું ત્યાગ કર. મનુષ્ય જન્મથી દુર્લભ જન્મ પ્રાપ્ત કરીને તેને વૃથા કેમ ગુમાવે છે ?" ૪૯૨ પોપટનાં તે વચન સાંભળ્યા પછી કુમારી બોલી— હે પોપટ ! તેં મને ? કહ્યું તે યોગ્ય છે પણ પુરુષોનું નિર્ગુણપણું મેં પ્રત્યક્ષ જોયું છે સાંભળ. ૪૯૩ પૂર્વ જન્મમાં નર્મદા નામની હું એક બાળકી હતી. મારો જન્મ શુદ્ધ કુળમાં થયો હતો અને સારંગ નામનો બાળક મારો પતિ હતો. અમે નદિકાંઠામાં રહેતાં હતાં. ૪૯૪ હું મારા પતિના જમ્યા પછી જમતી હતી સૂતા પછી સૂતી હતી અને બેઠા પછી બેસતી હતી. જેમ શરીરની છાયા શરીરને અનુસરે છે તેમ, હું પણ સર્વ વિષયમાં મારા પતિને અનુસરી રહેતી હતી. ૪૯૫ એક સમયે લોકોના અભાગ્યને લીધે એ દેશમાં દુષ્કાળ પડ્યો, જેથી સર્વ લોકો માતા પુત્ર આદિથી રહિત અને દુઃખી થઇ પડ્યા. ૪૯૬ તે પછી ક્ષુધાથી વ્યાકુળ થએલ કોઇ લોક ત્યાંથી વિદેશ તરફ નીકળી ગયા, ત્યારે મારો પતિ પણ અને ઉતાવળે બીજા કોઇ દેશમાં જવા તૈયાર થયો. ૪૯૭ એ વખતે મેં તેને કહ્યું કે " હે મિત્ર ! મને અહીં મૂકીને તમારે આગળ જવું તે યોગ્ય નથી. સર્વ વિના બીજો કયો પુરુષ પોતાની મિત્ર સંગતનો ત્યાગ કરે ? ૪૯૮ ઇત્યાદિ યુક્તિવાળાં વચનોથી મેં જ્યારે બહુ કહ્યું, ત્યારે મારા પતિની ઇચ્છા ન હોવા છતાં પણ હું તેની પાછળ પાછળ નીકળી ચાલી. કેમકે છાયા શરીરની પાછળ કેમ ન જાય ! ૪૯૯ એક સમયે જંગલમાં અમે મુસાફરી કરી રહ્યાં હતાં તે વખતે રાત્રિના સમયે હું નિદ્રાવસ્થામાં પડી હતી ત્યારે મને ત્યાં એકલી મૂકીને મારો પતિ ક્યાંક ચાલ્યો ગયો. ૫૦૦ પછી હું જાગી અને મેં મારા પતિને જ્યારે ક્યાંય ન જોયો ત્યારે અત્યંત ભયભીત થએલી હરણીની પેઠે એક-એક મૂર્છિત થઇને હું પૃથ્વીપર ઢળી પડી; ૫૦૧ અને મૂર્છા વળી

છે તેઓમાં પ્રેમનો અંશ પણ હોતો નથી અને તેઓ કેવળ નિર્દયજ હોય છે ૪૮૩ જેમ એક ભમર, સુંઘી સુંઘી પ્રત્યેક પાસ પર મુખ નાખીને બીજી તરફ ચાલ્યો જાય છે તેમ, પુરુષ પણ સ્ત્રીનો ભોગ કરીને ચાલ્યો જાય છે તો પછી પેલા ગર્ભમાં અને પુત્રમાં મોહ રહ્યો ! ૪૮૪ તે બાળના પેટમાં તેની મશ્કરી કરતો બોલ્યો— " વાહ ! વાહ ! મિથ્યા પંડિતમ્મન્ય કેમ થતી મોટી તને ધિક્કાર છે. કેમકે તેં કોઈ એકાદ પુરુષની નિર્ગુણતા ઉપરથી પુરુષની આખી જાતિને દૂષિત ઠરાવી છે ૪૮૫ પણ કે કોઈ એકાદ પોપો ખરાબ નીકળ્યો તેથી (બધા) ઉત્તમ જાતના પોપો પણ તેવાજ હોય, એમ કેમ કહેવાય ! સર્પોમાં કોઈ એક સર્પ ઝેરી હોઈને પૃથ્વીને દૂષિત કરે છે ત્યારે બીજો ભુજંગ પૃથ્વીનો ઉદ્ધાર કરી રહ્યો છે-પૃથ્વીને ધારણ કરી રહ્યો છે ૪૮૬ માટે વિદ્વાન મનુષ્યે, કોઈ એકાદને લીધે એક તેની આખી જાતિને દૂષિત ગણવી નહિ. કેમકે આપણા પોતાના શરીરમાં પણ સર્વ અંગોની સમાનતા જોવામાં આવતી નથી. ૪૮૭ એ રીતે પોતાના શારીરિક અવયવોમાંજ વિષમતાનું તારતમ્ય જોઈને વિચાર કરી લે અરે ! તેવા કોઈ પિતા કે પુત્ર પણ નથી કે જે અન્યોન્યના ગુણોથી સમાન હોય. ૪૮૮ માટે હે મોટા રાજપુત્રિ ! જેમ રસ વિના ભાત અને મદ વિના હાથણી આનંદ પામી શકતી નથી તેમ, પતિ વિના સ્ત્રી પણ આનંદ મેળવી શકતી નથી. ૪૮૯ જેમ કોઈ વેલડી માગ, વૃક્ષના ટેકાજ રહેવાને યોગ્ય હોઈને જમીનપર પડી રહેલી હોય તો શોભતી નથી તેમ, કોઈ કુળવાન સ્ત્રી પણ પતિના આશ્રય વિના કદી શોભતી નથી. ૪૯૦ જેમ મેઘ, નદીઓને સ્વામી બરાબર કરી શકે છે તેમ, આ મનુષ્ય લોકમાં સ્ત્રીઓના સર્વ મનોરથને કેવળ તેઓનો એક પતિજ પૂર્ણ કરી શકે છે. બાકી કે પિતા સ્ત્રીઓના સર્વ મનોરથો પૂર્ણ કરી શકતા નથી.

સજ્જનોને પ્રિય જ હોય છે." ૫૧૧ રાજકન્યાનાં તે વચન સાંભળી પોપટે કહ્યું— ખરી વાત, જાણે તે પૂર્વ જન્મનો પતિ ખરેખર નિર્ગુણ જ અજ્ઞાન અને તેથી તેના પરજ તું અત્યંત દ્વેષ રાખે તે પણ યોગ્ય જ અજ્ઞાન. ૫૧૨ પરંતુ હે ભોળી! કદાચ કોઈ એક ચતુર પુરુષ રણક્ષેત્રમાંથી નાસી ગયો તેથી બીજા કોઈ શૂર પુરુષનો પણ રાજા શું સત્કાર કરતો નથી? ૫૧૩ તેમજ ધાર, કે કોઈ એક માર્ગમાં ચોર લોકોએ એક વટેમાર્ગુને લૂંટ્યો તેથી બીજા કોઈ મનુષ્યે પોતાને કામ હોય તો પણ તે માર્ગમાં શું ન જ જવું?" ૫૧૪ તે પછી પોપટનાં એ અભિપ્રાયગર્ભિત વાક્યો સાંભળીને રાજપુત્રી બોલી— "હે પોપટ! વાક્યમાં ખરેખર સામાન્ય ફરક નથી. ૫૧૫ પરંતુ તું મને કહે, તું ક્યા રાજાનો, અથવા ક્યા રાજપુત્રનો અથવા ક્યા રાજઋદ્ધિનો પ્રશંસક થઈ રહ્યો છે"? ૫૧૬ રાજકુમારીનો એ પ્રશ્ન સાંભળી પોપટ પણ અત્યંત ઉત્સાહમાં આવી ગયો. તેણે કહ્યું કે, હે સુંદરિ! જેનું નામ કાનને સુખ આપનારું હોઈને મંગલિક છે તે રાજકુમાર મારો સ્વામી છે. ૫૧૭ પોપટે એમ કહ્યું એટલે રાજકુમારીએ પૂછ્યું— તે ક્યો રાજકુમાર?" ત્યારે પોપટ બોલ્યો— રત્નપુર નામના નગરમાં નરોત્તમ નામના એક રાજા છે. તેને શંખ નામનો એક કુમાર છે ૫૧૮ એ કુમાર સોમ છે—ચંદ્ર જેવો સૌમ્ય છે તો પણ દોષા એટલે કેવળ રાત્રિમાંજ દીપવાવાળો નથી પણ સર્વકાળ સુશોભિત છે વળી તે સૂર છે—સૂર્ય જેવો પ્રતાપી છે તો પણ બીજાઓને તપાવનારો—દુઃખ આપનારો નથી, તેમજ એ કુમાર ચક્ર ઉર્વિધર—ચક્ર જેવો સમર્થ છે તો પણ વિષમ નેમિક નેમવાળો નથી અર્થાત્ ચક્ર જેવો સમર્થ હોવા છતાં પણ નેમવાળો નથી પણ પ્રેમ નેમવાળો છે અને તે વિષ્ણુ છે—વિષ્ણુ જેવો વિજયી છે તો પણ કોઈ મનુષ્યોને દુઃખ આપનારો નથી.

ત્યારે આવો વિલાપ કરવા લાગી. હે માતા! હે પિતા! હે મારા પ્રિયપતિ! મને અનાથને આ જંગલમાં મૂકીને તમે કેમ ગયા? ૫૨ તે પછી ટોળાથી વિખૂટી પડેલી મૃગલીની પેઠે અને સમુદાયથી છુટી પડેલી કુરંગીની પેઠે હું પણ બરાબર ચાર દિવસ સુધી તે જંગલમાં નિરાધાર સ્થિતિએ મારા પતિની શોધમાં ભટકી. ૫૩ પણ જ્યારે મારા પતિને મેં ક્યાંય ન જોયો ત્યારે મેં મારા મનમાં વિચાર કર્યો કે જરૂર મારો પતિ મને છોડીને કોઈ બીજે સ્થળે ચાલ્યો ગયો છે કેમકે પ્રથમ પણ તેણે મને એ જણાવ્યું હતું. ૫૪ આવો વિચાર કરી પછી કોઈ પણ સ્થાને પહોંચવાનો મનમાં સંકલ્પ કરી હું ત્યાંથી ચાલી જો કે હું ભૂખથી અત્યંત પીડાતી હતી તો પણ ચાર પાંચ ગાઉ ચાલીને કોઈ એક ગામમાં હું પહોંચી ગઈ ૫૫ ત્યાં ભિક્ષાને માટે હું ભટકતી હતી તેવામાં એક ઉપાશ્રયમાં કેટલીક સાધ્વીઓને મેં જોઈ એટલે તેઓની પાસે જઈ પ્રણામ કરી તેઓ પાસેથી ધર્મદેશના સાંભળી. ૫૬ તેને લીધે પ્રથમથીજ અત્યંત દુઃખી અને વ્યાકુળ થયેલા મારા હૃદયમાં, વસ્ત્રમાં જેમ રંગ પેસી જાય તેમ, પુષ્કળ વૈરાગ્ય ઉત્પન્ન થયો. ૫૭ મેં તે સાધ્વીઓ પાસે દીક્ષા પણ લીધી અને કેટલોક કાળ તેનું સેવન કર્યું પછી ત્યાં મરણ પામી હમણાં અહીં રાજાને ત્યાં રતિસુંદરીરૂપે હું ઉત્પન્ન થઈ. ૫૮ અને અહીં યુવાવસ્થા પ્રાપ્ત થઈ. એક દિવસે રાજમહેલની બારીમાં હું ઉભી હતી તેવામાં રાજમાર્ગમાં જઈ રહેલી કેટલીક સાધ્વીઓ મારા જોવામાં આવી. ૫૯ તેઓને જોતાંજ મને મારા પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવ્યું અને મારા તે પૂર્વજન્મના પતિનું કપટ પણ યાદ આવ્યું જેથી મને પુરુષો પર દ્વેષ પ્રાપ્ત થયો. ૬૦ આ રીતે પુરુષોનું નિષ્ઠુરપણું જોઈનેજ તેઓના તરફ ધિક્કાર હું રાખું છું નહિ કે પુરુષોનો પણ હું દ્વેષ કરું છું કેમકે પુરુષો તો

પાસે તે આવે છે. ૫૨૭ જ્યારે ત્યારે તો તે મને પણ અને દર્શન આપે એ પ્રમાણે જેવું રાજકુમારીએ કહ્યું કે તુરત જ કુમારે પોતાના મુખમાંથી પેલી અંતર્ધાન થવાની ગોળીને કાઢી નાખી અને તે આ પ્રકટ થયો ૫૨૮ તે વખતે સાક્ષાત્ દેવસમાન તે કુમારને જોઈને તે રાજપુત્રી, આનંદરૂપ રસથી જાણે પુષ્પોની પેઠે રોમાંચરૂપ અંકુરોથી ખીલી નીકળી ૫૨૯ એક ક્ષણવાર તેણીએ સ્નેહથી અર્ધસ્થિર નેત્ર રાજકુમારને જોયો અને તેથી રાજકુમાર પણ અત્યંત કુતૂહલ પામ્યો હોય તેવો જણાતો હતો ૫૩૦ તે પછી પાછું કહ્યું કે હે સ્વામિન્! આ તારો પ્રાણપ્રિય, તારા ચિંતવનની સાથે જ અહીં આવ્યો છે માટે હવે તું સમયોચિત કરી લે ૫૩૧ વળી તે જ વેળા રાજકુમારે પણ સ્નેહ બતાવીને કહ્યું કે હે સુંદર મુખવાળી! હું તારે વિષે [illegible] છું અને તેં સ્મરણ કર્યો કે તુરત અહીં આવ્યો છું ૫૩૨ રાજકુમારે એમ કહ્યું એટલે તેણી બોલી— હે સ્વામિ! તમે અહીં વિલંબ કરો નહિ અને અહીંથી [illegible] તમારા ઠેકાણે આ વાત જો રાજાના જાણવામાં આવશે તો મારી [illegible] ૫૩૩ તે સાંભળી ચોથો પ્રહર, પોતાનું સ્વરૂપ [illegible] કે હે સ્વામિનિ! તારે માટે જ આ મારો પ્રયાસ છે તો હવે તું [illegible] ૫૩૪ એમ કહીને તે [illegible] પણ [illegible] વગેરે આપ્યાં તથા [illegible] કરી [illegible] [illegible] અને કુમાર [illegible] હાજર [illegible] ૫૩૫ એટલે રાજકુમાર પોતાની [illegible] સાથે પોતાનો [illegible] સારથિ [illegible] અને પેલા [illegible] સાથે [illegible] ૫૩૬ તેવામાં એ વાત અંતઃપુરની [illegible] તેમણે રાજા પાસે આવીને [illegible] ઝેરનો પુરુષ ક્યાંથી આવીને

૧૨૦ વળી તે મુકુટ ધારણ કરતો હોવાથી કિરીટી નામ ધરાવે છે પણ તે કિરીટિ—અર્જુન નથી અત્યંત બળવાન હોવાથી સર્વને આનંદ ઉપજાવે છે માટે રામ—બલરામના નામને ધારણ કરે છે પણ હળના આયુધવાળો બલરામ નથી અત્યંત ઐશ્વર્યવાળો હોવાથી ઇન્દ્ર કહેવાય છે પણ ઇન્દ્ર નથી, તો એને કોની ઉપમા આપીને વર્ણવી શકાય ? ૧૨૦ એના સુંદર સ્વરૂપને જોઇ પોતાના રૂપની તેની સાથે તુલના કરતાં કામદેવને વૈરાગ્ય થઇ ગયો—પોતાનું રૂપ તેના કરતાં ઉતરતું જણાયું તેથી આખા શરીર ઉપરજ કામદેવને વૈરાગ્ય થઇ ગયો અને તેજ દિવસથી આરંભી તેણે પોતાના શરીરનો ત્યાગ કરી અનંગ (શરીર વિનાનો) નામ ધારણ કર્યું ૧૨૧ વધારે શું કહેવાય છે તો પણ એ રાજકુમારની મજબુત તરવારની સાથે તેની કીર્તિરૂપ લક્ષ્મી જિવાદોરી—મર્યાદાને નિરંતર (તે કારણથી) સ્થિર થઇ રહી છે ૧૨૨ તે સમુદ્ર જેવા ગંભીર છે, તેની મર્યાદા ક્ષીરસમુદ્ર જેવી ઉજ્જ્વળ છે અને તેનું માહાત્મ્ય આખી પૃથ્વીના સારનો સંગ્રહ કરવામાં સમર્થ છે ૧૨૩ વળી તે મોટો દાતા છે સર્વ લોકમાં માન્ય છે તેના સદ્ગુણો બીજા લોકના ગુણની સમાનતા કરતા નથી તેનું શરીર શોભે સુંદર છે અને ઘેર ઘેર સ્ત્રીઓના સમુદાયો તેનું વર્ણન કરી રહ્યા છે. ૧૨૪ અરે ! એટલુંજ નહિ પણ જે કાંઇ એક સિદ્ધપુરૂષની પેઠે સર્વત્ર જઇ શકે છે નિસ્પૃહી છે તે મહા રૂપવાન રાજકુમાર મારો સ્વામી છે અને હું તેને અત્યંત પ્રિય છું." ૧૨૫ તે સાંભળી રાજકુમારીએ પ્રેમપૂર્વક કહ્યું કે હે પોપટ ! એ પ્રિય રાજકુમારને જાણ્યાથી તું મારો પૂર્ણ બન્ધુ છે તો કહે કે હું તેને કઇ રીતે જોઇ શકું ! ૧૨૬ ત્યારે પોપટે કહ્યું—"એ કુમાર સાંભળી પેઠે બીજા મનુષ્યના વિચારને જાણી લે છે અને સાચા આભૂષણની જેમ ઉત્તમ હોય તો વિવાહની પેઠે આચારમાં તેની

જમાઇને પરમપ્રીતિપૂર્વક એક રાજ મહેલમાં વસાવ્યો. ૫૪૭ કુમાર પણ કેટલોક કાળ ત્યાં રહ્યો અને પછી ત્યાંથી જવાને માટે ઉત્કંઠિત બન્યો. કેમકે ભાગ્યશાળી પુરુષોની સદા પોતાની ઇચ્છાને અનુસરતી હોય છે. ૫૪૮ તેણે પોતાનો અભિપ્રાય રતિમૂર્તિને જણાવ્યો અને રોકાણ વગેરે જે મન પોતાને ત્યાંથી થવું હતું તે બધું ત્યાં મારી દઇને તે રાજકુમાર એ નગરમાંથી બહાર નીકળ્યો. કેમકે તેને પૃથ્વી જોવા મોટેનું કુતૂહલ હતું. ૫૪૯ ત્યાંથી જતાં જતાં રાજકુમારે લોકો પાસેથી સાંભળ્યું કે શૈલપુર નગરમાં અરિકેસરી નામનો રાજા છે અને તેને મદનમંજરી નામની પુત્રી છે ૫૫૦ તેના પિતાએ હમણાં તેણીને સ્વયંવર ઉત્સવ આરંભ્યો છે અને તે નિમિત્તે દૂત દ્વારા બોલાવવામાં આવેલા ઘણા રાજાઓ ત્યાં ભેગા થયા છે આ વાત સાંભળીને રાજકુમારને પણ તે સ્વયંવરરૂપ કસોટીના પત્થર ઉપર પોતાનાં પુરુષાર્થ ગુણની પરીક્ષા કરવાની ઇચ્છા થઇ આવી જેથી તે પણ પોતાના જ ને મિત્રોને સાથે લઇ તે તરફ ત્યાંથી ચાલી નીકળ્યો. ૫૫૧–૫૫૨ અનુક્રમે તે કુમાર શૈલપુર નગરમાં જઇ પહોંચ્યો તે નગર પાપથી રહિત છે અને અનેક પ્રતિપત્તિઓને લીધે દરેક બાબતો વાળું હોઇને દેવનગર સમાન શોભે છે ૫૫૩ એ નગરની બહાર, ત્યાંના રાજાએ પોતપોતાના કર્મમાં આસક્ત થયેલી અનેક શ્રેણીઓથી વ્યાપ્ત એવો સ્વયંવર મંડપ તૈયાર કરાવ્યો હતો.૫૫૪ એ મંડપમાં ઉત્તમ તોરણો તથા મણિઓની પંક્તિઓના કિરણો રૂપ આભરણો દેખાઇ રહ્યાં હતાં, જેથી તેણે સ્વર્ગનાં વિમાનોને પણ (પોતાના તેજથી) હસી દીધાં હતાં. વળી તેના ઉપર એક ઉંચી ધજા ફરકી રહી હતી, જે તેની પોતાની શોભા હોય તેવી જણાતી હતી. ૫૫ કદાચ કોઇને શક થાય કે આ મંડપ દેવેન્દ્રે નિર્મિત હશે એવો વિચાર કરીને તે મંડપ પોતેજ પોતાના પર

રાજકુમારીનું હરણ કરી જાય છે. ૫૩૭ તે વેળા રાજાએ પૂછ્યું કે
રાજકુમારી પોતાની ઇચ્છાથી જાય છે ! અથવા કોઇ બળથી
હરણ કરાયું હોય તેવી રીતે ક્રિયા કરી રહી છે ! ૫૩૮ ત્યારે દાસીઓ
બોલી,-"તેની ચેષ્ટાઓ ઉપરથી જણાય છે કે તે તેને હર્ષથી જતી
હોય." આ પ્રમાણે દાસીઓના વચનો પછી રાજાએ સ્પષ્ટ રીતે
કહ્યું –૫૩૯ "કુમારી પ્રથમ પુરુષોનો દ્વેષ કરનારી હતી, છતાં આ
સમયે પોતાની મેળે જ કોઇ પતિ પાસે જાય તો હોય તો ખરેખર,
આ તો આપણી ઇચ્છા હોવાને પોતાની મેળે જ શુભકૃત્ય એમ
મનાય.૫૪૦ માટે હવે તે જ પુરુષને અહીં બોલાવીને મારી પુત્રીનાં
તેની સાથે લગ્ન કરી આપું. કેમકે અતિથિ, હસવાથી કે રાજાથી
પણ જો કન્યા જ ન હોય તો પછી હસીને જ તેનો સ્વીકાર કરવો
તે વધારે સારૂં છે.૫૪૧ આવો વિચાર કરી ગજ એક વેગવાળા
પીઠ ઉપર બેસીને સત્વર ત્યાં ગયો કે જ્યાં રાજકુમાર નગરની
બહાર રહ્યા હતો.૫૪૨ રાજ પણ રાજાને ધાન્યરૂપ આવેલો દેખીને
હર્ષથી તેની સામે ગયો અને તેને પ્રણામ કર્યા. સત્પુરુષો પોતાના
સદાચારથી કદી ભ્રષ્ટ થતા નથી.૫૪૩ પછી રાજાએ પોતાના જમાઇ
ને જોઇને મનમાં વિચાર કર્યો કે મારી પુત્રીને આવો પતિ
મળ્યો તેથી ખરેખર મારૂં ધાર્યું જેવું જ થયું છે.૫૪૪
વળી મને પોતાને ધન્ય છે કે જેને આવો જમાઇ મળ્યો! ધન્ય
છે આ મારી પુત્રીને કે જેને આવો પતિ મળ્યો અને આ
બન્નેનો આ રીતે જે સમાગમ થયો તે પણ પુણ્યાધાર જ
છે. ૫૪૫ તે પછી રાજાએ આનંદ પૂર્વક શંખકુમારને વધુ મિત્રની
સાથે નગરમાં આણ્યા અને શુભ દિવસે મોટા ઉત્સવપૂર્વક તે
બન્નેનાં વિધિએ લગ્ન કરી આપ્યાં. ૫૪૬ તેમજ હસ્તમેળાપન સમયે
પુષ્કળ હાથી ઘોડા, સુવર્ણ વગેરેની ભેટ કરીને રાજાએ પોતાની

આમ ઘરેથી નોબતની હતી. ૫૧૩ એ પ્રમાણે તે અદ્ભુત રૂપવાળી કન્યા, તે સ્વયંવર મંડપમાં આવી કે તુરતજ વરમાળની પાંખો જેમ પર્વતની શિખર પર તેમ બોલી સાથે સર્વ લોકોની દ્રષ્ટિ તેના પર પડી. ૫૧૪ પછી તે રાજકન્યા હાથમાં વરમાળ લઈને જેવી સ્વયંવર મંડપમાં ઉભી રહી તેવામાં અકસ્માત કોઈએ આવીને જાણે પક્ષી જેમ ચકલીને લઈ જાય તેમ તેણીનું હરણ કર્યું. ૫૧૫ તે વેળા “જુઓ, જુઓ, આ કન્યા ગઈ” એમ સર્વ રાજાઓ અન્યોન્ય બોલતા રહ્યા હતા તેટલામાં તો આકાશમાં જેમ વિજળી અદ્રશ્ય થઈ જાય તેમ એ રાજકન્યા એકાએક અદ્રશ્ય થઈ ગઈ. ૫૧૬ રાજા અરિકેસરી પણ પુત્રીના હરણથી અત્યંત દુખી થયો અને આકુળ થઈને સર્વ રાજાઓ આગળ આવું વચન કહેવા લાગ્યો કે ૫૧૭ હે રાજાઓ! અને હે યોદ્ધા! ? કોઈ મારી પુત્રીને લાવી આપે તેને હું મારું અર્ધ રાજ્ય તથા તે પુત્રી અર્પણ કરવા તૈયાર છું. ૫૧૮ તે સાંભળી રાજાઓ તો જાણે જડમય થયા હોય તેમ મૌનજ રહ્યા. એટલે શંખકુમારે પરાક્રમ ઉત્સાહપૂર્વક કહ્યું, “હું તમારી પુત્રીને લાવી આપું. ૫૧૯ તે સાંભળી રાજાએ કહ્યું “હે પુત્ર! ખરેખર, તેં મને ઉચિત ન આપવાનું જ અંગીકાર કર્યું છે માટે હું હવે સત્વર તૈયાર થા અને રામે જેમ સીતાને આણી હતી તેમ, મારી પુત્રીને તું લાવી આપ. ૫૨૦ તે વેળા શંખે પ્રતિજ્ઞા કરી કે સાત દિવસની અંદર હું તમારી પુત્રીને જો ન લાવી આપું તો મારે પ્રાણની અગ્નિમાં આહુતિ આપીશ. ૫૨૧ આવી પ્રતિજ્ઞા કરીને તે, સર્વ લોકોની સમક્ષ ત્યાંથી બહાર નીકળ્યો અને તે વેળા સર્વ રાજાઓ પણ ! તેઓ તેની સામે આશ્ચર્યની સાથે જોઈ રહ્યા. ૫૨૨ પછી તે શંખકુમારે કોઈ એક એકાંત પ્રદેશમાં જઈને પૂર્વ પોતાને વરદાન આપનારી દેવીનું સ્મરણ કર્યું એટલે તેજ સમયે ત્યાં આવીને

કરવી આત્મમોહદાયક ગણવો હતો કે તે ઇન્દ્રનો આશ્રિત નથી. વળી તે, પોતાના પર ફરકતી પતાકાઓથી સ્વર્ગની જાણે તર્જના કરતો હોય તેમ લાગતું હતું. ૫૫૧ એ મંડપમાં હીરા તથા મણિઓ રૂપ ગ્રહોનો ઉદય જણાતો હતો. સોનેરી-રૂપેરી સતારાઓ રૂપ તારાઓ જણાતા હતા અને અગરની સુવાસથી તેમાં અતિ સુગંધી ફેલાઈ રહી હતી તેથી જાણે એક આશ્ચર્યદેશ હોય તેવો એ શોભતો હતો.૫૫૨ તે સ્થળે માંચડાઓ ઉપર સાક્ષાત્ કામદેવ જેવી શોભાવાળા અનેક રાજપુત્રો તથા મોટા મોટા રાજાઓ સિંહાસન ઉપર બેઠેલા જોવામાં આવતા હતા.૫૫૩ તેઓએ દિવ્ય વસ્ત્રો તથા આભરણો ધારણ કર્યાં હતાં. તેઓમાં કોઈ પ્રકારની ન્યૂનતા ન હતી અને તેઓ રાજપુત્રીને જોવાની ઉત્કંઠાથી અત્યંત આતુર થઈ રહ્યા હતા.૫૫૪ તેવામાં પોતાના પિતાની આજ્ઞા થવાથી રાજકન્યા, હાથમાં વરમાળા લઈને સ્વયંવર મંડપમાં આવી પહોંચી. તેણીએ શ્વેત અંગનું વિલેપન તથા શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં મોતીની માળાઓ વડે તે અત્યંત શોભી રહી હતી, તેણી એક પાલખીમાં બેઠેલી હતી અને તેના સમાન વયવાળી તેની સખીઓ તેની સાથે જ હતી. ૫૫-૫૫૬ તેનો મુખ પ્રદેશ પૂર્ણિમાના ચંદ્ર જેવો (પ્રતિબિંબવાળો દીપ) શોભતો હતો, તેના કેશ ખૂબ સુંદર હતા, તેના શરીર પર સોનેરી-રૂપેરી સતારાઓ ચમકતા હતા જેથી ચળકતા તારાઓવાળા રાત્રિ સમાન તે જણાતી હતી, અને તેની કાંતિ ચંદ્રના જેવી શોભતી હતી. ૫૫૭ જેમ સમુદ્રના કિનારા પર ઉદય થયેલો ચંદ્ર હોય, તેમ તેના મુખકમળ પર ઉત્તમ નાક શોભી રહ્યું હતું. જેમ એક મનોહર દીપક તેનું ઉદય સુખાકારી થઈને તેમ, એ રાજકન્યા સુંદર વસ્ત્રોથી શોભતી હતી અને હારની શ્રેણી, કંઠ તથા માણેક-મોતીના હારથી જેમ શોભતી હતી તેમ, એ કન્યા પણ કંઠ-કમળમાં માણેક-મોતીના હારના

નામ નિશાન ન હોય તેમ, એ નગરમાં દેવમંદિરોનું નામ નિશાન ન હતું. જેમ નાસ્તિકોના શાસ્ત્રોમાં સ્વર્ગાદિ પરલોકની ગતિ કે સ્થિતિ જોવામાં આવતી નથી તેમ એ નગરમાં બીજા કોઇ પણ લોકની આવજા કે વસતિ જોવામાં આવતી ન હતી. ૫૮૧ તેમાં કોઇ પણ સ્થળે ચિત્રો જોવામાં આવતા ન હતા પણ ઘણા તથા ચિત્રો વનસ્પતિ તે સ્થળે દેખાતી હતી એનો વિસ્તાર પ્રસ્તાર મોટો હતો અને તેમાં ઉંચાં ઉંચા પર્વતોની પંક્તિ અત્યંત શોભી રહી હતી. ૫૮૨ એવા પ્રશસ્ત તે નગરમાં તેમને રાજકુમાર અંદર દાખલ થયો અને તેમાં આગળ જતાં સાત માળનો એક રાજમહેલ તેણે જોયો. તે મહેલ સર્વાંગે અત્યંત સુંદર હતો ૫૮૪ પછી તે મહેલના સાતમે માળે જઇને રાજકુમારે નવું તો અશ્રુઓની અવિચ્છિન્ન ધારાઓથી જેનાં નેત્રો ઉભરાઇ રહ્યાં હતાં એવી એક સ્ત્રીને તેના જોવામાં આવી. ૫ તે સમયે કુમારની સાથે આવેલા પેલા વિદ્યાધરે એક સ્ત્રીને જોઇને કહ્યું કે "અત્યારે તારું હરણ કરનારનો નાશ કરવા માટે આ વીર પુરુષ અહીં આવ્યા છે તેની સામે તું જો." ૫૮૬ વહાલાં તે અપરિચિત વચનો સાંભળીને સ્ત્રીએ જેવું ઊંચું જોયું એટલે તુરતજ તેનાં નેત્ર ઠરી ગયાં તથા હરખથી પ્રફુલ્લ થયાં. ૫૮૭ પછી કુમારનું અદ્ભુત સ્વરૂપ જોઇને સ્ત્રી મનમાં વિચાર કરવા લાગી કે, "મારા ભાગ્ય મને મિલ્યા છે કેમકે મારા પતિની એક કોટીની કિંમતની આ માણસની કિંમતનો પુરુષ ખરેખર કદમાં આવી પહોંચ્યો. [illegible] મારે [illegible] મારો મહા ભાગ્ય થયો! કદાચ જન્મ થયો તો [illegible] ન તજે [illegible] કેમ ન પામી? કેવી હું પોતેજ આવા [illegible] નાશમાં હર્ષ પડીશ" ૫ મનમાં આવો વિચાર

આવાની [illegible] અપ્રતિમતા છે પણ અપમાનકર તથા આગળ સાથે [illegible] નરથી [illegible] જણાતી નથી

દેવીએ કહ્યું કે — હે વત્સ ! બોલ, હું તારું શું કામ કરું ? ૫૭૩ તે સાંભળી રાજાએ કહ્યું કે — હે દેવિ ! આપણે જેમ આગળના હાથમાંથી પૂરી થઇ જાય તેમ કોઇએ આવીને સ્વયંવરમાંથી રાજપુત્રીનું હરણ કર્યું છે. ૫૭૪ જો કે સ્વયંવરમાં ઘણા રાજાઓ એકઠા મળ્યા હતા, ત્યાં તેઓના દેખતાં આગળના ભાગમાંથી કોઇએ રાજકુમારીનું હરણ કર્યું છે અને તે હરણ કરનારો કોઇ આકાશ મિત્રની પેઠે રાજકન્યાનું હરણ કરીને ક્યાં ગયો છે તે જાણવામાં આવતું નથી. ૫૭૫ માટે હે દેવિ ! જ્ઞાનદ્વારા જાણીને તમે મને કહો કે તે કન્યા ક્યાં ગઇ છે અને કોણે તેનું હરણ કર્યું છે ? જેથી તમારી કૃપાને લીધે તેને હું અહીં લાવું. ૫૭૬ પછી દેવીએ કહ્યું — હે વત્સ ! તે રાજકન્યાનું જેણે હરણ કર્યું છે તેને હું જાણું છું. માટે તું કહે તો એક ક્ષણવારમાં હું તને ત્યાં લઇ જાઉં. ૫૭૭ તે સાંભળી “ બહુ સારું ” એમ શંખકુમારે કહ્યું. એટલે દેવીએ જે સ્થળે તેણી કન્યાને રાખવામાં આવી હતી ત્યાં આકાશમાર્ગે તેને લાવી નાખ્યો. ૫૭૮ એ રીતે ભક્તિના આગ્રહથી શીઘ્ર ઉડેલા તે કુમારને દેવીએ ત્યાં ઉતારી મૂક્યો ત્યારે, તે સદાચારી પુરુષ, આત્માએ પૃથ્વી પર પોતાના આત્માની પેઠે ત્યાં આરામ તેમ કરવા લાગ્યો. ૫૭૯ પછી દેવી તો ત્યાંથી અંતર્ધાન થઇ ગઇ અને શંખકુમાર પણ ત્યાંથી આગળ ચાલવા માંડ્યો તેવામાં [illegible]ની પેઠે અત્યંત ઉત્તમ એવું કોઇ એક નગર તેના જોવામાં આવ્યું. ૫૮૦ એ નગર વિન્ધ્યાચલ પર્વતની પેઠે સુંદર શોભને આસપાસ મોટા મદમત્ત હાથીઓથી વ્યાપ્ત હતું. વેશ્યાના વાસ [illegible] જેમ સોની પુરુષો [illegible] ઊંડી રહ્યા હોય તેમ અનેક સર્પોએ તે નગરમાં [illegible] ઓઢેલી જોવામાં આવતી હતી. ૫૮૧ એમાં કોઇ એક ધાર્મિક [illegible] રાજ્યમાં ઘણા પીડાએલું

* અહીં મૂળમાં [illegible] દૃષ્ટિએ તથા [illegible]

મનવાળા તે ત્રણેની રાત્રિ તથા દિવસ એક ક્ષણની પેઠે સુખેથી પસાર થયો.૬ તેવામાં રાક્ષસ ત્યાં આવી પહોંચ્યો, તેણે રાજાને કહ્યું કે રે રે નરાધમ! મરવાની ઇચ્છાવાળોજ તું અહીં આવ્યો છે માટે તારા ઇષ્ટ દેવનું સ્મરણ કરી લે.૧૧ રાક્ષસનાં એ વચનનો રાજકુમાર ઉત્તર આપવો હતો તેટલામાં તો આકાશમાંથી આવીને દેવીએ તે રાક્ષસને અકસ્માત ઝડપી નાખ્યો અને પૃથ્વી પર ફેંકી દીધો.૧૨ તે જોઇ રાજે કહ્યું, હે દેવિ! તમે આ શું કર્યું! મારા હાથની ખરજ તો હજી તેની તેવીજ રહી ગઇ.૧૩ ત્યારે દેવી બોલી— વત્સ! આજના પ્રભાવથી જ હું આ કરી શકી છું, જો એમ ન હોય તો રાક્ષસને શિક્ષા કરવામાં મારી શક્તિજ ક્યાંથી હોય?૧૪ પછી પેલો રાક્ષસ ભૂમિ પાડવા લાગ્યો કે, હે નાથ! હે સ્વામી! તમે મને ઉગારો, ફરી કદી પણ આવું દુષ્ટ કર્મ હું નહિ કરું.૧૫ તે સાંભળી રાજે કહ્યું કે હે રાક્ષસ! હું તને તોજ છોડું, કે જો, તું મારી સામે યુદ્ધ કરે, કેમકે મને યુદ્ધ કરવાની ઉત્કટ ઇચ્છા છે અને મહાન પુરુષો રણસંગ્રામમાં આવું જય કદી કરતા નથી.૧૬ તે જોઇ પેલા રાક્ષસે કહ્યું કે, હે દેવ! હું તમારી દૃષ્ટિએ પડ્યો હતો તેજ સમયે મરણપ્રાય જેવો થઇ ગયો હતો અને તેવીજ દેવીએ મને નાખ્યો છે નહિ તો આ દેવી મારી સામે શા હિસાબમાં છે?૧૭ માટે હવે યુદ્ધ કરવાનું મારાથી બની શકે તેમ નથી. અરે ઓ કુમાર! મારા પ્રાણ નિકળી જાય છે માટે તમે મને ઉગારો આ વખતે ત્યારે એકની ઘરી સળગી રહી છે ત્યારે બીજો જેમ દીવો કરવાની ઉમ્મેદ કરે તેવું તમે કરો છો (અર્થાત્ આ નખનથી મારા પ્રાણ ચાલ્યા જાય છે ત્યારે તમે યુદ્ધની માગણી કરો છો.)૧૮ તે રાક્ષસે એમ કહ્યું એટલે રાજકુમારે તેને નખનથી ઉગાર્યો. કેમકે સત્પુરુષો અંત

ફરીને તે કપટી કન્યા બોલી કે સાહસિકોમાં મુખ્ય એવો એક રાક્ષસ મને અહીં લાવ્યો છે તેણેજ સ્વયંવરમાંથી મારૂં હરણ કર્યું છે તે પાપી, હમણાં રાક્ષસદ્વીપમાં ગયો છે પણ એકાંતરા તાવની પેઠે હમણાંજ આ નગરમાં આવી પહોંચશે. ૫૦૦-૫૦૧ જો કે તમે સર્વ ગુણોથી શ્રેષ્ઠ છો, ઉત્તમગુણવાળા છો અને સાત્વિક છો તો પણ એ દુષ્ટ તમારૂં અનિષ્ટ કરશે માટે તમે સત્વર અહિંથી ચાલ્યા જાઓ. ૫૦૨ રાજકન્યાએ જ્યારે એમ કહ્યું ત્યારે મહાવીર શંખ કુમાર બોલી ઉઠ્યો—"હે સુંદરિ! તું ગભરા મા. મેં રાક્ષસોને શિક્ષા કરવાનોજ આગ્રહ લીધો છે તે મારૂં વ્રત છે ૫૦૩ એ રાક્ષસ, પ્રાતઃકાળે અહીં આવે ત્યારે તું પોતેજ આ વાતને પ્રત્યક્ષ જોજે કેમકે જેમ સાધ્ય વસ્તુમાં પ્રત્યક્ષ પ્રમાણથીજ સિદ્ધિ થતી હોય તો તે કયો વિદ્વાન મનુષ્ય અનુમાન કરવાની ઇચ્છા કરે." ૫૦૪ કુમારની આ વાતને અનુમોદન આપતો હોય તેમ પણ તે વેળા પ્રત્યક્ષ અગ્નિ બોલ્યો કે આમાં તારે સંશય કરવો નહિ. કેમકે ઇન્દ્ર પોતે પણ આ કુમાર પાસે તુચ્છ છે તો પછી રાક્ષસો કોણ માત્ર! ૫૦૫ હે સુંદર ભમરવાળી કન્યા! જે પુરૂષ રમતમાત્રમાં મોટા મેરૂપર્વતને ઉપાડી લે તે એક સરસવને ઉપાડે તેમાં શું આશ્ચર્ય સમજવું! ૫૦૬ આવા હેતુથીજ જેમ વિષ્ણુએ લક્ષ્મી માટે સમુદ્રમંથન કર્યું તેમ, આ રાજકુમારે તારા માટે આવું અસાધ્ય કામ પણ સ્વીકાર્યું છે. ૫૦૭ વળી તારે માટે જો કદાચ આવું અશુભ થાય તો પણ તે શુભ થવાનુંજ માનવું, કેમકે રાવણે પણ સીતાને માટે પોતાની સર્વ મસ્તીનો ત્યાગ કર્યો હતો. ૫૦૮ તે પછી કન્યાને લીધે પગલે પગલે બોલીને નીચા મુખે રાજકન્યાએ કહ્યું કે મારા પ્રાણજ આ કુમારને આધીન છે આથી કંઇ વધારે કહેવું તે વ્યર્થ છે. ૫૦૯ એ પ્રમાણે પ્રીતિરસના ઉલ્લાસને વશ થયેલાં અને પ્રફુલ્લ

સુંદરી નામની અનન્ય રૂપસંપત્તિવાળી કન્યા તેને મહોત્સવ આનંદથી પરણાવી.૧૧૭ એટલે તે પોતાની સ્ત્રી સાથે મનુજ સ્પર્શાદિ વિષયોને સેવવા લાગ્યો, અને તેણી સાથે સ્નેહનો આભ્યંતર રસ તેને પ્રાપ્ત થયો.૧૧૮ તે પછી પોતાનો પિતા મરણ પામ્યો ત્યારે સૂર્ત પોતાનું ધન સાથે લઈને વિશેષ ભોગપ્રાપ્તિ માટે પોતનપુર નગરમાં ગયો.૧૧૯ ત્યાં તેણે એક મહેલ લીધો અને તેમાં પેલી સ્ત્રી સાથે રહીને તેમજ પોતાની ઇચ્છાનુસાર ધન વાપરીને તે અતુલ આનંદ કરવા લાગ્યો.૧૨૦ ક્રમે ક્રમે તે બન્ને સ્ત્રી-પુરુષો, અન્યોન્ય ઉપર એટલાં બધાં પ્રેમી બન્યાં, કે જેથી તેઓનો સ્નેહ બંધ (નાગરવેલમાં રહેલા) સુકાનાગની પેઠે અત્યંત એકતાને પ્રાપ્ત થયો.૧૨૧ એક દિવસે સુરસેનની સ્ત્રી મહેલના ગોખમાં બેઠી હતી તેવામાં દૈવયોગે પોતનપુરના રાજા જિતશત્રુની દૃષ્ટિ તેના પર પડી.૧૨૨ તેથી સ્ત્રીએ પણ મોહજનક લતાની પેઠે રાજાને એટલો બધો મોહિત કર્યો કે તેનું મન કેવળ તે સ્ત્રીનું જ સ્મરણ કરવા લાગ્યું.૧૨૩ ખરું છે —

> स्त्रीकटाक्षाः कालकूट ततो वा विषमा हि ते ।
> उपभुक्ते विषं मोहं यत्तु स्त्रीवीक्षितेष्वपि ॥ १२४ ॥
> स्त्रीकटाक्षाः कालकूटादप्यतो विषमा मताः ।
> विषदे विषमोहोऽपि न कटाक्षात् पुनः स्त्रियाः ॥ १२५ ॥

સ્ત્રીઓના કટાક્ષ હલાહલ ઝેરરૂપ છે અથવા ઝેરના કરતાં પણ વિષમ છે—ઘણા ભયંકર છે કેમકે ઝેરને તો ખાવાથીજ મોહન થાય છે પણ સ્ત્રીકટાક્ષને તો માત્ર જોવાથીજ મોહિત થવાય છે—આ સંસારના વિવેકથી ભ્રષ્ટ થવાય છે.૧૨૪ શાસ્ત્રમાં કહે છે કે સ્ત્રીના કટાક્ષ ખરેખર કાલકૂટ નામના ઝેર કરતાં પણ અતિ વિષમ છે—અતિ દુઃસહ છે કેમકે વખતે કાલકૂટ ઝેરને સહન કર્યું હોય પણ

બેઠેલા શત્રુ ઉપર પણ પ્રેમાળ થાય છે ! ” તે પછી કુમારે રાક્ષસને પૂછ્યું કે “ હે ભદ્ર ! જેમ પી ત્ની અને વાયુનો સમાગમ ન હોય તેમ રાક્ષસ અને માનુષી સ્ત્રીનો સમાગમ પણ નજ હોય. છતાં તેં આવા વિરુદ્ધ સમાગમ કેમ કરવા ઇચ્છયો ? ” એ પ્રમાણે કુમારે પૂછ્યું ત્યારે રાક્ષસે પોતાના મસ્તક ઉપર કમળના ડોડાની પેઠે હાથ જોડીને કુમાર આગળ કહ્યું કે “ હે દેવ ! સામાન્ય એક કીડો પણ કારણ વિના કોઈ પ્રવૃત્તિ કરતો નથી, તો પછી આ (જેવા દેવ જાતિમાં જ બેઠા અને વિશેષજ્ઞાનવાળા તો કારણ વિના પ્રવૃત્તિ કરેજ કેમ ? ” “ હે સ્વામિ ! આ કન્યાનું મેં હરણ કર્યું હતું તેમાં જે કારણ છે તેને તમે એકાગ્રચિત્તે સાંભળો. આ ભરતક્ષેત્રમાં સુગ્રામ નામનું એક ઉત્તમ ગામ છે એ ગામમાં જે લોકો રહે છે તેઓની પાસે અનેક પ્રકારના ભાગો છે તેઓમાં અનેક પ્રકારના ધર્મો પણ છે તેઓ મુક્તને પ્રાપ્ત કરે છે તથા કાળ અત્યંત પ્રસન્ન રહે છે અને તેઓના નેત્ર તથા નામો પણ અત્યંત સુંદર છે. એથી તેઓ ઇંદ્રને પણ હસી કાઢે છે મહા સમૃદ્ધિમાન કોઈ રાજા કરતાં પણ તેઓ વધારે સમૃદ્ધિમાન છે ” “ તે ગામમાં ધનદેવ નામનો એક વાણીઓ રહેતો હતો. તેના ઘરમાં મહત્તાથી યુક્ત હતો અને ખરેખર તેની સમૃદ્ધિ જેને જ્યાંથી ઉચિત થયેલ ધનદ-કુબેર પણ કુબેર-કુટ રહી ગયો છે અર્થાત્ ધનદેવની ધનસમૃદ્ધિ કુબેરની સમૃદ્ધિ કરતાં પણ અધિક હતી, તેથી કુબેરને ધનદેવ સાથે જાણે વેર થયું હોય અને તેથીજ તે કુબેર (કુટ પડી) નામનો ધારક બન્યો હોય. ” “ તે ધનદેવને સુંદર નામનો પુત્ર હતો. તે દેવની પેઠે વિદ્વાનોમાં પ્રિય થઈ પડ્યો હતો અને સમસ્ત ધનમદોમાં અનાથ પુરુષ રૂપી હાથીઓમાં અગ્રગામ્ય હતો. ” “ પછી તેના પિતાએ આપ્ત—

તે તમને યોગ્ય નથી." ૧૩૪ એ પ્રમાણે નગરવાસી લોકોએ રાજાને ઘણું કહ્યું તો પણ તે સમયમાં નગરના લોકોની જેમ આગ્રહ કર્યું.૧૩૬ અને ઉદ્ધત આવેલ અપરાધી હોય તેમ, ઘોર આક્રંદ કરનારા ઉદ્ધત નીચ માણસોદ્વારા પકડ મરાવીને રાજાની આજ્ઞાથી તેઓને કાઢી મૂકવામાં આવ્યા.૧૩૭ તે પછી સૂરતેજ પોતાની સ્ત્રીના વિયોગરૂપ અગ્નિથી અંતઃકરણમાં અત્યંત બળવા લાગ્યો અને પક્ષી ચોરે સાંભળવા લાગ્યો.૧૩૮ જેમ ચક્રવાક પક્ષી પ્રિયાના વિરહથી વિહ્વળ બનીને વિલાપ કરે તેમ, એ વિલાપ કરવા લાગ્યો અને જેમ કોઈ તૃષાતુર મનુષ્ય સરોવરની આસપાસ ભ્રમણ કરે તેમ, રાજમહેલની આસપાસ ભમવા લાગ્યો.૧૩૯ તેને, તાપથી તપેલા મનુષ્યની પેઠે માણસોમાં, વનમાં કોઈ રમણીયસ્થળમાં, બાગમાં કે વનમાં-કોઈ પણ સ્થળે આનંદ મળતો ન હતો.૧૪૦ એક દિવસે દુઃખથી આકુળ બનીને કોઈ એક અટવીમાં તે ગયો અને ત્યાં કોઈ એક જૈન તપસ્વીના તેને દર્શન થયાં. પેલા તાપસે તેને પોતાના દુઃખનું કારણ પૂછ્યું.૧૪૧ ત્યારે તેણે અથેતિ સર્વ વૃત્તાંત તેની આગળ કહી સંભળાવ્યું. પછી પેલા તાપસે દુઃખી માણસને જેમ ઔષધ આપે તેમ તેને ઉપદેશ આપ્યો અને તે ઉપદેશવડે એક ક્ષણવારમાં મોહનો ત્યાગ કરી વૈરાગ્યથી તેણે દીક્ષા લીધી.૧૪૨ ૬ એ દીક્ષાનું પણ મન સુધી પાલન કર્યું અને અતિ આકુળ થઈને મરણ પામીને તેજ હું રાક્ષસદ્વીપમાં રાક્ષસોનો નાયક થયો.૧૪૩ મેં વિભંગજ્ઞાનથી આખી હકીકત જાણીને જિતશત્રુ રાજાનો નાશ કર્યો અને તેના આ દેશને પણ વૈરથી ઉજ્જડ કર્યો.૧૪૪ જે લોકો આ દેશમા રહેતા હતા તેઓ સર્વે ચાર અત્યંત ભયથી ત્રસિત થઈને મૃગલાઓની પેઠે સત્વર નાસી ગયા.૧૪૫ પછી તે દિવસથી આરંભીને હું રાક્ષસદ્વીપમાંથી આવી આવીને કોઈ કોઈ સમયે આ ... અતીવ રાક્ષસોની સાથે અહીં ક્રીડા કરું છું અને

ભોગ કરાયો સહન કર્યો નહિ.[125] આવા દેહથી તે રાજા મોહના
આવેશને વશ થઈ ગયો. તેણે પોતાના કુળ ઉપર પ્રાપ્ત થનારો
અપયશનો પણ કંઈ વિચાર કર્યો નહિ અને પોતાના માણસો દ્વારા
તે સ્ત્રીનું હરણ કરાવી પોતાના અંતઃપુરમાં તેને રાખી.[126]
પછી શુકદેવ મહાજનને સાથે લઈ પોતાની સ્ત્રી માટે રાજાની પાસે
ગયો અને નમસ્કાર કરી બે હાથ જોડી તેને આ પ્રમાણે કહેવા
લાગ્યો,[127] "પરસ્ત્રીનો જો સ્પર્શ કરવામાં આવે તો મહાન પુરુષ
પણ અધમ સ્થાને પામે છે જેમકે પૂર્વે (શિવે) પોતે પણ (બ્રહ્મ
કર્મથી) નપુંસકપણું પ્રાપ્ત કર્યું હતું.[128] વળી તમે તો સર્વનાં સેવા
(ધન, સ્ત્રી, જમીન વગેરે) ની રક્ષા કરવા માટે એક વાડ જેવા છો
ત્યાં તમે પોતેજ તમારા રક્ષણરૂપ કર્મનો નાશ કરો તો પછી રક્ષણ
કોણ કરશે ![129] હે રાજા! પરસ્ત્રી, દુર્ગતિનું દ્વાર દેખાડવામાં
એક દીવી છે માટે તેનાથી તો તાપના ભયથી જેમ દૂર રહેવું
જોઈએ તેમ, દૂરજ રહેવું.[130] હે દેવ! જે પુરુષે પરસ્ત્રીમાં બુદ્ધિ
કરવાથી પણ કરી હોય તેનો તો આ પૃથ્વી ઉપર અપકીર્તિનો ઢોલજ
વાગી ચૂક્યો એમ સમજવું[131] હે દેવ! પૂર્વ રાવણ પોતે
પણ પરસ્ત્રીનું હરણ કરીને પોતાની ઇચ્છા પૂર્ણ કર્યાં વિનાજ મરણ
પામ્યો અને મરીને નરકે ગયો.[132] વળી જેમ આંબાના વૃક્ષ ઉપર
લીંબડી બાઝતી હોય તો તે કંઇ શોભે નહિ તેમ, તમારી પાસે આ
સ્ત્રી શોભતી નથી, માટે હે દેવ! તમે મારા પર પ્રસન્ન થાઓ અને
મહાસતીપણાને યોગ્ય એવી મારી સ્ત્રી મને અર્પણ કરો."[133] સૂરદેવે
એમ કહ્યું તે પછી સર્વ મહાજને નમસ્કાર કરીને રાજાને કહ્યું—"હે દેવ!
આની સ્ત્રી એને પાછી આપો. કેમકે રાજાઓ ન્યાયના સ્થાપક હોઈને કદી
અન્યાય એમ કેમ[134] વળી બીજા રાજાઓ પણ છે ત્યાં કલ્પ-
લતાઓમાં કદી શીલોની એમ અંતઃપુરમાં આને રાખવાનો આગ્રહ

તાના સંબંધમાં માન્યું કે, મારા તથા દૈવ અનુકૂળ છે.૧૦૯ પછી પેલા રાજાએ અત્યંત ભક્તિપૂર્વક રાજકુમારને પોતાના ત્યાં ૭ દિવસ સુધી રાખ્યો અને પુષ્કળ આદર સત્કાર કરીને તેને સંતોષ્યો. ૧૧૦ તે પછી ત્યાં, રાક્ષસ અને દેવીએ તૈયાર કરેલા વિમાનમાં બેસીને તે બન્ને રાજકુમાર તથા મદનમંજરી એક ક્ષણ વારમાં આકાશ-માર્ગે તુરત પોતનપુરમાં પહોંચી ગયાં. ૧૧ ત્યાં સ્વયંવરમાં "આ તે કોઈ ઇન્દ્ર અહિં રક્ષા કરવા માટે આવે છે ! અથવા ઇન્દ્ર ન હોય કેમકે ઇન્દ્ર તો હજાર નેત્રોથી સહિત થયો છે અને આ તો તેવો નથી. ત્યારે આ શું સૂર્ય છે ! પણ તે તો દુઃસહ છે અને આ તો પ્રિય-દર્શન છે ત્યારે આ કોઈ વિદ્યાધર કન્યા ઉપર મોહિત થઈને અહિં આવે છે !" ૧૧૨આવા પ્રકારના અનેક સંકલ્પો રાજાઓ કરી રહ્યા હતા. તેટલામાં આકાશમાંથી જેમ સૂર્ય ઉતરી આવે તેમ રાજકુમાર નીચે ઉતર્યો.૧૧૩ તે સમયે રાજા, જાણે આનંદ પ્રત્યક્ષરૂપે આવ્યો હોય તેમ પોતાની પુત્રીને આવેલી જોઈ પ્રમુદિત નેત્રે તેને ભેટી પડ્યો અને તેના મસ્તક ઉપર તેણે ચુંબન કર્યું.૧૧૪ તેમજ પ્રતિજ્ઞા કરેલાને બરાબર રીતે પરિપૂર્ણ કરનાર રાજકુમારને જોઈને "પરિત્રી રત્નગર્ભા" પૃથ્વીમાં ઘણાં રત્નો ધરેલાં છે એ વાતને સત્ય માન્યું ૧૧૫ પછી રાજાએ પૂછ્યું કે હે કુમાર ! આ મારી પુત્રીને કઈ કેવી રીતે તું લાવી શક્યો અને તેં કેવી રીતે લક્ષ લઈ કે તે અનુક્રમે કહે છે ? આ સર્વ વાત તું મારી આગળ કહે.૧૧૬ કુમારે એ પ્રશ્ન કર્યો કે તેજ સમયે રાક્ષસે પ્રત્યક્ષ થઈને તે સર્વ વૃત્તાંત રાજાને જણાવી દીધું.૧૧૭ ત્યારે એ સાંભળીને રાજાએ, અત્યંત શોભાયમાન થઈને આવેલા સર્વ રાજાઓને સન્માન આપી વિદાય કર્યા.૧૧૮ અને પછી શુભ દિવસે તથા શુભ લગ્ને મોટા ઉત્સવપૂર્વક પોતાની પુત્રીનાં રાજકુમાર સાથ સાથે

તેથીજ આ મારૂં ક્રીડાસ્થાન થયું છે.[૧૪૭] પેલી સૌભાગ્યમંજરી
હતી તે પણ રાજાના અંતઃપુરમાં રહીને કોઇ દિવસે તેણે જૈન
સાધ્વીઓ પાસે શ્રાવકનો ધર્મ સાંભળ્યો અને બે વર્ષ સુધી તેનું
આરાધન કર્યું, જેથી તે પોતાનું આયુષ્ય પૂર્ણ થયા પછી મરણ પામીને
આ મદનમંજરીરૂપે ઉત્પન્ન થયેલી છે.[૧૪૮-૧૪૯] હું, જો કે આની પર
પ્રથમથીજ રાગી હતો પણ તે જ્યાં સુધી કુમારી હતી ત્યાં સુધી
મેં તેનું હરણ કર્યું ન હતું, પછી જ્યારે તેનો સ્વયંવર થવા લાગ્યો
ત્યારે અવશ્ય આને કોઇ પરણશે અને તેનો પતિ થશે, એ સહન
નહિ થવાથી ક્રોધમાં ને ક્રોધમાં તેને હું અહીં લાવ્યો છું. આ રીતે
એના વેરનુંજ આ ફળ છે.[૧૫૦-૧૫૧] પણ હે કુમાર! તમારા અદ્ભુત
આત્મવિશ્વાસથી અને નિઃસીમ સાહસથી હું પ્રસન્ન થયો છું માટે હે
વત્સ! હે કુળધુરંધર! તમે આને પરણો,[૧૫૨] અને આ દેશના
રાજ્યનો પણ સ્વીકાર કરો. જેથી સમગ્ર પ્રજાઓ, મકાનો, નગરો
તથા ગામડાં ફરી અહીં નિવાસ કરે.[૧૫૩] બહુ સારૂં" એમ કહીને
ફરી પણ શંખકુમારે કહ્યું કે સાત દિવસમાંજ હું તમારી પુત્રીને
લાવી આપીશ, નહિ તો અગ્નિમાં પ્રવેશ કરીશ, એમ આ મદન-
મંજરીના પિતા પાસે મેં પ્રતિજ્ઞા કરી છે માટે તે પ્રતિજ્ઞા પૂર્ણ કર
વાને હવે મારે વિલંબ કરવો નહિ જોઇએ, અને વળી હાલ તો
આ દેશમાં, મારે વાસ કરવો તે પણ યોગ્ય નથી.[૧૫૪-૧૫૫] હમણાં તો
આ કન્યા તેના પિતાને મારે સોંપવી જોઇએ. આ વાક્ય સાંભળી
મદનમંજરી કન્યા એકદમ ગમગીન થઇ ગઇ કે આ કુમાર
મને પરણશે કે નહિ?[૧૫૬] પણ તેજ સમયે તેને દુઃખમાંથી મુક્ત
કરનાર તેનું વામ નેત્ર ફરક્યું અને પાસેના આસોપાલવના વૃક્ષ
ઉપર બેઠેલ પક્ષીનો શબ્દ તેણે સાંભળ્યો.[૧૫૭] આ બે
નિમિત્ત પોતાના હિતકારક હોવાથી મદનમંજરીની બુદ્ધિએ પે

શું સોમેશ્વરરાજાને યોગ્ય ગણાય, સરસ્વતીને કહી સંભળાવી થી
ગઈ ! ૧૫૪ તે પછી રાજાએ મંત્રીઓ તથા સામંતો આદિ રાજ-
લોકોને તથા સર્વ નગરવાસીઓને કહ્યું કે હે લોકો ! તમે આ
સાંભળો. તમારે મનમાં આવો વિચાર ન કરવો કે આ કોઈ
પરદેશી, ગામ છોડી બેઠો ! કેમકે સૂર્ય ભી? દિવસે પણ દિવસનો
પ્રહર અને છે ૧૫૮ – ૧૬૧ વર્ષ એનો કંઈ નિયમ નથી કે રાજા
કોઈના કુળમાંથી આવું જ આવે ! સર્વ સ્થળે આપણે સાંભળીએ છીએ
કે પૃથ્વી વીર પુરુષોએજ ભોગવવા યોગ્ય છે.૧૬૨ સિંહ તથા
ક્ષત્રિય—વીર પુરુષોની સ્થિતિ હમેશાં સમાન અને એકજ હોય છે. કેમકે
? દેશમાં જાય છે તે દેશ, તેઓના બાપદાદાઓએ ઉપાર્જન કરેલુંજ થઈ
પડે છે.૧૬૩ માટે આ કુમારને તમારે મારા કરતાં પણ અધિક ગણવો. કેમકે,
આ સિદ્ધસમાન છે અને પોતાનું ઉપાર્જન કરેલુંજ રાજ ભોગવે
છે ૧૬૪ એ તો મારા પિતાએ આપેલા રાજ્યનેજ સદા ભોગવ્યું
મુસાફરી કરતાં તેઓ એક ગામથી બીજે ગામ જતા હતા અને તે તે સ્થળેથી પાંચ સાત પાંચ સાત સાધુઓ તેમને મળે જતા હતા. ૫૫ એ રીતે પુંડરીક શત્રુંજય પહોંચ્યા તેટલામાં તેમની સાથે પાંચ કરોડ સાધુઓની સંખ્યા ભેગી થઈ ગઈ ૫૬ અને તે સમગ્ર પરિવારની સાથે ગણધર પુંડરીક શત્રુઓનો પરાજય કરવાની ઇચ્છાથી શત્રુંજય પર્વતપર ચઢ્યા.૫૭ શમશ્રુતિના તે પુંડરીક ગણધરે, સર્વ સાધુઓની સાથે ત્યાં અનશનવ્રત લીધું અને એક માસમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષપદ સંપાદન કર્યું.૫૮ આ શત્રુંજય ઉપર ચૈત્રમાસની પૂર્ણિમાને દિવસે પુંડરીક નિર્વાણ પામ્યા હતા તેથી એનું બીજું નામ પુંડરીકગિરિ પણ કહેવાય છે ૫૯ તે પછી શ્રીનાભિનંદન ભગવાને પુંડરીક ગણધરનું એ સર્વ નિર્વાણવૃત્તાંત ભરત રાજા આગળ કહી સંભળાવ્યું ૬૦ એટલે શરીરે રોમાંચિત થઈને ભરતે પણ ભગવાનને વિનતિ કરી કે ઈશ્વર મને ધન્ય છે. કેમકે મારો પુત્ર શત્રુઓને જીતીને સિદ્ધ થયો, હે ભગવાન્! એ શત્રુંજય તીર્થ ઉપર જિનમંદિર બંધાવીને હું પણ પુણ્ય સંપાદન કરું અને તે તીર્થ પણ જગતમાં પ્રકટ થાય.૬૧-૬૨ ભગવાને પણ કહ્યું કે તે યોગ્ય છે કેમ સામાન્ય સ્થળે પણ જિનમંદિર બંધાવવામાં પુણ્ય છે તો પછી આ શત્રુંજય ઉપર બંધાવવાથી કંઈ સામાન્ય પુણ્ય ન થાય—અર્થાત્ અનંત પુણ્ય પ્રાપ્ત થાય.૬૩

ભરત રાજાનો પ્રથમ ઉદ્ધાર.

તે પછી ભરતચક્રવર્તીએ ધર્મચક્રવર્તી ભગવાન શ્રીઆદિનાથ મહારાજની આજ્ઞાથી શત્રુંજય ઉપર રત્નમય સોના, રૂપા તથા રત્નમણિમય એક જિનમંદિર બંધાવ્યું. ૬૪ તેમાં શ્રીનાભિનંદન ભગવાનની રત્નમય પ્રતિમાને ગણધર વગેરે મહાત્માઓ સ્થાપિત કરી તેમજ પુંડરીક ગણધરની રત્નમય પ્રતિમાની તથા બીજી પણ મૂર્તિની,

આ કંઈ આશ્ચર્યજનક નથી.[૪૨] વળી તે તે સમયે એનો ઉદ્ધાર કર
નારા પણ ઘણા થઈ ગયા છે જેઓનાં નામ હાલમાં જાણી શકાતાં
નથી. કેમકે તે તે ઉદ્ધાર કાળને ઘણો સમય વીતી ગયો છે.[૪૩] આ /
અવસર્પિણીમાં પણ અતિમુક્ત આદિ આચાર્યોએ ? તીર્થમહિમા
કહ્યો છે તેનો કંઈક ભાગ હમણાં હું તને કહું છું.[૪૪] આ ભરતક્ષે
ત્રમાં પૂર્વે કેવળજ્ઞાનવડે સૂર્યસમાન અને સર્વતીર્થંકરોમાં પ્રથમ શ્રી
નાભિનંદન જિનેશ્વર થયા.[૪૫] તેમના ગણધરો ચોરાશી હતા. તેઓમાં
ભરતરાજાના પુત્ર પુંડરીક ગણધર મુખ્ય હતા. એક સમયે જ્યારે
પોતાનામાં કેવળજ્ઞાન પ્રગટ્યું ન હતું ત્યારે તેમણે ખેદરૂપ વિષથી
મનમાં ખિન્ન થઈને પ્રભુને પ્રણામ કરી કહ્યું કે[૪૬-૪૭] હે નાથ!
જળથી ભરેલા સરોવર પાસે રહ્યા છતાં જેમ કોઈ એક મનુષ્ય
તૃષાતુર રહે અથવા સમુદ્રના કિનારા ઉપર રહ્યા છતાં કોઈ દુર્ગત
મનુષ્ય મીઠા વિનાનું અન્નભોજન કરે અને રોહણાચળ પર્વતનું સેવન
કરતો હોય છતાં કોઈ મનુષ્ય એક કોડી પણ ન મેળવી શકે તેમ
હું તમારો પૌત્ર છું, ભક્તિમાન શિષ્ય છું તથા સતત આપની પાસેજ
રહું છું, છતાં હજી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શક્યો નથી. (એ કેવું
આશ્ચર્ય!)[૪૮-૪૯] એ સાંભળી ભગવાને કહ્યું—"હે મહાસત્ત્વ
વાન પુંડરીક! તું ખેદ કર મા. તારામાં હજી પણ મોહાદિ આંતર
શત્રુઓ વસી રહ્યા છે.[૫૧] તું જ્યારે શત્રુંજય તીર્થમાં જઈશ ત્યારે
હે મહાસત્ત્વ! આભ્યંતર શત્રુઓને જીતીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીશ.
"[૫૨] પછી પુંડરીક, પ્રભુને નમસ્કાર કરી પોતાની સ્વાર્થસિદ્ધિની
ઇચ્છાથી એકદમ શત્રુંજય મહાતીર્થ તરફ ચાલી નીકળ્યા, કેમકે
શત્રુઓને જીતવામાં કોણ વિલંબ કરે![૫૩] પુંડરીક ગણધર, જે
સમયે શત્રુંજય તરફ જવા નીકળ્યા ત્યારે ભગવાનના પરિવારમાંથી
કેટલાએક સાધુઓ પણ તેમની પાછળ નીકળી પડ્યા.[૫૪] માર્ગમાં

છે. તેમાંના બીજા ઉદ્ધારક તરીકે સગર ચક્રવર્તી થઈ ગયો છે [૭૯] તે કાળમાં આ પર્વત ઉપર રામ વગેરે ત્રણ કરોડ સાધુઓ, એમજ લાખ નારદો અને દશ કરોડ દ્રવિડ-વાલિખિલ્લ વગેરે રાજાઓ આઠ કર્મરૂપ શત્રુને શુક્લધ્યાનમાં આણી ક્ષય કરી નાખીને સિદ્ધિપદને પામ્યા છે [૭૫-૮] તેમજ પ્રદ્યુમ્ન-શાંબ વગેરે કુમારો સાડા આઠ કરોડ મુનિઓની સાથે આ પર્વત ઉપર સનાતન મોક્ષ પદને પામ્યા છે [૮૧]

પાંડવોનો ત્રીજો ઉદ્ધાર

તે પછી જ્યારે દુષમાકાળ ઉપસ્થિત થયો અને લોક લોભી થવા લાગ્યા તે જોઈને પાંડવોએ સુવર્ણ-રત્નમય તે ચૈત્યની તથા તેમની રત્નમય પ્રતિમાની કોઈ ગુપ્તસ્થાનમાં રક્ષા કરી—એટલે ચાલુકો ન જાય તેથી તેવા સ્થાનમાં તેઓનું સ્થાપન કર્યું અને તે સ્થળે પવિત્ર તથા કાષ્ઠનું મંદિર બનાવી તેમાં ચૂનાના બનેલા લેપ્ય પદાર્થોની રત્ન પ્રતિમા સ્થાપિત કરી. આ રીતે તેઓ ત્રીજા ઉદ્ધારક તરીકે લોકમાં વિખ્યાત થયા. [૮૩-૮૪] પછી તે પાંચે પાંડવો માતા કુંતીની સાથે તથા વીસ કરોડ મુનિઓની સાથે એ પર્વત ઉપર મોક્ષે ગયા. [૮૫] વળી થાવચ્ચાસુત, શુક વગેરે સાધુઓ અને ભરત આદિ અસંખ્ય રાજાઓ, આ પર્વત ઉપર મોક્ષે ગયા છે [૮૬] તેમજ બીજા તથા સોળમા તીર્થંકર અજિતનાથ અને શાંતિનાથ ભગવાને પોત પોતાના સમયમાં આ પર્વત ઉપર ઘણાં ચોમાસાં કર્યાં છે. [૮૭] કહે છે કે શ્રી નેમિનાથના શિષ્ય શ્રીનન્દિષેણ આ પર્વતની યાત્રા કરવા આવ્યા હતા અને તે સમયે તેણે અજિતશાંતિસ્તવ નામનું સ્તોત્ર રચ્યું છે. (આ ઉપરથી જણાય છે કે તેઓ બન્ને ભગવાને ત્યાં ચોમાસાં કર્યાં હતાં.) આ રીતે શત્રુંજય પર્વત ઉપરના ચૈત્યના તથા પ્રતિમાના પ્રત્યેક કાળમાં

સુવર્ણની તથા રત્નોની જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી ૧૫-૧૬ તે પછી એ તીર્થ શત્રુંજય, પુંડરીક-ઇત્યાદિ એકવીશ નામથી પૃથ્વી પર પ્રસિદ્ધ થયું. ૧૭ એ પ્રમાણે આ વિમલગિરિ ઉપર ભરત ચક્રીએ સૌથી પહેલાં શ્રી જિનભગવાનનું મંદિર બંધાવ્યું હતું અને તેથી એ પ્રથમ ઉદ્ધારક કહેવાય છે. ૧૮ શ્રીશત્રુંજય પર્વત [illegible] પચાસ યોજન પહોળો ઉપરના ભાગમાં ૧૦ યોજન પહોળો અને તેની ઊંચાઈ આઠ યોજન હતી. ૧૯ ચોથા આરામાં આ પર્વતનું માપ ઘટતું રહે છે પણ પાંચમા આરામાં અનુક્રમે ઓછા થતાં થતાં છેવટ સાત હાથનો રહેશે અને ૨૦ પૂર્વ કાળમાં પણ આ તીર્થ ઉપર ઋષભસેન વગેરે અસંખ્યાતા પરમેષ્ઠીઓ સમવસર્યા હતા અને ત્યાંજ સિદ્ધિને પામ્યા હતા ૨૧ વળી શ્રી નેમિજિન વિના ઋષભદેવ ભગવાન વગેરે ત્રેવીશ તીર્થંકરો કેવળજ્ઞાનથી શોભાયમાન થઈને સમવસર્યા હતા ૨૨ એટલું જ નહિ પણ શ્રીપદ્મનાભ વગેરે ભવિષ્યકાળના તીર્થંકરો પણ પોતાના ચરણ કમળથી એ તીર્થને પવિત્ર કરશે. ૨૩ શ્રીબાહુબલિએ પણ આ મહાપર્વત ઉપર સમવસરણવાળું ઋષભ શ્રી મરુદેવીનું મંદિર ઉજ્જ્વલ રત્નોથી બંધાવ્યું હતું. ૨૪ ઉપરાંત નમિ વિનમિ નામના મુખ્ય વિદ્યાધરો બે કરોડ મુનિઓની સાથે એ તીર્થમાં સિદ્ધિપદને પામી ગયા છે. ૨૫ અને શ્રીનાભિજિનેન્દ્ર ભગવાનથી આરંભીને તેમની પાટ પરંપરાના અસંખ્યાતા મહાપુરુષો ઠેઠ અજિતનાથ તીર્થંકર સુધી આ પર્વત ઉપર મોક્ષે ગયા છે ૨૬

સગર રાજાનો બીજો ઉદ્ધાર.

તે પછી અજિતનાથ ભગવાનનો પુત્ર સગર રાજા ભરતખંડનો અધિપતિ થયો અને તેણે પણ શત્રુંજયનો બીજો ઉદ્ધાર કરી મુક્તિપદ પ્રાપ્ત કર્યું ૨૭ આ ૧ થી ૧૨ શત્રુંજય તીર્થના ૧૨ ઉદ્ધારો પ્રસિદ્ધ

સંપ્રતિ, વિક્રમ, પાદલિપ્ત આમ, હંસ અને શીલાદિત્યાદિ વગેરે ઘણા ઉદ્ધારક થઇ ગયા છે.

પાંચમાથી આ કલિયુગના સમયમાં મોટો જાવડિએ આ તીર્થનો ઉદ્ધાર કરાવ્યો છે. તે જાવડિ ધર્મનિષ્ઠ પુરુષોમાં મુખ્ય હતો અને તેણે જે પ્રમાણે આનો ઉદ્ધાર કરાવ્યો છે તે વૃત્તાંત મારા સાંભળવા પ્રમાણે હું તને આદરપૂર્વક કહું છું. શ્લોક-૯૯-૧૦૨

જાવડિનો મોટો ઉદ્ધાર.

પૂર્વે મધુપુર (મહુવા)નામના નગરમાં પ્રાગ્વાટ કુળમાં ઉત્પન્ન થયેલા ભાવડ શેઠીનો પુત્ર જાવડિ નામનો થઇ ગયો છે. ૧૦૩ તેને સીતાદેવી નામની સુશીલ સ્ત્રી હતી. તે જાણે પ્રત્યક્ષ સીતા અવતરી હોય તેવી જણાતી હતી. માત્ર ગર્વને પ્રિય ન હતી. ૧૦૪ એક દિવસે જાવડિ પોતાની એ ધર્મપત્ની સાથે શત્રુંજય પર્વત ઉપર શ્રીનાભિનન્દન ભગવાનની યાત્રા કરવા માટે ગયો. ૧૦૫ ત્યાં આવીને તેણે અતિ હર્ષથી રોમાંચિત થઇ લાવેલા કળશોથી જિન ભગવાનને સ્નાન કરાવ્યું. ૧૦૬ તે સમયે સ્નાનની જળધારા અવિચ્છિન્ન રીતે પ્રતિમાપર પડતી હતી અને પ્રતિમા તો કેવળ લેપની જ હતી, જેથી તરત ખંડિત થઇ ગઇ. ૧૦૭ આ જોઇને જાવડિ અને તેની પત્ની મનમાં ખેદ પામ્યાં. તેઓ ચારે પ્રકારના ભોજનનો ત્યાગ કરી તીર્થંકર ભગવાનની સન્મુખ બેસી ગયાં. ૧૦૮ તેઓને ત્રણ ઉપવાસ થયા ત્યારે શાસન દેવીએ જાવડિને કહ્યું કે જિનેશ્વરસ્વામી તો સિદ્ધ છે અને બુદ્ધ છે તે તને શું ઉત્તર આપશે? માટે કપર્દી નામનો યક્ષ જે આ તીર્થનો રક્ષક છે તેની આરાધના તું કર અને તારી ઇચ્છામાં આવે તેટલા ઉપવાસ કર. ૧૦૯-૧૧૧ શાસનદેવીના આ વચનથી જાવડિ યક્ષના મંદિરમાં ગયો અને પોતાની ઇચ્છાસિદ્ધિ

એટલા બધા ઉદ્ધારો થયા છે કે જેઓની સંખ્યા સમુદ્રના જળબિંદુઓની સંખ્યા પ્રમાણે અગણિત છે—ગણી શકાય તેવી નથી. [૮૮-૮૯] બીજા તીર્થમાં તપ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ આ તીર્થનાં ભાવપૂર્વક દર્શન માત્રથીજ પ્રાપ્ત કરી શકાય છે[૯૦] બીજા કોઇ સ્થળોમાં એક કરોડ મનુષ્યોને મિષ્ટ ભોજન કરાવવાથી જે ફળ મેળવી શકાય છે તેજ ફળ આ શત્રુંજય તીર્થ ઉપર એક ઉપવાસ કરવાથી મેળવી શકાય છે[૯૧] આ ભૂમંડળ ઉપર બીજા જે કોઇ તીર્થો સર્વોત્કૃષ્ટ ગણાય છે તેઓ સર્વેના આ મહાતીર્થનાં દર્શનથીજ દર્શન થઇ ચૂક્યાં ગણાય છે.[૯૨] આ તીર્થરાજના દર્શન જેવાં થાય છે કે તેજ સમયે ભવ્યપ્રાણીની નરક—તિર્યંચ આદિ દુર્ગતિઓ દૂર થાય છે તેમજ કુદેવ અથવા કુમનુષ્યાદિનું પણ વારણ થાય છે[૯૩] હિંસા કરનારા હિંસક પ્રાણીઓ પણ આ તીર્થમાં આવીને ઉભા રહ્યા હોય તો આના પ્રભાવથીજ પાપરહિત થઇને સુગતિને પામે છે[૯૪] આ શ્રી-શત્રુંજય પર્વત ઉપર જઇને જિનેશ્વર ભગવાનના જે દર્શન કરવાં તેજ મનુષ્ય જન્મના જીવનનું તથા ધનનું ફળ ગણાય છે[૯૫] એટલુંજ નહિ પણ આ પર્વત ઉપર જઇને જે કોઇ ઉપાસના, તપ, દાન ધ્યાનાધ્યયન, શીલ તથા ભક્તિનું અનુષ્ઠાન કરે છે તેને સદા અનંતગણું ફળ પ્રાપ્ત થાય છે[૯૬] જે બુદ્ધિમાન મનુષ્ય આ તીર્થમાં માત્ર અંગુષ્ઠ જેટલીજ પ્રતિમાની પ્રતિષ્ઠા કરે છે તે અતિ આ લોકમાં ચક્રવર્તી આદિની સમૃદ્ધિ ભોગવીને સ્વર્ગમાં જાય છે[૯૭] આ મહાતીર્થમાં કપર્દી નામનો યક્ષ, શ્રીનાભિનંદન ભગવાનનો સેવક થઇ રહ્યો છે અને ભવ્ય જીવોની નિરંતર ભક્તિ કરે છે.[૯૮] હે સાધુસત્તમ દેવક! આ સર્વોત્તમ તીર્થરાજના પ્રભાવનું વર્ણન કરવાને આ જગતમાં કોણ સમર્થ છે![૯૯] શ્રી વીર ભગવાનના નિર્વાણ પછી પણ આ મહાતીર્થ ઉપર ઘણા

ગયો. કેમકે કપર્દિયક્ષના પ્રભાવથી તેનું મન નિઃશંક થયું હતું. ૧૨૩
તેણે દાણ લેનારા અધિકારીઓને સઘળું લાખ દ્રમ્મ આપીને પોતાનાં
આવનારાં વહાણોની સહિત ભરેલી વસ્તુના સંબંધમાં હકનો નિશ્ચય
પણ કરી લીધો. ૧૨૪ તેવામાં પુષ્કળ ધનથી ભરેલાં બારે વહાણો
અચિંતવ્યાં આવી પહોંચ્યાં એટલે આભડ હર્ષ પામ્યો. ૧૨૫ અને
દાણ લેના૨ા તે અધિકારીઓ તો અનેક લાખો રૂપિયાનું પોતાનું
દાણ ખોયું જોઈને ખિન્ન થઈ ગયા અને મન સમજી પછી જેમ
જુગારી હાથ ઘસે તેમ, પોતાના હાથ ઘસવા લાગ્યા. ૧૨૬ પછી
આભડે વહાણમાં આવેલાં કરીયાણાં વેચી નાખ્યાં અને તેથી
અનેક ક્રોડો દ્રમ્મનો તે આસામી બની ગયો. કેમકે પ્રાણીઓનો
પુણ્ય કરવાનો મનોરથ વધારે હોય છે. ૧૨૭ પછી આભડ એક
ભાવવશાત જિન ભગવાનના બિંબ માટે મહાકીમતી મેળવવા લઈને
જલજનક દેશમાં ગયો. ૧૨૮ ત્યાં યવન જાતિનો (મુસલમાન) એક
સુલતાન રાજ્ય કરતો હતો. તેને આભડે ભેટ આપવાનું ભેટણું
ધરી પ્રણામ કર્યો. ૧૨૯ એટલે તે સુલતાને કહ્યું – કે શેઠ! જેમ,
ત્યારે ? કંઇ પ્રયોજન હોય તે તું મને કહે. તે બીજા કોઈથી ન
સાધી શકાય તેવું હશે તો પણ હું અહીં કરવા તૈયાર છું" ૧૩૦ ત્યારે
આભડ બોલ્યો –"હે રાજા! આપ તો યાચકોને કલ્પવૃક્ષ જેવા છો,
જો તમે મને મારું માનેલું આપવા હો તો હું એક જિન માગું
છું તે મને આપો. ૧૩૧ એ સમયે રાજાએ "બહુ સારું" એમ
કહીને તે આપવા વચન આપ્યું, પણ તે વિષે પ્રશ્ન કર્યો કે એ જિન
શું છે? કેમકે તે યવન રાજાને જિન શબ્દના અર્થની ખબર ન
હતી. ૧૩૨ પછી આભડે કહ્યું –"હે પ્રભુ! જે દેવની આગળ પૂજા
કરીએ છીએ તે? મૂર્તિ તે જિન કહેવાય છે અને તે અહીં
ભોંયરામાં છે. ૧૩૩ રાજાએ કહ્યું –"ભલે તે ભોંયરાને લઈ જા
અથવા તેમ તો એ જિનને લઈ જા." રાજાની એ આજ્ઞા થતાં

માટે પત્ની સાથે ત્યાં બેઠા. ૧૧૧ બરાબર એક ઉપવાસ થયો એટલે વહુએ પ્રત્યક્ષ થઈને કહ્યું કે આ ઉપવાસ કરવામાં તારો શો હેતુ છે ? તે તું મને કહે. ૧૧૨ ત્યારે જાવડિએ કહ્યું કે હું ધર્મબુદ્ધિથી ભગવાનને સ્નાન કરાવતો હતો તેમાં તેમની પ્રતિમા ખંડિત થઈ છે જેથી મેં મહાન પાપ ઉપાર્જન કર્યું છે. ૧૧૩ મારા ઉપરનો આ કલંક જ્યાંસુધી ચંદ્ર-સૂર્ય રહેશે ત્યાંસુધી મને તપાવ્યા કરશે અને તેને લીધે મારૂં મુખ જગતમાં દર્શન કરવાને અયોગ્ય થઈ પડ્યું છે. ૧૧૪ માટે હે વહુએ ! હે સ્વચ્છ આશયવાળા ! તમે મારા પર એવી કૃપા કરો, જેથી આ પાપમાંથી મારી કંઈક મુક્તિ થાય. ૧૧૫ પછી વહુએ કહ્યું – *ગજ્જનક દેશમાં બીબાકુમારિએ કરાવેલું આદિનાથ ભગવાનનું બિંબ છે. ચક્રેશ્વરી દેવી હમેશાં તેની પૂજા કરે છે અને હમણાં તે એક ભોંયરામાં રહેલ છે. માટે તેને અહીં લાવીને આ દેરાસરમાં મૂળનાયક તરીકે તેની પ્રતિષ્ઠા કર. ૧૧૬-૧૧૭ તે સાંભળી જાવડિ બોલ્યો–"મારા ઘરમાં તેટલું પુષ્કળ ધન નથી, કે જેથી તે ગજ્જનક જેટલા દૂર પ્રદેશથી તે પ્રતિમાને હું લાવી શકું" ૧૧૮ ત્યારે વહુએ કહ્યું – 'આ બાબતમાં તારે કોઈ પ્રકારની ચિંતા કરવી નહિ. તેં પ્રથમ બારવર્ષ પહેલાં જે બાર વહાણો મોકલ્યાં છે તે તારા ભાગ્યને લીધે હવે સત્વર ધનથી ભરપૂર થઈ આવી પહોંચશે. ૧૧૯-૧૨૦ વહુના આ કહેવાથી જાવડિ પ્રસન્ન થયો અને પોતાની સ્ત્રી સીલાની સાથે તેણે તે કાર્યસિદ્ધિને અવશ્ય થનારી માની લીધી. ૧૨૧ પછી બરાબર સવારીએ [illegible] પોતાની પ્રિયા સાથે તેણે પારણું કર્યું. કારણ કે કોઈ પણ સ્થળે સત્ત્વ પ્રાપ્ત કોઈ પણ પ્રયત્ન સ્વરે ખાલી નથી (!) ૧૨૨ તે પછી તીર્થનાયક ભગવાનને વંદીને જાવડિ પોતાને નગરે

* ગજ્જનક દેશ હાલના સમયમાં ગીઝની નામથી ઓળખાય છે.

ધારના પાછળના ભાગમાં જેમ મગરના પત્થરની પેઠે નાચે પડ્યો
૧૪૧ એટલે તેજ મુખે પ્રતિમા મુખેથી પર્વત ઉપર ચઢી ગઈ.
ખરેખર સિદ્ધિનું કારણ સત્ત્વ છે અને સત્ત્વથી સર્વ કાર્ય સિદ્ધ
છે. ૧૪૭ ભાવડિએ વિક્રમરાજા પછી ૧૦૮મા વર્ષે તે જિનને સ્થા-
નાયકજી વગેરે સ્થાપ્યું. ૧૪૮ એ સમયે જ્યારે પૂર્વ કપર્દી યક્ષ
ભગવાનને પોતાને સ્થાનેથી ઉઠાવ્યા ત્યારે તેના અધિષ્ઠાતા વ્યંતર
દેવોએ કોપાવેશથી મહાભયંકર શબ્દો કરી મૂક્યા. ૧૪૯ અને તેના
કોપવશથી આખું બ્રહ્માંડ કંપી ઉઠ્યું. શત્રુંજય પર્વત આખો ઓગળી
ગયો હોય તેમ જણાવા લાગ્યું. પ્રતિમા વગેરે કરીવરો મૂર્છિત થઈ
પૃથ્વી પર ઢળી પડ્યા અને સમુદ્ર ઉછળવા લાગ્યો. ૧૫૦–૧૫૧ એ
પ્રમાણે જગતમાં ખળભળાટ થયેલો જોઈ ભાવડિનું મન કરવું આકુળ
ની થયું અને તે યક્ષરાજ પ્રતિમાની આગળ ઉભો રહીને નમ્ર-
પૂર્વક વિનતિ કરવા લાગ્યો કે ૧૫૨ હે સ્વામિ! કરુણાપૂર્વક મ-
મા મારા અપરાધને ક્ષમા કરો. હે કૃપાનિધિ ભગવન! મારા પર
પ્રસન્ન થાઓ, કૃપા કરો. ૧૫૩ આ સર્વ કરીવરો મારી આજ્ઞાને
પરવશ હતા (અને તેથીજ તેઓએ આ કૃત્ય કર્યું છે) માટે
તેઓને તમે ઉઠાડો તમે તો પ્રાણીમાત્રનું હિત કરનારા છો. ૧૫૪
હે નાથ! લોકો પ્રથમ તમારી સ્નાત્ર પૂજા વગેરે ક્રિયાઓ સહ
કરશે અને પછી આ નવી પ્રતિમાનું પૂજન—અર્ચન કરશે. ૧૫૫
ભાવડિના એ અવસર જાણ પછી વ્યંતર દેવોએ તત્કાળ તે કરીન્-
દ્રોને ઉઠાડ્યા કેમકે દેવો દુર્બળોનો નાશ કરતા નથી. ૧૫૬ પછી
શુભ આયુષ્યવાળા લગ્નમાં સમતાવાન ભાવડિએ શુભ લગ્નવાળા
દિવસે નવી પ્રતિમાની વિધિ પ્રમાણે પ્રતિષ્ઠા કરી. ૧૫૭ એ પ્રતિષ્ઠા
વાળવામાં ભાવડિએ નવલાખ સોના મહોરો ખર્ચી હતી અને તેવી
પ્રતિષ્ઠામાં સવાલાખ સોનામહોરો વાપરી હતી ૧૫૮ તે પછી એ

જાવડિએ ઘણી મોટી નીસરણીઓ ઉપરથી તે સ્થાન જાણી લીધું અને ભોંયરાની ભૂમિને ખાણીયોદ્વારા જેથી અલગ કરાવી કે તુરતજ જિન પ્રકટ થયું. [134-135] એ જિનની ચોરાશી દેશી જાતજાતના રત્નાલંકારોથી તથા દિવ્યમાળાઓથી નિત્ય પૂજા કરતી હતી [136] તે તેના વચન ચાલ્યે પ્રતિમાનાં દર્શન કરી મનમાં વિચાર કર્યો કે આ તો સાક્ષાત્ જગતસ્વામિ બિરાજેલા છે પછી તેણે પ્રતિમાને પ્રણામ કરી મોટો ઉત્સવ કરાવ્યો. [137] વળી તે સુલતાને જાવડિની પ્રશંસા કરી કે ખરેખર તું કોઈ ધન્યવાદ પાત્ર છે અને પુણ્યશાળી છે કેમકે દેવતાઓ પણ આ રીતે તારાપર પ્રસન્ન છે. [138] માટે ખુશીથી, તું આ પ્રતિમાને ગ્રહણ કર અને પોતાનો મનોરથ પૂર્ણ કર. મને પોતાને પણ આ મારા સ્થાનમાંથી પ્રતિમા આપવાથી પુણ્યનો લાભ થવાનો છે. [139] એમ કહી તે સુલતાને રેશમી વસ્ત્રો તથા સુવર્ણના અલંકારો આપી જાવડિનું સન્માન કર્યું અને ઉત્સવપૂર્વક પ્રતિમા સહિત તેને ત્યાંથી વિદાય કર્યો [140] અનુક્રમે મહાવિકટ માર્ગને પણ સુખપૂર્વક ઓળંગીને દેવતાના અતિશયને લીધે તે પ્રતિમા શ્રીશત્રુંજય પાસે આવી પહોંચી. [141] પછી જાવડિ દરરોજ પર્વતની જેટલી ઉંચાઈ સુધી પોતાના માણસો પાસે મહેનત કરાવીને પ્રતિમાને ઉંચે ચડાવતો હતો તેટલીજ નીચાઈ સુધી કોઈ અંતર, દરરોજ તે પ્રતિમાને પાછી ઉતારી નાખવા લાગ્યો, જેથી એ પરિશ્રમ મફતજ તેના બે મહિના વીતી ગયા. [142-143] આખરે જાવડિ થાક્યો, તેણે ઘણું મનમાં ચિંતન કર્યું એટલે તેણે પ્રત્યક્ષ આવી જાવડિને આવું સ્પષ્ટ વચન કહ્યું—[144] "હે શેઠ! તું અને તારી સ્ત્રી બન્ને આ પ્રતિમાનું ગાડું જ્યારે ચાલે ત્યારે તેના બન્ને પૈડાંના પાછળના ભાગમાં રહી સૂવાના બનાવની પેઠે તેમ રૂપે ચાલો." [145] તે સાંભળી બીજે દિવસે શેઠ પોતાની સ્ત્રી સાથે પૈડાંની

કરવા લાગ્યો જેથી રાજાને પ્રભુની પેઠે પ્રિય થઈ પડ્યો. ૧૬૮ પછી રાજા જયસિંહ રાજાની સર્વ ચિંતા તે મંત્રીશ્વર ઉપર મૂકીને પોતે તો કેવળ રાજ્ય સુખજ ભોગવવા લાગ્યો અને મંત્રી, રાજ્યકારભાર કરવા લાગ્યો. ૧૬૯ એક સમયે શ્રી સિદ્ધચક્રવર્તી–સિદ્ધરાજે (જયસિંહે) સુરાષ્ટ્ર દેશના પોતાના શત્રુ રાજા ખેંગારસિંહને જીતવા માટે મંત્રીને આજ્ઞા કરી. ૧૭૦ મંત્રી ઉદયન પણ રાજાની આજ્ઞાને હર્ષપૂર્વક સ્વીકારીને પોતાના ભગવાનની પૂજીને મુહૂર્તે ચાલતો થયો. ૧૭૧ તેણે પોતાના તેજથી તથા ચતુરંગી સેનાએ ઉડાડેલી રજથી આકાશમાં સૂર્યને ઢાંકી દીધો અને પૃથ્વીને કંપાવતો તે વર્ધમાનપુર* નગરે પહોંચી ગયો. ૧૭૨ ત્યાંથી પોતાના સૈન્યને ખેંગારસિંહની રાજધાની તરફ રવાના કરીને મંત્રી ઉદયન, થોડા પરિવારની સાથે શ્રીશત્રુંજય પર્વત ઉપર ગયો. ૧૭૩ ત્યાં તેણે પવિત્ર હૃદયથી શ્રીઋષભરાજ ભગવાનને પ્રણામ કરી સ્નાન કરાવ્યું અને શ્રેષ્ઠ પુષ્પો તથા વસ્ત્રાભરણોથી તેમની પૂજા કરી. ૧૭૪ પછી સ્તોત્રોથી સ્તવતા જૈનશ્રુતના ગુણથી અત્યંત ભક્તિપૂર્વક જ્યાં હાથમાં આરતી લઈને તે જ્યારે ભગવાનની આગળ ઊભો ત્યારે એક ઉંદર બળતી દીવાની દીવેટને ભગવાનની પાસેથી લઈ જઈને બીલમાં પેસી ગયો. આ દશ્ય જોઈને ઉદયને મનમાં વિચાર કર્યો કે, આ કાષ્ઠના જિનમંદિરમાં આ રીતે કદાચ અગ્નિ લાગે તો ભગવાનની પ્રતિમા પણ જોખમમાં આવી પડે. આવો મનમાં વિચાર કરી તેણે સંકલ્પ કર્યો કે આ દેવમંદિરને પાષાણમય પત્થરોથી બંધાવીને હું જ્યારે સિદ્ધ કરીશ ત્યારે દિવસમાં એકજ વખત ભોજન કરીશ અને જ્યારે મારો આ સંકલ્પ પૂર્ણ થશે ત્યારે હું ભોજન, દેહ તથા જળ એ ત્રણ વસ્તુને ભોગ કરી સ્નાન કરીશ. ૧૭૫–૧૭૯ આવી પ્રતિજ્ઞા કરીને

* આ વર્ધમાનપુર તે આજનું વઢવાણ હોવું જોઈએ.

બન્ને એ પુણ્ય જિનમંદિરના ઉપરના ભાગ ઉપર ચઢીને પોતાના સેવકોની સાથે નૃત્ય કરતાં હતાં. તેવામાં અંતર દેવોએ પૂર્વના વૈરથી તેઓને ક્યાંક ગુમ કરી દીધાં જેથી કરી તેઓ જણાયાંજ નથી. (કે ક્યાં ગયાં!) ખરેખર, પૂર્વનું વૈર દુસ્ત્યજ ઉત્તમજનોને આવડ છે. ૧૫૯–૬૦

વાગ્ભટનો પાંચમો ઉદ્ધાર

હવે, જે પાંચમો ઉદ્ધાર પ્રસિદ્ધ થયો છે તે વિષે હું કહું છું. તે સમયમાં શ્રીમાન શ્રીમાળ (શ્રીમાળી) વંશમાં પૂર્વે આદિત્ય નામનો એક પુણ્ય શાહ થયો છે તે જહાજની પેઠે સર્વ મનુષ્યોને દરિદ્રતારૂપ સમુદ્રમાંથી તારનારો હતો, તેનો પુત્ર આમ્રવર હતો, ૧૬૧ તે આમ્રશ્વરનો પુત્ર દેવદિત્ય નામનો હતો, એ દેવદિત્યને સુજનાગ નામનો મહાભાગ્યશાળી પુત્ર હતો અને તેનો પુત્ર બીજા દેવ જેવો વીરદેવ નામનો હતો. આશ્ચર્ય માત્ર એટલુંજ હતું કે એ વીરદેવ સાક્ષાત્ દેવ સમાન હતો છતાં કવિ (શુક્રાચાર્ય અથવા વિદ્વાન) નો દ્વેષી ન હતો અને દાનવવાળો ન હતો. (અર્થાત્ દાનવોનું આધિપત્ય કરનારો ન હતો–દાનવોનો શત્રુ ન હતો પણ દાનનો વશ રહેનારો હતો–એટલે દાતા હતો.) ૧૬૨–૧૬૪ તે વીરદેવનો પુત્ર ઉદયન નામનો હતો. તેનો ભાગ્યરૂપી સૂર્ય જગતમાં ઉદય પામીને પોતાનાં કિરણોનો પ્રસાર સર્વત્ર પાડી રહ્યો હતો. ૧૬૫ એ ઉદયનને બે પુત્રો હતા. મોટાનું નામ વાગ્ભટ હતું અને નાનાનું નામ આમ્રભટ હતું. આ બન્ને પુત્રો સજ્જનોનું સદા હિત કરનારા હતા ૧૬૬ તે સમયે આ શ્રીજયસિંહ રાજાએ પોતાની પૃથ્વીરૂપ મંડપના આધાર તરીકે ઉદયનને એક સ્તંભ રૂપે સ્થાપ્યો હતો–અર્થાત્ જયસિંહે ઉદયનને પોતાનો મંત્રી બનાવ્યો હતો, કારણ કે તે મહાસત્ત્વવાન હતો. ૧૬૭ ઉદયનથી પણ રાજાના મુખ્ય પ્રધાનપદને પામીને રાજાના એવા કામ

આ વાલ્હીકના હાથ ધીર બાજે તે.[૧૫૧] આ સાંભળીને જૈત્રસિંહનો
સિંહ એકદમ વધી પાડ્યો, તેનાં નેત્રો લાલચોળ બની ગયાં અને હાથમાં
ભાલો લઈ તે મંત્રી સામે દોડ્યો.[૧૫૨] તેજ સમયે મન્ત્રી પણ
ઉપાડી તલવારે તેની સામે દોડ્યો. મંત્રી પ્રયોગ ચાલાક હતો. તેથી
તેણે પોતાની સામે આવતા શત્રુના ભાલાને વચ્ચેથીજ કાપી નાખ્યો.[૧૫૩]
પછી તેઓ બન્ને વચ્ચે તલવાર તલવારથી પ્રત્યેજ આપથી યુદ્ધ શરૂ
થયું તેમાં જૈત્રસિંહના પ્રમાદનો લાભ લઈ મંત્રીએ પોતાની તલવારને
પ્રહાર કરીને તેના બે ટુકડા કરી નાખ્યા.[૧૫૪] એટલે તુરતજ "મંત્રી
જયતુ, જયતુ" એવો સ્તુતિપાઠકોનો શબ્દ ઉંચેથી સંભળાવા લાગ્યો, જેથી
શત્રુઓનું સૈન્ય તેજ ક્ષણે નાશી ગયું.[૧૫૫] મંત્રી ઉદયન પણ શત્રુની
તલવારના પ્રહારથી અત્યંત ઘાયલ થયો હતો તે શરીરે અશક્ત થઈને
પૃથ્વીપર પડી ગયો. ખરેખર પ્રાણાન્ત-તલવાર કોઈને પણ પોતાની
હોતી નથી.[૧૫૬] તે સમયે રણસામની ગર્જ આશ્ચર્ય કરીને બધા
મંત્રીઓ તથા સુભટો, ઘોડા ઉપરથી ઉતરી મંત્રી ની આસપાસ આવી
બેઠા.[૧૫૭] તેઓએ અત્યંત સ્વાભાવિક ખેદ પામી તથા અશ્રુ વહેરાવતા
રડી રહેલા મંત્રીને કહ્યું કે હે નાથ ! આપને જતાં આ અવસ્થા
શી ? જે સેવક, પોતાના સ્વામીના કામ માટે રણસંગ્રામમાં પ્રાણ તજે
છે તે સ્વર્ગમાં જઈને એકીને સુખ ભરેલા સ્વર્ગલોકમાં જાય છે.[૧૫૮]
[૧૫૯] વળી તમે તો રણના મોખરામાં રહી પોતાના સ્વામીનું કામ
સંપૂર્ણ કર્યું છે જેથી આ ઠેકાણે આમ આપણુ શા માટે શોક શા માટે
કરો છો ?[૧૬૦] તમને જે આ ઘાવ થયા છે તેનો આપણે નહીં પણ
ઉપચાર કરાવીશું. એટલે તુરતજ તમે નીરોગી થશો, માટે એક ઘડી
ખમો.[૧૬૧] ત્યારે મંત્રી બોલ્યો—"મારું મરણથી નાશ માટે નિશ્ચિત
છે તેથી મિત્રોને શોક કેમજ થાઓ ! અને હું તો મારા સ્વામીના
કાર્ય માટે મરણ પામુ છું. જેથી મને તો વિલાપ કરીને શોક કરવા

તે મંત્રીએ ભગવાનને નમી અને પર્વત ઉપરથી ઉતરીને શત્રુ સામે જેવું પ્રયાણ કર્યું. ૧૯ તે પછી બન્ને સૈન્યો એકત્ર મળ્યાં અને તેઓ વચ્ચે તરવાર તરવારથી બાહુ બાહુથી મહાન યુદ્ધ થઈ ગયું. ૧૮૧ અનુક્રમે જૈત્રસિંહના સૈન્યે ચોતરફથી અત્યંત હેરાન કરીને મંત્રીના સૈન્યને અસ્વસ્થ કરી મૂક્યું જેથી સર્વ દિશાઓમાં નાસી જવા માટે તે તૈયાર થયું. ૧૮૨ પોતાના સૈન્યને એ પ્રમાણે નાસતું જોઈ મહામંત્રી સૈન્યને તેને ધીરજ આપી અને પોતે પણ કવચ પહેરી સજ્જ થઈને શત્રુઓનો નાશ કરવા માટે યુદ્ધમાં ઉતરી પડ્યા. ૧૮૩ તે સાહસી મંત્રી, દુર્જય રાજા જૈત્રસિંહ આગળ જઈને ઉભો અને તેને પડકારવા લાગ્યો કે તારા ઇષ્ટ દેવને યાદ કર અથવા હથિયાર હાથમાં લે. ૧૮૪ હું શ્રીસિદ્ધચક્રવર્તીનો હાથી છું અને તારી સામે મદી આવ્યો છું, માટે ચાલ, મારા સ્વામીના ચરણ કમળને શરણે જા. ૧૮૫ આ સાંભળી જૈત્રસિંહ પણ બોલ્યો—"વાણિઆઓનું સાહસ અમારા ભણવામાંજ છે માટે તું હાથમાં ત્રાજવા લઈ લે અને આ તરવારને છોડી દે નહિતર યુદ્ધ ન થા ૧૮૬ યાદ રાખ કે જેવી રીતે ચણા ખાઈ શકાય છે તેવી રીતે મરી ખાઈ શકાતા નથી. જેમ પોતાની સ્ત્રીને મારી શકાય છે તેમ કોઈ એક સુભટને મારી શકાતો નથી ૧૮૭ માટે જા, મારી દૃષ્ટિ આગળથી દૂર થા. તારા જેવા વિજાતીય ઉપર મારું શસ્ત્ર કોપ કરતું નથી. ૧૮૮ તારે આવો મદ ન કરવો કે, મને મારા સ્વામીએ સેનાનો નાયક બનાવ્યો છે! કેમકે કુતરાને સિંહનો વેષ ધારણ કરાવવામાં આવે તો પણ તે સિંહની ગર્જના કરતો નથી. ૧૮૯ આ સાંભળી મંત્રીએ કહ્યું પોતાનો પુરુષાર્થ, શક્તિથી પ્રગટ થાય છે નહિ કે બહુ બકવાદ કરવાથી!! સોનું સોળ વલું છે કે નહિ, તેની પરીક્ષા કસોટીના પત્થર ઉપર થઈ શકે છે ૧૯૦ તરવારરૂપી ત્રાજવામાં રહેલા યોગના વિમુખ તારા મસ્તકને તોળતા

તાત્પર્ય કે શુભ ધ્યાનથી યુક્ત થઇ પરમેષ્ઠી નમસ્કારનો પોતેજ ઉચ્ચાર કરતો એ મંત્રી પ્રાણનો ત્યાગ કરી સ્વર્ગે ગયો. ૨૧૪ સાધુવેષને ધારણ કરનારા પેલા રાજાના વડા મંત્રીએ પણ અમૂલ્ય ચિંતા-મણિ સમાન તે સાધુવેષને અકસ્માત પ્રાપ્ત કરી પુનઃ તેને દુર્લભ માનીને તેનો ત્યાગ કર્યો નહિ. ૨૧૫ પણ કોઇ સુગુરુ પાસે જઇ વિધિપૂર્વક તેણે દીક્ષા લીધી અને નિર્મળ ચિત્તથી તેનું પાલન કર્યું. ૨૧૬ મંત્રીઓએ પણ ઉદયનમંત્રીના દેહસંસ્કાર કરી ધર ૬ દેશમાં ચૈત્યકેતન—(તે નામનો કોઇ મુખ્ય મંત્રી હોય અથવા જૈત્રસિંહ રાજાનો પુત્ર હોય) તે રાજાની આજ્ઞાથી રાજાના પ્રતિનિધિ તરીકે સ્થાપ્યો ૨૧૭ પછી બીજા સર્વ મંત્રીઓ, સૈન્યને સાથે લઇ પાટણ નગરમાં આવી પહોંચ્યા અને તેઓએ જૈત્રસિંહરાજાનું સર્વસ્વ રાજા જયસિંહને અર્પણ કર્યું ૨૧૮ સમર્થ રાજાએ પણ લાવેલી ભેટેલી તે ભેટ સામે દૃષ્ટિ સરખી પણ ન કરી. તેના નેત્રમાં મંત્રીના દુઃખથી આંસુઓ ઉભરાઇ નીકળ્યાં. ૨૧૯ પછી રાજાએ તે સર્વ ભેટ ઉદયનના પુત્ર વાગ્ભટને અર્પણ કરી દીધી, ઉપરાંત દુર્નીતિનો નાશ કરનારો ઉદયને ધારણ કરેલી મંત્રી મુદ્રા તેને અર્પણ કરી. ઉદયનની પેઠે વાગ્ભટને પણ પોતાનો મંત્રી બનાવ્યો ૨૨૦ વાગ્ભટ પણ રાજરૂપ કલ્પવૃક્ષથી થોડા સમયમાં સિદ્ધિ કરનારી, પોતાનું શાસન ચલાવનારી તે મંત્રીમુદ્રા પ્રાપ્ત કરીને પ્રજાઓનું એક આશ્રયસ્થાન બન્યો અને દુષ્ટોને શિક્ષા કરનારો થયો. ૨૨૧ એક દિવસે પેલા મંત્રીઓએ વાગ્ભટને પ્રણામ કરીને તેના પિતા ઉદયને જે કહ્યું તે સર્વ જણાવ્યું ૨૨૨ એટલે વાગ્ભટે પણ પિતાના એ બન્ને અભિગ્રહોનો તેજ સમયે સ્વીકાર કરી લીધો અને પોતાની આજ્ઞામાં રહેનારા કારીગરો મારફત શત્રુંજય પર્વત પર મોકલ્યા ૨૨૩ એ કારીગરોએ શુભ મુહૂર્તે મંદિર બનાવવું પ્રારંભ કર્યું

નહિ. ૧૨ પણ મારા ચિત્તમાં જે એક શલ્ય છે તે મને મારા
પાપ કરતાં પણ અત્યંત દુઃખી કરે છે અરે! તેજ હમણા મને સાલે
છે. ૧૩ "તે શલ્ય શું છે!" એમ તેઓએ જ્યારે પૂછ્યું ત્યારે
મંત્રી બોલ્યો–"મેં શ્રીશત્રુંજય ઉપરનું દેરાસર બંધાવવાને મનમાં
સંકલ્પ કર્યો હતો, તે મારો મનોરથ મારા આ મરણથી મારા મનમાંજ
રહી ગયો, બસ આજ શલ્ય મારા હૃદયને સાલે છે" ૧૪ ૧૫ તે
સાંભળી મંત્રીઓ બોલ્યા "હે મંત્રિન્ આ બાબતમાં તમે શોક કરો
મા. તમારો પુત્ર વાગ્ભટ તમને એ ઋણમાંથી મુક્ત કરવા સમર્થ
છે ૧૬ વળી નીતિશાસ્ત્રનું આ વચન છે કે પુત્ર, પિતાનું ઋણ
અદા કરેજ છે માટે વાગ્ભટ તમે ઇચ્છેલા દેરાસરને અવશ્ય બંધાવશે.
૧૭ અમે તમારા પુત્ર વાગ્ભટને પ્રેરણા કરીશું, જેથી સત્વર તે
તમારા મનોરથને પૂર્ણ કરશે. ૧૮ તે મંત્રીઓએ એ પ્રમાણે કહ્યું
એટલે ઉદયન મંત્રી પ્રસન્ન થઇને બોલ્યો કે બસ, ત્યારે તો આટલાથીજ
હું કૃતાર્થ થયો છું. વળી તેણે કહ્યું કે અવશ્ય, હવે મારું આયુષ્ય
અતિ અલ્પ છે માટે તમારે ઔષધ આદિ ઉપચારો કરાવવાની કંઇ
જરૂર નથી. હવે તો મારે ધર્મજ ઔષધરૂપ છે માટે
આ મહાગ્રામ સમુહમાંથી પણ કોઇ જગ્યામાં એક ચારિત્રી
શ્રમણ કોઇ એક સાધુને સત્વર અહીં લાવો. એટલે તેની પાસેથી
હું પરભવનું ભાતું લઇ લઉં ૧૯ ૨૦ મંત્રીએ પોતાની એ
ઇચ્છા જણાવી એટલે તેઓએ આખી છાવણીમાં તપાસ કરી પણ
તેમાં કોઇ તપોધન સાધુ તેઓના જોવામાં આવ્યો નહિ. તેથી
તેઓએ કોઇ એક રખડતા વંઠ માણસને વસ્ત્ર મુકાવી
સાધુના વેષ પહેરાવીને મંત્રી આગળ હાજર કર્યો. ૨૧ મંત્રીએ
તેને સત્ય સાધુ માની આનન્દપૂર્વક પ્રણામ કર્યો અને તેની આગળ
અંતિમ મરણ સમયની આરાધના કરી. ૨૨ પછી ચિત્તની એકાગ્ર

કારીગરને મોકલ્યો એટલે તે પણ ત્વરિત શત્રુંજય પર્વતથી ત્યાં આવ્યો.૨૪૧ એટલે મંત્રીએ તેને પૂછ્યું કે હે સૂત્રધાર! આ દેરાસર જેવું તૈયાર થયું કે તુરત ત્રુટી પડ્યું તેમાં શું કારણ છે?૨૪૨ આના ઉત્તરમાં કારીગરે કહ્યું કે આપશ્રીએ ભમતિમાં તે દેરાસરને ઘુમટ બાંધવામાં આવ્યો જેથી તેના અંદરના ભાગમાં વાયુ પ્રવેશ કરીને પ્રબળ જોરથી પૈરાવો કરતો હતો અને તેથીજ દેરાસર ત્રુટી પડ્યું છે ૨૪૩ આ સાંભળી મંત્રીએ કહ્યું— જો એમ હતું તો પછી ઘુમટવાળું દેરાસર કેમ બાંધ્યું? મંત્રીએ તેમ પ્રશ્ન કર્યો એટલે બુદ્ધિમાન પેલા કારીગરે ઉત્તર આપ્યો કે, “હે દેવ! જો ઘુમટવાળું દેરાસર બાંધવામાં ન આવે તો તેને બંધાવનાર પુરુષનો વંશ અતિ અલ્પ સંતતિવાળો થાય—અથવા તેનો નિર્વંશ જાય. ૨૪૫–૨૪૬ તે સાંભળી મનને સ્વસ્થ કરી મંત્રી બોલ્યો— રે ભદ્ર! મોક્ષનું કારણ શું સંતતિ છે? (નહિ) પોતાનું પુણ્ય એજ અમને સ્વર્ગ કે મોક્ષમાં લઈ જાય છે. માટે આ ફરીથી ભમતીવાળુંજ દેરાસરને મજબુત અને નક્કર તૈયાર કર. અને મારી કીર્તિરૂપ સંતતિને જેમ અને તેમ સાચવી કર.૨૪૭-૨૪૮ પેલો કારીગર પણ મંત્રીની એ આજ્ઞા પ્રાપ્ત કરીને આ પ્રયત્નપર થયો અને થોડાજ દિવસમાં તેણે મજબુત અને નક્કર દેરાસર પૂર્ણ કર્યું. ૨૪૯ એ રીતે દેરાસર સંપૂર્ણ તૈયાર થયું એટલે શ્રીમંત મંત્રી વાગ્ભટ, પોતાના સ્વામીની રજા લઈને જાત્રા કરવા ચાલી નીકળ્યો. ૨૫૦ તે તેજ પાટણના મુનિઓથી સમગ્ર ક્રિયાઓને તેણે જાણી લીધી હતી, આચાર્યો વગેરે સંઘ તેની સાથે હતો અને તેનો દેખાવ બીજા ચક્રવર્તી જેવો જ જણાતો હતો ૨૫૧ ત્યાં જઈને તેણે અત્યંત આનંદથી પુષ્કળમાં મોટા ઉત્સવોનો આરંભ કર્યો અને જગતની પ્રતિષ્ઠાપૂર્વક શ્રી આદિનાથ ભગવાનની સ્થાપના કરી.૨૫૨ ખરેખર એ મહાવીર

અને એક વર્ષમાં જ સંપૂર્ણ તૈયાર થયેલા તે મંદિર ઉપર કળશ પણ ચડાવી દીધો. ૨૨૪ એ રીતે કારીગર લોકોએ તેના પર કળશ ચડાવ્યો ત્યારે તે વધામણી આપવા માટે તેઓએ એક પુરુષને વિજ્ઞપ્તિપત્ર સાથે વાગ્ભટ પાસે રવાના કર્યો. ૨૨૫ વાગ્ભટમંત્રીએ તે પુરુષદ્વારા આવેલા વિજ્ઞપ્તિપત્રનું સીલ તોડીને તે લેખ વાંચ્યો અને દેરાસરને સંપૂર્ણ તૈયાર થઇ ગયેલું જાણી પોતે અત્યંત પ્રસન્ન થયો. ૨૨૬ તે વખતે મંત્રીનાથ વાગ્ભટે આનંદથી રોમાંચિત થઈને તે લેખ લાવનારના પુરુષને નવરત્ન સુવર્ણની એક જીભ અર્પણ કરી. ૨૨૭ તે પછી વાગી રહેલાં વાજિંત્રોના ધ્વનિઓથી ગગન મંડળ તથા ભૂમંડળના મધ્ય પ્રદેશને ભરી દેનારો મહોત્સવ ચાલુ થયો. ૨૨૮ એટલે તેજ સમયે બીજો એક પત્ર લાવનારો પુરુષ શત્રુંજય પર્વતથી એક લેખ લઈને ત્યાં આવ્યો અને મંત્રીએ પોતે જ એ લેખને વાંચ્યો. ૨૨૯ તેમાં આ પ્રમાણે લખ્યું હતું—"હે મંત્રિન્! દેરાસર, જેવું તૈયાર થયું કે તુરતજ પાછું વચમાંથી તુટી પડ્યું છે." ૨૩૦ આ જાણીને મંત્રીને તો ઉલટો બમણો આનંદ થયો, ત્યારે ખેદ પામેલા સમગ્ર સભાના લોકોએ મંત્રીને કહ્યું કે ૨૩૧ હે મંત્રિન્! આ ખેદ કરવાના સમયે તમને આનંદ કેમ થયો, તેનું શું કારણ! ત્યારે મંત્રીએ કહ્યું—'મારા જીવતાં જ આવું બન્યું તેથી મને હર્ષ થાય છે કેમકે મારા મરણ પછી જો આ દેરાસર તુટી પડ્યું હોત તો તેને કોણ કરાવત! પણ મારા જીવતાં તે પડી ગયું છે તેથી હું તે ફરીથી બંધાવીશ. ૨૩૨-૨૩૩ મંત્રીના એ વિચાર સાંભળી સર્વ સભાસદો તો ચકિત જ થઇ ગયા. તેઓ પોતાનાં મસ્તક ધુણાવતા અહિમહિ બોલવા લાગ્યા કે ૨૩૪ અહો! ધન્ય છે આ મંત્રીશ્વરને! કે જેની બુદ્ધિ આવા ઉત્સાહવાળી છે। ખરેખર પુણ્યશાળી પુરુષની બુદ્ધિ પવિત્ર અને દીર્ઘદૃષ્ટિવાળી હોય છે ૨૩૫ પછી મંત્રીએ તે કામ કરનારા મુખ્ય

આજ્ઞા આપો એટલે હું સાવધાન થઈને જ તીર્થંકરના મુખને સિદ્ધ કરી આપું. ૨૧૦ પુત્ર તો એજ કહેવાય કે જે સર્વસ્વ આપ્યાં એમણે તેની નુકસાનીને ઉપાડી લે અને પોતાના પિતાને એક સાક્ષીએ બનાવી તેના ગણધરને પાર પહોંચાડે. ૨૧૧ તે વાણી દેવએ સિદ્ધ સમાન પરાક્રમી તે સમરસિંહ પુત્રને આશ્ચર્ય ભરેલીને તે સર્વે જોયો. ૨૧૨ એટલે સમરસિંહ પણ પિતાની આજ્ઞા સ્વીકાર કરીને સાવધાન મનથી ગુરુ શ્રીસિદ્ધસૂરિ પાસે ગયો અને ત્યાં તેમના ચરણમાં નમન કરી એણે આ પ્રમાણે કહ્યું ૨૧૩ કે પ્રભુ! જેથી મારી કાર્ય સિદ્ધિ તત્કાળ થાય તેવો કોઈ ઉપાય આપ પર કૃપા કરીને તમે બતાવો ૨૧૪ ત્યારે ગુરુએ પણ કહ્યું કે જ્યાંસુધી આ કાર્ય તારાથી પૂર્ણ ન થાય ત્યાં સુધી તારે આવું અભિગ્રહરૂપ નિયમથી તપસ્યા કરવું તે સાંભળી સાધુ સમરે આદરપૂર્વક એકાગ્ર બુદ્ધિને નમન કરીને ગુરુ આગળ આવા અભિગ્રહો ગ્રહણ કર્યા. ૨૧૫—૨૧૬ "જ્યાંસુધી શત્રુંજયનો ઉદ્ધાર પૂર્ણ ન થાય ત્યાં સુધી હું બ્રહ્મચર્ય પાળીશ, દિવસમાં બે વખત ભોજન કરીશ નહિ. એમ તેલ, અને અન્ન-ના રસ પણ ગ્રહણ કરીને સ્નાન કરીશ નહિ. તેમજ એક વિકૃતિ ગ્રહણ કરીશ અને પૃથ્વી પર શયન કરીશ. ૨૧૭—૨૧૮

દેરાસરનો ઉદ્ધાર કરવાનો મહાન મનોરથ વાગ્ભટે પોતાના પૂર્વ તેનો ઉદ્ધાર કર્યો હતો. ૨૪૭ એ ઉદ્ધારમાં અગણિત આનંદને લીધે મુગ્ધ બનેલા પિતાથી મંત્રી વાગ્ભટે બે કરોડ ને સત્તાણુ લાખ દ્રવ્યનું ખર્ચ કર્યું હતું. ૨૪૮ એ પ્રમાણે શત્રુંજયના પ્રાસાદના ઉદ્ધારરૂપ મહોત્સવને કરીને વાગ્ભટ ધર્મકાર્ય તથા રાજકાર્ય કરવા લાગ્યો. ૨૪૯ આ રીતે એ મહાતીર્થમાં વાગ્ભટ પાંચમો ઉદ્ધારક થઈ ગયો છે. બસ આ પાંચ તીર્થોદ્ધારો પૃથ્વી પર પ્રખ્યાત થયા છે. ૨૫૦ માટે હે દેસલ! આ શત્રુંજય પર્વત જ્યાંસુધી હયાત છે ત્યાંસુધી કંઈ પણ નાશવંત નથી. માત્ર તીર્થનો ઉદ્ધાર કરનાર જ શોધી કાઢવો જોઈએ." ૨૫૧

શત્રુંજયના ઉદ્ધારનો દેસલનો નિશ્ચય.

ગુરુનાં એ વચન સાંભળી દેસલ બે હાથ જોડીને બોલ્યો કે આ પર્વત આવું મહાન તીર્થ છે એમ તો મેં હમણાંજ જાણ્યું, માટે હે પ્રભુ! હું પોતેજ તીર્થનો ઉદ્ધાર કરાવીશ, કેમકે હમણાં મારી પાસે સમગ્ર સામગ્રી છે ૨૫૨ ૨૫૩ ભુજબળ, ધનબળ, પુત્રબળ, મિત્રબળ, રાજબળ અને ઉત્તમ દાનશક્તિ—આ રીતે સર્વ શક્તિ છે તો પણ આપનું જે કૃપાબળ તેને સહાયરૂપ થાય તો, હું આ તીર્થનો ઉદ્ધાર કરાવું. ૨૫૪-૨૫૫ તે સમયે સિદ્ધસૂરિએ પણ કહ્યું કે ધર્મકાર્યમાં ગુરુની કૃપા સર્વદા સહાય કરવાને તત્પર હોય છે ૨૫૬ માટે હે દેસલ! તું આ તીર્થનો સત્વર ઉદ્ધાર કરાવ. કેમકે આ પ્રસિદ્ધ કહેવત છે કે ધર્મની ગતિ સત્વર હોય છે—ધર્મનાં કાર્ય તુરતજ કરવાં જોઈએ. ૨૫૭ તે પછી સાધુસત્તમ દેસલ ગુરુની કૃપા મેળવીને પોતાને ઘેર ગયો અને પોતાની તે મનોકામના વેગે સમરસિંહ નામના નિવેદન કરી. ૨૫૮ સમર પણ કાનને અમૃત જેવું તે પિતાનું વચન સાંભળી તુરતજ અત્યંત પ્રસન્ન થયો. ૨૫૯ તેણે વિનંતિ કરી કે હે પિતા! તમે મને સત્વર

ત્યાં તેમને બીમારો ગરીબ મનુષ્યોને ભોજન વગેરે આપીને તેમજ બીજી જે કોઈ ઈચ્છા હોય તે સર્વ પૂર્ણ કરીને તેઓને પ્રસન્ન કરે છે. ૨૮૫ માટે જો તમે આજ્ઞા આપો તો હું તેનો ઉદ્ધાર કરું. આ તીર્થનો પ્રથમ નાશ કરીને તેમજ પછી તેની પ્રવૃત્તિ કરીને તમેજ એના નવીન વિધાતા બનો. ૨૮૬ આ સાંભળી અલપખાન પણ સમર ઉપર પ્રસન્ન થયો. તેણે કહ્યું કે હું તારા પર પ્રસન્ન થયો છું. જા, તું તારી ઈચ્છામાં આવે તેમ કર. ૨૮૭ તે પછી ફરી પણ સમરસિંહે કહ્યું કે હે સ્વામિન્! જો તમે પ્રસન્ન થયા હો તો એને માટે એક પ્રમાણપત્ર (પરવાનો) લખી આપો, જેથી મારૂં આ કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય. ૨૮૮ આ સાંભળી ગૂર્જર ભૂમિના અધિપતિ અલપખાને પોતાના મુખ્ય પ્રધાન બહિરામખાનને સમરસિંહ માટે પરવાનો લખી આપવાની આજ્ઞા કરી. ૨૮૯ તેણે પણ સાધુ સમરસિંહ પોતાને પ્રાણ કરતાં પણ અધિક પ્રિય હોવાથી તે આજ્ઞા અનુસાર પરવાનો લખી આપવામાં ઘણીજ ખુશી બતાવી. ૨૯૦ પછી તેણે પોતાની ઓફીસમાં જઈને રાજાની આજ્ઞા પ્રમાણે સત્વર અત્યંત માનપૂર્વક સમરસિંહને પરવાનો લખી આપ્યો. ૨૯૧ અને તે પરવાનો સાથે લઈ બહિરામ સમરસિંહની સાથે [illegible] અલપખાનની પાસે આવ્યો. ૨૯૨ અલપખાને પણ તે પરવાનો હાથમાં લઈને વાંચી જોયો અને પછી તેણે પોતેજ ફરીથી બહિરામખાનને કહ્યું કે મસ્તકના ટોપ સહિત એક સુવર્ણની [illegible] મણિ તથા મોતીઓથી ભરેલી હોય તેને સત્વર આપણા ખજાનામાંથી લાવી આપ ૨૯૩-૨૯૪ પછી બહિરામે ખજાનામાંથી તે [illegible] લાવીને અલપખાનના હાથમાં આપી એટલે તેણે પોતેજ પાનનું બીડું તથા પરવાનો સમરસિંહના હાથમાં સોંપીને તે વસ્તુઓ પણ તેને અર્પણ કરી અને કહ્યું કે હે સાધુ! નિર્ભય થઈને તું આ મન

પછી શ્રીસમરસિંહે મણિ, મોતી, સુવર્ણ વસ્ત્ર તથા અલંકાર આદિ કીમતી ભેટ લઈને તેમજ બીજી અનેક વસ્તુઓ સાથે લઈને ગૂર્જરભૂમિના અધિપતિ અલપખાનની શુભ દિવસે મુલાકાત લીધી. ૨૭૩-૨૭૪ ગણ અલપખાન સમરસિંહને પોતાની પાસે આવેલો જોઈ અત્યંત આનંદ પામ્યો. અથવા તેવી વસ્તુઓ પોતાની પાસે આવે તો કોણ આનંદ ન પામે ! ૨૭૫ તેણે દૂરથી હાથ ઊંચો કરીને ઉચ્ચ સ્વરે કહ્યું કે "આવ આવ ! આવ, તું અત્યાર અહીં મારી પાસે આવ. ૨૭૬ પોતાના સ્વામીનો એ હર્ષ જાણીને તથા તેના મનમાં પોતાનો આદર મ કાર થયેલો જાણીને સાધુ સમરસિંહે પોતાની સર્વસિદ્ધિનું તેને મૂળ માન્યું. ૨૭૭ અને તુરત જ પોતે લાવેલી ભેટ એની તેને નિવેદન કરી. ૨૭૮ તે ભેટ જોઈને અલપખાન અત્યંત પ્રસન્ન થયો. તેણે કહ્યું કે "અહા ! આજે તો તું મને મુબારક ભેટ ધરે છે. તું નિત્ય મારી આજ્ઞા પાળનારો રાજાની અને પ્રજાનો જ પ્રિય છે અને તને અહીં આવવા માટે કદી પણ મનાઈ કરવામાં આવતી નથી તો હે મિત્ર ! આ સમયે તારે આવવાનું કારણ શું છે તે મને કહે. ૨૭૯-૮૦ પછી સમરસિંહે પ્રણામ કરીને કહ્યું કે "હે પ્રભુ ! જો તમે પ્રસન્ન થયા હો અને મારું માનવું જો તમે આપો તો મારે આ મનવાંછિત કાર્ય માગવું છે."
૨૮૧ ત્યારે સુબો બોલ્યો- "હે સજ્જન ! તારા જેવો મારો પુત્ર પણ મને પ્રિય નથી માટે તારી ઇચ્છા હોય તે તું માગી લે. તેમાં વિચાર કર મા. ૨૮૨ પછી સાધુશ્રેષ્ઠ સમરસિંહે વિનંતિ કરી કે હે સ્વામિન્ ! આપના શત્રુંજયપર્વત ઉપરના તીર્થોને તમારા સૈન્યોએ નાશ કર્યો છે. આ તીર્થ તે કળિયુગમાં હોય તો સમસ્ત હિંદુઓ ધર્મનિમિત્ત ત્યાંની યાત્રા કરે છે અને પોતાના ધનનો ને સારો ઉપયોગ કરે છે. ૨૮૩-૮૪ જો તમારી હિંદુ પ્રજા

પણ આ કાર્યમાં તને સમ્મતિ આપી છે. ૩૦૯ માટે હે સાધુ! દીક્ષિત ઉદાર પ્રસ્તાવમાં હવે તું સત્વર ઉદ્યમ કર. અમે તને ધર્મલાભ આપીએ છીએ, જેના પ્રભાવથી તારી કાર્યસિદ્ધિ નિર્વિઘ્ને સફળ થાઓ. ૩૧૦

તે પછી સમરસિંહે પ્રભુ ! શ્રીવસ્તુપાલ મંત્રીએ મમ્માણ પર્વતની એક શિલા પૂર્વે આણેલી છે અને તે શિલાને તેમણે પોતે ભોંયરામાં મૂકી રાખી છે જો હુકમ હોય તો હે પ્રભુ! તેમાંથીજ એક નવી પ્રતિમા તૈયાર કરવામાં આવે તો કેમ? ૩૧૧-૩૧૨ પછી સૂરિએ પણ પુણ્યશાળી દેશલને પોતાની પાસે બોલાવીને તેને તથા તેના પુત્રને આદરપૂર્વક કહ્યું કે- ૧૩ પૂર્વે મંત્રી વસ્તુપાલ જે મમ્માણ શિલા લાવ્યા હતા તે હાલમાં સંઘના તાબામાં છે માટે ચારે પ્રકારના સંઘની સમ્મતિ લઈને તેમાંથી એક પ્રતિમા કરાવીને તેની મૂળનાયક તરીકે શત્રુંજય ઉપર પ્રતિષ્ઠા કરો. ૩૧૪-૩૧ વળી એવો નિયમ છે કે સર્વ પ્રકારના ધર્મકાર્ય સંઘની સમ્મતિથીજ કરવાં, કેમકે તેથી તે સફળ થાય છે અને વિશેષ કરી આવા ધર્મકાર્યમાં તો આવું જોઈએ છે. ૩૧૬ ગુરુની એ વાણી સાંભળીને દેશલે તથા સમરે તેમ કરવા કબૂલ કર્યું અને ભવિષ્યના તીર્થના વિચાર કરવામાં ઉત્કંઠિત થઈને પ્રસન્ન ચિત્તે તેઓ પોતાને ઘેર ગયા. ૩૧૭

તૃતીય પ્રસ્તાવ સમાપ્ત.

વાણિજ્ય સિંહ ૪૨. ૨૫૫-૨૬૧ પછી બુદ્ધિમાં બૃહસ્પતિ સમાન સાધુ સમરસિંહે તેને પ્રણામ કરીને હર્ષથી તસરીફા લઈ લીધી અને અત્યંત આનંદપૂર્વક તેને તથા મસ્તકના રોમને પહેરી લીધું. વળી ફરમાનને મસ્તક પર મૂકીને તેણે કહ્યું કે પ્રભાતુલ્ય આપથી સિદ્ધ મારી પાસે છે તેથી મને કુંઈ મોટા વડાથી અને સમર્થ પુરુષોથી પણ ભય અત્ર નથી. ૨૬૭-૨૬૮ મે તમારી કૃપાથી આજ વહાણ પ્રાપ્ત કર્યું છે તેથી જલદી મારા મનરૂપી સમુદ્રના પારને હું પહોંચી જઈશ."

ત્યાર પછી મીર તે ઉચ્ચ મના દોલતી તેવો એક ઘોડો મંગાવીને શ્રીમાન અલપખાને સાધુ સમરસિંહને અર્પણ કર્યો. ૨૭૧ એટલે અધિકારીને અલપખાનની આજ્ઞાથી સમરસિંહને તેને ઘેર લઈ જવા માટે ઘોડા પર બેસાડી દીધો, અને પોતે પણ તેની સાથે જ આવ્યો. ૨૭૨ તે વખતે વાજિંત્રો વાગવા લાગ્યાં, સ્તુતિપાઠકો સ્તુતિઓ બોલવા લાગ્યા, રાજમાર્ગમાં નગરના લોકો તથા રાજના અધિકારીઓ ચોતરફ સમરસિંહની પ્રશંસા કરવા લાગ્યા નગરની સ્ત્રીઓ મંગળ તથા અક્ષતથી તેને વધાવવા લાગી અને સંઘના મુખ્ય પુરુષો મનમાં ઉત્કંઠિત થઈને તેની સામા આવ્યા. પછી પોતાની સ્ત્રીઓએ મંગળાચાર કર્યો એટલે સમરસિંહે પોતાના નિવાસસ્થાનમાં પ્રવેશ કર્યો. ૨૭૩-૨૭૪ તેણે પોતાના ભવનની પીઠ પોતાને ઘેર આવેલા પ્રધાન અધિકારીઓને જાતજાતની ભેટો આપીને પ્રસન્ન કર્યા અને પછી તેને રજા આપી. ૨૭૫ પછી પોતે શ્રીસિદ્ધસૂરિને વંદન કરવાની ઈચ્છાથી નગરના લોકોની સાથે પૌષધશાળામાં ગયો. ૨૭૭ ત્યાં ગુરુ મહારાજના ચરણમાં વંદન કરી પ્રથમ આશીર્વાદ મેળવ્યું અને પછી તીર્થનો ઉદ્ધાર કરવા માટે જે પોતાને ફરમાન મળ્યું હતું તે વાત ગુરુને નિવેદન કરી. ૨૭૮ ત્યારે ગુરુએ કહ્યું કે હવે આજ મનોહર ઉત્તમ પ્રકારે અનવ ધ. કેમો દૈવના હશે અલપખાને

જેઓ પ્રતિમાજી એ ધર્મના સદા વૈરી જ છે ³⁻⁴ ના તીર્થો તીર્થંકરોના ઉચ્છેદ થતાં બાળકોના સર્વ ધર્મો પણ ધૂળી પર આવે અસત્ય થયા હોય તેમ જણાય છે ⁵ તમે વિચાર કરો કે આવા તીર્થો જો વિચ્છેદ થાય તો સમ્યક્ત્વના અધિકારી આત્માઓ આપણે સમ્યક્ત્વનું આરાધન કેવી રીતે કરશે ? ⁶ શાસ્ત્ર કહે છે કે ધર્મના ચાર પ્રકારમાં ભાવનાનું મુખ્ય સ્થાન છે અને તેના કરવાં મોક્ષપદ મળે વૃદ્ધિ પમાડવામાં જ્ઞાનધ્યાન પ્રભાવના વગેરે મુખ્ય છે.⁷ ના પ્રભાવના થાય છે અને યાત્રા જો તીર્થ તથા જિન તેમ તેજ સમજે છે માટે શ્રમ અને આત્મા આપી તો હું આ તીર્થ ઉપર તીર્થંકરની પ્રતિમા કરાવું.⁸ મળી વસ્તુપાલે મંત્રી આણુથી ? એક શિલા આણેલી છે તે હાથમાં એક બેસારવા આજ્ઞા પછી રહી છે અને તે શિલાને મળીએ સમજ્યા શ્રમ તેજ મુશ્કેલ છે માટે જો સંઘની આજ્ઞા હોય તો તે શિલાથી એક મૂળનાયકની પ્રતિમા હું ઘડાવું અથવા બીજી કોઈની મળવી પધરાવું ? ⁸⁻¹

શ્રમ સિદ્ધના એ વચન ઉપર આચાર્ય મહારાજોએ તથા સમર્થ શ્રાવકોએ પણ માહોમાંહે પ્રથમ વિચાર ચલાવ્યો અને પછી તેઓએ આ પ્રમાણે કહ્યું ¹¹⁻ હે સાધુ શ્રમરસિંહ ! આજ્ઞાપ્રધાન પ્રતિમાજીની ઉપ કર ઉપેક્ષતાથી આ સમગ્ર જગત આનંદ તથી સર્વ ઉત્સવાળ પામે છે પણ તેમાં તું એકજ આધુનિક એક તલાવ જેવો શોભે છે ¹² જેઓ આ પ્રતિમાના ઉત્ત્ય મ્લેચ્છોથી જે દૈવિનો વિનાશ થયો છે અને જેઓ મત્સરવાળા થયા છે તેઓને પણ પોતાની શક્તિથી સજ્જન કરવાને તું સમર્થ છે ¹³ હે સાધુ ! આવા હેતુથીજ દેવ પુષ્પવાળાઓમાં મુખ્ય સ્થાન છે. જેઓ આવા પ્રતિમાઓ પણ તીર્થના ઉદ્ધાર કરવાની ઇચ્છાવાળો પુરુષ જેને ત્યાં વિરાજે છે ¹⁴ તું કહે છે તેમ મમ્માણખાણની શિલા જો કે છે તો પણ તે જેવડી

પ્રસ્તાવ ૪

તીર્થોદ્ધાર માટે સંઘની અનુમતિ

अथान्यदा मुदा युक्तः समस्तान् धरित्रीमवान् ।
उपासकान् संघमुख्यानपि साधूनमोदयत् ॥ १ ॥

હવે એક દિવસે સમરસિંહે મોટા મોટા સઘળા આચાર્યોને તથા સંઘના મુખ્ય મુખ્ય માણસોને એક સ્થળે એકઠા કર્યા.[1] અને શ્રીમાન અરિષ્ટનેમિ ભગવાનના મંદિરમાં તે સઘળા સંઘને ભક્તિપૂર્વક યથાયોગ્ય રીતે બેસાડ્યો.[2] પછી તેઓને પ્રણામ કરી, બે હાથ જોડી સમરસિંહે કહ્યું કે આ સઘળા સંઘ મારી એક વિનતિને લક્ષ્યમાં લે એમ હું ઇચ્છું છું. તમે જાણો છો કે કલિકાળની પ્રબળતાને લીધે મ્લેચ્છોએ શ્રીશત્રુંજય તીર્થનાયકના બિંબનો નાશ કર્યો છે.

હિંસાનો બોધ આપનાર કોઈ મનુષ્ય રહી શકતો ન હતો.[૧૫] વળી
તેની આજ્ઞાથી રાજ્યમાં કોઈ પણ મનુષ્ય, ઘોડો, પાડો કે જૂ જેવા
હલકા પ્રાણીનો પણ વધ કરી શકાતું ન હતું. અને (યજ્ઞમાં નાશ
કરવા માટે) બોકડાં-આદિને પણ તાપમાં રાખી શકાતું ન હતું.[૧૬]
તેના રાજ્યમાં જુગાર રમવાને કોઈનું પણ પાસા ખેલનાર જુગારીએ
'હું આને મારું છું' આવી વાણી કદી બોલી શકતા ન હતા
(તો પછી પ્રાણીઓમાં તો એવી વાણી કેવળ ક્યાંથી !)[૧૭] તેના
ઘોડાઓ પણ હમેશા ગાળેલું પાણી પીતા હતા, આમ દેવા એ
સાધુઓજ પાંચ ૭ (રાગાદિ કષાયો)નો નાશ કરનારા હતા. તેમજ
તેના રાજ્યમાં અહિંસાનું પ્રાધાન્ય હતું અને સાધુઓ પણ શક્તિ-
વાન હતા.[૧૮] વળી તે રાજા દિવસમાં ફક્ત એક વખતજ ભોજન
કરતો હતો, તે કૈલાસમાં હતો ત્યાં પણ તેની કીર્તિ
બ્રહ્મલોકમાં ... હતી.[૧૯] તે પોતાની પ્રજાનું એવા પ્રકારે
પાલન કરતો હતો કે એથી તેની ખ્યાતિ "...ના નવ
કુમારપાળ છે" એવી જગતમાં પ્રસિદ્ધ થઈ હતી.[૨૦] એના મુખ્ય
મંત્રી સમુદ્ર જેવા ગંભીર પ્રકૃતિવાળા હતા. તેનું નામ પાલણ હતું.
માત્ર આટલો ભેદ હતો કે સમુદ્ર જેમ દોષાકર (ચંદ્રમા) ઉપર પ્રીતિ
રાખનારો છે તેમ એ મંત્રી દોષાકર (દોષોના સમૂહ) ઉપર પ્રીતિ
રાખનારો ન હતો.[૨૧] સમરસિંહે મોકલેલા માણસો વિજ્ઞપ્તિ
તથા ભેટણાં સાથે આવીને શ્રીમહીપાલદેવને મળવા ગયા.[૨૨]
તેઓએ રાજા મહીપાલદેવની આજ્ઞા લઈને પ્રણામ કર્યા અને ભેટ
અર્પણ કરીને સમરસિંહનો વિજ્ઞપ્તિ પત્ર નિવેદન કર્યો.[૨૩] એટલે
તરતજ રાજાશ્રીની આજ્ઞાથી મુખ્ય મંત્રીએ વિજ્ઞપ્તિ હાથમાં
લીધો અને ઉચ્ચ સ્વરે વાંચી સંભળાવ્યો.[૨૪] તે પછી શ્રીમહી-
પાલરાજાએ તે પત્રનો અર્થ જાણીને પોતાને મનની ... પ્રાપ્ત

હમ છે અને મંત્રીએ પૂર્વે પુષ્કળ દ્રવ્ય અર્પીને તેને આપેલી છે.[૧૫] હાલમાં તેવો સમય નથી કે જેથી શ્રીઋષભજિનના મંદિરમાં તેની પ્રતિમા કરાવી પ્રતિષ્ઠા કરી શકાય. કેમકે કલિકાલ ક્લેશના જેવો દુષ્ટ છે અને તે મ્લેચ્છોનો દુષ્ટ ભાગ છે[૧૬] માટે તે તો જેમ રાખવામાં આવી છે તેમજ ભલે રહી, (હમણાં તો) આરાસન (આરાસણખાણ)ની શિલામાંથી નવી પ્રતિમા તૈયાર કરાવ."[૧૭] સંઘની એ આજ્ઞા સાંભળીને સમરસિંહે મસ્તક ઉપર હાથ જોડીને જાણે પોતાના આત્મરૂપી ઘરના દ્વારમાં તોરણ બાંધ્યું હોય તેમ સંઘ પ્રત્યે કહ્યું કે[૧૮] "મારે સંઘની આજ્ઞા સર્વથા માન્ય છે કેમકે જિનેશ્વરોને પણ સંઘનો આદેશ પ્રમાણ હોય છે તો પછી મારા જેવાને પ્રમાણ હોય તેમાં શું આશ્ચર્ય છે ?[૧૯]

બિંબ માટે ફલહી મંગાવવી

પછી સંઘનો તે આદેશ પ્રાપ્ત કરીને તે પોતાને ઘેર ગયો અને દેશળની આગળ તે સઘળો વૃત્તાંત તેણે જણાવ્યો.[૧] દેશળે પણ સંઘની આજ્ઞા માન્ય કરી ત્યાં સમરે આરાસન ખાણમાંથી જિનપ્રતિમા માટે શિલા લાવવા માટે પોતાની આજ્ઞા પાળનારા કેટલાએક પુરુષોને રવાના કર્યા.[૨] એ પુરુષો સમરસિંહે લખી આપેલી આરાસન ખાણના સ્વામી ઉપરની ભલામણ ચિઠ્ઠી સાથે લઈને તેમજ પુષ્કળ ભેટ લઈને હર્ષથી તે તરફ ચાલી નીકળ્યા.[૩] તેઓ ઉત્સાહપૂર્વક રથમાં બેસી એ દેશના રાજાથી આશ્રિત ત્રિસંગમપુર નામના નગરમાં તત્કાળ જઈ પહોંચ્યા.[૪] ત્યાં મહીપાલદેવ નામે રાજા રાજ્ય કરતો હતો, તેણે જન્મથી આરંભીને માંસ, મદિરા કે શિકાર (ખેલ)નું ભક્ષણ કદી ન કર્યું તેમજ પોતાના દેશમાં પણ તેણે પ્રજામાં તેનો પ્રચાર અટકાવ્યો હતો.[૫] તે પોતાના દુશ્મની પર દુશ્મનો પણ કદી વધ કરતો ન હતો, અને તેના રાજ્યમાં દુ-

પ્રસન્ન કર્યો.[૪૭] તેમજ બીજી તરફથી મહોત્સવ ચાલુ કરીને સમર-
સિંહના સેવકોએ યાચકોને ઇચ્છિત દાન પણ આપ્યાં.[૪૮] ઉત્તમ
યોગીઓ તથા રમતાં બીબાઇ વગેરેને માટે નીલ ચિંતામણિ સમાન
સાર્વજનિક સભાગૃહો (ભોજનગૃહો) પણ તેઓએ ખુલ્લાં મૂક્યાં.[૪૯] એ
રીતે સર્વ સમારંભ શરૂ કરાવ્યા પછી પોતાના મંત્રીને ત્યાં
રાખીને શ્રીમાન મહીપાલદેવ ત્રિશંખનગરમાં પાછા આવ્યા.[૫૦]
મહીપાલદેવ અને સમરસિંહ હંમેશા મોકલેલા માણસોના આવ-
જાવવાથી ખબર જાણતા હતા અને કામની સૂચના પણ મોકલતા હતા.
[૫] બીજી તરફથી કારીગરોએ પણ અત્યંત ઉત્સાહપૂર્વક ચાલુ ખાણોને
આરંભ કર્યો જેથી અલ્પ દિવસમાંજ તેઓએ એક શિલાની પાટ બહાર
કાઢી.[૫૧] પાણીથી ભીની કરીને એ શિલાની પાટને તેઓએ જોઇ ત્યારે
તેના મધ્ય વિભાગમાંજ એક સીધી ફાટ તેઓના જોવામાં આવી.
શિલાને વચ્ચોવચજ તેઓએ ચીરાયલી જોઇ[૫૨] આ વાત સમરસિંહના
જાણવામાં આવી એટલે તેણે (સમાચાર જોવા માટે) પોતાની
પાસે આવેલા માણસોદ્વારા જોવરાવ્યું કે બીજી નવી શિલા કાઢો.
[૬] સમરસિંહના એ કહેવા પ્રમાણે કારીગરોએ ફરીથી એકદમ ક-
ઢવી શિલા કાઢવાનો આરંભ કર્યો પણ વહેલીજ ઉતાવળ કરવાથી
પાછી બીજી શિલા પણ એ કદના ફરમાંજ બહાર આવી.[૫] તે
જોઇ રાણા મંત્રી તથા સમરસિંહના સેવકો ખિન્ન થયા અને આશ્ચર્ય-
કમાનો નિશ્ચય કરી દેવીના આસન ઉપર સંથારો કર્યો. તે પછી
ત્રીજી રાત્રે શાસનદેવતા તથા કપર્દી યક્ષ પ્રગટ થઈને મંત્રીને કહેવા
લાગ્યાં કે[૫૧] હે મંત્રીશ્વર! તું સર્વ આચાર્ય શિરોમણિ છે અને
જૈનધર્મનો અનુરાગી છે છતાં તેં આવું અજ્ઞાનીના જેવું આચરણ
કેમ કર્યું? અમે બન્ને તારા સાધર્મિક છીએ છતાં તેં અમારું
સ્મરણ પણ કર્યું નહિ અને આ કાર્યનો આરંભ કર્યો, આમ કહી

બિંબ માટે ફલહી મંગાવવી

થઈ હોય તેમ મનમાં હર્ષ પામીને આ પ્રમાણે બોલ્યા –[૩૫] "ખરેખર, આ સમરસિંહને ધન્ય છે અને તેનો જન્મ પણ સફળ છે કેમકે આ કલિકાલમાં પણ તેની બુદ્ધિ સત્કર્મને અનુસરનારી છે.[૩૬] તેમજ મને પોતાને પણ ધન્ય છે કે જેના તાબામાં આરાસણ પર્વતની ખાણ છે. જો આ ખાણ મારા તાબામાં ન હોત તો આવા પ્રસંગે મારું સ્મરણ પણ કોણ કરત ?[૩૭] હે પાતાક મંત્રી ! સાધુ સમરસિંહ તરફથી આવેલી આ ભેટને તમે પાછી આપી દો. કેમકે આવા ધાર્મિક કાર્યમાં આપણાથી ધન કેમ લેવાય ?[૩૮] ધર્મનું તો ધન, પરિવાર તથા વિવિધ સુખો અર્પણ કરીને પણ ઉપાર્જન કરવામાં આવે છે. તેજ ધર્મને માત્ર આટલી ભેટથી આપણે વ્યર્થ કેમ ગુમાવવો જોઈએ ?[૩૯] આપણી ખાણમાંથી પ્રતિમા માટે પાષાણ ગ્રહણ કરનાર પાસેથી જે રાજાનો કર લેવાય છે પરંતુ હવે એ કરનો પણ હું ત્યાગ કરું છું.[૪૦] એટલુંજ નહિ પણ આ કાર્ય કરવામાં જે કંઈ જોઈએ તે સર્વમાં હું પોતે સહાય કરીશ અને તેથી આ કાર્યનો પુણ્ય ભાગ મને પણ પ્રાપ્ત થશે."[૪૧] એમ કહી તે રાજા સમરસિંહના માણસોને તથા પાતાક મંત્રીને સાથે લઈ આરાસણની ખાણ ઉપર ગયો.[૪૨] ત્યાં જઈને તેણે આરાસણની પાષાણ ઘડનારા સર્વ કારીગરોને પોતાની પાસે બોલાવ્યા અને સન્માન પૂર્વક પ્રતિમા માટે શિલા કાઢવાના સંબંધી આજ્ઞા કરી.[૪૩] તે વેળા કારીગરોએ પોતાની ઇચ્છાનુસાર જે દ્રવ્યની માગણી કરી તેના કરતાં પણ અધિક દ્રવ્ય આપવાની મહીપાલ રાજાએ ખુશી બતાવી.[૪૪] તે પછી શુભ વારે, શુભ મુહૂર્તે અને શુભ નક્ષત્રે મહીપાલ રાજાએ ખાણની પ્રથમ પૂજા કરીને જિનબિંબની શિલા કાઢવાનો આરંભ કર્યો.[૪૫] તે વખતે સમરસિંહના માણસોએ પણ ભોજન, સુવર્ણના અલંકારો વસ્ત્ર તથા તાંબૂલ (પાન બીડાં) વગેરે આપીને કારીગરોને

સમગ્ર સાધ્વીઓને પણ પુષ્કળ દાન આપી તેણે સંતોષ્યા.[૭૧] એ
પ્રમાણે યથાયોગ્ય કરીને રેવતીએ સંઘ આગળ બે હાથ જોડી આવી
વિનતિ કરી કે[૭૨] ભગવન આચાર્યની કૃપાથી ઋષભદેવની મૂર્તિ
માટે એક નિર્દોષ જિનાલય તૈયાર થઈ ગયું છે[૭૩] માટે તેમાંથી હું
પ્રતિમા કરાવું કે વસ્તુપાળ મંત્રીએ આણેલી શિલામાંથી કરાવું!
આ વિષે મન દઈ આપ મારા પર કૃપા કરીને મને આજ્ઞા આપો.[૭૪]
તે સાંભળી સૂરિ પ્રથમ જે પ્રમાણે કહ્યું હતું તેજ પ્રમાણે કહ્યું. જેમ
સજ્જનોનું વચન પત્થર ઉપરની રેખાની પેઠે કદી અન્યથા થતું નથી-
બદલાતું નથી.[૭૫] તે સમયે સઘળા આગેવાન પુરુષોએ સમરસિંહને
કહ્યું કે હે સાધુ! અનુપમ ઉજ્જ્વલ સર્વ તીર્થરાજોનો ઉદ્ધાર કરે
એવો[૭૬] જેમ એક ઘણાએ મુખ્ય દેરાસરનો તો નાશ કર્યો
છે પણ નહીં આશ્ચર્ય દેવી સર્વ દેરીઓ મુક્તિ
પણ નાશ થયા છે.[૭૭] માટે આપણે જ્યારે આ પુરુષોની
ગર્જના કરી ઉજ્જ્વલ આ સમગ્ર સંઘ તે કાર્ય કરવા માટે સર્વને
સઘળા આ.[૭૮] આ સાંભળી તેઓમાં કોઈ એક બુદ્ધિમાન પુરુષ
બોલી ઉઠ્યો કે ગામના ઉજ્જ્વલ મુખ્ય દેરાસરનો હું ઉદ્ધાર કરા-
વીશ માટે સંઘ તથા મને અનુમતિ આપો.[૭૯] ત્યારે સંઘ
બોલ્યો— જે આ પ્રતિમા કરાવનારો છે તેજ મુખ્ય દેરાસરનો
ઉદ્ધાર પણ કરે. જેમ તેનું બોલવું હોય તેનું જ ધ્યાન
નહિ તે થાય.[૮૦] આ વાતનો એ પ્રમાણેજ નિર્ણય
થયો ન થયો તે સર્વ પ્રત્યેક સંઘાએ મુખ્ય પુરુષોને
વધામણી કરી આપી. અને પછી સર્વને ભોજને તથા સઘળા
વસ્ત્રના પ્રમાણે કરીને પાત્રપાત્રાને સોંપવામાં આવેલું સર્વ કરાવ્યું
ઉત્સાહ આણ્યા ને સાધર્મિને તેર થયા.[૮૧] તેવું દેવા પણ પ્રથમ
આ વખતે પેલ સઘળા તે આચાર્યને પ્રણામ કરી જેમ આજ્ઞાથી

બિંબ માટે ફલહી મંગાવવી

તે તને યોગ્ય હતું.[57-58] જો કે આ સર્વસિદ્ધિમાં તો સમરસિંહનું આગમન સતત અવિચ્છિન્ન ઉત્સવ છે અને તેજ સર્વજ્ઞ પ્રમાણભૂત છે.[59] તો પણ હવે તમે આ પ્રદેશમાંથી જિનબિંબને બહાર કરો." આમ કહીને તે સ્થાન બતાવી તેઓ બન્ને ક્ષણવારમાં અંતર્હિત થઇ ગયા.[1] બીજે દિવસે પ્રાતઃકાળમાં મંત્રીએ તથા સમરસિંહના સેવકોએ કપર્દીયક્ષનું તથા શાસનદેવીનું પૂજન કરી અઠ્ઠમ તપનું પારણું કર્યું[2] અને તેઓએ બતાવેલા સ્થાને કારીગરોએ આનંદપૂર્વક ખોદવા માંડ્યું.[3] એટલે તુરતજ દેવના પ્રભાવથી તે સ્થળે સૂત્રધારોના હાથનો સ્પર્શ થતાંજ એક શિલા બહાર નીકળી આવી.[13] એ શિલા શંખના શિખર જેવી સ્વચ્છ હતી, સુવિદ્ય મલ્લિકા જેવી ઉજ્જ્વળ હતી અને સમરસિંહનું પ્રત્યક્ષ પુણ્ય હોય તેવી દેખાતી હતી.[14] કારીગરોએ તે શિલાને પણ જળથી ધોવાથી જોઈ અને તેનો પણ નિર્દોષ હોવાનો નિશ્ચય કર્યો. પછી તેમાંથી તેઓએ એક જિનને યોગ્ય પાટ પડી ગઈ.[15] તે સમયે મંત્રીશ્વરે એક શિલા શુદ્ધ નીકળી છે અને તેમાંથી એક પાટ પણ થઈ ચૂકી છે" આવી ખબર એક માણસદ્વારા સમરસિંહ તરફ મોકલી આપી.[16] એટલે તે માણસે પાટણનગરમાં જઈને દેશલને તથા તેના પુત્રને શિલાપાટની સિદ્ધિ વિષે વધામણી આપી.[17] તે સાંભળી દેશલે પણ વધામણી લાવનારા માણસને બે રેશમી વસ્ત્ર તથા સુવર્ણના સૂત્ર સાથે સુવર્ણની એક ટંક ભેટ તરીકે આપી.[18] અને પછી મોટા આચાર્યોને સાધુઓને, સાધ્વીઓને, શ્રાવકોને તથા શ્રાવિકાઓને એકત્ર કરી મહોત્સવનો આરંભ કર્યો.[19] વળી તેણે આવતઆતનાં શોભતી વસ્ત્ર, સુવર્ણના અલંકારો, પાનબીડાં તથા હારતોરા અર્પણ કરીને યથાયોગ્ય રીતે સર્વનું સ્વાગત કર્યું.[20] અને જે સ્તુતિપાઠક તથા ગવૈયાઓ સ્તુતિપાઠનાં ગરબા ગીતરસ ગાઈ રહ્યા હતા તેઓને તથા

તેમની આ ક્રમે પાલખમાં આવતી હતી. આ રીતે મોટા આડંબરથી તે શિલાપાટને મંત્રીએ ઉતરાવી[૮૨–૮૪] એ મહાન રથ કુમારસેના નામના ગામના ઉપવનની બહાર જમીન પર જ્યારે આવ્યો ત્યારે ત્યાંથી આગળ પણ આગળ ચાલ્યો નહિ.[૮૫] તે સમયે ત્રિભવનપુર વગેરે સ્થાનોમાં રહેનારા સૌ ત્યાં આવીને જનોએ સ્પર્ધાપૂર્વક મોટા ઉત્સવો કરાવ્યા.[૮૬] બીજી તરફથી મંત્રીએ પાટણ નગર તરફ એક માણસને મોકલીને સાધુને ખબર મોકલાવી કે પ્રતિમા માટેની શિલાપાટ કુમારસેના ગામ સુધી આવી પહોંચી છે.[૮૭] આ સાંભળીને સમરસિંહ પણ મેઘનો ધ્વનિ સાંભળીને જેમ મયૂર પ્રસન્ન થાય તેમ પ્રસન્ન થયો.[૮૮] પછી તેણે ઉત્સવ જણાવવા માટે પ્રત્યેક ગામે પોતાનાં માણસો મોકલી દીધા ને માણસોએ પણ સર્વ ઠેકાણે તપાસ કરવા માંડી[૮૯] ત્યારે પોતપોતાના ગામમાં જેઓ ભગવાન ગણ્યા હતા તેઓ લઈને સર્વ લોક સમરસાધુ પાસે આવવા લાગ્યા.[૧] તેઓમાં કેટલાએક પેદલ હતા, કેટલાએક રથમાં હતા, કેટલાએક ઘોડેસ્વાર હતા અને કેટલાએક આગળ હતા. તેઓ સર્વે અત્યંત સ્પર્ધાપૂર્વક પોતપોતાના ભાગોને સમરસિંહ પાસે નમતા હતા.[૧] [૧]સાધુ સમરસિંહ પણ તે લોકોની ઘણી મોટી કીમત આપતો હતો તે જોઈને કેટલાએક મિથ્યાદૃષ્ટિ મનુષ્યો પણ આ પ્રમાણે બોલતા હતા—[૧] [૨]'અહો! ધન્ય છે આ ગુર્જર-ભૂમિને, જેમાં ધર્મમંદિરના ભારને ધારણ કરનારો સાધુએ સમરસિંહ રહે છે.[૧] જો આ સમરસિંહ ન હત તો આજકાલના સમયમાં મ્લેચ્છોએ નાશ પમાડેલા શત્રુંજય મહાતીર્થનો ઉદ્ધાર કેમ થાત?[૧] [૪] અહો! ધન્ય છે સમરસિંહની માતાને, જેણીએ રોહણાચલની ભૂમિ જેમ રત્નને જન્મ આપે છે તેમ, જગતના ભૂષણરૂપ સમરસિંહ પુત્રને જન્મ આપ્યો છે.[૧] [૫] તેમજ ધન્ય છે સમરસિંહના પિતાને

ભરી રહ્યો.[૮૪] તેણે ફરી પણ પાતાક મંત્રી પાસે કેટલાક ધન તથા
સેવકોને રવાના કર્યા. કેમકે તેવા કાર્યનો આરંભ કરીને કયો પુરુષ
ધનના ખર્ચની ગણત્રી કરે?[૮૫] બીજી તરફ પાતાક મંત્રીએ પણ
જ્યારે તે નિર્મળ શિલાપટ ખાણમાંથી નીકળી ત્યારે, કારીગરોને
સુવર્ણનાં કડાં તથા વસ્ત્ર વગેરેનાં દાન આપીને સંતોષ્યા.[૮૬] રાજા
મહીપાલ પણ તે જિનશિલાને નીકળેલી સાંભળીને તેને વધાવવા
માટે આનંદપૂર્વક પોતાના નગરમાંથી તે ખાણ ઉપર આવ્યો.[૮૭]
તેણે તો પ્રત્યક્ષ ભગવાન નીકળ્યા હોય તેમ માની ચંદન કસ્તુરી,
કપૂર તથા પુષ્પ વગેરેથી તે શિલાપટનું પૂજન કર્યું.[૮૮] મોટાં
મોટાં દાનો આપ્યાં, નૃત્ય તથા સંગીતનો આરંભ કરાવ્યો, એટલું
જ નહિ પોતાને ધન્યભાગી માન્યા અને તે નિમિત્તે મોટો ઉત્સવ
કરાવ્યો.[૮૮] તે પછી કારીગરોદ્વારા તે શિલાપટને રાજાએ ખાણ
ઉપરથી નીચે ઉતરાવી અને આડંબરપૂર્વક તેનો પ્રવેશમહોત્સવ
કરાવ્યો.[૮૯] તે સમયે આરાસણની પાસે આવેલાં ગામડાંઓમાંથી
અનેક ભાવિક લોકો ત્યાં આવ્યા હતા અને તે શિલાપટની કપૂર
પુષ્પ વગેરેથી પૂજા કરી રહ્યા હતા.[૯૦] બીજા ભાવિકોએ પણ ગીત
ગાન કરીને મહા ગંભીર અવાજોવાળાં વાજિંત્રો વગાડીને તથા હર્ષના
કોલાહલો કરીને સર્વ પ્રદેશને કેવળ શબ્દમય કરી મૂક્યો હતો.[૯૧]
તે પછી પાતાક મંત્રીને સર્વ યોગ્ય ભલામણ કરીને રાજા મહીપાલ-
દેવ પોતાના નગરમાં ગયો અને મંત્રી પાતાકે મોટા એક રથ ઉપર
તે શિલાને ચડાવીને પર્વત ઉપરથી નીચે ઉતરાવી. તે વખતે તેના
આગળ ચાલનારા માર્ગમાં અનેક પુરુષો વળગેલા હતા, ભગવાન
પોતે ગમે તેને જોઈ રહ્યા હતા, માર્ગમાં પગલે પગલે કોદાળા
વાળા માણસો (ખાડા-ખડિયાવાળી જમીનને) ખોદી રહ્યા હતા
અને રથની બન્ને પૈડાંઓની ધરીઓ ઉપર અવિચ્છિન્ન રીતે

કરવામાં તત્પર રહે તેવા પુરુષોને કુમારસેના સાથે તથા મોકલી દીધા. ૧૧૭ પાતાક મંત્રી પોતે પણ જોયેલા મજબૂત અને વિશાળ તે ગાડાને તેમણે જાણે મોટો એક રથ આવ્યો હોય તેમ માનીને અત્યંત આનંદ પામ્યો. ૧૧૮ પછી તે ગાડામાં તેઓએ ક્રિયાપાટવે એવી ગરણી કે તુરતજ તે (ગાડું) જાણે ઇજા હોય તેમ ભાંગીને ભૂકો થઈ ગયું.૧૧૯ તે જોઈ મંત્રી ખેદ પામ્યો. તેણે ફરીથી બીજું એક મજબૂત ગાડું સમરસિંહ પાસેથી મંગાવી લીધું૧૨૦ અને તે ગાડામાં પણ પેલી ક્રિયા એવી ગરણી કે તુરતજ તે પણ ભાંગી પડ્યું. આશ્ચર્ય આ છે કે દેવનો આ રચનાને કોણ સમર્થ થાય! ૧૨૧તે પછી ફરીથી મંત્રીએ માણસો મોકલીને સમરસિંહને આ વાત જણાવી અને તેણે પણ નહિ કરવાનું તે કરવાનું મૂળ છે ? એમ માનીને બીજું ગાડું મોકલી આપ્યું. ૧૨૨ પણ એ ગાડાનીએ એજ દશા થઈ જેથી નિરાતુર થઈ મંત્રીએ માણસ મોકલીને સમરસિંહને ખબર આપી.૧૨૩ ત્યારે એ વૃત્તાંત જાણીને સમરસિંહ ચિંતાતુર થતાની અંતરમાં સળગ્યો અને વ્યાકુળ થયો.૧૨૪ તેને ચિંતા થવા લાગી કે ગર્ભ પ્રદેશમાં પડ્યા તપાસ કરીને બે બે દુર્બળ ગાડાંઓ મોકલ્યાં હતાં તેઓ સર્વે જ્યારે ભાંગી પડ્યાં ત્યારે હવે બીજું ગાડું (? ન મળે તેવું હોય તે) ક્યાંથી મળવાનું ! ૧૨૫ આ શિલા મોટા રથમાં આવતી નથી, ગાડાંઓમાં આવતી નથી તેમ પુરુષોની બાથ ઉપર પણ આવતી નથી તો પછી મારા પિતાનો મનોરથ કેમ સફળ થશે? ૧૨૬ આ રીતે સાધુ સમરસિંહ ચિંતારૂપી સમુદ્રમાં ડૂબી ગયો હતો, અને તેમાં ડૂબી જવાનો જાણે ભય લાગ્યો હોય તેમ, રાત્રે નેત્રમાંથી નિદ્રા પણ ચાલી ગઈ ૧૨૭ પછી તેનું ચિત્ત ચિંતાને લીધે અત્યંત વ્યાકુળ બની ગયું ત્યારે શાસનદેવીએ પ્રત્યક્ષ

